# બાર ભાવના

## એક ચિંતવન

ડૉ હુકમચંદ ભારિલ્લ

ભાષાંતર : ચંદ્રકાંત શાહ

શરદ શા ઉજ્જવલ બનો

# બાર ભાવના

( એક ચિન્તવન )


: લેખક :

**ડૉ. હુકમચંદ ભારિલ્લ**

શાસ્ત્રી, ન્યાયતીર્થ, સાહિત્યરત્ન, એમ.એ., પીએચ.ડી.

શ્રી ટોડરમલ સ્મારક ભવન, એ-૪,

બાપુનગર, જયપૂર




✿ ભાષાંતર ✿

**ચંદ્રકાંત વી.શાહ**

✿ પ્રકાશક ✿

**શા.વીરજી વેરશી શાહ પરિવાર**

મુલુંડ-મુંબઈ



૧૦૦૮ જીવંત સ્વામી શ્રી સીમંધરનાથ

# મારી ભાવના

જ્યારે હું મારાં વીતેલ ચાલીસ વર્ષોના જીવન પર દષ્ટિ નાખું છું તો એક વાત અત્યંત સ્પષ્ટરૂપથી દ્રષ્ટિગોચર થાય છે કે અનેક અભાવો, સંઘર્ષો અને વ્યાધિઓની વચ્ચે વિતેલ આજીવન આગમ પરમાગમના અભ્યાસમાં નિરંતરરૂપથી જોડાઈ રહેલ છે.

આનું શ્રેય પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીને તો છે જ; પણ મારા ભવ ભય ભીરુ ધર્મપ્રેમી માતા પિતાને પણ છે, જેમણે અનંત પ્રતિકૂળતાઓની વચ્ચે પણ દશ વર્ષની અલ્પ વયમાં જ મને આગમના અભ્યાસમાં લગાવી દીધો અને નિરંતર લગાવી રાખ્યો.

યૌવનની શરૂઆતમાં જ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીનો સત્સમાગમ મળી જવાથી અધ્યાત્મનો રસ લાગી ગયો અને હું ઘણાં જ ઉત્સાહથી અદયાત્મનાં પ્રતિપાદક પરમાગમનાં અભ્યાસમાં જોડાઈ ગયો, ગૃહસ્થોચિત વિષમ સ્થિતિઓ તેમજ યૌવનનો સ્વતંત્ર પ્રવાહ એમાં બાધક ન બની શક્યો.

તમને એ જાણીને આશ્ચર્ય થશે કે મારાં પૂજ્ય પિતાશ્રીએ મારાં જન્મનાં પૂર્વે જ નહીં, નિશ્ચયથી એમનાં લગ્નનાં પૂર્વે જ અમને જીનાગમના વિશેષજ્ઞ વિદ્વાન બનાવવાનો સંકલ્પ કરી રાખ્યો હતો. એમના તે શબ્દ મને વારંવાર યાદ આવે છે, જે તેઓ સમય સમય પર ઘણા જ ગૌરવથી ગદ્ગદ્ થઈને કહેતા હતા.

અમારી જન્મભૂમિના નિકટવર્તી અતિશય ક્ષેત્ર સેરોનજીના મેળાના અવસર પર કોઈ વિદ્વાનનો પ્રવચન સાંભળીને એમણે સંકલ્પ ક્ર્યો હતો કે જો તેમનાં લગ્ન થશે અને સંતાન થયાં તો તેઓ એમને આવા જ વિદ્વાન બનાવશે, જે હજારોની વચ્ચે ધારાપ્રવાહ પ્રવચન કરે. પોતાના સ્વપ્નને સાકાર થતું જોઈને તેઓ પરમ સંતુષ્ટ હતા, કૃતકૃત્ય થઈ ગયા હતા.

પંડિત ભૂધરદાસ કૃત બાર ભાવનાઓ તેઓ રોજ સવારે ઘણાંજ ગદ્ગદ્ ભાવથી ગાતા હતા. એમને સાંભળીને અમને પણ સાત આઠ વર્ષની વયમાં જ તે બાર ભાવનાઓ કંઠસ્થ થઈ ગઈ હતી.

બોધિદુર્લભ ભાવના સંબંધી મૂલ્યાંકિત પંક્તિઓ મને બહુ જ આંદોલિત કરતી હતી–

**'धन-कन-कंचन राजसुख, सबहि सुलभकर जान ।**
**दुर्लभ है संसार में, एक जथारथ ज्ञान ॥**

આ અસાર સંસારમાં ધન-ધાન્ય, સોના-ચાંદી તેમજ રાજાઓ જેવા ભોગ આદિ બધાં પદાર્થ તો સુલભ જ છે; પણ એક સમ્યગ્જ્ઞાન જ દુર્લભ છે.

વૈરાગ્યવર્ધક બાર ભાવનાઓ મુક્તિપંથના ભોમિયા તો છે જ, લૌકિક જીવનમાં પણ અત્યંત ઉપયોગી છે. ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગોથી ઉત્પન્ન ઉદ્વેગોને શાંત કરવાવાળી આ બાર ભાવનાઓ વ્યક્તિને વિપત્તિઓમાં ધીરજ તેમજ સુખ સંપત્તિઓમાં વિનમ્રતા પ્રદાન કરે છે, વિષય કષાયોથી વિરક્ત તેમજ ધર્મમાં અનુરક્ત રાખે છે, જીવનનાં મોહ તેમજ મૃત્યુનાં ભયને ક્ષીણ કરે છે, બહુમૂલ્ય જીવનમાં એક એક ક્ષણને આત્મહિતમાં જોડાઈ રહીને સાર્થક કરી લેવાને નિરંતર પ્રેરિત કરે છે. જીવનના નિર્માણમાં આની ઉપયોગિતા અસંદિગ્ધ છે.

બાર ભાવનાઓ જીવનમાં એકવાર વાંચી લેવાની વસ્તુ નથી; રોજ વાંચવા, વિચારવા, ચિન્તન કરવા, મનન કરવાની અલૌકિક ભાવનાઓ છે. કોઈપણ આધ્યાત્મિક રુચિવાળી જૈન વ્યક્તિ, જો તે કવિ છે તો તે પદ્યમય બાર ભાવનાઓ અવશ્ય લખશે.

જો કે હું મૂળથી કવિ નથી, તો પણ મેં પણ યૌવન આરંભમાં જ પદ્યમય બાર ભાવનાઓ લખી હતી, જે આજે ઉપલબ્ધ નથી, ક્યાંક ગુમ થઈ ગઈ છે. એક એક ભાવનામાં અનેક અનેક છંદ હતાં, જેની કોઈ પંક્તિઓ મને આજે પણ યાદ છે, જેને હું આજે પણ મારાં પ્રવચનોમાં જ્યાં-ત્યાં પ્રસંગાનુસાર બોલી રહ્યો છું.

જ્યારે શાશ્વત સત્યના પ્રતિપાદક આધ્યાત્મિક માસિક 'આત્મધર્મનું' સંપાદન મારી પાસે આવ્યું તો મેં પણ એમાં શાશ્વત મૂલ્યોનાં પ્રતિપાદક સંપાદકીય જ લખ્યાં, જે ધર્મનાં દશલક્ષણ, ક્રમબદ્ધ પર્યાય, ચૈતન્ય ચમત્કાર અને જીવનરસ્ય નયચક્રમ (પૂર્વાધ)નાં રૂપમાં પુસ્તકાકાર પ્રકાશિત થઈને સ્થાયીરૂપ ગ્રહણ કરી ચૂક્યાં છે, અનેક ભાષાઓમાં જન જન સુધી પહોંચી ગયાં છે.

'જિનવરસ્ય નયચક્રમ'નાં પૂર્ણ થયાં પછી 'બાર ભાવનાઃ એક અનુશીલન' લેખમાળા શરૂઆત કરવાનો સંકલ્પ તો પહેલાંથી જ



હતો; પણ જ્યારે આત્મધર્મે વિષય પરિસ્થિતિઓમાં 'વીતરાગ-વિજ્ઞાન'નું રૂપ ધારણ કર્યું તો અનુભવ કરવામાં આવ્યું કે આ વિષમ સ્થિતિઓમાં પત્રની શરૂઆતથી જ સંપાદકીયના રૂપમાં નયચક્ર જેવો જટિલ વિષય ચલાવી દેવો પત્રિકાનાં પ્રચાર પ્રસારનાં હિતમાં યોગ્ય નથી. મારા અનન્ય સહયોગી પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટના કર્તવ્યનિષ્ઠ મંત્રી શ્રી નેમીચંદજી પાટનીનો અનુરોધ તો હતો જ.

પરિણામ સ્વરૂપ 'જિનવરસ્ય નયચક્રમ્' લેખમાળાને વચ્ચમાં જ રોકીને સપ્ટેમ્બર ૧૯૮૩માં વીતરાગ-વિજ્ઞાનનાં સંપાદકીયના રૂપમાં 'બાર ભાવનાઃ એક અનુશીલન' લેખ માળાની શરૂઆત કરવામાં આવી, જે વિગત અંક (માર્ચ ૧૯૮૫ ઈ.) માં જ પુરી થઈ છે.

આત્મધર્મ કે વીતરાગ-વિજ્ઞાનના આરંભથી જ પ્રથમ પાના પર અમે એક આધ્યાત્મિક ભજન આપતાં રહીએ છીએ. 'બાર ભાવનાઃ એક અનુશીલન' લેખમાળા આરંભ સમયે વિચાર આવ્યો કે અનુશીલનની સાથે સાથે બાર ભાવનાઓ પદ્યમાં પણ લખવી જોઈએ અને એને અનુશીલનની સાથે સાથે પ્રથમ પાના પર પ્રકાશિત કરવી જોઈએ.

કથિત સંદર્ભમાં બહુ પહેલાં લખેલ બાર ભાવનાઓ ઘણી શોધી, પણ અમારી આ શોધ નિષ્ફળ જ રહી; પણ અનુશીલનથી ઉત્પન્ન વિશુધ્ધિનાં બળ પર મેં ફરીને પદ્યમય બાર ભાવનાઓ લખવાનો સંકલ્પ કર્યો. પરિણામ સ્વરૂપ આ પદ્યમય બાર ભાવનાઓ તેમજ 'બાર ભાવના : એક અનુશીલન' તમારી સમક્ષ સહજ જ પ્રસ્તુત થઈ ગયાં છે.

અન્ય સંપાદકિય લેખમાળાઓની જેમ હવે આ કૃતિ પણ પુસ્તકાકારના રૂપમાં પ્રસ્તુત છે.

આ કૃતિનાં સાહિત્યિક મૂલ્ય તેમજ તેની સામાજિક ઉપોયોગિતાનાં બારામાં મારે કાંઈ પણ નથી કહેવું; કેમકે એ કાર્ય સાહિત્ય સમીક્ષકો તેમજ સમાજ શાસ્ત્રીય વિદ્વાનોનો છે; પણ એ કહેવામાં મને રજમાત્ર પણ સંકોચ નથી કે આ કૃતિની રચનાથી આ સંક્રાન્તિ કાળમાં મને અદ્દ્ભુત બળ પ્રદાન કર્યું છે, મારા ચિત્તને અપેક્ષાકૃત બહુ જ શાંત અને સ્થિર રાખ્યું છે.

આત્મધર્મનાં સંપાદક હોવાના કારણે પૂજ્ય ગુરૂદેવશ્રીના મહાપ્રયાણથી ઉત્પન્ન વિષમતાઓની તોફાની વેગની થપાટોનું મૂળ કેન્દ્રબિંદુ વિગત ચાર વર્ષોથી લગભગ હું જ બની રહયો છું.

પરિસ્થિતિઓના દુષચક્ર તેમજ છળ–બળના અદ્ભુત પ્રયોગોથી વારંવાર છેતરાઈ જઈને પણ નિરાશ નહીં થયો, પથ ભ્રષ્ટ નહીં થયો; પોતામાં સુનિશ્ચિત પથ પર આજે પણ અડગ છું, નિરંતર ગતિશીલ પણ છું; પહેલાંની અપેક્ષાથી હવે પોતાને અધિક સ્વાધિન તેમજ સશક્ત અનુભવ કરું છું–આ બધું એ બાર ભાવનાઓનાં નિરંતર ચિન્તવનનું જ સુપરિણામ છે, જેમણે મનોબળને ક્યારે તૂટવા નથી આપ્યો અને આત્મહિતના માટે હંમેશાં જાગૃત રાખ્યો.

આત્મહિતની પ્રબળ પ્રેરક આ બાર ભાવનાઓનાં આ ચિન્તવને ચિત્તને દુષ્કર ઘટનાઓમાં મુંઝાઈ જવામાંથી મુક્ત રાખ્યું. લિપ્ત નહીં થવા દીધું. પરિણામ સ્વરૂપ આત્મોનમુખી ચિત્તવૃત્તિઓ અહીં ત્યાં ન ભટકીને રચનાત્મક કાર્યોમાં જોડાયેલી રહી.

બાર ભાવનાઓનાં ચિન્તનમાં સંયોગોની અનિત્યતા, અશરણતા,અસારતા આદિનો જે સતત ચિન્તન ચાલ્યું; ઘટિત ઘટનાઓ એ ચિન્તનનું ઉદાહરણ માત્ર બનીને રહી ગઈ, ચિત્તને વિચલિત ન કરી શકી, અધિક ચંચળ ન કરી શકી.

આ પ્રમાણે આ ચિન્તવનથી ઘટના–વિચિત્રને અવિચલ સહજ જ્ઞાતા–દૃષ્ટા ભાવથી જોતાં–જાણતાં રહેવાનું અદ્ભુત સામર્થ્ય જાગૃત થયું છે, જેણે સહજ આત્મ શાંતિનો માર્ગ વિસ્તૃત ર્ક્યો છે.

આનું તાત્પર્ય એવું કદાપિ નથી કે વર્તમાન ઘટનાઓએ મારા ચિત્તને વિભક્ત નથી ર્ક્યો, આંદોલિત નથી ર્ક્યો કે હું એનાંથી પૂરેપૂરો અલિપ્ત રહ્યો હોઉં; પણ એટલું અવશ્ય છે કે એમાં પૂરેપૂરો લિપ્ત પણ નથી થયો અને એ સીમા સુધી આંદોલિત પણ નથી થયો કે જેથી મારી આત્મિક શાંતિ અને રચનાત્મક પ્રવૃત્તિઓ પ્રભાવિત થાય.

સંપૂર્ણ ઘટનાચક્રથી ઊંડાણથી જોડાયેલો હોવા છતાં પણ હું એનાથી વિરક્ત અને અલિપ્ત રહેવામાં જેટલો પણ સફળ થયો હોઉં, મારા માટે તે મારા પોતામાં એક અપૂર્વ ઉપલબ્ધિ છે; કેમ કે એણે મારામાં એ આત્મ વિશ્વાસ જાગૃત કરી દીધો છે કે હવે હું



સાંસારિક વીટંબણાઓથી અલિપ્ત રહેવાના મારા સંકલ્પમાં એક સીમા સુધી અવશ્ય સફળ થઈ શકીશ.

ભાઈ ! જીવનનો લગભગ બે તૃતીયાંશ ભાગ તો સમાપ્ત થઈ જ ગયો છે. આગામી મહિનામાં જીવનનાં બહુમૂલ્ય પચાસ વર્ષ પૂરાં કરવા જઈ રહ્યો છું. જીવનનો એક તૃતીયાંશ ભાગને આત્મહિત અને પૂજ્ય ગુરુદેવશ્રી મારફત પ્રાપ્ત વીતરાગી તત્વને જન જન સુધી પહોંચાડવામાં જ પૂરે પૂરો સમર્પિત કરી દેવા ચાહું છું.

સદ્ભાગ્યથી હવે હું લગભગ બધા પારિવારીક જવાબદારીઓથી મુક્ત થઈ ગયો છું; જે શેષ છે, એનાંથી પણ નિવૃત્ત થવાની દિશામાં શીઘ્રતાથી વધી રહ્યો છું. એવાં સૌભાગ્યશાળી લોક બહુ ઓછા હોય છે, જેમને ગૃહસ્થીની કિચડમાં ફસાઈ જવા છતાં પણ આ ઉંમરમાં આ પ્રકારનો અવસર ઉપલબ્ધ થઈ જતો હોય. હું આ અદ્ભુત અપૂર્વ અનુકૂળ અવસરને વીતેલાં ચાલીસ વર્ષનાં આગમ અને અધ્યાત્મનાં નિરંતર અભ્યાસનું જ પરિણામ માનું છું અને એને સાર્થક કરી લેવાને માટે કૃત સંકલ્પ છું.

બાર ભાવનાઓનાં ઊંડા ચિન્તવનથી ઉત્પન્ન વિશુદ્ધિનાં અવસર પર આત્મહિતનાં માટે કૃત સંકલ્પમાં મારાં પાઠકો, શ્રોતાઓ, મિત્રો તેમજ પરિવારને હાર્દિક અનુરોધ કરું છું કે તેઓ મને મારા આ સંકલ્પની પૂર્તિમાં સહયોગ પ્રદાન કરે. એમનો સૌથી મોટો સહયોગ એ હશે કે તેઓ મને આત્મહિત સંબંધી વાર્તા, તત્ત્વપ્રચાર તેમજ તત્ત્વ પ્રચાર સંબંધી વાર્તાનાં સિવાય કોઈ લૌકિક કે સામાજિક ચર્ચા ન કરે; કેમ કે હું સ્વયંનાં શેષ ઉત્તર દાયિત્વોને જલદી પૂરાં કરી લૌકિક વ્યવહારોથી પૂરેપૂરો નિવૃત્ત થઈ જવા માગું છું. આ પ્રકારે ધાર્મિક કાર્યોને છોડીને બાકીના સામાજિક કાર્યોથી પણ પોતાને અલગ રાખવા ચાહું છું.

પૂજ્ય ગુરુદેવશ્રીની સાધના ભૂમિ તીર્થરાજ સોનગઢનાં પ્રત્યે ગહન અનુરાગ પણ મારી એક એવી કમજોરી છે કે વર્તમાન સંદર્ભમાં એની ચર્ચા પણ મને આંદોલિત કરી દે છે. છેવટે ત્યાં બનતી વર્તમાન ઘટનાઓથી પણ હું મને પૂર્ણ અલગ રાખવા ચાહું છું. આમાં પણ આપ સૌનો સહયોગ અપેક્ષિત છે.

લેખનનાં પણ સંદર્ભમાં હું મારી ભાવના સ્પષ્ટ કરી દેવા ચાહું છું. આધ્યાત્મિક વિષયો સિવાય અન્ય વિષયો પર લખવું પણ

મારી રુચિને અનુકૂળ નથી. છેવટે પત્ર, પત્રિકાઓ, સ્મારિકાઓ વગેરે માટે લખવું પણ મારાથી હવે સંભવ ન થશે; કેમ કે હવે હું મારી સંપૂર્ણ શક્તિ આધ્યાત્મિક વિષયોનાં લેખનમાં લગાડવા ચાહું છું, જે મારાં ચિંતનના વિષય છે, જેનાં પર મેં વર્ષોથી ચિન્તવન કર્યું છે, હું ઇચ્છું છું કે તે વિષય સમયસર લખાઈ જાય.

ભલે પરિસ્થિતિ પ્રમાણે પણ મારા હિતની દ્રષ્ટિથી બાર ભાવનાઓનું આ ચિન્તવન એકદમ યોગ્ય સમય પર થયું છે; કેમકે આ ચિન્તવને મને યોગ્ય સમય પર જાગૃત કરી દીધો છે.

મને વિશ્વાસ છે કે આ ચિન્તવનને જે પણ વ્યક્તિ પવિત્ર હૃદયથી વાંચશે, મનન કરશે, ચિન્તન કરશે, એમાં વ્યક્ત રહસ્યને ઊંડાણથી અનુભવ કરશે; એની પણ જીવનધારા પરિવર્તિત થયા વગર નહીં રહેશે.

આ ચિન્તવનમાં અત્યાર સુધી ઉપલબ્ધ બાર ભાવનાના સાહિત્યમાં વ્યક્ત બધા બિંદુઓ પર ગંભીર વિચાર કરવામાં આવ્યો છે, બધા દ્રષ્ટિકોણોની સુસંગત સમીક્ષા કરવામાં આવી છે; પ્રત્યેક દ્રષ્ટિકોણને તર્કની કસોટી પર કસવામાં આવ્યું છે, એની તર્ક સંગત વ્યાખ્યા કરવામાં આવી છે.

પ્રથમ નિબંધમાં બાર ભાવનાઓનું સામૂહિક ચિન્તવન કરવામાં આવ્યું છે, જેમાં બાર ભાવનાઓનાં ચિન્તનની આવશ્યકતા, ઉપયોગિતા, મહિમા તેમજ ચિન્તન પ્રક્રિયાનાં ક્રમિક વિકાસ આદિ બિન્દુઓને સ્પર્શ કરવામાં આવ્યો છે.

પછી બાર નિબંધોના માધ્યમથી પ્રત્યેક ભાવનાની વિષય–વસ્તુ તેમજ ચિન્તન–મનન પ્રક્રિયાને આવશ્યક ઉદાહરણોની સાથે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. જ્યાં આવશ્યકતા પ્રતિત થઈ ત્યાં તુલનાત્મક અધ્યયન પણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. સંસાર ભાવના અને લોક ભાવનાની ચિન્તન પ્રક્રિયામાં મૂળભૂત અંતર શું છે ? આ પ્રકારની શંકાઓ યથાસ્થાન સ્વયં પ્રસ્તુત કરીને એનું સમુચિત સમાધાન પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ ચિન્તવનનો સર્વાધિક મહત્વપૂર્ણ ભાગ એ છે કે આમાં બાર ભાવનાઓની મૂળ આત્મા આધ્યાત્મિકતા તેમજ વૈરાગ્ય



ભાવના પગલે પગલે વિકસિત થઈ છે. તર્ક સાથે પાઠ ચિન્તવનમાં બુદ્ધિ પક્ષની પ્રધાનતા હોવાથી ભાવાત્મક વૈરાગ્ય ભાવનાને ઠેસ પહોચવાની સંભાવના ડગલે ને પગલે બની રહે છે, તો પણ આમાં સર્વત્ર યથાસંભવ સાવધાની રાખી છે.

પદ્યમય બાર ભાવનાઓમાં તો અધ્યાત્મમય વૈરાગ્ય ભાવનાનો તરલ પ્રવાહ સર્વત્ર દ્રષ્ટિ ગોચર થશે. તરલ પ્રવાહને બળ આપવા માટે પુનરુકિતઓનો ભરપૂર પ્રયોગ થયો છે, પણ ભાવનાનાં પ્રકરણમાં પુનરુક્તિ દોષ નથી, ગુણ માનવામાં આવ્યું છે.

આચાર્ય જયસેન લખે છે. '**भावनाग्रन्थे पुनरुक्तदोषाभावत्वाह्ना** ।[1] ભાવના ગ્રંથમાં પુનરુક્તિને દોષ નથી માનવામાં આવતો.

આ પદ્યમય બાર ભાવનાઓને અધ્યાત્મ પ્રેમી સમાજે જે ઉત્સાહથી અપનાવ્યો છે, એની મને કલ્પના પણ ન હતી. ૨૬ જાન્યુઆરી ૧૯૮૫માં પ્રકાશિત દશ હજાર પ્રતિઓની પ્રથમ આવૃત્તિ થઈ ગઈ છે અને અઢી માસમાં મહાવીર જયંતીનાં અવસર પર ૩ એપ્રીલ ૧૯૮૫નાં દશ હજાર પ્રતોની બીજી આવૃત્તિ છાપવી પડી છે. આ પ્રકારે અત્યાર સુધી આની ચાર હજારથી પણ વધુ કેસેટ પણ જન જન સુધી પહોંચી ગઈ છે.

કેસેટોનાં સંદર્ભમાં એક વાત બીજી પણ ઉલ્લેખનીય છે કે જનતા એની એકથી વધુ અનેક પ્રતિઓ સ્વયં તૈયાર કરી લે છે. આ પ્રકારે ન જાણે તે આજ સુધી કેટલી માત્રામાં ક્યાં ક્યાં પહોંચી ગઈ હશે–કાંઈ કહી ન શકાય.

આનાં લેખનમાં મે આર્ચાય કુંદકુંદ અને સ્વામી કાર્તિકેયથી લઈને અત્યાર સુધી ઉપલબ્ધ બાર ભાવના સાહિત્યનો ભરપૂર ઉપયોગ કર્યો છે. જે ગ્રંથોનાં ઉદાહરણ કે ઉલ્લેખ યથાસ્થાન આ કૃતિમાં થયો છે, એનાં અતિરિકત પણ ઘણાં સાહિત્ય કે સાહિત્યકાર એવાં રહી ગયાં છે, જેનો ભરપૂર ઉપયોગ મારાં ચિત્તમાં કે પરિશોધન તેમજ આ ગ્રંથનાં સર્જનમાં થયું છે. એ બધાનો હું આભારી છું.

આમાં મારું કાંઈ નથી, જે પણ છે તે બધું આગમ અને પરમાગમમાં અહીં તહીં ઉપલબ્ધ છે; મેં તો પૂજ્ય ગુરુદેવશ્રીથી પ્રાપ્ત

આધ્યાત્મિક દ્રષ્ટિથી એનો ઉંડો અભ્યાસ કરી, એને આ રૂપમાં માત્ર વ્યવસ્થિત કરી દીધું છે. કરી શું દીધું, સહજ જ આ બધું થઈ ગયું છે.

આ પરમાગમનો પ્રસાદ જે કાંઈપણ છે, જેવું પણ છે, બધું આત્માર્થી બન્ધુઓની સેવામાં સાદર સમર્પિત છે, આ પાવન ભાવના અને વિશ્વાસની સાથે જ બધાં આત્મર્થી આનો ભરપૂર ઉપયોગ કરી નિજ ઉપયોગને નિજમાં જ લગાવી દેશે, નિજમાં જ જામી જશે, નિજમાં જ રમી જશે અને સહજાનંદનાં ધામ નિજ ભગવાન આત્માની આરાધના કરી સહજાનંદને સહજ જ ઉપલબ્ધ કરી લેશે.

આ કૃતિના અધ્યનથી આત્માર્થી બંધુઓને જો આત્મહિતની થોડી પણ પ્રેરણા મળશે તો મને આંતરિક પ્રસન્નતા થશે. અન્યથા મને જે લાભ મળ્યો, થયો છે. મારો શ્રમતો તેનાંથી જ સાર્થક થઈ ગયો છે.

જો કોઈ વિશેષજ્ઞ બંધુ કૃતિના સુધારા–ઉમેરા સમુચિત સૂચન આપશે તો અમે એનો સાચા હૃદયથી સ્વાગત કરીશું અને હવેની આવૃત્તિમાં એનું યથા સંભવ ઉપયોગ પણ અવશ્ય કરીશું.

આ સંપૂર્ણ કૃતિનું મૂળ કેન્દ્ર બિંદુ એક માત્ર ''ધ્રુવધામની આરાધના–આરાધનાનો સાર જ છે.'' છેવટે બધા આત્માર્થીજન ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધનામાં જ રત થઈને અનંત અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરે–આ પાવન ભાવનાની સાથે વિરામ લઉં છું.

**- ડૉ. હુકમચંદ ભારિલ્લ**



# બાર ભાવના

**- શ્રીમદ્ રાજચંદ્ર**

વૈરાગ્યની અને તેવા આત્મહિતૈષી વિષયોની સુદ્રઢતા થવા માટે બાર ભાવનાઓ ચિંતવાનું તત્ત્વજ્ઞાની કહે છે.–

૧. શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ, પરિવારાદિક સર્વ વિનાશી છે. જીવનો મૂળ ધર્મ અવિનાશી છે એમ ચિંતવવું તે અનિત્યભાવના.

૨. સંસારમાં મરણ સમયે જીવને શરણ રાખનાર કોઈ નથી; માત્ર એક શુભ ધર્મનું જ શરણ સત્ય છે; એમ ચિંતવવું તે અશરણ ભાવના.

૩. આ આત્માએ સંસાર સમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ ? એ સંસાર મારો નથી, હું મોક્ષમયી છું એમ ચિંતવવું તે 'સંસાર ભાવના.'

૪. આ મારો આત્મા એકલો છે, તે એકલો આવ્યો છે, એકલો જશે; પોતાનાં કરેલા કર્મ એકલો ભોગવશે, તેમ ચિંતવવું તે 'એકત્વ ભાવના'.

૫. આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે 'અન્યત્વ ભાવના.'

૬. આ શરીર અપવિત્ર છે, મળમૂત્રની ખાણ છે, રોગજરાને રહેવાનું ધામ છે, એ શરીરથી હું ન્યારો છું એમ ચિંતવવું તે 'અશુચિ ભાવના.'

૭. રાગદ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઈત્યાદિક સર્વ આશ્રવ છે, એમ ચિંતવવું એ 'આશ્રવ ભાવના.'

૮. જ્ઞાન, ધ્યાનમાં જીવ પ્રવર્તમાન થઈને નવાં કર્મ બાંધે નહિં, એવી ચિંતવના કરવી એ 'સંવર ભાવના.'

૯. જ્ઞાન સહિત ક્રિયા કરવી એ નિર્જરાનું કારણ છે એમ ચિંતવવું એ 'નિર્જરા ભાવના.'

૧૦. લોકસ્વરૂપનું ઉત્પત્તિ, સ્થિતિ, વિનાશ, સ્વરૂપ વિચારવું તે 'લોકસ્વરૂપ ભાવના.'

૧૧. સંસારમાં ભમતા આત્માને સમ્યક્જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે; તેવી ચિંતવના તે 'બોધ દુર્લભ ભાવના.'

૧૨, ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રનાં બોધક એવા ગુરુ અને એવું શ્રવણ મળવું દુર્લભ છે, એમ ચિંતવવું એ 'ધર્મ દુર્લભ ભાવના.'

આ બાર ભાવનાઓનું મનપૂર્વક નિરંતર વિચારવાથી સત્પુરુષો ઉત્તમપદને પામ્યા છે, પામે છે અને પામશે.

હે ચેતન, તું ત્રણે કાળ એકલો જ છે. તારા સ્વરૂપને છોડીને અન્ય કોઈ પદાર્થ તારો થઈ શકે એમ નથી. હે આત્મન્! તું તારી મિથ્યામતિને છોડીને સદ્દગુરુના શરણે જા અને તેમના વચનોની સુપ્રતીતિ દ્વારા આત્મ શ્રદ્ધાન કર અને મોક્ષ સુખની પ્રાપ્તિ કર.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

# પ્રસ્તાવના

મને બાર ભાવનાઓનું આકર્ષણ ઘણા વર્ષોથી હતું અને મારા પ્રથમ ''જૈન દર્શન'' નામના પુસ્તકમાં આ બાર ભાવનાઓનું ગુજરાતી ભાષાંતર સંક્ષિપ્તમાં જીવોને માર્ગદર્શન માટે આપેલ હતું.

ચંદ્રકાંતભાઈને તત્ત્વનો અભ્યાસ કરતા કરતા જીવનમાં વૈરાગ્ય કેમ વધે તે માટે તેમને આ બાર ભાવનાઓનું ગુજરાતી ભાષાંતર કરવાની પ્રેરણા આપી જેથી તેમનો અભ્યાસ દ્રઢ થાય અને તેમને વિશેષ સ્વાધ્યાયની પ્રેરણા મળે. તેમને તો એ લાભ મળ્યો જ પણ બીજા જીવોને પણ આ મોક્ષમાર્ગમાં માર્ગદર્શન મળી રહે એ હેતુથી આ બાર ભાવનાને પુસ્તકરૂપે પ્રકાશિત કરવાની ઈચ્છા થઈ છે જે મેં સહર્ષ સ્વીકારી લીધી અને એના ફળ સ્વરૂપે આ બાર ભાવનાનું ગુજરાતી ભાષાંતર આપના હસ્તકમળમાં છે.

આ કાર્યમાં એમની ધર્મપત્ની શ્રીમતી કુસુમબેને પણ ઘણો સહયોગ આપેલ છે એ ધ્યાનમાં લેવા જેવી વાત છે. રથનાં બે પૈડા જ્યારે એક જ દિશામાં જતા હોય તો મુસાફરી સહજ થઈ જાય છે. બન્નેને મારા ખૂબ અભિનંદન. આ કાર્યમાં જે ગુણીજનો સહભાગી થયા છે તે બધાનો આભાર માનવો જ રહ્યો. પૂ. ગુરુદેવશ્રીની પ્રેરણાથી આ કાર્ય બહુ જ સરળ રીતે પૂર્ણ થયેલ છે. એમનો ઉપકાર તો ભૂલાય એમ જ નથી.

આપ બધાને મોક્ષમાર્ગનાં અભ્યાસ માટે તેમજ વૈરાગ્યમય જીવન જીવવા માટે પુરતું માર્ગદર્શન મળી રહે એ મંગળ ભાવના સાથે વિરામ લઉં છું.

**- રમણીક સાવલા**



# અનુવાદકની કલમે

આદરણીય પં. ડૉ. હુકમચંદજી ભારિલ્લ લિખિત 'બારહ ભાવના–એક અનુશીલન' પુસ્તક જ્યારે મેં વાંચ્યું ત્યારે મારા મન પર તેની ઊંડી છાપ પડી. આદરણીય શ્રદ્ધેય શ્રી રમણિકભાઈ સાવલાએ એ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાન્તર કરવાની મને પ્રેરણા આપી. મને ગમતું કાર્ય મળી ગયું. અનુવાદનું આ પ્રકારનું કાર્ય મારે માટે પહેલવહેલું જ હતું. એ રીતે ફરીથી આ પુસ્તકનો સ્વાધ્યાય કરવાની મને તક મળી, ખૂબ જ ગમ્યું છે.

આદરણીય પં. ડૉ. હુકમચંદજી ભારિલ્લે મને આ પુસ્તક પ્રકાશન કરવાની મંજુરી આપી એ બદલ એમનો ખૂબ જ આભાર.

મારા અનુવાદ કાર્યમાં મને સ્નેહી પ્રા. ડૉ. અમૃતબહેન દેઢિયા અને મારા મિત્ર પ્રા. ડૉ. ગુલાબ દેઢિયાએ યોગ્ય મદદ કરી છે. મારા પરમ મિત્ર શ્રી મણિલાલભાઈ ગાલા અને મારાં ધર્મપત્ની કુસુમબેનનું મને વિશેષ પ્રોત્સાહન મળ્યું છે.

આ પુસ્તકને સુંદર રીતે છાપનાર જયંત પ્રિન્ટરીવાળા છોટુભાઈનો આભાર માનું છું.

પૂ. ગુરુદેવશ્રીની પ્રેરણાથી આ કાર્ય બહુ જ સરળ બનેલ છે. એમનો ઉપકાર તો ભૂલાય એમ જ નથી.

'બાર ભાવના એક 'ચિન્તવન' પુસ્તક દ્વારા આપણે સૌ વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ કરીએ એવી મંગળ ભાવના સાથે...

**- ચંદ્રકાંત શાહ**

હું ધ્યેય છું શ્રધ્યેય છું, હું જ્ઞેય, છું, હું જ્ઞાન છું ।
બસ એક જ્ઞાયકભાવ છું હું, હું સ્વયં ભગવાન છું ॥

આ સત્યને જ જાણવાની જ ભાવનાનો સાર છે ।
ધ્રુવધામ ની આરાધના-આરાધનાનો સાર છે ॥



# વિષય - સૂચિ


| નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | અનુપ્રેક્ષા : એક અનુશીલન | ૧ |
| ૧ | અનિત્ય ભાવના | ૧૨ |
| | અનિત્ય ભાવના : એક ચિન્તવન | ૧૪ |
| ૨ | અશરણ ભાવના | ૨૪ |
| | અશરણ ભાવના : એક ચિન્તવન | ૨૬ |
| ૩ | સંસાર ભાવના | ૩૮ |
| | સંસાર ભાવના : એક ચિન્તવન | ૪૦ |
| ૪ | એકત્વ ભાવના | ૫૧ |
| | એકત્વ ભાવના : એક ચિન્તવન | ૫૩ |
| ૫ | અન્યત્વ ભાવના | ૬૫ |
| | અન્યત્વ ભાવના : એક ચિન્તવન | ૬૬ |
| ૬ | અશુચિ ભાવના | ૭૮ |
| | અશુચિ ભાવના : એક ચિન્તવન | ૮૦ |
| ૭ | આશ્રવ ભાવના | ૯૧ |
| | આશ્રવ ભાવના : એક ચિન્તવન | ૯૩ |
| ૮ | સંવર ભાવના | ૧૦૬ |
| | સંવર ભાવના : એક ચિન્તવન | ૧૦૮ |
| ૯ | નિર્જરા ભાવના | ૧૧૯ |
| | નિર્જરા ભાવના : એક ચિન્તવન | ૧૨૧ |
| ૧૦ | લોક ભાવના | ૧૩૦ |
| | લોક ભાવના : એક ચિન્તવન | ૧૩૨ |
| ૧૧ | બોધિદુર્લભ ભાવના | ૧૪૦ |
| | બોધિદુર્લભ ભાવના : એક ચિન્તવન | ૧૪૨ |
| ૧૨ | ધર્મ ભાવના | ૧૫૨ |
| | ધર્મ ભાવના : એક ચિન્તવન | ૧૫૪ |

अंजुली–जल सम जवानी क्षीण होती जा रही ।
प्रत्येक पल जर्जर जरा नजदीक आती जा रही॥

काल की काली घटा प्रत्येक क्षण मँडरा रही।
किन्तु पल पल विषय–तृष्णा तरुण होती जा रही ॥२॥



શ્રી સિદ્ધેભ્યો નમઃ

ૐ

# અનુપ્રેક્ષા–એક ચિન્તવન

**હું ધ્યેય છું શ્રદ્ધેય છું, હું જ્ઞેય, છું, હું જ્ઞાન છું ।**
**બસ એક જ્ઞાયકભાવ છું હું, હું સ્વયં ભગવાન છું ॥**
**આ સત્યને જ જાણવાની જ ભાવનાનો સાર છે ।**
**ધ્રુવધામ ની આરાધના-આરાધનાનો સાર છે ॥**

અનુપ્રેક્ષા જિનાગમનો સર્વાધિક ચર્ચાનો વિષય છે. પ્રથમાનુયોગનાં તો દરેક ગ્રંથમાં આના પ્રસંગ અનુસાર વર્ણન હોય જ છે; પરંતુ આ વિષય પર સ્વતંત્ર રૂપથી પણ અનેક ગ્રંથ લખાઈ ગયા છે. આચાર્ય કુંદકુંદાચાર્ય જેવાં મહાન આચાર્યોને પણ આ વિષય પર સ્વતંત્ર રૂપથી લખવું આવશ્યક લાગ્યું. પ્રથમાનુયોગ અને સ્વતંત્ર ગ્રંથોનાં વિશેષ પણ સંપૂર્ણ જિનાગમમાં યોગ્ય સ્થળે આ વિષય પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

જિનાગમમાં પ્રાપ્ત સંપૂર્ણ અનુપ્રેક્ષા સાહિત્યને ભેગું કરીએ તો એક વિશાળ વિસ્તાર–ગ્રંથ તૈયાર થઈ શકે.

અમારો આ ચિન્તવનનો ઉદેશ્ય અનુપ્રેક્ષા સાહિત્યનો સમ્યક અધ્યયન કરવાનો નથી અને ન એનો વિસ્તાર ગ્રંથ તૈયાર કરવાનો જ છે. અમે તો જિનાગમનાં પ્રકાશમાં અનુપ્રેક્ષાઓનાં સ્વરૂપનો વિશ્લેષણાત્મક અભ્યાસ રજૂ કરવા માંગીએ છીએ, આધ્યાત્મિક જીવનમાં આનાં ચિન્તનની જરૂરીયાત તેમજ ઉપયોગનાં તર્ક સાથે વિશ્લેષણ કરવા માંગીએ છીએ. અનુપ્રેક્ષા સાહિત્યની પ્રતિપાદન શૈલીનું મૂળ દ્રષ્ટિકોણ તેમજ મૂળ કેન્દ્રબિન્દુનું અનુસંધાન જ અમારી ઈચ્છા છે.

બાર પ્રકારની હોવાથી અનુપ્રેક્ષાઓ ને અધિકાંશ ''બાર ભાવના'' નાં નામથી જ ઓળખાય છે, લોકમાં સર્વાધિક પ્રચલિત નામ ''બાર ભાવના'' જ છે, અનુપ્રેક્ષા નામને વિદ્વાન સમાજનાં અલગ બહુ ઓછા લોકો જાણે છે.

કાવ્યમય બાર ભાવનાઓને ગાવી ગણગણવી અમારી ધર્મશીલ માતા-બહેનોની દિનચર્યાનું મુખ્ય અંગ છે. આધ્યાત્મિક ધાર્મિક લોકોનુ આ સર્વાધિક પ્રિય માનસિક ભોજન છે.

જે બાર ભાવનાઓને સ્વામી કાર્તિકેય ભવ્ય જીવોનાં આનંદની જનની કહી છે તથા સર્વશ્રેષ્ઠ આચાર્ય કુંદકુંદે મુક્તિનું સાક્ષાત કારણ કહ્યું છે, તે બાર ભાવનાઓનો જન-જન માં વસ્તુ બની જવું સહજ છે, સ્વભાવિક જ છે.

બાર ભાવનાઓનું મહત્વ વ્યક્ત કરવાવામાં આચાર્ય કુંદકુંદનું કથન આ પ્રકારે છે.

**''किं पलवियेण बहुणा जे सिद्धा णरवरा गये काले ।**
**सिज्झिहहि जे वि भविया तज्जाणह तस्स माहप्पं ॥**

''આ વિષયમાં વધુ વિસ્તાર કરવાથી શું લાભ છે, બસ આટલું સમજવું કે ભૂતકાળમાં જેટલાં શ્રેષ્ઠ પુરુષ સિદ્ધ થઈ ગયા અને ભવિષ્યમાં પણ જે સિદ્ધ થશે-એ બધા આ બાર ભાવનાઓનું માહાત્મ્ય છે.''

આચાર્ય પદ્મનંદિ પણ આને કર્મક્ષય નું કારણ બતાવે છે.

**''द्वादशापि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभिः ।**
**तद्भावना भवत्येव कर्मणां क्षयकारणम् ॥**

''મહાન પુરુષોને હંમેશા બાર ભાવનાઓનું ચિન્તવન કરવું જોઈએ, કારણકે એમની ભાવના કર્મોનાં નાશનું કારણ થાય જ છે.''

બાર ભાવનાઓનાં ચિન્તનનાં લાભ ગણાવતા શુભચંદ્રાચાર્ય લખે છે.



**''विध्याति कषायाग्नि विगलितरागो विलीयते ध्वान्तम् ।**
**उन्मिषति बोधदीपो ह्मदि पुंसां भावनाभ्यासात् ॥**

આ બાર ભાવનાઓનાં અભ્યાસથી જીવોનો કષાયરૂપી અગ્નિ શાંત થઈ જાય છે, રાગ મંદ થઈ જાય છે, અંધકાર વિલીન થઈ જાય છે અને હૃદયમાં જ્ઞાનરૂપી દીપક પ્રગટે છે. ''

પંડિત દોલતરામજી છ ઢાળામાં લખે છે.

**''मुनि सकलव्रती बड़भागी, भव-भोगन तें वैरागी ।**
**वैराग्य उपावन माई,चिन्तैं अनुप्रेक्षा भाई ॥**
**इन चिन्तत समसुख जागै, जिमि ज्वलन पवन के लागै ।**
**जब ही जिय आतम जानै, तब ही जिय शिवसुख ढानै ॥''**

જે પ્રકારે માતા પુત્રને જન્મ આપે છે, એ જ પ્રકારે બાર ભાવનાઓ વૈરાગ્યને ઉત્પન્ન કરવાવાળી છે. આ જ કારણ છે કે સાંસારિક ભોગોથી અત્યંત વિરક્ત બહુ ભાગ્યવાન મહાવ્રત ધારી મુનિરાજ પણ આનું ચિંતવન કરે છે.

જે પ્રકારે પવન લાગવાથી અગ્નિ પ્રજવલિત થઈ જાય છે. ઠીક એજ પ્રકારે આ બાર ભાવનાઓનાં ચિન્તનથી સમતારૂપી સુખ જાગૃત થઈ જાય છે. જ્યારે આ જીવ પોતાનાં આત્માને જાણે છે, ઓળખે છે અને એમાં જામી જાય છે, રમી જાય છે; ત્યારે જ અતીન્દ્રિય આનદંને, પરિપૂર્ણ મુક્તદશાને પ્રાપ્ત કરે છે.

અનુપ્રેક્ષા એટલે ચિન્તન, ફરી-ફરી ચિન્તન, કોઈ વિષયની ઊંડાણમાં જવા માટે એનાં સ્વરૂપનો વારંવાર વિચાર કરવો એ જ ચિન્તન છે. જો કે ચિન્તન, વસ્તુ સ્વરૂપનો નિર્ણય લેવા કરવું પડે છે. તો પણ જો વિષય ગમતો હોય તો નક્કી કરેલો વિષય પણ વારંવાર ચિન્તનનો આધાર બને છે.

ચિન્તન ધ્યાનનું પ્રારંભિક રૂપ છે. રુચિ ધ્યાનની વ્યવસ્થા

કરવાવાળી હોવાથી ચિન્તનની પણ વ્યવસ્થા કરવાવાળી છે. જે વિષય આપણી રુચિનો હોય છે એના પર સહજ જ ધ્યાન જાય છે, એનું ચિન્તન-મનન પણ સહજ જ ચાલે છે. કોઈ વિષયને જાણવાની ઈચ્છા (જિજ્ઞાસા) પણ ચિન્તનને પ્રેરિત કરે છે. જિજ્ઞાસા જેટલી પ્રબળ હશે એના જ અનુસંધાનમાં ચિન્તન પણ ગંભીર હશે. એટલે ચિન્તન શોધખોળ (રીસર્ચ) નો આધાર પણ બને છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે ચિન્તન કોઈ વિષયને સમજવા માટે પણ હોય છે અને સમજાઈ ગયો હોય તે વિષયનું પણ હોય છે.

અનુપ્રેક્ષા ચિન્તન સ્વરૂપ હોવાથી જ્ઞાનાત્મક છે, ધ્યાનાત્મક નથી.

અનુપ્રેક્ષા અને ધ્યાનનો તફાવત સ્પષ્ટ કરતાં આચાર્ય અકલંકદેવ લખે છે.

**''स्यादतेदनुप्रेक्षाडपि घर्मध्यानेऽन्तर्भवतीति प्रथगासामुपदे शोऽनर्थक इति; तन्न, किं कारणम्? ज्ञानप्रवृत्तिविकल्पत्वात् । अनित्यादिविषयचिन्तनं यदा ज्ञानं तदानुप्रेक्षाव्यपदेशो भवति, यदा तत्रैकाग्रचिंतानिरोधस्तदा घर्मघ्यानम्॥**

અનુપ્રેક્ષાઓનાં ધર્મધ્યાનમાં અભિપ્રાય થઈ જવાથી એનું અલગ કથન કરવું યોગ્ય નથી- જો કોઈ એમ કહે તો એનું કથન ઠીક નથી, કેમકે અનુપ્રેક્ષાઓ જ્ઞાનપ્રવૃત્તિ- વિકલ્પરૂપ છે. અનિત્યાદિ વિષયોનું ચિન્તન જ્યારે જ્ઞાનરૂપ હોય છે, ત્યારે તે અનુપ્રેક્ષા કહેવાય છે અને જ્યારે અનિત્યાદિ વિષયોમાં ચિત્ત એકાગ્ર થાય છે, ત્યારે ધર્મધ્યાન નામ પામે છે.

વૈરાગ્યોત્પાદક તત્વપ્રેરક ચિન્તન જ અનુપ્રેક્ષા છે. ફકત ચિન્તનની આવશ્યકતા નથી, વૈરાગ્યોત્પાદક ચિન્તનની છે,



તત્વપ્રેરક ચિન્તનની છે. એવો ક્યો સંજ્ઞી (મનસહિત) પ્રાણી છે, જે ચિન્તનથી રહિત છે? પણ સામાન્ય લોકોનાં ચિન્તનનો વિષય હંમેશા પંચેન્દ્રિયના વિષયનો જ રહે છે, કષાયચક્ર જ તેમની ચિન્તન ધારાને નિયામક હોય છે.

વિષય-કષાયની પૂર્તિનાં લક્ષથી કરાયેલ ચિન્તન અનુપ્રેક્ષા નથી, ચિંતા છે, જે ચિતા (અગ્નિ) થી પણ અધિક દાહક હોય છે, કહ્યું પણ છે

**''चिन्ता चेतन को दहे, चिता दहे निर्जीव ।''**

ચિન્તા બાળે ચેતનને, ચિતા બાળે નિર્જિવ.

ચિન્તન અને જ્ઞાનના પ્રશિક્ષણની આવશ્યકતા નથી, નિશ્ચય સમ્યક દિશાસૂચનની છે; કેમકે ચિન્તન અને ધ્યાન તો સંજ્ઞી પ્રાણીનો સહજ સ્વભાવ છે. ચિન્તનની ધારા અને ધ્યાન નો ધ્યેય જો સમ્યક ન હોય, સ્પષ્ટ ન હોય તો ચિન્તન અને ધ્યાન ભવતાપનાશક ન થઈને ભવ-ભવ ભટકવાનો હેતુ બની શકે; છેવટે ચિન્તનની ધારાનું નિયમન આવશ્યક જ નહીં, અનિવાર્ય છે.

ચિન્તનની ધારાનું સમ્યક નિયમન જ બાર ભાવનાઓનું મૂળ નિરૂપણ છે. સંયોગોની ક્ષણભંગુરતા, વિકારોની વિપરીતતા, સ્વભાવની સામર્થ્યતા તેમજ સ્વભાવનાં આશ્રયથી ઉત્પન્ન પર્યાયોની સુખકર્તા અને દુર્લભતા જ બાર ભાવનાઓનાં પ્રતિપાદનનું મૂળ કેન્દ્રબિન્દુ છે. કેમકે આ પ્રકારનું ચિન્તન જ વૈરાગ્યોત્પાદક તેમજ તત્વપ્રેરક હોવાથી સમ્યક દિશાબોધ આપી શકે છે.

આ દ્રષ્ટિથી જો આપણે બાર ભાવનાઓનાં બહુ પ્રચલિત તેમજ કોઈ અપવાદોને છોડીને સર્વમાન્ય ક્રમનો અદયયન કરીએ તો સહજ જ જાણશો કે આમાં શરૂઆતની છ ભાવનાઓ વૈરાગ્યોત્પાદક અને છેવટની છ ભાવનાઓ તત્વ પ્રેરક છે; પ્રત્યેકનાં ક્રમમાં પણ એક સહજ વિકાસ દ્રષ્ટિગોચર થાય છે.

આ વાતને વિસ્તારથી સમજવા માટે બાર ભાવનાઓનાં ક્રમસર નામ જાણવાની સાથે એનાં સ્વરૂપનું સામાન્ય સૂક્ષ્મજ્ઞાન પણ આવશ્યક છે, છેવટે વિશ્લેષણાત્મક અભ્યાસનાં પહેલાં એનું સામાન્ય કથન આવશ્યક છે. બાર ભાવનાઓના ક્રમાનુસાર નામ આ પ્રકારે છે.

૧. અનિત્ય ૨. અશરણ ૩. સંસાર ૪. એકત્વ ૫. અન્યત્વ ૬. અશુચિ ૭. આશ્રવ ૮. સંવર ૯. નિર્જરા ૧૦. લોક ૧૧. બોધિદુર્લભ ૧૨. ધર્મ

સંસારી જીવનાં મુખ્યરૂપથી સ્ત્રી–પુત્ર, મકાન–મિલ્કત, રૂપિયા–પૈસા અને શરીરનો જ સંયોગ છે. આમાં સર્વાધિક નજદીકનો સંયોગી પદાર્થ શરીર જ છે. અનિત્ય ભાવનામાં આની અનિત્યતા, અશરણ ભાવનામાં આની અશરણતા તથા સંસાર ભાવનામાં આની દુ;ખરૂપતા અને નિઃસારતાનું ચિન્તન કરવું પડે છે. સ્વયંમાં એકત્વ અને સંયોગોથી ભિન્નત્વનો વિચાર ક્રમશ; એકત્વ અને અન્યત્વ ભાવનામાં થાય છે. સંયોગો (શરીર)ની મલિનતા, અપવિત્રતાનું ચિન્તન જ અશુચિભાવના છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે આ કથિત ભાવનાઓનાં ચિન્તનનો વિષય જો કે સંયોગ જ છે. તો પણ ચિન્તનની ધારાનો સ્વરૂપ આ પ્રકારે છે કે સંયોગોથી વિરકિત હોય, અનુરકિત નહીં. એટલે આ છ ભાવનાઓ મુખ્ય રૂપથી વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળી છે.

આશ્રવ, સંવર અને નિર્જરા તો સ્પષ્ટરૂપથી તત્વોનાં નામ છે; એટલે આનું ચિન્તન સહજ તત્ત્વો પ્રેરક હોય છે; બોધિદુર્લભ અને ધર્મ ભાવનામાં પણ રત્નત્રયાદિ ધર્મોની ચર્ચા હોવાથી ચિન્તન તત્વપ્રેરક જ હોય છે. લોક ભાવનામાં લોકની રચના સંબંધી વિસ્તારને ગૌણ કરીને જો એનાં સ્વરૂપ પર વિચાર કરવામાં આવે, તો તેનું ચિન્તન પણ નિશ્ચિતરૂપથી તત્વપ્રેરક જ હશે.



પંડિત દોલતરામજી કૃત છ ઢાળામાં ઉપસ્થિત લોક ભાવનાં સંબંધી ચિન્તન આ સંદૅભમાં જોવાલાયક છે. જે આ પ્રકારે છે.

**''किनहु न करौ न धरै को, षड्द्रव्यमयी न हरै को ।**
**सो लोक माँहि बिन समता, दुख सहे जीव नित भ्रमता ॥**

છ દ્રવ્યોનો સમૂહ છે સ્વરૂપ જેનું એવા આ લોકને ન તો કોઈએ બનાવ્યો છે, કે ન તો કોઈએ એને ધારણ કર્યો છે અને ન કોઈ એનો વિનાશ કરી શકે છે. આ પ્રકારે અનાદિ–અનંત સ્વયં પ્રતિષ્ઠિત આ લોકમાં આ જીવ વગર સમતાએ ભ્રમણ કરતો અનાદિકાળથી જ અનંત દુઃખ ઉપાડી રહ્યો છે.

આ મતાર્થની દ્રષ્ટિથી કરવામાં આવેલું તાત્ત્વિક કથન જ છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ પ્રથમની છ ભાવનાઓ વૈરાગ્યોત્પાદક તેમજ છેવટની છ ભાવનાઓ તત્ત્વપ્રેરક છે; પરંતુ આને નિયમનાં રૂપમાં જોવું ઠીક ન હશે, કેમ કે આ કથન મુખ્યતા અને ગૌણની અપેક્ષાથી કરવામાં આવેલું જ છે.

વૈરાગ્યોત્પાદક ચિન્તનથી ભાવભૂમિ સરળ થઈ જવાથી એમાં વાવવામાં આવેલું તત્ત્વ ચિન્તનનું બીજ નિરર્થક નથી જતું; તે ઊગે છે, વધે છે, ફળે પણ છે અને છેવટે પૂર્ણતાને પણ પ્રાપ્ત થાય છે. કઠોર શુષ્ક ભૂમિમાં વાવેલું બીજ નાશ જ પામે છે. એટલે જમીનને ખેડવા સીંચવાના શ્રમને નિરર્થક ન સમજી શકાય. શરૂઆતની છ ભાવના મુખ્યરૂપથી ભાવભૂમિને ખેડવા તેમજ વૈરાગ્યરસથી સીંચવાનું જ કામ કરે છે; જે અત્યંત આવશ્યક જ નહીં અનિવાર્ય છે.

બાર ભાવનાઓના ક્રમમાં ભેદવિજ્ઞાનનો ક્રમિક વિકાસ પણ દ્રષ્ટિગોચર થાય છે. જોકે આરંભની છ ભાવનાઓ પર સંયોગોની અસ્થિરતા, પૃથકતા અને મલિનતાનો સંદેશ આપીને અનાદિ કાળનો પરોન્મુખ્યતાને સમાપ્ત કરી અંતરોન્મુખ થવા માટે પ્રેરણા

કરે છે તો સાતમી આશ્રવ ભાવના સંયોગાધીન દ્રષ્ટિથી ઉત્પન્ન થવાવાળાં સંયોગીભાવો મિથ્યાત્વાદિ વિકારોથી વિરક્તિ ઉત્પન્ન કરે છે; તથા સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ ભાવનાઓ એ નિજ શુદ્ધાત્મ તત્વની પ્રતિ સમર્પિત થવાનો માર્ગ પ્રશસ્ત કરે છે. જેનાં આશ્રયથી રત્નત્રયરૂપ સંવરાદિ નિર્મળ પર્યાયો ઉત્પન્ન થાય છે.

આત્માર્થી મુમુક્ષુઓ માટે બાર ભાવનાઓનું ચિન્તન ક્યારેક-ક્યારેકનું નહીં, પ્રતિદિનનું કાર્ય છે; એટલે આ વિષય પર વિવિધ દ્રષ્ટિકોણથી બધી રીતે ચિન્તન થયું છે. જ્યાં એકને એક છંદમાં બાર ભાવનાઓનું ચિન્તન પ્રસ્તુત કરી નાખ્યું છે તો બીજી બાજુ આના પ્રતિપાદનમાં પૂરા ગ્રંથ લખાઈ ગયા છે.

અધ્યાત્મિક કવિવર પંડિત ભાગચંદજીએ એક છંદમાં બાર ભાવનાઓનું સ્વરૂપ આ રીતે રજુ કર્યું છે.

**''जग है अनित्य तामैं सरन न वस्तु कोय,**
**तातैं दु:खरासि भववास कौं निहारिए ।**
**एक चित् चिन्ह सदा भिन्न परद्रव्यनि तैं,**
**अशुचि शरीर में न आपा बुद्धि धारिए।।**
**रागादिक भाव करै कर्म को बढ़ावै तातैं,**
**संवरस्वरुप होय कर्मबन्ध डारिए।**
**तीनलोक माँहिं जिनधर्म एक दुर्लभ है;**
**तातैं जिनधर्म को न छिन्हू विसारिए ।।''**

કથિત છંદ પર એક ઊંડી દ્રષ્ટિ નાખવાથી સ્પષ્ટ અનુમાન થાય છે કે આમાં બાર ભાવનાઓનાં ચિન્તનની મૂળધારા પૂર્ણરૂપથી સમાયેલ છે.

બાર ભાવનાઓમાં સમાયેલ ચિન્તન પ્રક્રિયામાં જે ક્રમિક વિકાસ દેખાય છે; એમાં જરા પણ કૃત્રિમતા નથી.



પુત્ર-પરિવાર, કંચન-કામિની તેમજ દેહમાં મગ્ન જગતને આ સંયોગોની ક્ષણભંગુરતા, અશરણતા, અસારતા પહેલાનાં સૂક્ષ્મજ્ઞાનની હેતુભૂત બાર ભાવનાઓની ચિન્તન પ્રક્રિયા પોતામાં પોતે જ અદ્ભુત છે.

અનિત્ય ભાવનામાં એમ બતાવ્યું છે કે જે સંયોગોમાં તું હમેંશા રહેવા માગે છે; એ ક્ષણભંગુર છે, અનિત્ય છે. પુત્ર-પરિવાર અને કંચન-કામિની તારી સાથે હંમેશા રહેવાવાળા નથી; અથવા તો એ તને છોડીને ચાલ્યાં જશે અથવા પછી તું જ મરણને પ્રાપ્ત થઈશ, ત્યારે એ બધા સહજ છૂટી જશે.

આ વાતને સાંભળીને આ રાગી પ્રાણી એની સુરક્ષાનાં અનેક ઉપાય કરે છે. જ્યારે એ પોતાનાં મરણાદિને ટાળવાનો ઉપાયોનો વિચાર કરે છે, ત્યારે અશરણ ભાવનામાં એમ દેખાડેલ છે કે વિયોગ થવું એ સંયોગોનો સહજ સ્વભાવ છે, એને રોકવાનો કોઈ ઉપાય નથી. કોઈ એવી દવા નથી, મણિમંત્ર-તંત્ર નથી, જે તને અથવા તારા પુત્રાદિને મરવાથી બચાવી લે.

ત્યારે એ વિચારી શકે છે કે યોગ્ય સંયોગ કે બીજા સંયોગ તો મળશે જ; ત્યારે એને સંસાર ભાવનાની માધ્યમતાથી સમજાવીએ છીએ કે સંયોગોમાં ક્યાંય સુખ નથી, બધા સંયોગ દુઃખરૂપ જ છે. ત્યારે તે વિચારી શકે છે કે ભેગાં મળીને બધા ભોગવી લઈશું, એનાં જવાબમાં એકત્વ ભાવનામાં દ્રઢ કરાય છે કે દુઃખ સાથે વહેંચીને ભોગવી નથી શકાતું, એકલું જ ભોગવવું પડશે. આ વાતને નાસ્તિથી અન્યત્વ ભાવનામાં દ્રઢ કરાય છે કે કોઈ સાથ ન આપી શકે. જ્યારે આ શરીર જ સાથ નહીં આપે તો સ્ત્રી-પૂત્રાદિ પરિવાર તો શું સાથ આપશે !

અશુચિ ભાવનામાં કહે છે કે જે દેહથી તું રાગ કરે છે, એ દેહ અત્યંત મલિન છે, મળ-મૂત્રનું ઘર છે.

આ પ્રકારે શરૂઆતની છ ભાવનાઓમાં સંસાર, શરીર અને ભોગોથી વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં આવે છે. જેમાં આ આત્મા આત્મહિતકારી તત્ત્વોને સમજવા તૈયાર થાય છે. આ ભાવનાઓમાં દેહાદિ પરપદાર્થોથી આત્માની ભિન્નતાનું જ્ઞાન કરાવી ભેદજ્ઞાનની પ્રથમ સીડી પણ પાર કરાવી અપાય છે.

જ્યારે આ આત્મા શરીરાદિ પરપદાર્થોથી વિરક્ત થઈને ગુણ-પર્યાયરૂપ નિજ દ્રવ્યની સીમામાં આવી જાય છે ત્યારે આશ્રવ ભાવનામાં આત્મામાં ઉત્પન્ન મિથ્યાત્વાદિ કષાય ભાવોનું સ્વરૂપ સમજાય છે. આ બતાવે છે કે આ આશ્રવભાવ દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે મલિન છે અને ભગવાન આત્મા સુખરૂપ છે. સુખનું કારણ છે તેમજ અત્યંત પવિત્ર છે.

આ પ્રકારે આશ્રવોથી પણ દ્રષ્ટિ હટાવીને સંવર-નિર્જરા ભાવનામાં અતીન્દ્રિય આનંદમય સંવર-નિર્જરા તત્વોનો સુક્ષ્મજ્ઞાન કરાવે છે, એને પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે. પછી લોક ભાવનામાં લોકનું સ્વરૂપ બનાવીને બોધિદુર્લભ ભાવનામાં એ બતાવે છે કે આ લોકમાં એક રત્નત્રય જ દુર્લભ છે; અને બધા સંયોગ તો અનંતવાર પ્રાપ્ત થયા, પણ રત્નત્રયની પ્રાપ્તિ નહીં થઈ, અગર થઈ હોત તો સંસારથી પાર થઈ ગયા હોત. અંતમાં ધર્મ ભાવનામાં એ બતાવે છે કે અત્યંત દુર્લભ રત્નત્રયરૂપ ધર્મની આરાધના જ આ મનુષ્યભવનો સાર છે. મનુષ્યભવની સાર્થકતા એકમાત્ર ત્રિકાળી ધ્રુવ આત્માનાં આશ્રયથી ઉત્પન્ન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપ રત્નત્રય ધર્મની પ્રાપ્તિમાં જ છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે બાર ભાવનાઓની આ ચિન્તન પ્રક્રિયા પોતે પોતામાં જ અદ્દ્ભૂત છે, આશ્ચર્યકારી છે; કેમ કે આમાં સંસાર, શરીર અને ભોગોમાં લપેટાયેલ જગતને અનંત સુખકારી માર્ગમાં પ્રતિષ્ઠિત કરવાનો સમ્યક્ પ્રયોગ છે, સફળ પ્રયોગ છે. આ જ કારણ છે કે બાર ભાવનાઓનું ચિન્તન આત્માર્થી



જનનું સર્વાધિક પ્રિય માનસિક રોજનો ખોરાક છે.

જો કે આ બાર ભાવનાઓનું ચિન્તન જ્ઞાની-અજ્ઞાની બધાનાં માટે સમાન રૂપથી હિતકારી છે, તો પણ આનું સમ્યક્ સ્વરૂપ ન જાણવાનાં કારણે અજ્ઞાનીજન લાભનાં સ્થાને હાનિ જ વધારે ઉઠાવે છે. પહેલાં શરીરાદિ સંયોગોને ભલું જાણી એનાંથી અનંત અનુરાગ કરે છે; પણ જ્યારે બાર ભાવનાઓમાં નિરુપિત શરીરાદિ સંયોગોની અનિત્યતા, અશરણતા, અસારતા, અશુચિતા જેવા દોષોને જાણી લે તો એનાથી દ્વેષ કરવા લાગે છે. બાર ભાવનાઓની ચિન્તનનું સાચું ફળ તો વીતરાગતા છે, એની પ્રાપ્તિ તેમને થઈ શકે નહીં.

આનાં વિસ્તારમાં આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીનું મૂલ્યાંકિત કથન જોવાલાયક છે;

"અનિત્યાદિ ચિંતવનથી શરીરાદિને ખરાબ જાણ, હિતકારી ન જાણીને તેનાથી ઉદાસ થવું, એનું નામ અનુપ્રેક્ષા (અજ્ઞાની) કહેવાય છે. તે આતો જેમ કોઈ મિત્ર હતો, ત્યારે તેનાં પર રાગ હતો અને પાછળથી તેનાં અવગુણ જોઈને ઉદાસ થયો. આ પ્રકારે શરીરાદિકથી રાગ હતો, પાછળથી અનિત્યાદિ અવગુણ જોઈને ઉદાસીન થયો, પરંતુ આવી ઉદાસીનતા તો દ્વેષરૂપ છે.

આપણો અને શરીરાદિકનો જયાં-જેવું સ્વભાવ છે, તેવું ઓળખીને ભ્રમને મિટાવી, ભલો જાણી રાગ નહીં કરવું અને ખરાબ જાણી દ્વેષ નહીં કરવું એવી સાચી ઉદાસીનતાનો અર્થ યથાર્થ અનિત્યત્વાદિકનું ચિંતવન કરવું જ સાચી અનુપ્રેક્ષા છે !"

બધા પ્રાણી બાર ભાવનાઓનું સાચું સ્વરૂપ સમજીને પોતાનું આત્મહિત કરે-એનાં માટે દરેક ભાવનાનો વિસ્તુત ચિન્તવન જરૂરી છે, અપેક્ષિત છે. છેવટે સ્વ પર હિતનાં માટે બાર ભાવનાઓનાં પૃથક-પ્રથક ચિન્તવનનાં સંકલ્પની સાથે વિરામ લઉં છું.

## (१) અનિત્ય ભાવના

**भोर की स्वर्णिम छटा सम क्षणिक सब संयोग है।**
**पद्मपत्रों पर पड़े जलबिन्दु सम सब भोग हैं।।**
**सान्ध्य दिनकर लालिमा सम लालिमा है भाल की।**
**सब पर पडी मनहूस छाया विकट काल कराल की ।।१।।**

બધા સંયોગ સૂર્યોદયની સુવર્ણ છટાની જેમ ક્ષણભંગુર છે. આવી રીતે પુણ્યોદયથી પ્રાપ્ત ભોગ પણ કમળનાં પાંદડા પર પડેલ જલબિન્દુઓની જેમ ક્ષણભંગુર જ છે. ભાગ્યશાળી લલાટની લાલિમા પણ સંધ્યાકાળનાં સૂર્યની લાલિમાની જેમ અલ્પકાળમાં જ કાલિમામાં બદલાઈ જવાની છે; કેમકે બધા સંયોગો પર, ભોગો પર, પર્યાયો પર વિકરાળ કાળની વિકટ ભયંકર છાયા પડેલી છે.

**अंजुली-जल सम जवानी क्षीण होती जा रही ।**
**प्रत्येक पल जर्जर जरा नजदीक आती जा रही।।**
**काल की काली घटा प्रत्येक क्षण मँडरा रही।**
**किन्तु पल पल विषय-तृष्णा तरुण होती जा रही ।।२।।**

આ ઉન્મત યૌવન ખોબામાંના પાણીની જેમ દરેક ક્ષણે ક્ષીણ થઈ રહ્યા છે અને દેહને જર્જર કરવાવાળો બુઢાપો સતત નજીક આવી રહ્યો છે. મૃત્યુની કાળી ઘટાઓ દરેક ક્ષણ માથાપર ભમી રહી છે, તો પણ પાંચ ઈન્દ્રિયોનાં વિષયોની તૃષ્ણા નિરંતર વધતી જઈ રહી છે, જવાન થતી જાય છે.

**दुखमयी पर्याय क्षणभंगुर सदा कैसे रहे।**
**अमर है ध्रुव आत्मा वह मृत्यु को कैसे वरे।।**
**ध्रुवधाम से जो विमुख वह पर्याय ही संसार है।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है।। ३ ।।**

આ દુઃખમયી પર્યાય ક્ષણભંગુર છે; હંમેશા કેમ રહી શકે છે અને ધ્રુવ સ્વભાવી અમર આત્મા મૃત્યુનું રક્ષણ કેમ કરી શકે ? ન તો દુઃખમય પર્યાય જ હંમેશા રહેવાવાળી છે અને નહિં અમર



આત્મા ક્યારે મરવાવાળો જ છે. ધ્રુવધામ આત્માથી વિમુખ પર્યાય જ ખરેખર સંસાર છે અને ધ્રુવધામ આત્માની આરાધના જ આરાધનાનો સાર છે.

**संयोग क्षणभंगुर सभी पर आतमा ध्रुवधाम है।**
**पर्याय लयधर्मा परन्तु द्रव्य शाश्वत धाम है।।**
**इस सत्य को पहिचानना ही भावना का सार है।**
**ध्रुवधामा की आराधना आराधना का सार है।।४।।**

સંયોગ ક્ષણભંગુર છે અને આત્મા ત્રિકાળી ધ્રુવધામ છે; પર્યાય નાશવંત છે અને આત્મા શાશ્વત રહેવાળો છે. આ સત્યને ઓળખી લેવું જ અનિત્યભાવનાનો સાર છે અને ત્રિકાળી ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધના જ વાસ્તવિક આરાધના છે, આરાધનાનો સાર છે.

ધર્મની શરૂઆત પણ આત્માનુભૂતિથી જ થાય છે અને પૂર્ણતા પણ એની પૂર્ણતામાં છે. આનાથી બીજા ધર્મની કલ્પના પણ ન થઈ શકે. આત્માનુભૂતિ જ આત્મધર્મ છે. સાધકના માટે એકમાત્ર આ જ ઈષ્ટ છે. આને પ્રાપ્ત કરવું જ સાધકનું મૂળ પ્રયોજન છે.

# અનિત્ય ભાવના : એક ચિન્તવન

**संयोग क्षणभंगुर सभी पर आतमा ध्रुवधाम है।**
**पर्याय लयधर्मा परन्तु द्रव्य शाश्वत धाम है।।**
**इस सत्य को पहिचानना ही भावना का सार है।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है।। ४।।**

પ્રત્યેક વસ્તુ સ્વભાવથી જ નિત્યાનિત્યાત્મક છે. નિત્યાનિત્યાત્મક વસ્તુનો અસંયોગી દ્રવ્યાંશ નિત્ય તેમજ સંયોગી પર્યાયાંશ અનિત્ય હોય છે. અનિત્ય ભાવનામાં સંયોગી પર્યાયાંશનાં સંબંધમાં જ ચિન્તન કરવામાં આવે છે. પર્યાયોનાં સર્વાંગ સ્વરૂપ પર વિવેચનાત્મક ચિન્તન અથવા વિશ્લેષણાત્મક વિચાર કરવું અનિત્ય ભાવના નથી. નિશ્ચયથી પર્યાયોની અસ્થિરતા, ક્ષણભંગુરતાનું વૈરાગ્યપ્રેરક ચિન્તન જ અનિત્ય ભાવનાનો મુખ્ય હેતુ છે, કેમકે આત્મહિતનાં માટે સંયોગી પર્યાયો પર દ્રષ્ટિ કેન્દ્રિત કરવી ઉપયોગી નથી; નિશ્ચયથી પર્યાયોની અસ્થિરતા, ક્ષણભંગુરતાનું વૈરાગ્યપ્રેરક ચિન્તન જ અનિત્ય ભાવનાનો મુખ્ય હેતુ છે, કેમ કે આત્મહિતનાં માટે સંયોગી પર્યાયો પર દ્રષ્ટિ કેન્દ્રિત કરવી ઉપયોગી નથી. નિશ્ચયથી એનાં પરથી દ્રષ્ટિ હટાવવી આવશ્યક છે, દ્રષ્ટિને પર્યાયો પરથી હટાવીને સ્વભાવ સન્મુખ કરવું આવશ્યક છે.

પર અને પર્યાયોથી પૃથક દ્રવ્યસ્વભાવનું સૂક્ષ્મજ્ઞાન ન હોવાથી અનાદિકાળથી આ આત્માએ પર અને પર્યાયોમાં જ એકત્વ સ્થાપિત કરી રાખ્યું છે. મમત્વ કરી રાખ્યું છે, તેમને સર્વસ્વ માની રાખ્યું છે, તેમનાં પર દ્રષ્ટિ કેન્દ્રિત કરી રાખી છે; પરિણામ સ્વરૂપ અનંત દુઃખી છે. દુઃખ દૂર કરવા માટે નિરંતર પ્રયત્નશીલ રહેવા છતાં પણ દુઃખ દૂર નથી થતાં, કેમકે આનો પુરુષાર્થ જ ઉલ્ટી દિશામાં ગતિશીલ રહે છે.

જે સંયોગો કે પર્યાયોમાં એણે પોતાપણું અને મમત્વ સ્થાપિત



કરી રાખ્યું છે, એને એ સ્થાયી રાખવા માગે છે, એ જ દિશામાં સતત પ્રયત્શીલ પણ રહે છે, પરંતુ તે તો સ્વભાવથી જ ક્ષણભંગુર છે, વિનાશક છે; છેવટે એનું સ્થાયી રહેવું તો અસંભવ છે. આજ કારણ છે કે એના આ પ્રયત્ન રેતીમાંથી તેલ કાઢવા જેવું જ નિરર્થક સિદ્ધ થાય છે. શ્રમથી થકાવટ તેમજ વારંવાર અસફળતાથી ખિન્નતા વધે છે; પરિણામ સ્વરૂપ નિરંતર આકુળતા વ્યાકુળતા વધતી જ રહે છે. અનંત અસફળતાઓ હોવા છતાં પણ આ અજ્ઞાની આત્મા એજ દિશામાં પ્રયત્નશીલ રહે છે; કેમકે સુખ પ્રાપ્તિનો સાચો માર્ગ તો પ્રાપ્ત થયો નથી અને દુઃખ પણ સહી શકાતું નથી; છેવટે; જે પણ સૂજે છે, એ જ કરતો રહે છે.

આ સંપૂર્ણ સ્થિતિ સંયોગો અને પર્યાયોનાં પરિણમનશીલ સ્વભાવનાં સમ્યક્ જ્ઞાન–શ્રદ્ધાન ન હોવાથી જ બની રહી છે; છેવટે અનિત્ય ભાવનામાં સંયોગો અને પર્યાયોની અનિત્યતા, ક્ષણભંગુરતાનું ચિન્તન કરવામાં આવે છે.

આ સંદર્ભમાં આચાર્ય કલ્પ પંડિત ટોડરમલજીનું નિમ્નાંકિત કથન જોવાલાયક છે.

"અને આ સંસારીનો એક ઉપાય છે કે પોતાને જેવું શ્રદ્ધાન છે; એ જ પ્રકારે પદાર્થોને પરિણમિત કરવા ચાહે છે. જો તે પરિણમિત થાય તો એનું શ્રદ્ધાન સાચું થાય, પરંતુ અનાદિનિધન વસ્તુઓ અલગ–અલગ પોતાની મર્યાદા સહિત પરિણમિત થાય છે, કોઈ કોઈનાં આધીન નથી, કોઈ કોઈનાં પરિણમિત કરાવવાથી પરિણમિત નથી થતી. એને પરિણમિત કરવા માગે, એ કોઈ ઉપાય નથી, તે તો મિથ્યાદર્શન જ છે.

તો સાચો ઉપાય શું છે ! જેવું પદાર્થોનું સ્વરૂપ છે તેવું શ્રદ્ધાન થઈ જાય તો સર્વ દુઃખ દૂર થઈ જાય. જે પ્રકારે કોઈ મોહિત થઈને મરેલાને જીવિત માને અથવા જીવડાવવા માંગે તો જાતે જ દુઃખી થાય છે. અને એને મરેલો માનવું અને જીવડાવવાથી જીવશે નહીં એવું માનવું તે જ એ દુઃખ દૂર થવાનો ઉપાય છે. આ પ્રકારે

મિથ્યાદ્રષ્ટિ થઈ પદાર્થોને અન્યથા માને, અન્યથા પરિણમિત કરવા માંગે તો પોતે દુઃખી થાય છે. અને તેને યર્થાથ માની અને એ પરિણમિત કરાવવાથી અન્યથા પરિણમિત નહીં થશે, એવું માનવું એ જ એ દુઃખ દૂર થવાનો ઉપાય છે. ભ્રમજનિત દુઃખનો ઉપાય ભ્રમ દૂર કરવું જ છે. તે ભ્રમ દૂર થવાથી સમ્યક્ શ્રદ્ધાન થાય છે, એ જ સત્ય ઉપાય જાણવો.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે અનિત્ય ભાવનાનું ચિન્તન તો મુખ્યરૂપથી સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને હોય છે, મુનિરાજોને પણ હોય છે; તો શું તેઓ પણ સંયોગો અને પર્યાયોની ક્ષણભંગુરતાથી અજાણ્યા હોય છે?

નહીં; એ સંયોગો અને પદાર્થોની ક્ષણભંગુરતાથી ભલી-ભ્રાંતિ પરિચિત હોય છે. અજ્ઞાનજન્ય આકુળતા-વ્યાકુળતા તો અજ્ઞાનીઓને જ હોય છે. સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીઓને નહીં; પરંતુ પૂર્ણ વીતરાગતાનાં અભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુ, શિષ્ય, માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિ અને દેહાદિ સંયોગો અને શુભરાગ, વિશિષ્ટ ક્ષયોપક્ષમ જ્ઞાનાદિ પયાર્યોમાં રાગાત્મક વિકલ્પ યથાસંભવ ભૂમિકા અનુસાર સમ્યગ્જ્ઞાનીઓમાં પણ જોવામાં આવે છે, ઈષ્ટ સંયોગોનાં વિયોગમાં એમનું પણ ચિત્ત અસ્થિર થઈ જાય છે. ચિત્તની સ્થિરતા માટે તેઓ પણ સંયોગો અને પર્યાયોની ક્ષણભંગુરતાનો વારંવાર વિચાર કરે છે, ચિન્તન કરે છે. એમનું એ ચિન્તન આમ્નાય-સ્વાધ્યાયરૂપ જ સમજવું જોઈએ.

ચારિત્ર મોહના તીવ્ર ઉદયમાં રામચંદ્રજી જેવા સમ્યગ્દ્રષ્ટિ ધીર-વીર મહાપુરુષનું ચિત્ત પણ આકુળ-વ્યાકુળ થઈ ગયું હતું. લક્ષ્મણનાં મૃતદેહને પણ છ મહિના સુધી ઉપાડી રાખવું અને સીતાનાં વિયોગમાં પશુ-પક્ષીઓ તેમજ વૃક્ષ-ડાળીઓને પણ સમાચાર પૂછતાં ફરતાં શું સાધારણ વ્યાકુળતાનું પરિણામ હોઈ શકે? તો પણ તે આકુળતા અજ્ઞાનજન્ય ન હતી, રાગજન્ય જ હતી.



અજ્ઞાનજન્ય વ્યાકુળતા દૂર કરવા સાથે-સાથે રાગ-દ્વેષજન્ય વ્યાકુળતા દૂર કરવા માટે પણ સંયોગો અને પર્યાયોની અસ્થિરતા, ક્ષણભંગુરતાનું ચિન્તન નિરંતર આવશ્યક છે. આજ કારણ છે કે અનિત્યાદિ ભાવનાઓનું ચિન્તન જ્ઞાની-અજ્ઞાની, સંયમી-અસંયમી બધાને ઉપયોગી છે. આવશ્યક છે, સુખકર છે, શાંતિદાયક છે, પરમ અમૃત છે.

ગૌતમબુદ્ધ પાસે કોઈ વૃદ્ધ મહિલા પોતાનાં એકના એક મૃત પુત્રને લઈને પહોંચી. તેમનાંથી તેને જીવિત કરવા આગ્રહ કરવા લાગી, અનુરોધ કરવા લાગી. દુઃખી-દુઃખી થઈ રડતાં પ્રાર્થના કરવા લાગી.

બહુ સમજાવવા છતાં પણ જ્યારે તેણે પોતાનો આગ્રહ નહીં છોડ્યો તો મહાત્મા બુધ્ધે તેને કહ્યુંઃ-

એવાં ઘરેથી એક મુઠ્ઠી તલ લઈ આવો, જેનાં ઘરમાં આજ સુધી કોઈ મૃત્યુ ન થયું હોય.

આવા ઘરની તપાસમાં અવિવેકી વૃધ્ધા વગર વિચારે જ દોડી ગઈ, પણ ઘર ઘર ચક્કર મારવા છતાં તેને એવું કોઈ ઘર ન મળ્યું, જેમાં કોઈનું મૃત્યુ ન થયું હોય. મળે પણ કેમ; કેમ કે જગતમાં એવું ઘર હોવું સંભવ જ નથી. ભ્રમણ (પરિવર્તન)નું નામ જ તો સંસાર છે. જગતનું સ્વરૂપ જ પરિવર્તનશીલ છે.

આખરે થાકીને તે પાછી બુધ્ધની પાસે પહોંચી અને પોતાની અસફળતા બતાવી તો બુધ્ધ કહેવા લાગ્યાઃ-

મૃત્યુ એક અનિવાર્ય તથ્ય છે, એને કોઈ પણ પ્રકારે ટાળી નથી શકાતું. એને સહજ ભાવથી સ્વીકાર કરી લેવામાં જ શાંતિ છે, આનંદ છે. સત્યનો સ્વીકાર કરવો જ સન્માર્ગ છે.

અનિત્ય ભાવનામાં પણ વસ્તુનાં આ પેક્ષને ઉઠાવવામાં આવે છે, આજ સત્યથી પરિચિત કરાવવામાં આવે છે, આજ તથ્યને અનેક યુક્તિઓથી પ્રકાશિત કરવામાં આવે છે, ઉદાહરણોથી સમજાવવામાં આવે છે.

**राजा राणा छत्रपति, हाथिन के असवार ।**
**मरना सबको एक दिन, अपनी अपनी बार ॥**

અનિત્ય ભાવના સંબંધી કથિત છંદમાં પણ એ જ સત્યને પ્રકાશિત કરવામાં આવેલ છે.

ધ્યાન રાખવાની વાત એ છે કે આ છંદમાં તો અસમાન જાતીય પર્યાયરૂપ એકક્ષેત્રવગાહી શરીરની નશ્વરતાનું જ ભાન કરાવવામાં આવ્યું છે; પણ પં. દૌલતરામજીએ તો આ સીમાને વધુ વિસ્તૃત કરી આપી છે. તેઓ લખે છે.

**जोवन गृह गोधन नारी, हय गय जन आज्ञाकारी ।**
**इन्द्रिय भोग छिन थाई, सुरधनु चपला चपलाइ ॥**

જવાની, ઘર, ગાય-ભેંસ, સ્ત્રી, ઘોડા, હાથી, આજ્ઞાકારી સેવક, ઈન્દ્રિયોનાં ભોગ આ બધી વસ્તુઓ વીજળીની જેમ ચંચળ અને ઈન્દ્રધનુષની જેમ ક્ષણસ્થાયી છે.

નિષ્કર્ષનાં રૂપમાં કહી શકાય કે.

**''जं किंचिवि उप्पण्णं तस्स विणासो हवेई नियमेण ।**
**परिणामसरुवेण वि ण य किंचि वि सासयं अत्थि॥**
**जम्मं मरणेण समं, संपज्जइ जोवणं जरा सहियं।**
**लच्छी विणास सहिया, इय सव्वं भंगुरं मुणह ॥''**

જે કાંઈ પણ ઉત્પન્ન થયું છે. એનો નિયમથી નાશ થશે. કેમકે પરિણામ સ્વરૂપથી તો કાંઈ પણ નિત્ય નથી. જન્મ-મરણથી, યૌવન-બુઢાપાથી, તેમજ લક્ષ્મી-વિનાશની સાથે જ ઉત્પન્ન થાય છે. આ પ્રકારે બધી વસ્તુઓને ક્ષણભંગુર જાણો.

અનિત્ય ભાવના સંબંધી આ કથનોમાં જો કે સંયોગી પદાર્થો તેમજ પર્યાયોની ક્ષણભંગુરતાનું જ જ્ઞાન કરાવ્યું છે; તો પણ પ્રયોજન તેનાંથી વિરક્તિ ઉત્પન્ન કરવાનું છે, દ્રષ્ટિને ત્યાંથી હટાવી સ્વભાવ સન્મુખ લઈ જવાની છે. આજ કારણ છે કે અનિત્ય



ભાવનામાં જ્યાં એક બાજુ પર્યાયોની અનિત્યતાની ચર્ચા કરવામાં આવે છે તો બીજી બાજુ દ્રવ્ય સ્વભાવની નિત્યતાનું જ્ઞાન પણ કરાવવામાં આવે છે.

આ દ્દષ્ટિથી અનિત્ય ભાવના સંબંધી આ છંદ જોવાલાયક છે.

**द्रव्यरुप करि सर्व थिर, परजय थिर है कौन?**
**द्रव्यद्रष्टि आपा लखो, परजय नय करि गौन ॥**

**द्रव्यद्रष्ट्रि से वस्तु थिर, पर्यय अथिर निहार।**
**तासे योग-वियोग में, हर्ष-विषाद निवार ॥**

આ છંદોમાં વસ્તુના દ્રવ્યાંશ અને પર્યાયાંશ બન્નેની જ ચર્ચા કરવામાં આવી છે. આમાં બતાડવામાં આવ્યું છે કે દ્રવ્યદ્રષ્ટિથી બધી વસ્તુઓ સ્થિર છે અને પર્યાયદ્રષ્ટિથી કોઈ પણ વસ્તુ સ્થિર નથી.

જો કે બન્ને છંદોની વસ્તુ સ્વરૂપનું નિરૂપણ કરવાવાળી પ્રથમ પંક્તિઓમાં એક જ વાત કહેવામાં આવી છે; તો પણ પ્રેરણા આપવાવાળી બીજી પંક્તિઓમાં અલગ અલગ પ્રકારથી પ્રેરણા આપવામાં આવી છે. પ્રથમ છંદમાં ક્ષણસ્થાયી પર્યાયની અનિત્યતાને ગૌણ કરીને નિત્ય સ્થાયી નિજ શુધ્ધાત્મ દ્રવ્ય પર દ્રષ્ટિ કેન્દ્રિત કરવાની પ્રેરણા આપવામાં આવી છે અને બીજા છંદમાં પર્યાયોનાં સંગ-વિયોગમાં હર્ષ-વિષાદ નહીં કરવાની વાત કહેવાઈ છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે અનિત્ય ભાવનાની ચિન્તન પ્રક્રિયાનું મૂળ પ્રયોજન ઈષ્ટ-અનિષ્ટ પર્યાયોનાં સંયોગ-વિયોગમાં હર્ષ-વિષાદ ન કરી સમતાભાવ ધારણ કરવા માટે દ્રષ્ટિને પર અને પર્યાયો પરથી હટાવી દ્રવ્ય સ્વભાવ પર કેન્દ્રિત કરવાની છે; કેમકે સમતાભાવની પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય વૃત્તિને સ્વભાવ સન્મુખ થવાનો જ છે.

અનિત્ય ભાવના સંબંધી ચિન્તન કરતાં પણ અગર સમતાભાવ જાગૃત નહીં થતો હોય તો સમજવું જોઈએ કે આપણી તે સંબંધી ચિન્તન પ્રક્રિયા સમ્યક્ નથી, ક્યાંક કોઈ ગરબડ અવશ્ય છે. અનિત્યાદિ ભાવનાઓનું ચિન્તન કરતી વખતે જેવું સામ્યભાવ આપણી મુખમુદ્રા તેમજ હાવભાવોમાં સારી રીતે વિચારેલ હોવું જોઈએ; એવું બહુ ઓછું જોવામાં આવે છે. અવશ્ય ચિન્તન ચિત્ત તેમજ વિચલિત મુખમુદ્રા એ જ બતાવે છે કે સંયોગોનાં અનિવાર્ય વિયોગ તેમજ પર્યાયોની સુનિશ્ચિત પ્રલયનાં ચિન્તનથી આપણે વધારે આકુળ-વ્યાકુળ થઈ ગયા છીએ.

જ્યારે અનિત્યતા આત્મવસ્તુનો પર્યાયગત સ્વભાવ છે તો એ દુઃખ આપવાવાળી કેમ હોઈ શકે. તે સબંધી વિચાર-ચિન્તન પણ આકુળતાનાં ઉત્પાદક ન હોઈ શકે. જો સ્વભાવ અને એનું ચિન્તન-વિચાર પણ આકુળતા ઉત્પન્ન કરશે તો પછી સુખ અને શાન્તિનો કોઈ શેષ ઉપાય જ નહીં રહેશે. કેમકે સુખ અને શાન્તિ પ્રાપ્ત કરવાનો એકમાત્ર ઉપાય તો વસ્તુ સ્વભાવનું સમ્યક્જ્ઞાન, શ્રદ્ધાન જ છે.

ખરેખર વાત એ છે કે પર્યાયગત સ્વભાવના ચિન્તનની દિશા અને પ્રક્રિયા સમ્યક્ ન હોવાથી જ આ બધી ગરબડ થાય છે; છેવટે આ દિશામાં વિસ્તૃત દિશાબોધની અત્યંત આવશ્યકતા છે.

પર્યાયોની પરિવર્તનશીલતા વસ્તુનો પર્યાયગત સ્વભાવ હોવાથી આત્માર્થી માટે હિતકર જ છે, કેમ કે જો પર્યાયો પરિવર્તનશીલ ન હોય તો પછી સંસાર પર્યાયનો અભાવ થઈને મોક્ષપર્યાય પ્રગટ થવાં માટે અવકાશ પણ નથી રહેતો. અનંત સુખરૂપ મોક્ષ-અવસ્થા સર્વ સંયોગોના અભાવરૂપ જ થાય છે. જો સંયોગ અસ્થાયી ન થઈને સ્થાયી હોત તો પછી મોક્ષ કેમ થાત? છેવટે સંયોગોની વિનાશિતા પણ આત્માના હિતમાં જ છે.

પરિવર્તનનું સ્વરૂપ પણ તો આપણા પક્ષમાં જ છે. અનંત દુઃખરૂપ સંસારનો અભાવ થઈને અનંતસુખરૂપ મોક્ષ તો પ્રગટ થાય



છે. પણ મોક્ષનો અભાવ થઈને ફરી સંસાર-અવસ્થા પ્રગટ નથી થતી. અનંતદુઃખ વિનાશક છે અને અનંતસુખ અવિનાશી છે. આનાંથી સારી વાત બીજી કઈ થઈ શકે?

પર્યાયો અને સંયોગોને સ્થિર રાખવાનો વિકલ્પ નિરર્થક તો છે જ, અજ્ઞાન અતિ સુંદર પણ છે. જો કે લોકદ્રષ્ટિથી વિચાર કરીએ, તો પણ મૃત્યુ એક શાશ્વત સત્ય છે, જ્યારે અમરતા એક કાલ્પનિક ઉડાન થી વિશેષ કાંઈ નથી; કેમકે ભૂતકાળમાં થયેલ અગણિત વીરોમાંથી આજે કોઈ પણ દેખાતો નથી. જો કોઈને સશરીર અમરતા પ્રાપ્ત થઈ હોત તો તે આજ આપણાં વચમાં અવશ્ય હોત. કહેલ છેઃ

**कहाँ गये चक्री जिन जीता भरतखण्ड सारा,**
**कहाँ गये वे राम रु लछमन जिन रावण मारा।**
**कहाँ कृष्ण रुकमणी संतभामा अरु संपत्ति सगरी,**
**कहाँ गये वे रंगमहल अरु सुवरन की नगरी।।**
**नहीं रहे वे लोभी कौरव जूझ मरे रन में।**
**गये राज तज पाण्डव वन को अग्नि लगी तन में।**
**मोहनींद से उठ रे चेतन तुझे जगावन को,**
**दो दयाल उपदेश करें गुरु बारह भावन को ।।**

જેનાં વિયોગની કલ્પનામાં તમે આટલા આકુળ-વ્યાકુળ થઈ રહ્યા છો, સુખી થવા માટે જેમને તમે અમર બનાવવાં માંગો છો; એ સંયોગો અને પર્યાયોનાં અમર થઈ જવાથી તમને કઈ-કઈ સમસ્યાઓનો સામનો કરવો પડશે, ક્યારે એનો પણ વિચાર કર્યો છે તમે?

નહીં; તો જરા કલ્પના કરો કે તમે સ્વયં સશરીર અમર થઈ ગયા છો. હવે તમારું મૃત્યુ ક્યારે પણ નહીં થશે. તમારી સામે જ તમારા પુત્ર, પૌત્ર, પ્રપૌત્ર એવી અનેક પેઢીઓ પેદા થશે અને કાલપ્રવાહમાં સમાઈ જશે અને તમને તમારી આંખોથી આ બધું

જોવું પડશે. સાથી–સંગી, મિત્ર આદિ બધા ચાલી જશે, પત્ની પણ. બધું નવું હશે માત્ર તમે જ એક પ્રાચીનતમ પુરાતત્વીય ચેતન સામગ્રીનાં રૂપમાં હાજર રહેશો. પ્રાણીબાગમાં નહિં પણ ઘરમાં રહેતા હશો, પણ તમને અદભુત અલભ્ય દર્શનીય વસ્તુ બનીને રહેવું પડશે. આવી અમરતાની તમે કલ્પના પણ ન કરી હશે, પણ તમે જ બતાવો કે આનાથી વધુ બીજું શું થઈ શકે?

જો તમને આ અમરતા પંસદ ન આવે અને આપ મરવા ચાહો, પણ ધ્યાન રહે કે અમર માણસો મરતા નથી, હવે તો અનંતકાળ સુધી તમને આજ પ્રકારે રહેવું પડશે.

તમે એમ પણ વિચારી શકો છો કે આપણે જ કેમ, આપણાં બધાં સાથી, ઈષ્ટ મિત્ર, પુત્ર–પરિવાર બધા અમર થશે, પછી તો એકલાપણું નહીં ખટકશે અને નહીં પુત્ર–પરિવારને આપણી આંખોથી મરતા જ જોવું પડશે. બધું આજની જેમ જ રહેશે. જો અગર આવું થાય તો સમસ્યા હજી પણ વધારે વણસી જશે, કેમકે પછી કોઈ મરશે નહીં. આ વાત તો ઠીક, પણ ઉત્પાદન તો ચાલુ રહેશે જ, કેમકે તમારી કલ્પના અમરતાની છે, અનાદિની નથી, આ સ્થિતિમાં ગીચતા વધતી જ જશે. જનસંખ્યાની નિરંતર વૃદ્ધિનાં આ યુગમાં આની ભયાનકતા પર પ્રકાશ પાડવામાં વિશેષ આવશ્યકતા નથી.

જો તમે કહો કે અમે અમરતાની જેમ અનાદિની પણ કલ્પના કરીશું. જો કે તમે તમારી કલ્પના લોકમાં વિચારવા સંપૂર્ણ સ્વતંત્ર છો, તો પણ એનાથી પણ કોઈ સમાધાન નિકળવાનું નથી; કેમકે પછી તો બધું એમનું એમજ થંભી જશે, વિકાસ એકદમ બંધ થઈ જશે. થોડું વધારે પાછળ ચાલીએ તો કદાચ જો તમારા બાપ–દાદાઓને એવી અમરતા પ્રાપ્ત કરી લીધી હોત તો તમને આવવાની સંભાવના જ નહીં રહેત.

વસ્તુ સ્વરૂપનાં વિરુધ્ધ કલ્પના લોકમાં ઘૂમવા–ફરવાથી બહુ દૂર જઈને પણ કાંઈ હાથ લાગશે નહીં, સુખ–શાંતિ પ્રાપ્ત થશે નહીં.



છેવટે ભલાઈ એમાં જ છે કે આપણે પર્યાયોની નશ્વરતાને સાચા સ્વરૂપમાં સમજીએ, અને સહજભાવથી સ્વીકાર કરીએ. સુખ–શાંતિ પ્રાપ્ત કરવાનો એકમાત્ર આજ ઉપાય છે.

સંયોગો અને પર્યાયોની અનિત્યતાને જયારે આપણે આપણી મિથ્યા માન્યતાઓ અને રાગ–દ્વેષનાં ચશ્માંથી જોઈએ છીએ તો એ દુઃખની પ્રતીતિ થાય છે. જો સમ્યગ્જ્ઞાનનાં પ્રકાશમાં જોઈએ તો વસ્તુનો સ્વભાવ હોવાથી શાંતિ અને સુખોત્પાદકની પ્રતીતિ થશે. દોષ આપણી દ્રષ્ટિમાં છે અને આપણે તેને લોકમાં શોધી રહ્યા છીએ. છ દ્રવ્યરૂપી લોક તો પોતાનાં પરિણમન સ્વભાવમાં પૂર્ણ વ્યવસ્થિત છે; છેવટે પરિવર્તન લોકમાં નહીં, આપણી દ્રષ્ટિમાં કરવાનું છે, પરંતુ જગતજન જગતને પોતાનાં રાગ–દ્વેષાત્મક દ્રષ્ટિકોણથી જુએ છે અને તેવી રીતે જ એને પરિણમિત કરવા માંગે છે. ઉલ્ટી ગંગા વહેડાવવાનાં આ ખોટા પ્રયત્નમાં આપણે અનંતકાળ વિતાવ્યો છે અને અનંત દુઃખ પણ ઉઠાવ્યું છે.

હવે સમય આવી ગયો છે કે આપણે વસ્તુનાં પરિણમન સ્વભાવને સહજ ભાવથી સ્વીકારીએ; સંયોગોની ક્ષણભંગુરતાનો આપત્તિનાં રૂપમાં નહીં, સંપત્તિનાં રૂપમાં પ્રસન્ન ચિત્તથી સ્વાગત કરીએ; સંયોગ–વિયોગમાં સહજ સમતાભાવ રાખીએ, સંયોગોને મેળવવા–હટાવવાનાં નિરર્થક વિકલ્પોથી જ્યાં સુધી થઈ શકે વિમુખ રહીએ; આપણી દ્રષ્ટિને પરિણમનશીલ સંયોગો અને પર્યાયોથી હટાવીને અપરિણામી દ્રવ્ય સ્વભાવની તરફ લઈ જઈએ; કેમકે અનિત્ય ભાવનાના સમ્યક્ ચિન્તનનું આ સરસ પરિણામ છે.

બધા આત્માર્થીજન જગતની ક્ષણભંગુરતાને ઓળખી સ્વભાવ સન્મુખ થાય એજ પવિત્ર ભાવનાની સાથે વિરામ લઉં છું.

## ૨ અશરણ ભાવના

**छिद्रमय हो नाव डगमग चल रही मझधार में ।**
**दुर्भाग्य से जो पड गई दुर्दैव के अधिकार में।।**
**तब शरण होगा कौन जब नाविक डुबा दे धार में ।**
**संयोग सब अशरण शरण कोइ नहीं संसार में ।।१।।**

એક તો છેદવાળી હોડી હોય, મઝધારમાં વહી રહી હોય અને તે પણ દુર્ભાગ્યથી કમનસીબનાં અધિકારમાં પડી ગઈ હોય; અને જ્યારે નાવિક જ એને મઝધારમાં ડુબાડવા તૈયાર હોય તો પછી એને કોણ બચાવી શકે ? છેવટે આ સારી રીતે સમજી લેવું જોઈએ કે બધા સંયોગ અશરણ છે, આ સંસારમાં એવું કોઈપણ શરણ નથી.

**जिन्दगी इक पल कभी कोई बढा नहीं पायगा।**
**रस रसायन सुत सुभट कोई बचा नहीं पायगा।।**
**सत्यार्थ है बस बात यह कुछ भी कहो व्यवाहर में।**
**जीवन-मरण अशरण शरण कोई नहीं संसार में ।।२ ।।**

આ જીવન જ્યાં સુધી છે ત્યાં સુધી જ છે; એનું એક પળ પણ કોઈ વધારી નથી શકતું; જ્યારે મોત આવી જશે તો રસ-રસાયણ જ બચાવી નહીં શકે અને પુત્ર નહીં, સુભટ નહીં અથવા સુભટ પુત્ર નહીં. વ્યવહારથી કાંઈ પણ કહો, પણ સત્ય વાત તો એજ છે કે જીવન-મરણ અશરણ છે. સંસારમાં કોઈ પણ શરણ નથી.

**निज आत्मा निश्चय-शरण व्यवाहर से परमात्मा ।**
**जो खोजता पर की शरण वह आत्मा बहिरात्मा।।**
**ध्रुवधाम से जो विमुख वह पर्याय ही संसार है।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है ।।३।।**

નિશ્ચયથી વિચાર કરીએ તો એક આપણો આત્મા જ શરણ



છે, પણ વ્યવહારથી પંચ પરમેષ્ઠીને પણ શરણ કહેવાય છે. આ છોડીને જો બીજું શરણ શોધે છે; બીજાના શરણમાં જાય છે. તે આત્મા બહિરાત્મા છે, મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. ધ્રુવધામથી વિમુખ પર્યાય જ ખરેખર સંસાર છે અને ધ્રુવધામની આરાધના જ આરાધનાનો સાર છે.

**संयोग हैं अशरण सभी निज आतमा ध्रुवधाम है ।**
**पर्याय व्ययधर्मा परन्तु द्रव्य शाश्वत धाम है।।**
**इस सत्य को पहिचानना ही भावना का सार है।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है।। ४ ।।**

બધા સંયોગ અશરણ છે અને ધ્રુવધામ નિજ આત્મા જ પરમશરણ છે. પર્યાયનો સ્વભાવ નાશવંત છે, પરંતુ દ્રવ્ય અવિનાશી છે. આ સત્યને ઓળખવું જ અશરણ ભાવનાનો સાર છે અને ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધના જ વાસ્તવિક આરાધના છે, આરાધનાનો સાર છે.

### જ્ઞાની અને અજ્ઞાની

**णविएहिं जं णविज्जई झाइज्जइ झाइएहिं अणवरयं**
**थुत्वंतेहिं थुणिज्जइ देहत्थं किं पि तं मुणह ।।**

મોક્ષ પાહુડ, ગાથા ૧૦૩

હે ભવ્ય જીવો, જેમને સારી દુનિયા નમસ્કાર કરે છે, તે પણ જેમને નમસ્કાર કરે; જેમની સારી દુનિયા સ્તુતિ કરે છે, તે પણ જેમની સ્તુતિ કરે તેમજ જેનું સારી દુનિયા ધ્યાન કરે છે, તે પણ જેનું ધ્યાન કરે. તેમ આ દેહદેવળમાં બિરાજમાન ભગવાન આત્માને જાણો.

## અશરણ ભાવના : એક ચિન્તવન

**जिन्दगी इक पल कभी कोई बढ़ा नहीं पायगा।**
**रस रसायन सुत सुभट कोई बचा नहीं पायगा॥**
**सत्यार्थ है बस बात यह कुछ भी कहो व्यवहार में।**
**जीवन-मरण अशरण शरण कोई नहीं संसार में ॥**

"બધા પ્રકારના સંયોગ અને પર્યાયો અધ્રુવ છે, અનિત્ય છે, ક્ષણભંગુર છે, તથા દ્રવ્ય સ્વભાવ ધ્રુવ છે, નિત્ય છે, ચિરસ્થાયી છે; છેવટે ભલાઈ એમાંજ છે કે આપણે આ શાશ્વત સત્યનો સહજભાવથી સ્વીકાર કરી લઈએ તથા પર અને પર્યાયોથી દ્રષ્ટિ હટાવીને સ્વભાવ સન્મુખ થઈએ."

જો કે આ પ્રકારના ચિન્તનના માધ્યમથી અનિત્ય ભાવનામાં દ્રષ્ટિને પર અને પર્યાયોથી હટાવી સ્વભાવ સન્મુખ કરવા ભરપૂર પ્રેરણા આપવામાં આવે છે; તોપણ અજ્ઞાનીને અજ્ઞાનવશ અને કદાચિત જ્ઞાનીને પણ રાગવશ સંયોગો અને પર્યાયોને સ્થિર કરવાનો વિકલ્પ તરંગો ઉઠ્યા જ કરે છે. એવાં નિરર્થક વિકલ્પ તરંગોને શાંત કરવા માટે જ અશરણ ભાવનાનું ચિન્તન કરવામાં આવે છે.

અશરણ ભાવનામાં અનેક યુક્તિઓ અને ઉદાહરણોનાં માધ્યમથી એ સ્પષ્ટ કરવામાં આવે છે કે યોગ્ય સમયે સ્વયં વિઘટિત થવાવાળા સંયોગો તેમજ પર્યાયોની સુરક્ષા સંભવ નથી, તેનું વિઘટન અનિવાર્ય છે, કેમકે એની એ સહજ પરિણતી છે.

સંયોગો અને પર્યાયોની સુરક્ષામાં કરવામાં આવેલ અગણિત પ્રયત્નોમાંથી આજ સુધી કોઈ એકનો પણ પ્રયત્ન સફળ નથી થયો અને ભવિષ્યમાં ક્યારે પણ સફળ થશે નહીં; છેવટે આ નિરર્થક પ્રયાસોમાં અટવાવું ઠીક નથી.

સંયોગી પદાર્થોમાં શરીર એક એવું સંયોગી પદાર્થ છે, જેની



સુરક્ષા સંબંધી વિકલ્પ તરંગો ચિત્તને સર્વાધિક આંદોલિત કરે છે. આ નશ્વર દેહની સુરક્ષાનાં વિકલ્પમાં પ્રાણી શું શું નથી કરતો? અનેક પ્રકારની ઔષધિઓનું સેવન કરે છે, કુદેવોની આરાધના કરે છે, મંત્રોની સાધના કરે છે, તંત્રોનો પ્રયોગો કરે છે, સુરક્ષિત ગઢ બનાવે છે. ચિકિત્સકોના શરણમાં જાય છે, માંત્રિકો-તાંત્રિકોના ચક્કર મારે છે. ચતુરંગી સેના તૈયાર કરાવે છે; પણ જ્યારે કાળ આવી જાય છે તો આ બધું કામ નથી આવતું. છેવટે તો આ નશ્વર દેહને છોડવો જ પડે છે.

દેહનો વિયોગ જ મરણ છે, જે અનિવાર્ય છે; કેમ કે કોઈ શરણ નથી. બસ, આજ અશરણ છે, એનું ચિન્તન જ મુખ્યતાથી અશરણ ભાવના છે. જેમકે મુલ્યાકિંત છંદોમાં સ્પષ્ટ છે:

**"दल-बल देई-देवता, मात-पिता परिवार ।**
**मरती बिरियाँ जीव को, कोई न राखनहार ॥**

આ જીવને મરણ કાળ આવી જતાં સેનાની શક્તિ, દેવી-દેવતા, માતા-પિતા અને પરિવારજન કોઈ પણ બચાવી શકતું નથી.

**सुर-असुर खगाधिप जेते, मृग ज्यों हरिकाल दले ते ।**
**मणि-मंत्र-तंत्र बहु कोई, मरते न बचावै कोई ॥**

જે પ્રકારે સિંહ હરણોને નિર્દયતાપૂર્વક મસળી નાખે છે, એજ પ્રકારે દેવતા, અસુર તેમજ વિદ્યાધર એવા જેટલાં પણ શક્તિશાળી જીવ છે, તે બધા કાળ (યમરાજ) મારફત મસળી નાખવામાં આવે છે. જો કે લોકમાં મણિ, મંત્ર-તંત્ર ઘણા હોય છે, પણ મરણ સમયે કોઈ પણ બચાવી ન શકે.

બાર-ભાવના સંબંધી આ છંદોમાં મુખ્યરૂપથી આજ ભાવ સ્પષ્ટ કરવામાં આવેલ છે.

આ વાતને મુલ્યાકિંત છંદમાં હજી પણ વધારે સ્પષ્ટ કરવામાં આવેલ છે.

''कालसिंह ने मृगचेतन को घेरा भववन में ।
नहीं बचावनहारा कोई यों समझों मन में ॥
मंत्र तंत्र सेना धन सम्पति राजपाट छूटै ।
वश नहीं चलता काललुटेरा कायनगरि लूटे ॥
चक्ररतन हलधर-सा भाई काम नहीं आया ।
एक तीर के लगत कृष्ण की विनश गई काया ॥
देव-धर्म-गुरु शरण जगत में और नहीं कोई ।
भ्रम से फिरैं भटकता चेतन युँ ही ऊमर खोइ ॥

કાળરૂપી સિંહે જીવરૂપી મૃગને આ સંસારરૂપી વનમાં ઘેરી લીધો છે. આ જીવરૂપી મૃગને કાળરૂપી સિંહથી બચાવવાવાળું કોઈ નથી, આ વાત સારી રીતેથી સમજી લેવી જોઈએ. જ્યારે કાળરૂપી લૂંટારો કાયારૂપી નગર લૂંટે છે ત્યારે કોઈનું વશ નથી ચાલતું; મંત્ર-તંત્ર બધા રાખેલ રહી જાય છે, સેના ઉભી જોતી રહે છે અને રાજ-પાટ તથા ધન-સમ્પતિ બધું છૂટી જાય છે.

ચક્રરત્ન અને બળદેવ જેવો ભાઈ પણ કામ નહીં આવ્યો અને શ્રીકૃષ્ણની કાયા એક તીરના લાગવા માત્રથી નાશ થઈ ગઈ. છેવટે આ જગતમાં એકમાત્ર દેવ-ગુરુ અને ધર્મ જ પરમ શરણ છે, બીજું કોઈ નહીં. શરણની શોધમાં આ જીવને સંપૂર્ણ ઉંમર ભ્રમથી ભટકીને વ્યર્થમાં જ ખોઈ નાખી છે.

સર્વાધિક સંપત્તિ અને શક્તિથી સંપન્ન મનુષ્યોમાં ચક્રવર્તી હોય છે અને દેવોમાં ઈન્દ્ર. આચાર્ય કુંદકુંદ બન્નેના ઉદાહરણ આપતાં સમજાવે છે કે જ્યારે નવનિધિ અને ચૌદ રત્નોના ધણી ચક્રવર્તી તેમજ વજ્રધારી ઈન્દ્ર પણ સુરક્ષિત નથી તો સાધારણ જગતજનની શું વાત કરીએ?

એનું કથન મુખ્યતાથી આ પ્રકારે છે:

''सग्गो हवे हि दुग्गं भिच्चा देवा य पहरणं वज्जं ।
अइरावणो गइंदो इंदस्स ण विज्जदे सरणं ॥



णवणिहि चउदहरयणं हय मत्तगइंद चाउरंगबलं ।
चक्केसस्स ण सरणं पेच्छंतो कद्दिये काले ॥

સ્વર્ગ જેનો કિલ્લો છે, દેવ જેના સેવક છે, વજ્ર જેનું હથિયાર છે, ઐરાવત હાથી જેનું વાહન છે એવા ઈન્દ્રને પણ કોઈ શરણ નથી.

આ પ્રકારે કાળના આવી જવાથી નવનિધિ, ચૌદ રત્નો, ચંચળ ઘોડા અને મદોન્મત્ત હાથી તથા સુસજ્જિત ચતુરંગ સેના પણ ચક્રવર્તીને શરણ નથી આપી શકતાં, ત્યારે સાધારણ માનવીને કોણ શરણ આપે?

અભિપ્રાય એમ છે કે જેમની પાસે સુરક્ષાનાં આટલા અને આ પ્રકારનાં સાધન છે, જ્યારે તેને પણ સમય આવતાં દેહ છોડવો પડે છે, ત્યારે સામાન્ય માનવીની શી વિસાત છે?''

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે અશરણ ભાવનામાં સંયોગો અને પર્યાયોની ક્ષણભંગુરતાનો, અશરણતાનો ઊંડાણથી બોધ કરાવવામાં આવે છે.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે પર્યાયોની ક્ષણભંગુરતાનો બોધ તો અનિત્ય ભાવનાનાં ચિન્તનમાં બહુજ ઊંડાણથી થઈ ગયો છે તો આ અશરણ ભાવનામાં નવી વાત શું છે?

અનિત્ય ભાવના અને અશરણ ભાવનામાં મૂળભૂત અંતર શું છે?

અનિત્ય ભાવનામાં સંયોગો અને પર્યાયોની અનિત્ય સ્વભાવનું ચિન્તન થાય છે અને અશરણ ભાવનામાં એનાંજ અશરણ સ્વભાવનું ચિન્તન કરવામાં આવે છે. અનિત્યતાની જેમ અશરણતા પણ વસ્તુનો સ્વભાવ છે. જે પ્રકારે અનિત્ય સ્વભાવના કારણે પ્રત્યેક વસ્તુ પરિણમનશીલ છે. નિત્ય પરિણમન કરે છે; આ પ્રકારે અશરણ સ્વભાવના કારણે કોઈ પણ વસ્તુને પોતાના પરિણમન માટે પરના શરણમાં જવાની આવશ્યકતા નથી. પરના શરણની

આવશ્યકતા પરતંત્રતાની સૂચક છે, જ્યારે દરેક વસ્તુ પૂર્ણ પણે સ્વતંત્ર છે.

અશરણનો અર્થ છે અસહાય. જેને પરની સહાયતાની શરણની આવશ્યકતા નથી, ખરેખર એ જ અસહાય છે, અશરણ છે. આચાર્ય પૂજ્યપાદે આજ અર્થમાં કેવળજ્ઞાનને અસહાયજ્ઞાન કહ્યું છે. જે જ્ઞાનને પદાર્થોનાં જાણવામાં ઈન્દ્રિય, આ લોક અને કોઈપણ સહાયતાની આવશ્યકતા નથી. તેને અસહાયજ્ઞાન અથવા કેવળજ્ઞાન કહે છે.

અશરણ ભાવનાને અસહાય ભાવનાનાં નામથી પણ કહેવાઈ ગયું છે. એક પ્રાચીન ગુટકામાં કોઈ અજ્ઞાત લેખકની લખી એક બાર ભાવના મળી છે; જેમાં અનિત્ય અને અશરણ ભાવનાનું સ્વરૂપ આ પ્રકારે કરવામાં આવેલું છેઃ

**''करमयोग पुद्गल मिलनि, थावर जंगम देह ।**
**इनको थिर समुझै नहीं, अथिर भावना एह॥**
**गुन परखे सत्ता लखै, दरवद्रष्टि ठहराय।**
**परसहाय माने नहीं, यहै भाव असहाय ॥**

કર્મોદયનાં યોગથી પ્રાપ્તથી સ્થૂળ દેહ તેમજ બીજા સંયોગોને સ્થિર નહીં સમજવું જ અનિત્ય ભાવના છે.

પોતાના ગુણોને ઓળખે, સત્તાને જુએ, અનુભવ કરે, દ્રવ્યદ્રષ્ટિના વિષયમાં સ્થિર થઈ જાય, એક દ્રવ્ય બીજા દ્રવ્યની મદદ નથી કરી શકતો, આનો સ્વીકાર કરે–આ જ ભાવ અશરણ ભાવના છે.

કથિત છંદોમાં સર્વાધિક મહત્વપૂર્ણ વાત આ છે કે આમાં બાર ભાવનાઓનું ચિન્તન ન કરતાં એને પરિભાષિત કરવામાં આવ્યું છે, એનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. જેમ પહેલા છંદનો અંતિમ પદ છે **'अथिर भावना एह'** ''અસ્થિર ભાવના એ જ'' આવો જ પ્રયોગ હમેશાં પ્રત્યેક છંદમાં જોવામાં આવે છે.



કથિત દ્રષ્ટિથી જો અશરણ ભાવના સંબંધી છંદનાં અંતિમ પદ પર ધ્યાન દઈએ તો ત્યાં કહેવામાં આવ્યું છે કે **'यह भाव असहाय'** આ અસહાય ભાવના છે. 'ભાવના'નાં સ્થાન પર 'ભાવ' શબ્દનો પ્રયોગ છંદાનુરોધથી થયો છે. આ પ્રકારનો પ્રયોગ બીજી ભાવના સંબંધી છંદોમાં પણ થયો છે. જેમ અનિત્ય ભાવનાની અસ્થિર ભાવના અને સંસાર ભાવનાને જગત ભાવના કહેવામાં આવ્યું છે. આ બધા પ્રયોગ છંદાનુરોધ વશ જ થયા છે.

અશરણ અહસ્તક્ષેપનું સૂચક છે. કોઈ પણ દ્રવ્યનાં પરિણમનમાં કોઈ અન્ય દ્રવ્યનો રજ માત્ર પણ હસ્તક્ષેપ નથી ચાલતો. કોઈ વ્યક્તિ કેટલો પણ શક્તિશાળી કેમ ન હોય, એ બીજા દ્રવ્યના પરિણમનમાં હસ્તક્ષેપ નથી કરી શકતો. વસ્તુની આ સ્વભાવગત વિશેષતાનું ચિત્રણ તેમજ પર્યાયોની સ્વતંત્ર ક્રમ નિયમિત પરિણમનનું ચિન્તન જ અશરણ ભાવનાનું મૂળ છે. નિમિત્તોની અકિંચિત્કરતાનું સશક્ત દિગ્દર્શન જ અશરણ ભાવનાનો આધાર છે. 'કોઈ બચાવી શકતું નથી' નો અર્થ બીજો શું થઈ શકે?

અનિત્ય ભાવનાનો કેન્દ્રબિન્દુ છે. **'મરવું બધાને એક દિવસ પોત–પોતાની રીત'** એને અશરણ ભાવના કહે છે કે **'મરતાં ને ન બચાવે કોઈ'**–આ જ આ બન્નેમાં મૂળભૂત અંતર છે.

જો કે અનિત્ય અને અશરણ ભાવના સંબંધી પ્રાપ્ત ચિન્તનમાં દેહનો વિયોગરૂપ મરણની જ ચર્ચા વધારે છે, તો પણ એની વિષય વસ્તુ મૃત્યુની અનિવાર્યતા સુધી જ સીમીત નથી, અવશ્ય એનો વિસ્તાર અસીમ છે. કેમકે એની સીમામાં બધા પ્રકારના સંયોગો અને પર્યાયોની અસ્થિરતા તેમ જ અશરણતા આવી જાય છે.

મૃત્યુ સંબંધી વધારે ચર્ચાનો હેતુ જગતજનની મૃત્યુ પ્રત્યે અતિશય સંવેદનશીલતા જ છે. જગતજન મૃત્યુ પ્રત્યે જેટલો સંવેદનશીલ જોવામાં આવે છે એટલું બીજા કોઈ પરિવર્તનનાં પ્રત્યે નથી.

સંવેદનશીલ બિન્દુઓને સ્પર્શીને આચાર્યદેવ આપણને જાગૃત કરવા માંગે છે. મર્મસ્થળ પર કરાયેલ ચોટ નિષ્ફળ નથી જતી. આજ કારણ છે કે કરુણાસાગર સંત મૃત્યુની અનિવાર્યતા તેમજ અશરણતા સંબંધી મર્મ-ભેદી સત્યને માર્મિક ઢંગથી પ્રસ્તુત કરીને કલ્પના લોકમાં વિચરવાની વૃતીને ઝટકો આપીને તોડી નાખવા માગે છે. પ્રયત્ન કરી જોઈએ. કદાચ બચી જાય, કોઈ બચાવી લે.

આ પ્રકારની સંશયાત્મક વૃત્તિને અથવા આવા પ્રકારના રાગાત્મક વિકલ્પોને જડમૂળથી ઉખાડી ફેંકવાની ચિંત્તાત્મક વૃત્તિ જ અશરણ ભાવના છે.

અનિત્ય કે અશરણ ભાવનાના સંદર્ભમાં મૃત્યુની અનિવાર્યતા અને અશરણતાની ચર્ચા બધા સંયોગો અને પર્યાયોનાં વિયોગની અનિવાર્યતા તેમ જ અશરણતાનાં પ્રતિનિધિનાં રૂપમાં જ સમજવી જોઈએ.

અશરણ ભાવના સંબંધી કથિત વિશ્લેષણનાં સંદર્ભમાં એક પ્રશ્ન એ પણ પ્રસ્તુત કરી શકાય કે અશરણ ભાવનામાં અશરણ જ નથી, શરણ પણ દેખાડ્યું છે; છેવટે એ કહેવું છે કે 'કોઈ શરણ નથી'- શું અર્થ રાખે છે?

એ જ કથનની પુષ્ટિમાં મુલ્યાકિંત છંદ પણ પ્રસ્તુત કરી શકાય છેઃ

**''शुद्धातम अरु पंच गुरु, जग में सरनौ दोय ।**
**मोह उदय जिय के वृथा, आन कल्पना होय'' ॥**

આ જગતમાં આપણો શુદ્ધાત્મા અને પંચપરમેષ્ઠિ આ બે જ શરણ છે તો પણ આ જીવનાં મોહોદયના કારણે વ્યર્થ બીજી કલ્પનાઓ થયા કરે છે.

**शरण न जिय को जगत में, सुर-नर खगपति सार ।**
**निश्चय शुद्धातम शरण, परमेष्ठी व्यवहार ॥**



જીવને જગતમાં ન તો મનુષ્યનું શરણ પ્રાપ્ત હોય છે, ન દેવતાઓનું અને ન વિદ્યાધરોનું. નિશ્ચયથી તો એકમાત્ર પોતાનાં શુદ્ધાત્માનું જ શરણ છે અને વ્યવહારથી પાંચ પરમેષ્ઠિ પણ શરણભૂત કહેવાય છે.

જો કે સ્થૂળ દ્રષ્ટિથી જોતાં એવો ભ્રમ થઈ જવાનો અસંભવ નથી, તોપણ ઊંડાણથી વિચાર કરતાં આ અત્યંત સ્પષ્ટ થઈ જાય છે કે બધા સંયોગ અને પર્યાયો અશરણ જ છે; કેમકે નિશ્ચિત ક્રમાનુસાર સ્વ સમયમાં થવાવાળા સંયોગોનાં વિયોગ તેમજ પર્યાયોનાં વ્યયને રોકવામાં પંચપરમેષ્ઠિ અને શુદ્ધાત્મા પણ સમર્થ નથી, શરણ નથી; છેવટે સંયોગ અને પર્યાયો તો અશરણ જ છે.

જો આમ છે તો પછી જિનવાણીમાં નિશ્ચયથી શુદ્ધાત્માને અને વ્યવહારથી પંચપરમેષ્ઠિ કે રત્નત્રય ધર્મને શરણ કેમ કહ્યું છે?

એમને શરણ કહેવાનું તાત્પર્ય એવું ક્યારેય નથી કે આ તને મરવાથી બચાવી લેશે કે સંયોગોના વિયોગોને રોકી દેશે કે પર્યાયોના પરિણમનને અવરોધી દેશે કે જગતને તારી ઈચ્છા મુજબ પરિણમિત કરી દેશે.

વસ્તુનું પરિણમન (સંયોગ-વિયોગરૂપ) તો જ્યારે જેવું થવાનું છે, એમ જ થશે; એમાં તો કોઈ પણ પ્રકારનો કોઈ પરિવર્તન કોઈનાં પણ મારફત સંભવ નથી, ન શુદ્ધાત્માના મારફત અને ન પંચપરમેષ્ઠિ મારફત. હા, એ વાત અવશ્ય છે કે પરિવર્તન કરવાનાં સંકલ્પ-વિકલ્પોમાં અટવાઈને આકુળ-વ્યાકુળ પ્રાણી જો શુદ્ધાત્મા કે પંચપરમેષ્ઠિનો આશ્રય લે, તો તત્સંબંધી આકુળતા-વ્યાકુળતાથી મુક્ત જરૂર થઈ શકે.

શુદ્ધાત્મા અને પંચપરમેષ્ઠિના શરણનો માત્ર આજ આશય છે, એનાથી અધિક બીજું કાંઈ નથી. બન્ને વાતો સ્પષ્ટરૂપથી અલગ અલગ છે :-

(૧) મૃત્યુથી બચવા માટે શરણ શોધવાની વાત

(૨) આકુળતા-વ્યાકુળતાથી બચીને સુખી થવા માટે શરણ

શોધવાની વાત.

શુધ્ધાત્મા અને પંચપરમેષ્ઠિ બન્નેમાં મૃત્યુથી બચવા માટે કોઈ શરણ નથી, પણ આકુળતા-વ્યાકુળતાથી બચીને સુખી રહેવા માટે શુધ્ધાત્મા અને પંચપરમેષ્ઠિ જ શરણ છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે અશરણ ભાવનામાં જેમને અશરણ દેખાડયા છે, તે જન્મ-મરણ આદિ સંયોગ તો પૂરેપૂરા અશરણ જ છે; છેવટે અશરણ ભાવના પૂરેપૂરી અશરણ સ્વરૂપ જ છે, શરણ અને અશરણનાં મિશ્રણ રૂપ નથી

કથિત સ્પષ્ટીકરણનાં સંબંધમાં એક પ્રશ્ન સહજરૂપથી ઉપસ્થિત થાય છે કે જો અશરણ ભાવના અશરણરૂપ જ છે; તો પછી તેમાં શરણની ચર્ચા જ કેમ કરાઈ છે? આ અનાવશ્યક ચર્ચાથી ખોટા ભ્રમ ઉભા થાય છે.

ભાઈ ! આ ચર્ચા અનાવશ્યક નથી, અત્યંત આવશ્યક છે. આગમમાં અનાવશ્યક ચર્ચાઓ કરાતી નથી. તેમાં જે પણ ચર્ચા થાય છે તેનું પોતાનું એક વિશેષ પ્રયોજન હોય છે. આપણે એ પ્રયોજનને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

અશરણ ભાવનાનું મૂળ પ્રયોજન સંયોગો અને પર્યાયોની અશરણતાનું જ્ઞાન કરાવી દ્રષ્ટિને ત્યાંથી હટાવી સ્વભાવ સન્મુખ લઈ જવાનો છે. આ પ્રયોજનની સિધ્ધિ માટે સંયોગો અને પર્યાયોને અશરણ દેખાડવામાં આવે છે અને આ પ્રયોજનના સિધ્ધિ માટે શુધ્ધાત્મા અને પંચપરમેષ્ઠીને શરણભૂત અથવા પરમશરણ દેખાડવામાં આવે છે.

અંતર માત્ર એટલું છે કે સંયોગો અને પર્યાયોની અશરણતા, દ્રષ્ટિને એનાંથી હટાવી લેવા માટે દેખાડી છે અને શુધ્ધાત્માને શરણભૂત, દ્રષ્ટિને તેના પર કેન્દ્રિત કરવાની પ્રેરણા આપવા માટે બતાડવામાં આવે છે.

અશરણ ભાવનામાં એકલી અશરણતાની ચર્ચા પોતાનાં



પ્રયોજન સિધ્ધ કરવામાં અસમર્થ હોવાથી અધૂરી જ રહે છે; કેમ કે સંયોગો અને પર્યાયોને અશરણ દેખાડીને દ્રષ્ટિને ત્યાંથી હટાવવાની પ્રેરણા તો મળે; પરંતુ પરમશરણભૂત શુધ્ધાત્માનાં ભાન સિવાય શુધ્ધાત્માને શરણભૂત દેખાડ્યા વગર દ્રષ્ટિ જામે ક્યાં? આ જ કારણ છે કે દ્રષ્ટિનાં વિષયભૂત શુધ્ધાત્માને શરણ બતાવવું આવશ્યક લાગ્યું છે.

નિષ્કર્ષના રૂપમાં કહી શકાય કે અશરણ ભાવનમાં સંયોગો અને પર્યાયોની અશરણતાની ચર્ચાને પૂર્ણતા પ્રદાન કરવાવાળી હોવાથી શુધ્ધાત્માની ચર્ચા અનાવશ્યક નહીં; પણ પરમાવશ્યક છે.

શુધ્ધાત્મા અને પંચપરમેષ્ઠીના અતિરિક્ત ધર્મને પણ શરણ કહેવામાં આવે છે. રત્નકરંડ શ્રાવકાચાર વચનિકામાં પંડિત સદાસુખદાસજી લખે છે:-

આ સંસારમાં એક સમ્યગ્જ્ઞાન શરણ છે, સમ્યગ્દર્શન શરણ છે, સમ્યગ્ચારિત્ર શરણ છે, અને સમ્યક્ તપ-સંયમ શરણ છે. આ ચાર આરાધના સિવાય અનંત કાળમાં કોઈ શરણ નથી તથા ઉત્તમ ક્ષમાદિક દશધર્મ પ્રત્યક્ષ આ લોકમાં બધા દુઃખ, મરણ, અપમાન, હાનિથી રક્ષા કરવાવાળાં છે.

જ્ઞાનના ઘનપિંડ, આનંદનાં કંદ, પરમ શરણભૂત નિજ પરમાત્મ તત્ત્વથી અપરિચિત પ્રાણી પ્રાપ્ત પર્યાય અને સંયોગોમાં જ તન્મય છે. તેઓ પર્યાયોનાં પરિવર્તન અને સંયોગોની વિઘટનથી નિરંતર આકુળ-વ્યાકુળ થઈ રહ્યાં છે. વ્યાકુળતાથી બચવા માટે જો કે તેઓ નિરંતર પ્રયત્નશીલ રહે છે, શરણ શોધી રહ્યાં છે; તો પણ સ્થિતિ તેની તે જ રહી, રહેવાની જ હતી; કેમ કે સ્વયં મરણશીલ અશરણ સ્વભાવી પર્યાયો અને સંયોગોને શરણ કોણ આપે, કેમ આપે, શા માટે આપે ?

આ સમસ્યાનું નિદાન જ આ અશરણ ભાવના છે; જેમાં આ તથ્યનું ચિન્તન કરવામાં આવે છે, વારંવાર વિચાર કરવામાં આવે છે કે મરણ જેનો સ્વભાવ છે તેને કોણ બચાવે ? અશરણ જેનો સ્વભાવ છે, તેને કોણ શરણ દે?

આનું વિઘટન તો અનિવાર્ય છે. આ સત્યની સ્વીકૃતિમાં જ શાંતિ છે, આનંદ છે. જો શાંતિ અને આનંદની ઈચ્છા છે તો આનંદનાં ધામ અને શાંતિના સાગર આત્મ સ્વભાવમાં સમાચી જાઓ, એ જ પરમશરણ છે. આત્મ સ્વભાવની આરાધનારૂપ ધર્મ પણ શરણ છે, એના પ્રતિપાદક દેવ-ગુરુ-શાસ્ત્ર પણ શરણ છે.

આ બધાની શરણમાં જવાથી પર્યાયો અને સંયોગોમાં વિઘટન તો મટી ન શકે પણ છોડવા લાયક આકુળતા અને અશાંતિ અવશ્ય મટી જશે.

અશરણ ભાવનાનું સર્વાંગ સ્વરૂપ સ્પષ્ટ કરવાવાળી બૃહદ દ્રવ્યસંગ્રહની મૂલ્યાંકિત પંક્તિઓ પણ જોવાલાયક છે.

**"अथाशरणानुप्रेक्षा कथ्यते-निश्चयरत्नत्रयपरिणतं स्वशुद्धात्मद्रव्यं तद्बहिरंगसहकारणभूतं पंच्चपरमेष्ठ्याराधनश्च शरणं, तस्माद्बहिर्भूता ये देवेन्द्रचक्र वत्तिसुभटकोटिभटपुत्रादिचेतना: गिरिदुर्गभूविवरमणिमन्त्राज्ञा-प्रसादौषधादय: पुनरचेतनास्तदुभयात्मका मिश्राश्च मरणकालादौ महाटव्यां व्याघ्रगृहीतमृगबालस्येव महासमुद्रे पोतच्युत पक्षिण इव शरणं न भवन्तीति विज्ञेयम्। तद्विज्ञाय भोगकांक्षारुपनिदानबन्धादिनिरालम्बने स्वसंवित्ति-समुत्पन्नसुखामृतसालम्बने स्वशुद्धात्मन्येवालम्बनं कृत्वा भावनां करोति। यादृशं शरणभूत्मात्मानं भावयति वादृशमेव सर्वकालशरणभूतं शरणागतवज्रपञ्जरसदृशं निजशुद्धात्मानं प्राप्नोति। इत्यशरणानुप्रेक्षा व्याख्याता।**

હવે અશરણ ભાવના કહે છે:- નિશ્ચય રત્નત્રય પરિણત નિજ શુધ્ધાત્મ દ્રવ્ય અને એનાં બહિરંગ સહકારી કારણભૂત પંચપરમેષ્ઠિની આરાધના શરણ છે. એનાંથી અધિક ઈન્દ્ર, ચક્રવર્તી, કોટિભટ સુભટ પુત્રાદિ ચેતન પદાર્થ; પર્વત, કિલા, ગુરુ, મણિ, મંત્ર, આજ્ઞા, મહલ, ઔષધિ જેવાં અચેતન પદાર્થ તથા બન્નેના જોડાયેલા મિશ્ર પદાર્થ આ બધા મરણ જેવાં સમયમાં મહા-વનમાં વાઘ દ્વારા પકડવામાં આવેલ હરણનાં બચ્ચાની ભ્રાંતિ અથવા મહાસાગરમાં વહાણથી છૂટા પક્ષીની ભ્રાંતિ શરણ થતાં



નથી, એમ જાણવું જોઈએ.

આ જાણીને ભોગોની ઈચ્છારૂપ કારણ બંધોનું અવલંબન ન લઈને સ્વસંવેદનથી ઉત્પન્ન સુખામૃતનાં ધારક શુદ્ધાત્માનું અવલંબન લેવું જ શ્રેષ્ઠ છે, શરણ છે. જે આ પ્રકારની શુધ્ધાત્માનું શરણ ગ્રહણ કરે છે, તે શુધ્ધાત્માની શરણમાં તે જ પ્રકારે સુરક્ષિત થઈ જાય છે. જે પ્રકારે વજ્રના પિંજરામાં મૃગાદિ વાઘથી સુરક્ષિત રહે છે.

આ પ્રમાણે અશરણ ભાવનાનું વ્યાખ્યાન પૂરું થયું.

બધા આત્માર્થીજન પોતાના સ્વભાવનું શરણ ગ્રહણ કરી અનંત સુખી થાય. આ પાવન ભાવનાની સાથે વિરામ લઉં છું.

આત્માનુભવી સંતપુરુષોના સંપર્કમાં આવીને શુધ્ધાત્મ તત્વના કહેવાવાળા શાસ્ત્રોને વાંચીને આત્માની ચર્ચા-વાર્તા કરવી અલગ વાત છે અને શુધ્ધાત્માનો અનુભવ કરવો અલગ વાત છે.

અધિકાંશ જગત તો અંધ અનુયાયી જ હોય છે. જે જેવા પ્રકારનાં વાતાવરણમાં રહે છે, તે પ્રકારની વાતો કરવા લાગે છે, વ્યવહાર કરવા લાગે છે; પરંતુ વસ્તુની ઊંડાણ સુધી બહુ ઓછા માણસો પહોંચી શકે છે. વધુ પડતા તો હા માં હા જોડવાવાળા અને ઉપરથી વાહ-વાહ કહેવાવાળા જ હોય છે. જે માણસો તત્ત્વનાં ઊંડાણ સુધી પહોંચી જાય છે તેમને તો પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ જ જાય છે; પરંતુ જે પોતાની જાડી બુધ્ધિનાં કારણે પરમતત્ત્વને પ્રાપ્ત નથી કરી શકતા તેમને પણ એટલો લાભ તો થાય જ છે કે તેઓ જગતના વાસનામય કષાયમય આસક્ત વાતાવરણથી તો ઘણાખરા બચી રહે છે, એમનું જીવન સહજ સાત્વિક બની રહે છે, પરિણામોમાં પણ નિર્મળતા બની રહે છે.

તો પણ જો સારું ભાગ્ય હોય તો કાળ પામીને તેમનું પણ પુરુષાર્થ જાગી જાય છે અને આજે નહીં તો કાલે તે પણ નિજ તત્ત્વ સુધી પહોંચી જ જાય છે.

## ③ संसार भावना

**दुखमय निरर्थक मलिन जो सम्पूर्णत: निसार है ।**
**जगजालमय गति चार में संसरण ही संसार है ।।**
**भ्रमरोगवश भव-भव भ्रमण संसार का आधार है।**
**संयोगजा चिद्वृत्तियाँ ही वस्तुत: संसार है ।।१।।**

સંયોગોના લક્ષ્યથી આત્મામાં ઉત્પન્ન થવાવાળી દુઃખમય, નિરર્થક, મલિન અને સમ્પૂર્ણતઃ તત્ત્વહીન વિકારી ભાવ જ વાસ્તવિક સંસાર છે; જગજાલમય ચારગતિ ભ્રમણને પણ સંસાર કહેવામાં આવે છે. ભ્રમરોગ (મિથ્યાત્વ-અજ્ઞાન)નાં વશ થઈને ભવ-ભવમાં પરિભ્રમણ જ સંસારનો મૂળ આધાર છે.

**संयोग हों अनुकूल फिर भी सुख नहीं संसार में ।**
**संयोग को संसार में सुख कहें बस व्यवहारमें ।।**
**दु:ख-द्वन्द हैं चिद्वृत्तियाँ संयोग ही जगफन्द है ।**
**निज आतमा बस एक ही आनन्द का रसकन्द है ।।२।।**

અનુકૂળ સંયોગોની પ્રાપ્તિ થવા છતાં પણ સંસારમાં સુખની પ્રાપ્તિ સંભવ નથી. અનુકૂળ સંયોગોની પ્રાપ્તિને સુખમાત્ર વ્યવહારથી જ કહેવામાં આવે છે. વાસ્તવમાં તો બધા સંયોગ સંસારનાં બંધન જ છે, બંધનમાં ફસાવવાવાળા જ છે, માનસિક દ્વંદ્વરૂપ વિકારીભાવ પણ દુઃખરૂપ જ છે. આનંદનો રસકંદ તો એકમાત્ર આપણો આત્મા જ છે, બાકી બધાં તો દંડ-ફંદ જ છે.

**मंथन करे दिन-रात जल घृत हाथ में आवे नहीं ।**
**रज़-रेत पेले रात-दिन पर तेल ज्यों पाये नहीं ।।**
**सद्भाग्य बिन ज्यों संपदा मिलती नहीं व्यापार में ।**
**निज आत्मा के भान बिन त्यों सुख नहीं संसार में ।।३।।**

જે પ્રકારે પાણીનું મંથન ભલે રાત-દિવસ જ કેમ ન કરીએ પણ એમાંથી ઘીની પ્રાપ્તિ સંભવ નથી; એ જ પ્રકારે રેતીને રાત-દિવસ જ કેમ ન પીસીએ, પણ એમાંથી તેલનું નીકળવું સંભવ નથી અને જે પ્રકારે સદ્ભાગ્ય વિના વ્યાપારમાં સમ્પત્તિની પ્રાપ્તિ સંભવ નથી. આ જ પ્રકારે નિજ આત્માને જાણ્યા વગર સંસારમાં સુખની પ્રાપ્તિ સંભવ નથી.

આ એક એવું મહાસત્ય છે, જેને જાણ્યા વિના સંસારથી વિરક્તિ અને આત્મસન્મુખ દ્રષ્ટિ થવી સંભવ નથી.

**संसार है पर्याय में निज आतमा ध्रुवधाम है ।**
**संसार संकटमय परन्तु आत्मा सुखधाम है ।।**
**सुखधाम से जो विमुख वह पर्याय ही संसार है ।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है ।।४।।**

સંસાર તો ફક્ત અધ્રુવ પર્યાયમાં છે, નિજ ધ્રુવધામ આત્મામાં નથી. જો કે સંસાર સંકટમય છે; તો પણ આત્મા તો સુખનું ધામ જ છે. આ સુખનું ધામ આત્માથી જે પર્યાય વિમુખ છે, તે પર્યાય ખરેખર સંસાર છે અને ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધના જ આરાધનાનો સાર છે.

ધર્મની શરૂઆત પણ આત્માનુભૂતિથી જ થાય છે અને પૂર્ણતા પણ એની પૂર્ણતામાં છે. આનાથી બીજા ધર્મની કલ્પના પણ ન થઈ શકે. આત્માનુભૂતિ જ આત્મધર્મ છે. સાધકના માટે એકમાત્ર આ જ ઈષ્ટ છે. આને પ્રાપ્ત કરવું જ સાધકનું મૂળ પ્રયોજન છે.

# સંસાર ભાવના : એક ચિન્તવન

**संसार है पर्याय में, निज आतमा ध्रुवधाम है।**
**संसार संकटमय परन्तु आतमा सुखधाम है॥**
**सुखाधाम से जो विमुख वह पर्याय ही संसार है।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है ॥**

"પોત-પોતાની સુનિશ્ચિત ભવિતવ્ય અનુસાર દરેક સમયે થવાવાળા સંયોગો કે વિયોગ તેમજ પર્યાયોનાં પરિણમનને રોકવું અથવા સ્વ ઈચ્છા અનુસાર પરિણમવા કોઈપણ સમર્થ નથી, કેમ કે બધા સંયોગ અને પર્યાયો અનિત્ય છે, અશરણ છે." આ વાત અનિત્ય અને અશરણ ભાવનાનાં ચિન્તવનથી અત્યંત સ્પષ્ટ થઈ જવા છતાં પણ વસ્તુનાં સમ્યક્ સ્વરૂપથી અપરિચિત અજ્ઞાનીને અજ્ઞાનવશ તથા સમ્યક્જ્ઞાનીને પણ કદાચિત રાગવશ આ પ્રકારનાં વિકલ્પ તરંગો ઉત્પન્ન થઈ શકે અથવા થવા લાગે કે ભલે જ સંયોગોને સ્થાયીરૂપ પ્રદાન ન કરી શકાય; પણ જ્યાં સુધી તે છે, ત્યાં સુધી તો એનાંથી સુખ પ્રાપ્ત થશે જ તથા જે નવા સંયોગ પ્રાપ્ત થશે, એમાં પણ કાંઈ સુખકર થઈ શકે.

આ પ્રકારની કલ્પનાઓમાં રચ્યાપચ્યા રહેવાથી એનો ઉપયોગ સંયોગો પરથી હટતો નથી, હટીને સ્વભાવ સન્મુખ થતો નથી.

આ સ્થિતિથી હટી જવા માટેની જાણવાવાળી ચિન્તન-પ્રક્રિયાનું નામ સંસાર ભાવના છે. સંસાર ભાવનામાં આ ચિન્તન કરવામાં આવે છે કે સંયોગોમાં સુખ નથી, સંયોગોમાં સુખની કલ્પના જ દુઃખનું મૂળ છે.

**"दाम बिना निर्धन दु:खी, तृष्णावश धनवान ।**
**कहुँ न सुख संसार में, सब जग देख्यो छान ॥"**

કથિત છંદમાં એ જ તથ્યને સશક્તરૂપથી પ્રકાશિત કરાયું છે કે સંપૂર્ણ જગતને જોઈ લીધું પણ સંયોગોમાં ક્યાંય સુખ દેખાયું



નહીં. જો નિર્ધન ધનનાં અભાવમાં દુઃખી છે તો ધનવાન પણ ક્યાં સુખી છે? તે પણ તો તૃષ્ણાવશ થઈને દુઃખી જ દેખાય છે.

ભ્રમણ જ સંસાર છે અને ચારગતિ-પરિભ્રમણનું નામ જ ભ્રમણ છે. જિનાગમમાં બધે ચારગતિનાં દુઃખનું જ વર્ણન છે. જૈન સમાજમાં સર્વાધિક અભ્યાસી ઓળખાતાં કવિવર પંડિત દૌલતરામજી કૃત સરળ, સરસ, સુબોધ ગ્રંથ છ ઢાળાની તો શરૂઆત જ ચારગતિ-વર્ણનથી થાય છે; એની તો પહેલી ઢાળમાં જ ચારગતિનાં દુઃખોનો વિસ્તારથી નિરુપણ કર્યું છે, જે ખરેખર અભ્યાસ કરવા લાયક છે.

કથિત છ ઢાળાની પાંચમી ઢાળમાં સમાગત સંસાર ભાવના સંબંધી છંદ આ પ્રકારે છેઃ-

**"चहुँगति दुख जीव भरे हैं, परिवर्तन पंच करे हैं ।**
**सब विधि संसार असारा, यामैं सुख नाहिं लगारा ॥"**

ચારે ગતિઓ દુઃખી જીવોથી ભરેલી છે. તાત્પર્ય એ છે કે પંચપરાવર્તનોનાં માધ્યમથી ચારગતિમાં ભ્રમણ કરવાવાળા બધાં જીવ દુઃખી જ છે; ચારે ગતિઓમાં ક્યાં પણ સુખ નથી. આ ચારગતિ-ભ્રમણરૂપ સંસાર સર્વ પ્રકારથી અસાર છે; એમાં અંશમાત્ર પણ સુખ નથી, સાર નથી.

પ્રતિકૂળ સંયોગોને દૂર કરીને તેમજ અનુકૂળ સંયોગોને મેળવીને સુખી થવાની દિશામાં કરવામાં આવેલ કોઈનો પણ પ્રયત્ન ન તો આજ સુધી સફળ થયો છે અને ન ક્યારે થશે; છેવટે સંયોગો પરથી દ્રષ્ટિ હટાવી લેવામાં જ સાર છે. બાકી બધું સંસાર છે.

સુખની લાલસાથી સંયોગોની તરફ જોવાવાળા જગતને આ વાતનો વિચાર કરવા, ચિન્તન કરવા, મનન કરવા અત્યંત આવશ્યક છે કે જે સંયોગો માટે તું આટલો લલચાયેલો રહે છે, જેને મેળવવા માટે બધું ભૂલીને જમીન-આસમાન એક કરી રહ્યો છે, એમાં સુખ છે કે નહીં, એના મળી જવાથી સુખ પ્રાપ્ત થશે કે નહીં?

ક્યાં એવું ન હોય કે સંપૂર્ણ જીવન એને મેળવવામાં વીતી જાય અને એ મળે જ નહીં, કેમ કે એ સંયોગોનું મેળવવું દેડકાઓને તોલવા જેવું અસાધ્ય છે, કાંટા પર એક રાખો તો બે ઉછળીને નીચે કુદી પડે છે. જ્યાં સુધી એક સંયોગ મળે છે, ત્યાં સુધી બીજું દૂર થઈ જાય છે. જ્યારે દાંત હોય છે, ત્યારે ચણા નથી મળતા; જ્યારે ચણા મળે છે, ત્યાં સુધી દાંત પડી ગયા હોય છે. જેમનામાં પથ્થર પચાવવાની તાકાત છે; તેમને ઘી-દૂધ નથી મળતું, સૂકી રોટલીઓ ખાવી પડે છે અને જેને બધું જ ઉપલબ્ધ છે, એમને ઘી, સાકર, મીઠું, તેલ બધું બંધ છે, મગની દાળનાં પાણી પર જીવન ચાલે છે. તેઓ ઇચ્છે તો ઘી-દૂધમાં દિવસભર ડૂબેલાં રહી શકે પણ એમની સામે જ અતિથિ માલ ઉડાડે છે અને તેઓ મોળી ચા પીને જોતા રહે છે.

કદાચિત પુણ્યયોગથી બધા સંયોગ મળી પણ જાય તો પણ શું સુખ પ્રાપ્ત થઈ જશે?

નહીં, ભાઈ ! આ પ્રતીક્ષામાં સમય ગુમાવવો સમજદારી નથી. આ પ્રકારનાં સયોગો આજે જેમને ઉપલબ્ધ છે એમને જ જોઈને સાચા નિર્ણય પર આવવું જોઈએ. આ સર્વવિદિત તથ્ય છે કે લૌકિક દૃષ્ટિથી જે વ્યક્તિ સર્વપ્રકારથી સંપન્ન છે એમને આજે વગર ગોળી ખાધે ઉંઘ નથી આવતી. આપણે એ ચક્રવતીઓનાં અનુભવથી પણ લાભ ઉઠાવવો જોઈએ. જે છ ખંડ પૃથ્વીનાં ધણી થઈને પણ બધું છોડીને નગ્ન દિગંબર થઈ ગયા હતા. આપણે વૈરાગ્ય ભાવનાની મુલ્યાંકિત પંક્તિઓ પર ધ્યાન આપવું જોઈએ.

**''मैं चक्री पद पाय निरंतर भोगे भोग घनेरे ।**
**तो भी तनक भये नहिं पूरन भोग मनोरथ मेरे ।।**
**राज-समाज महा अघकारण बैर बढावनहारा ।**
**वेश्या सम लक्ष्मी अति चंचल याका को पतियारा ।।**
**मोह महारिपु बैर विचार्यो जग जिय संकट डारे ।**
**गृह कारागृह वनिता बेड़ी परिजन जन रखवारे ।।**



**सम्यक् दर्शन ज्ञान चरण तप ये जिय के हितकारी ।**
**ये ही सार असार और सब वह चक्री चितधारी'' ।।**

આ વૈરાગ્ય ભાવનામાં ઉપસ્થિત સંસારનાં સ્વરૂપનો સજીવ ચિત્ર ઉપસ્થિત કરાવાવાળી મૂલ્યાંકિત પંક્તિઓ જોવાલાયક છેઃ-

**''सुरगति में परसम्पति देखे राग-उदय दुःख होई ।**
**मानुष योनि अनेक विपतिमय सर्वसुखी नहिं कोई ।।**
**कोई इष्ट-वियोगी बिलखै कोई अनिष्ट-संयोगी ।**
**कोई दीन दरिद्री बिगूचे, कोई तन के रोगी ।।**
**किस ही घर कलिहारी नारी कै बैरी सम भाई ।**
**किस ही के दुःख बाहिर दीखै किस ही उर दुचिताई ।।**
**कोई पुत्र बिना नित झूरै होय मरै तब रोवै ।**
**खोटी संतति सों दुख उपजैं क्यों प्राणी सुख सोवै?**
**पुण्य उदय जिनके तिनके भी नाहिं सदा सुख साता ।**
**यह जगवास जथारथ देखे सब दीखै दुखदाता ।।**
**जो संसार विषैं सुख होता तीर्थंकर क्यों त्यागैं?**
**काहे को शिव-साधन करते संजम सौं अनुरागैं?''**

અરે ભાઈ ! જરા વિચાર તો કરો કે જો આ ચારગતિ-ભ્રમણરૂપ સંસારમાં સુખ હોત તો તીર્થંકર જેવા પુણ્યવંત મહાપુરુષ એને છોડીને કેમ ચાલી નીકળે, સંયમ ધારણ કરી મુક્તિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ શા માટે કરશે?

સંયોગોમાં સુખ શોધવું સમય અને શક્તિનો અગણિત વ્યય છે. જે પ્રકારે કેટલું પણ મંથન કેમ ન કરો, પાણીમાંથી અમૃત નીકળવું સંભવ નથી. કેટલું પણ પીસો, રેતીમાંથી તેલ નીકળવું સંભવ નથી; એજ પ્રકારે સુખની પ્રાપ્તિ માટે સંયોગોની શોધખોળમાં કરવામાં આવેલ સંપૂર્ણ પ્રયત્ન નિરર્થક જ છે, એનાંથી સુખની પ્રાપ્તિ ક્યારેય પણ સંભવ નથી.

સુખની પ્રાપ્તિનાં માટે તો સુખસાગર નિજ સ્વભાવની

શોધખોળ જરૂરી છે. નિજ સ્વભાવનો આશ્રય જરૂરી છે, એનું જ્ઞાન-શ્રધ્ધાન જરૂરી છે, ધ્યાન જરૂરી છે.

આ પ્રકારનું ચિન્તન જ સંસાર ભાવનાનું મૂળ છે.

જે પ્રકારે સંયોગ ન સુખ સ્વરૂપ છે અને ન સુખના કારણ છે, તે પ્રકારે ન દુઃખરૂપ છે અને ન દુઃખના કારણ જ છે; તે તો પરપદાર્થ છે. નિમિત્તમાત્ર છે. દુઃખના મૂળ કારણ તો સંયોગીભાવ છે, સંયોગના આશ્રયથી ઉત્પન્ન થયેલ આત્માના જ વિકારીભાવ છે. સંયોગીભાવ વિકારીભાવ જ ખરેખર સંસાર છે.

આ સંદર્ભમાં મૂલ્યાકિંત છંદ જોવાલાયક છેઃ

**''परद्रव्यन तैं प्रीति जो, हैं संसार अबोध ।**
**ताको फल गति चार में, भ्रमण कह्यो श्रुतशोध॥**
**अरु संसारभावना एह, परद्रव्यन सौं कीजे नेह।**
**तू चेतन ये जड सरवंग, तातैं तजहु परायो संग ॥''**

હકીકતમાં તો પરદ્રવ્યોના પ્રત્યે જે પ્રીતિના ભાવ છે, એકત્વ છે, રાગ છે, અજ્ઞાન છે, તે જ સંસાર છે. શાસ્ત્રોનાં શોધકોએ એનું ફળ ચારગતિરૂપ ભ્રમણ દેખાડ્યું છે.

પરદ્રવ્યોથી કરવામાં આવેલ સ્નેહ ખરેખર સંસાર છે. હે આત્મન! તું ચેતન છે અને શરીરાદિ પરદ્રવ્ય સર્વાંગ જડ છે; માટે એનો સ્નેહ છોડી દે. આ પ્રકારનું ચિન્તન જ સંસાર ભાવના છે.

કથિત બન્નેં છંદોમાં પરદ્રવ્યો પ્રત્યે પ્રીતિ-સ્નેહને જ સંસાર કહેવામાં આવ્યો છે અને આ પ્રીતિને ચારગતિ ભ્રમણનું કારણ દેખાડ્યું છે. ભૂલથી પરસંગથી પરના પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય છે; એટલે પર સંગના ત્યાગની પણ સલાહ આપવામાં આવી છે.

આ પ્રકારે એ સ્પષ્ટ છે કે આત્મામાં ઉત્પન્ન થવાવાળા મોહ-રાગ-દ્વેષના ભાવ જ સંસાર છે આ ભાવ પર લક્ષથી આત્મામાં જ ઉત્પન્ન થાય છે, આત્માના જ વિકારી પર્યાયો છે. આત્માની જ દુઃખરૂપ અવસ્થાઓ છે.



આત્મા અનાદિ-અનંત નિત્ય અવિનાશી પરમપદાર્થ છે અને આ મોહ-રાગ-દ્વેષરૂપ સંસાર ક્ષણભંગુર અનિત્ય છે, આ દ્રષ્ટિથી 'જીવ સંસારમાં છે.' આ કહેવાની અપેક્ષા 'જીવમાં સંસાર છે' એ કહેવું વધુ યોગ્ય છે.

'જીવ દ્રવ્ય છે અને સંસાર' પર્યાય. દ્રવ્યમાં પર્યાય હોય છે. પર્યાયોમાં દ્રવ્ય નહીં. સંસાર જીવ દ્રવ્યનો વિકારી પર્યાય છે; છેવટે આ કહેવું કોઈ પણ પ્રકારે અસંગત નથી કે જીવમાં જ સંસાર છે, સંસારમાં જીવ નથી. જ્યારે આ કહેવામાં આવે છે કે જીવ સંસારમાં છે તો એનું તાત્પર્ય પણ એજ થાય છે કે જીવ આ સમયે મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમિત થઈ રહ્યો છે, ચારગતિ-પરિભ્રમણ કરી રહ્યો છે.

કોઈ લોકો સંસાર શબ્દનો અર્થ લોક સમજે છે. લોકમાં સંસાર શબ્દનો પ્રયોગ લોક (જગત, દુનિયા)નાં અર્થમાં પણ થાય છે; પણ સંસાર-ભાવનાનાં સંદર્ભમાં સંસારનો અર્થ લોક, દુનિયા, જગત કોઈ પણ સ્થિતિમાં સંભવ નથી; કેમ કે બાર ભાવનાઓમાં સંસાર ભાવનાની જેમ લોક પણ એક ભાવના છે. લોક અને સંસાર અલગ-અલગ ભાવનાઓ છે. સંસાર ત્રીજી ભાવના છે અને લોક દશમી ભાવના છે.

બન્નેમાં બિંદુ અને સિંધુનો અંતર છે. સંસાર બિંદુ છે તો લોક સિંધુ. સંસાર જીવની વિકારી પર્યાય માત્ર છે અને લોક છ દ્રવ્યોનાં સમૂહને કહે છે. છ દ્રવ્યોમાં અનંત જીવ, અનંતાનંત પુદ્ગલ, અસંખ્ય કાલાણુ, એક આકાશ, એક ધર્મ દ્રવ્ય, એક અધર્મ દ્રવ્ય આ બધા અનંતાનંત દ્રવ્ય સમાઈ જાય છે.

ક્યાં અનાદિ-અનંત છ દ્રવ્યમય લોક અને ક્યાં મોહ-રાગ, દ્વેષરૂપ દુઃખસ્વરૂપ જીવનો ક્ષણભંગુર વિકારી પર્યાયરૂપ સંસાર?

લોક માત્ર જ્ઞેય છે, પણ સંસાર હેય પણ છે. છ દ્રવ્યમયી લોકને માત્ર જાણવું, પણ સંસારનો તો અભાવ પણ કરવાનો છે. જિનાગમનો સમસ્ત ઉપદેશ ભવ (સંસાર)નાં અભાવ માટે જ છે.

આ બાર ભાવનાઓનું ચિન્તન પણ ચારગતિ–ભ્રમણરૂપ સંસારથી વિરક્તિ ઉત્પન્ન કરી મોહ–રાગ–દ્વેષરૂપ સંસારનો અભાવ કરવા માટે જ કરવામાં આવે છે.

આ બન્નેની ચિન્તન પ્રક્રિયામાં પણ અંતર છે. લોક ભાવનાનો વિસ્તાર છ દ્રવ્યોનાં સ્વરૂપાદિનો વિવેચન પ્રેરક પણ થઈ શકે અને ત્રિલોકના આકાર–પ્રકારના વ્યાખ્યાનરૂપ પણ જે પ્રકારે સંસ્થાનવિચય નામક ધર્મધ્યાનમાં લોકનો ભૌગોલિક ચિન્તન થાય છે; એ જ પ્રકારે લોક ભાવનામાં પણ થઈ શકે. સંસાર ભાવનામાં સંયોગોની નિરર્થકતા અને સંયોગી ભાવોની દુઃખરૂપતાનું ચિન્તન કરવામાં આવે છે.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે લોક ભાવનામાં પણ સ્વર્ગ નરકનું વર્ણન જોવામાં આવે છે અને સંસાર ભાવનામાં પણ નરકાદિ ગતિઓની ચર્ચા થાય છે?

હા, થાય છે, પણ બન્નેના દ્રષ્ટિકોણ તેમજ વિવેચન પધ્ધતિમાં અંતર હોય છે. લોક ભાવનામાં અર્ધલોક, મધ્યલોક અને ઉર્ધ્વલોકની રચનાનું સ્વરૂપ બતાડવામાં આવે છે અને સંસાર ભાવનામાં ત્રણ લોકનું નહીં, ચાર ગતિઓ અને એમાં થવાવાળા દુઃખોનું વર્ણન કરવામાં આવે છે. જો કે ચારે ગતિઓનાં જીવ ત્રણ લોકમાં જ રહે છે; છેવટે જ લોકોને સંસાર અને લોક ભાવનાની ચિન્તન પ્રક્રિયાનો સમ્યક્ બોધ નથી, તેમને બન્નેની એકતારૂપ ભ્રમ થઈ જવું અસંભવ નથી.

લોક ભાવનાની વિષય વસ્તુનો વિસ્તૃત વિવેચન યોગ્ય સમયે કરવામાં આવશે. અહીં તો હમણાં સંસાર ભાવનાનું ચિન્તવન ચાલી રહ્યું છે.

સંસાર ભાવનાની સીમા સંયોગ અને સંયોગી ભાવો સુધી જ છે. સંયોગોની નિરર્થકતા અને સંયોગી ભાવોની દુઃખરૂપતાનું ચિન્તન જ સંસાર ભાવનાની મર્યાદા છે. જો કે ચારગતિ પણ



સંયોગરૂપ જ છે કે પછી જીવના ભાવોની અપેક્ષા સંયોગી ભાવરૂપ છે; છેવટે સંસાર ભાવનામાં એનું વર્ણન સહજ જ આવી જાય છે.

અહીં એક પ્રશ્ન એ પણ સંભવ છે કે સંયોગોની ચર્ચા તો અનિત્ય, અશરણ ભાવનાઓમાં ભરપૂર આવી ગઈ છે; છેવટે સંસાર ભાવનામાં પણ એના બારામાં વિચારતાં રહેવું ક્યાં સુધી યોગ્ય છે?

ભાઈ ! અનિત્ય અને અશરણ ભાવનાની ચિન્તન પ્રક્રિયાથી સંસાર ભાવનાની ચિન્તન પ્રક્રિયા જુદી છે. બાર ભાવનાઓમાં મૂળભૂત અંતર પરસ્પર ચિન્તન પ્રક્રિયાનો જ છે. એને સમજ્યા વગર આવા પ્રકારના બીજા પણ અનેક પ્રશ્ન ઊઠી શકે છે.

અનિત્ય ભાવનામાં સંયોગોની ક્ષણભંગુરતા, અશરણ ભાવનામાં સયોગોની અશરણતા તેમજ સંસાર ભાવનામાં એજ સંયોગોની નિરર્થકતા બતાડવામાં આવે છે.

જેમ કે પહેલાં બતાડવામાં આવી ગયું છે કે આ ભાવનાઓની ચિન્તન પ્રક્રિયામાં ક્રમિક વિકાસ છે. બાર ભાવનાઓના ચિન્તનનો એકમાત્ર ઉદ્દેશ્ય દ્રષ્ટિને સંયોગો પરથી હટાવીને સ્વભાવ તરફ લઈ જવી છે. કેમકે સંયોગી ભાવરૂપ સંસારની ઉત્પત્તિ વૃદ્ધિ સંયોગાધીન દ્રષ્ટિનું જ પરિણામ છે. જ્યાં સુધી આ જીવની દ્રષ્ટિ સંયોગો પર હશે, ત્યાં સુધી મોહ–રાગ–દ્વેષરૂપ સંગોગીભાવ ઉત્પન્ન થતાં જ રહેશે. મોહ–રાગ–દ્વેષભાવથી અતિરિક્ત બીજો સંસાર છે જ ક્યાં? આ પ્રમાણે એ સિદ્ધ છે કે સંયોગાધીન દ્રષ્ટિ જ સંસારનું કારણ છે.

જો આપણે ભવ દુઃખથી બચવું છે તો સંયોગાધીન દ્રષ્ટિનો ત્યાગ કરવો જ પડશે. બાર ભાવનાઓની ચિન્તન પ્રક્રિયા પણ આ દ્રષ્ટિથી પલ્લવિત થઈ છે.

જે પ્રમાણે અનિત્ય ભાવનામાં સંયોગોની અનિત્યતાની સાથે સાથે સ્વભાવની નિત્યતાનું પણ ચિન્તન કરવામાં આવે છે, અશરણ ભાવનામાં સંયોગોની અશરણતાની સાથે સાથે સ્વભાવની

શરણભૂતતાનું પણ ચિન્તન કરવામાં આવે છે; આ પ્રમાણે સંસાર ભાવનામાં પણ સંયોગોની અશારતાની સાથે સાથે સ્વભાવની સારભૂતતાનું પણ ભરપૂર ચિન્તન કરવામાં આવે છે.

આ સંદર્ભમાં કવિવર બુધજન કૃત છ ઢાળામાં ઉપસ્થિત સંસાર ભાવના સંબંધી મૂલ્યાંકિત છંદ જોવાલાયક છેઃ-

**''यह संसार असार महान, सारं आप में आपा जान ।**
**सुखतैं दुख दुखतैं सुख होय, समता चारों गति नहिं कोय ॥**

આ સંસાર મહાઅસાર છે, આપણો આત્મા જ મહાન છે, સાર છે. આ ચારગતિ ભ્રમણરૂપ સંસારમાં ક્રમશઃ સાંસારિક સુખથી દુઃખ અને દુઃખથી સાંસારિક સુખ તો થતાં જ રહે છે, પણ ચારેય ગતિઓમાં સમતારૂપી અસલી સુખ ક્યાંય પણ નથી.''

કથિત છંદમાં સંસારને અસાર અને આત્માને સારભૂત બતાડવામાં આવ્યું છે.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે કથિત છંદમાં સંસારમાં દુઃખની સાથે સુખી થવું પણ બતાડવામાં આવ્યું છેઃ જ્યારે પંડિત દૌલતરામજી દ્વારા રચિત છ ઢાળામાં સાફ સાફ લખ્યું છે.

**''सब विधि संसार असारा, यामे सुख नाहिं लगारा''** ।

હા ભાઈ ! લખ્યું તો છે; પણ ત્યાં સમતારૂપી સુખની વાત છે, સમતારૂપી સુખ એટલે વાસ્તવિક સુખ તો સંસારમાં અંશ માત્ર પણ નથી. જરા ધ્યાનથી જુઓ. આ વાત તો બુધજનજીએ પણ સ્પષ્ટરૂપથી સ્વીકાર કરી છે કે 'સમતા ચારે ગતિ નહિં કોઈ'. જેમણે સંસારમાં જે સુખને સ્વીકાર કર્યો છે, તે તો પુણ્યોદયમાં પ્રાપ્ત થવાવાળા વિષય સુખની વાત છે, તે તો કહેવા માત્રનો સુખ છે. ખરેખર તો તે સુખ છે જ નહીં, દુઃખ જ છે.

વાત એ છે કે લોકમાં અતીન્દ્રિય આનંદની સાથે વિષયભોગને પણ તો સુખ જ કહેવામાં આવે છે; છેવટે એ વાતની સાવધાની રાખવી અત્યંત આવશ્યક છે કે સુખ શબ્દનો પ્રયોગ ક્યાં ક્યા



અર્થમાં થયો છે.

સંયોગોની ક્ષણભંગુરતા, અશરણતા તેમજ નિરર્થકતાનાં ભાન થયા વગર દ્રષ્ટિ સંયોગો પરથી નહીં હટશે, આ પ્રમાણે સ્વભાવનો મહિમા આવ્યા વગર દ્રષ્ટિ સ્વભાવ સન્મુખ નહીં થશે. ધ્યાન રહે દ્રષ્ટિના સ્વભાવ સન્મુખ થવાથી જ સમ્યગદર્શનાદિ સ્વભાવભાવો (મોક્ષમાર્ગ)ની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે.

સંસાર દુઃખોથી મુક્ત થવાને માટે મુક્તિના માર્ગના પથિક થવું આવશ્યક જ નથી, અનિવાર્ય છે. સ્વભાવ સન્મુખતા સિવાય બીજો કોઈ મુક્તિ માર્ગ નથી; કેમ કે દ્રષ્ટિના સંયોગ વિમુખ અને સ્વભાવ સન્મુખ થતાં જ સ્વભાવના સાધન સંવર નિર્જરાની ઉત્પત્તિ થઈને વૃદ્ધિ શરૂ થઈ જાય છે, અને કાળાતરંમાં આ સંવર નિર્જરારૂપ સ્વભાવના સાધન વૃદ્ધિને પ્રાપ્ત થઈને મોક્ષ સ્વરૂપ સિદ્ધત્વમાં પરિણમે છે.

સિદ્ધત્વની પ્રાપ્તિરૂપ પાવન ઉદેશ્યથી જ અનિત્ય ભાવનામાં સંયોગોની અનિત્યતા તેમજ સ્વભાવની નિત્યતા, અશરણ ભાવનામાં સંયોગોની અશરણતા તેમજ સ્વભાવની શરણભૂતતા તથા સંસાર ભાવનામાં સંયોગોની નિરર્થકતા (અસારતા) તેમજ સ્વભાવની સાર્થકતાનો ભરપૂર દિગ્દર્શન કરાવવામાં આવે છે.

સર્વ પ્રથમ અનિત્ય ભાવનામાં સ્વભાવની નિત્યતા તેમજ સંયોગોની અનિત્યતા બતાવીને દ્રષ્ટિને સંયોગો પરથી હટાવીને સ્વભાવની તરફ જવા માટે પ્રેરિત કરવામાં આવે છે; પણ મોહ-રાગ-દ્વેષનાં જોરથી અજ્ઞાની અને રાગ-દ્વેષનાં જોરથી જ્ઞાની પણ જ્યારે અનિત્ય સંયોગોની સુરક્ષાને માટે શરણ શોધવા લાગે છે તો અશરણ ભાવનામાં સયોગોની અશરણતા તેમજ સ્વભાવની પરમ શરણભૂતતાનું સૂક્ષ્મ જ્ઞાન અનેક યુક્તિઓ તેમજ ઉદાહરણોનાં માધ્યમથી કરાવવામાં આવે છે; પરંતુ જ્યારે તે આકુળ વ્યાકુળ થઈ પ્રાપ્ત સંયોગોમાં જ સુખની કલ્પના કરવા લાગે છે તો સંસાર ભાવનામાં સુખ પ્રાપ્તિમાં સંયોગોની નિરર્થકતા

તેમજ સ્વભાવની સાર્થકતાનું જ્ઞાન કરાવવામાં આવે છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે ભાવનાઓની ચિન્તન પ્રક્રિયામાં પવિત્ર ઉદ્દેશ્યની પૂર્તિ કરવાવાળો એક ક્રમિક વિકાસ છે; છેવટે આ અત્યંત સ્પષ્ટ છે કે સંસાર ભાવના અનિત્ય કે અશરણ ભાવનામાં ચિન્તિત વિષયોને વારંવાર દોહરાવ્યા નથી, પરંતુ ચિન્તન પ્રક્રિયાનો આગળનો અને આવશ્યક પગલું છે.

આ વાત પણ અત્યંત સ્પષ્ટ છે કે સંસાર ભાવનામાં સંસારની અસારતા એટલે સંયોગોની નિરર્થકતા તથા આત્મ સ્વભાવની સારભૂતતા એટલે સાર્થકતાનો વિચાર કરવામાં આવે છે, ચિન્તન કરવામાં આવે છે.

ઊંડાણથી વિચાર કરીએ તો દુઃખનું જ બીજું નામ સંસાર છે. અનાદિ કાળથી ચારગતિમાં ભટકી રહેલા આ જીવે અનંત દુઃખ ભોગવ્યાં છે અને નિરંતર ભોગવી રહ્યો છે. ઘણાં જ ભાગ્યથી સહજ જ વિચાર શક્તિ અને વિચારનો અવસર પ્રાપ્ત થઈ ગયો છે; છેવટે અવસર ચૂકવો યોગ્ય નથી. સંસારમાં સુખની કલ્પનામાં રાચી રહીને જો આ અવસર ચૂકી ગયો તો પછી ચાર ગતિ અને ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકવાને અતિરિક્ત કોઈ ઉપાય નહીં રહેશે; છેવટે સંસારની અસારતા જાણીને સારભૂત નિજ શુધ્ધાત્માની આરાધનામાં જ સાર છે.

સંસાર ભાવના સંબંધી આ પ્રકારના વિચાર–મનન–ચિંતનની સાર્થકતા ત્યારે છે; જ્યારે ચિન્તકની દ્રષ્ટિ, ઉપયોગ અને ધ્યાન સંયોગો પરથી હટીને સ્વભાવ સન્મુખ થઈ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે.

બધા આત્માર્થીજન સંસારનાં દુઃખમયી સ્વરૂપનો વિચાર કરી સ્વભાવ સન્મુખ થઈ અનંત સુખને પ્રાપ્ત કરે. આ પાવન ભાવનાની સાથે વિરામ લઉં છું.



## (૪) એકત્વ ભાવના

**आनन्द का रसकन्द सागर शान्ति का निज आत्मा ।**
**सब द्रव्य जड पर ज्ञान का घनपिण्ड केवल आत्मा ॥**
**जीवन–मरण सुख–दुख सभी भोगे अकेला आत्मा ॥**
**शिव–स्वर्ग नर्क–निगोद में जावे अकेला आत्मा ॥१॥**

નિજ ભગવાન આત્મા આનંદનો રસકંદ, જ્ઞાનનો ઘનપિંડ તેમજ શાંતિનો સાગર છે. એક આત્માને છોડીને બાકી બધા દ્રવ્ય જડ છે. આ સંસારમાં આ આત્મા જીવન–મરણ અને સુખ દુઃખને એકલો જ ભોગવે છે અને નરક, નિગોદ, સ્વર્ગ કે મોક્ષમાં પણ એકલો જ જાય છે.

**इस सत्य से अनभिज्ञ ही रहते सदा बहिरातमा।**
**पहिचानते निजतत्व जो वे ही विवेकी आत्मा ॥**
**निज आत्मा को जानकार निज में जमे जो आत्मा ॥**
**वे भव्यजन बन जायेंगे पर्याय में परमातमा ॥२॥**

બહિરાત્મા અજ્ઞાની જીવ કથિત સત્યથી અપરિચિત જ રહે છે. જે આત્મા કથિત સત્ય અને નિજ આત્મ તત્ત્વને ઓળખે છે, તે જ વિવેકી જ્ઞાની છે. જે જીવ નિજ આત્મ તત્ત્વને ઓળખીને, જાણીને નિજમાં જ જામી જાય છે, રમી જાય છે ; તે ભવ્ય જીવ પર્યાયમાં પણ પરમાત્મા બની જાય છે.

**सत्यार्थ है बस बात यह कुछ भी कहो व्यवहार में ।**
**संयोग हैं सर्वत्र पर साथी नहीं संसार में ॥**
**संयोग की आराधना संसार का आधार है ।**
**एकत्व की आराधना आराधना का सार है ॥३॥**

વ્યવહારમાં કાંઈ પણ કેમ ન કહી શકાય, પણ સત્યાર્થ વાત તો આ જ છે. સંસારમાં સંયોગ તો સર્વત્ર દેખાય છે, પણ સગા સાથી કોઈ નથી મળતા. સંયોગની આરાધના – મોહ, મહિમા જ સંસારનું કારણ છે, આધાર છે ; અને નિજ એકત્વની આરાધના જ આરાધનાનો સાર છે.

एकत्व ही शिव सत्य है सौन्दर्य है एकत्व में ।
स्वाधीनता सुख शान्ति का आवास है एकत्व मैं ॥
एकत्व को पहिचानना ही भावना का सार है ।
एकत्व की आराधना आराधना का सार है ॥४॥

એકત્વ જ સત્ય છે, એકત્વ જ સુંદર છે અને એકત્વ જ કલ્યાણકારી છે. સુખ, શાંતિ અને સ્વાધીનતા એકત્વનાં આશ્રયથી જ પ્રગટ થાય છે, કેમ કે એનો આવાસ એકત્વમાં જ છે. એકત્વ ભાવનાનો સાર તો એકત્વને ઓળખવામાં જ છે, અને એકત્વની આરાધના જ આરાધનાનો સાર છે.

બંધન ત્યાં સુધી બંધન છે, જ્યાં સુધી બંધનની અનુભૂતિ છે. જો કે પર્યાયમાં બંધન છે, તોપણ આત્માતો અબંધ સ્વભાવી જ છે. અનાદિકાળથી આ અજ્ઞાની પ્રાણી અબંધ સ્વભાવી આત્માને ભૂલીને બંધન પર કેન્દ્રિત થઈ રહ્યો છે. ખરેખર બંધનની અનુભૂતિ જ બંધન છે. વાસ્તવમાં ''હું બંધાયેલો છું' આ વિકલ્પથી જીવ બંધાયેલ છે. લૌકિક બંધનથી વિકલ્પનું બંધન વધુ મજબૂત છે. વિકલ્પનું બંધન તુટી જાય અને અબંધની અનુભુતી સઘન થઈ જાય તો બાહ્ય બંધન પણ સહજ જ તુટી જાય છે, બંધનનાં વિકલ્પથી, સ્મરણથી, મનનથી દીનતા હીનતાના વિકાસ થાય છે. સબંધની અનુભૂતિથી, મનનથી, ચિન્તનથી શૌર્યના વિકાસ થાય છે. પુરુષાર્થ સહજ જાગૃત થાય છે. પુરુષાર્થની જાગૃતિમાં બંધન ક્યાં!

તીર્થંકર મહાવીર ઔર ઉનકા સર્વોદય તીર્થ–પાનું ૭૦



# એકત્વ ભાવના : એક ચિન્તવન

एकत्व ही शिव सत्य है सौन्दर्य है एकत्व में ।
स्वाधीनता सुख–शान्ति का आवास है एकत्व में ॥
एकत्व को पहिचानना ही भावना का सार है ।
एकत्व की आराधना आराधना का सार है ॥३॥

અનિત્ય, અશરણ અને સંસાર ભાવનાના ચિન્તનમાં સંયોગોની ક્ષણભંગુરતા, અશરણતા કે નિરર્થકતા અને નિજ સ્વભાવની નિત્યતા, શરણભૂતતા તેમજ સાર્થકતા અત્યંત સ્પષ્ટ થઈ જવા છતાં પણ જ્ઞાની–અજ્ઞાની બધાને પોત–પોતાની ભૂમિકા અનુસાર સુખ–દુઃખ હળીમળીને ભોગવી લેવાનો વિકલ્પ ઓછો વધારે બની જ રહે છે, જડમૂળથી સાફ નથી થતો.

કથિત વિકલ્પને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે જ એકત્વ અને અન્યત્વ ભાવનાનું ચિન્તન કરવામાં આવે છે.

એકત્વ અને અન્યત્વ ભાવનામાં અસ્તિ–નાસ્તિનો જ અંતર છે. જે વાતનું એકત્વ ભાવનામાં અસ્તિથી ચિન્તન કરવામાં આવે છે; એ વાતને અન્યત્વ ભાવનામાં નાસ્તિથી ચિન્તન થાય છે.

વૃહદદ્રવ્ય સંગહની ૩૫મી ગાથાની ટીકામાં બન્ને ભાવનાઓનું અંતર સ્પષ્ટ કરતાં લખ્યું છે :–

**एकत्वानुप्रेक्षायामेकोऽहमित्यादिविधिरुपेण व्याख्यानं, अन्यत्वानुंप्रेक्षायां तु देहादयो मत्सकाशादन्ये, मदीया न भवन्तीति निषेधरुपेण । इव्येकत्वान्यत्वानुप्रेक्षायां विधिनिषेधरुप एव विशेषस्तात्पर्यं तदेव ।**

એકત્વ–અનુપ્રેક્ષામાં ''હું એક છું''–ઈત્યાદી પ્રકારથી વિધિરૂપ વ્યાખ્યા છે અને અન્યત્વ–અનુપ્રેક્ષામાં દેહાદિ પદાર્થ મારાથી ભિન્ન છે, મારા નથી–આ પ્રકારે નિષેધરૂપથી વ્યાખ્યા છે. આવી રીતથી એકત્વ અને અન્યત્વ આ બન્ને અનુપ્રેક્ષાઓમાં હકાર અને

નિષેધરૂપ જ અંતર છે, બન્નેનું તાત્પર્ય એક જ છે.

અન્યત્વ ભાવનાની ચર્ચા યોગ્ય સ્થળે થશે. હમણાં તો અહીં એકત્વ ભાવનાનું ચિન્તવન જ અપેક્ષિત છે.

જીવન-મરણ, સુખ-દુઃખ આદિ પ્રત્યેક સ્થિતિને જીવ એકલો જ ભોગવે છે, કોઈ પણ સ્થિતિમાં કોઈનો સાથ સંભવ નથી. વસ્તુની આ સ્થિતિનું ચિન્તન એકત્વ ભાવનામાં ઊંડાણથી કરવામાં આવે છે, અનેક યુક્તિઓ અને ઉદાહરણોથી કથિત તથ્યની જ પુષ્ટિ કરવામાં આવે છે.

એકત્વ ભાવનાનું સ્વરૂપ સ્પષ્ટ કરવાવાળું મૂલ્યાંકિત છંદ જોવાલાયક છે :-

**''एकाकी चेतन सदा, फिरे सकल संसार ।**
**साथी जीव न दूसरो, यहु एकत्व विचार ॥''**

કથિત છંદમાં આ વાત સ્પષ્ટરૂપથી કહેવામાં આવી છે કે સંપૂર્ણ સંસારમાં પરિભ્રમણ કરતો આ જીવ પ્રત્યેક પરિસ્થિતમાં હંમેશાં એકલો જ રહે છે, કોઈ બીજો સાથ નથી આપતો. આ વિચાર કરવો જ એકત્વ ભાવના છે.

**''आप अकेला अवतरे, मरे अकेला होय ।**
**यों कबहूँ या जीव को, साथी सगा न कोय ॥**

આ છંદમાં જન્મ અને મરણમાં એકલાપણું બતાવીને માત્ર જન્મ અને મરણમાં જ એકલાપણું નથી બતાડ્યું, નિશ્ચયથી જન્મથી લઈને મરણ સુધી દરેક પરિસ્થિતીમાં એકલાપણું બતાવ્યું છે.

એક વાત બીજી પણ કહી છે કે આ દુઃખમય સંસારમાં કહેવાવાળા સાથી તો ઘણાં મળી જશે, પણ સગા સાથી - વાસ્તવિક સાથી કોઈ નથી હોતા ; કેમકે વસ્તુસ્થિતિને અનુસાર કોઈ કોઈને સાથ આપી જ નથી શકતો.

આ તથ્યને મૂલ્યાકિંત છંદમાં બીજા પણ વધારે માર્મિક રીતથી કહેવામાં આવ્યું છે.



**''जन्मे-मरे अकेला चेतन सुख-दुख का भोगी ।**
**और किसी का क्या इक दिन यह देह जुदी होगी ॥**
**कमला चलत न पैंड जाय मरघट तक परिवारा ॥**
**अपने-अपने सुख को रोवे पिता पुत्र दारा ॥**
**ज्यों मेले में पंथी जन मिलि नेह घरें फिरते ।**
**ज्यों तरुवर पै रैन बसेरा पंछी आ करते ॥**
**कोस कोई दो कोस कोई उड-उड फिर थक हारे ।**
**जाय अकेला हंस संग में कोई न पर मारे ॥''**

આ પ્રકારનો ભાવ આચાર્ય પૂજ્યપાદે પણ સર્વાર્થસિદ્ધિમાં વ્યકત કર્યો છે.

જેમકે સંસાર ભાવનાનાં ચિન્તવનમાં સ્પષ્ટ કરવામાં આવેલું છે કે બાર ભાવનાઓનાં ચિન્તનનો એક મુખ્ય ઉદેશ્ય દ્રષ્ટિને સંયોગો પરથી હટાવી સ્વભાવની તરફ લઈ જવાની છે ; કેમકે સંયોગાધીન દ્રષ્ટિ જ સંસારના દુખોનું મૂળ છે, આ વાતને ધ્યાનમાં રાખીને એકત્વ ભાવનામાં આ તથ્યની તરફ વારંવાર ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે કે સાથીની શોધ ક્યારે સફળ થવાની નથી; કેમકે સાથની વાત જ અસંભવ છે, વસ્તુસ્થિતિની વિરુદ્ધ છે.

ભલે જ ક્ષણભંગુર ખરા, અશરણ ખરા, નિરર્થક ખરા, પણ સંયોગ છે તો ખરા, પરંતુ સાથી તો જગતમાં કોઈ છે જ નહી : પર દ્રવ્યોનો સંયોગ છે, પણ સાથ નથી. પર સંયોગી છે, પણ સાથી નથી.

સંયોગ અને સાથમાં અંતર છે. સંયોગ તો માત્ર સંયોગ છે, પણ સાથમાં સહયોગ અપેક્ષિત છે. સંયોગમાં સહયોગ ભેગું કરવાથી સાથ થાય છે. ગણિતની ભાષામાં આપણે આ પ્રકારે વ્યકત કરી શકીએ :- સંયોગ + સહયોગ = સાથ. બે વ્યકિતઓનું એક સ્થળ પર સાથે ઉપસ્થિત હોવું સંયોગ છે, એમાં પરસ્પર સહયોગ થવું સાથ છે.

દીકરો પહેલી વખત મુંબઈ જઈ રહ્યો હતો. એને ગાડીમાં બેસાડી પિતાજી જ્યારે ઘરે પાછા આવ્યા ત્યારે માએ પૂછ્યું :-

"ઉદાસ કેમ છો ? બેટાને બેસવાની જગ્યા તો મળી ગઈ ને ?"

"હા, મળી તો ગઈ હતી; પણ ગિરદી બહુ હતી, પગ રાખવાની પણ જગ્યા ન હતી. ચિંતા જગ્યાની નથી, એ વાતની છે કે પુત્ર પહેલી વખત મુંબઈ જઈ રહ્યો છે અને તે પણ એકલો."

"એકલો કેમ ; તમે તો કહી રહ્યા છો કે ગાડીમાં પગ રાખવાની પણ જગ્યા ન હતી ?"

"ગિરદી બહુ હતી, પણ સાથી કોઈ નહીં."

ગિરદી તો માત્ર સંયોગની સૂચક છે, સાથની નહીં. જ્યારે સંયોગમાં સહયોગ, પોતાપણું જોડાઈ જાય છે તો સાથ થઈ જાય છે. પરંતુ જ્યારે કોઈ આપણું છે જ નહીં, કોઈ કોઈનો સહયોગ કરી જ ન શકે; ત્યારે સાથની વાત જ ક્યાં રહી જાય છે ?

જગતમાં સંયોગ છે, પણ સાથ નહી : સંયોગનો ઈન્કાર કરવો પણ ભૂલ છે અને સાથ માનવું પણ ભૂલ છે. જો કે સંયોગ ક્ષણભંગુર છે, અશરણ છે, અસાર છે, પણ છે અવશ્ય; પરંતુ સાથ તો છે જ નહીં :

અનિત્ય ભાવનામાં સંયોગોની અનિત્યતા, અશરણ ભાવનામાં સંયોગોની અશરણતા, સંસાર ભાવનામાં સંયોગોની અશારતા સમજાઈ જાય છે તો એકત્વ ભાવનામાં સંયોગની સ્વીકૃતિની સાથે-સાથે સાથનો ઈન્કાર કરવામાં આવે છે. સાથના નકારનું નામ જ એકલાપણું (એકત્વ)ની સ્વીકૃતિ છે. એકત્વ ભાવનાનું મૂળ નિરૂપણ એજ એકલાપણું (એકત્વ) છે.

ચિત્તમાં એકલાપણાની ચિન્તનધારાનો અવિરામ પ્રવાહ જ એકત્વ ભાવના છે. એકત્વ ભાવનાનાં ચિન્તન પ્રવાહને જોવા માટે કવિવર ગિરધરનો મૂલ્યાંકિત છંદ ઉલ્લેખનીય છે :-



"आये हैं अकेले और जायेंगे अकेले सब,
भोगेंगे अकेले दुःख सुख भी अकेले ही ।
माता पिता भाई बन्धु सुत दारा परिवार,
किसी का न कोई साथी सब हैं अकेले ही ॥
गिरधर छोडकर दुविधा न सोचकर,
तत्व छान बैठ के एकान्त में अकेले ही ।
कल्पना है नाम रुप झूठे राव रंक भूप,
अद्वितीय चिदानन्द तू तो है अकेलो ही॥

કથિત છંદમાં અંતરમાં દાખલ થનાર એકલાપણાની અનુભૂતિનો ચંચળ પ્રવાહ તો છે જ, સમ્યગદર્શનનો નિર્દેશ પણ છે. એકલાપણું (એકત્વ) છે સ્વરૂપ જેનું - એવા અદ્વિતીય ચિદાનંદ ઘન આત્માને અસત્ કલ્પનાઓથી વિમુખ થઈને એકાંતમાં બેસીને એકલા જ તત્ત્વ અભ્યાસ કરવાની માર્મિક પ્રેરણા પણ આમાં આપવામાં આવી છે.

**એકત્વ (એકલાપણું) આત્માની મજબૂરી નથી, સહજ સ્વરૂપ છે.**

એકત્વ આત્માનો એવો સ્વભાવ છે, જે અનાદિકાળથી દરેક સમયે એની સાથે છે અને અનંતકાળ સુધી રહેશે; કેમ કે તે આત્માનો દ્રવ્યગત સ્વભાવ છે. આ રીતે અન્યત્વ પણ આત્માનો દ્રવ્યગત સ્વભાવ જ છે. નિજમાં એકત્વ અને પરથી અન્યત્વ વસ્તુની સ્વભાવગત વિશેષતાઓ છે, એના સિવાય વસ્તુનું અસ્તિત્વ પણ સંભવ નથી.

આચાર્ય કુંદકુંદે સમયસરમાં આ એકત્વ-વિભકત આત્માના પ્રતિપાદની પ્રતિજ્ઞા કરી છે. સંપૂર્ણ સમયસાર એકત્વ-વિભકત આત્માના પ્રતિપાદનને જ સમર્પિત છે.

જેમ કે મૂલ્યાંકિત પંક્તિમાં સ્પષ્ટ છે :-

"तं एयत्तंविहत्तं दाएहं अप्पाणो सविहवेण" ।

**"આ એકત્વ-વિભકત આત્માને હું મારા નિજ વૈભવથી દેખાડું છું."**

**એકત્વ ન કેવળ આત્માનું, નિશ્ચયથી દરેક પદાર્થનું સૌંદર્ય છે ; પરની સાથેના સંબંધ (સાથ) ની ચર્ચા જ અસત્ છે, વિસંવાદ ઉત્પન્ન કરવાવાળી છે.**

**એકત્વ વસ્તુની અખંડતાનું સૂચક છે, કણ-કણની સ્વતંત્ર સત્તાનું સૂચક છે.** સાથ કે સાથીની કલ્પના વસ્તુની અખંડતાની પરીક્ષા છે, સ્વતંત્ર સત્તાને પડકાર છે.

એકત્વની પ્રતીતિમાં સ્વાધીનતાનું સ્વાભિમાન જાગૃત થાય છે, સ્વાવલંબનની ભાવના પ્રબળ થાય છે અને વૃતિનું સહજ સ્વભાવ સન્મુખ વલણ હોય છે. એકત્વ ભાવનાનાં ચિન્તનનું વાસ્તવિક સુંદર ફળ એ જ છે. ધ્યાન રહે એકત્વ વસ્તુનો ત્રિકાળ સ્વભાવ છે અને તત્સંબંધી ચિન્તન, મનન, વિચાર તેમજ તદ્રૂપ પરિણામ એકત્વ ભાવના છે.

અખંડ સ્વાધીનતાની સૂચક અને સ્વાવલંબનની પ્રેરક એકત્વ ભાવનાના ચિન્તનથી જે ઉલ્લાસ અને આનંદનો અતિરેક જીવનમાં વિકસિત થવો જોઈએ, દેખાઈ જવો જોઈએ; તે આજે જોવા નથી મળતો, આજના માણસને તો એકલાપણું ખાવા માટે દોડે છે.

સામાન્ય માણસોની વાત તો જવા દઈએ, આજે ત્યાગીઓને પણ સાથ જોઈએ છે. સાંસારિક કાર્યોમાં તો સાથ જોઈએ છે ; પણ ગજબ તો એ છે કે આને સાધનામાં પણ સાથ જોઈએ, આરાધનામાં પણ સાથ જોઈએ, જ્ઞાનમાં પણ સાથ જોઈએ, ધ્યાનમાં પણ સાથ જોઈએ. નરક-સ્વર્ગની વાત તો જવા દઈએ; ; મોક્ષ પણ એકલા જવું સ્વીકાર નથી, ત્યાં પણ સાથ જોઈએ. હવે તો ધ્યાન પણ એકાંતમાં ન થઈ સમૂહમાં થાય છે.

આને લક્ષ્માં રાખીને મેં ઘણા સમય પહેલાં લખ્યું હતું :-

**''ले दौलत प्राणप्रिया को तुम मुक्ति न जाने पाओगे ।**
**यदि एकाकी चल पडे नहीं तो यहीं खडे रह जाओगे''।**

એકત્વ ભાવનાનાં સ્વરૂપને સ્પષ્ટ કરતાં બ્રહ્મદેવ લખે છે :-



''નિશ્ચય રત્નત્રય જ જેનું એક લક્ષણ છે, એવી એકત્વ ભાવનારૂપથી પરિણમિત આ જીવના સહજ અનંત સુખાદિ અનંત ગુણોનો આધારભૂત કેવળજ્ઞાન જ એક સહજ શરીર છે. અહીં શરીર શબ્દનો અર્થ સ્વરૂપ છે, સપ્તધાતુમય ઔદારિકાદિ શરીર નહીં.

આ પ્રમાણે આર્ત-રોદ્ર દુર્ધ્યાનથી વિલક્ષણ પરમ સામાયિક જેનું લક્ષણ છે, એવી એકત્વ ભાવનાથી પરિણમિત નિજાત્મ તત્ત્વ જ હંમેશાં એક શાશ્વત પરમ હિતકારી ભાઈ છે ; વિનશ્વર અને અહિતકારી પુત્ર-સ્ત્રી આદિ નહી :

આ પ્રમાણે પરમ-ઉપેક્ષા સંયમ જેનું લક્ષણ છે-એવી એકત્વ ભાવના સહિત સ્વ શુદ્ધાત્મ પદાર્થ એક જ અવિનાશી અને હિતકારી પરમ-અર્થ છે : સુવર્ણાદિ પદાર્થ અર્થ (ધન) નથી.

આ પ્રમાણે નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન નિર્વિકાર પરમાનંદ જેનું લક્ષણ છે - એવું અનાકુળ સ્વભાવયુક્ત આત્મસુખ જ એક સુખ છે ; આકુળતાનું ઉત્પાદક ઈન્દ્રીય સુખ નહીં :

જો કોઈ એમ કહે કે શરીર, બંધુજન, સુવર્ણાદિ અર્થ તેમજ ઈન્દ્રિય સુખ આદિ નિશ્ચયથી જીવનાં નથી, આ કેમ કહી શકાય ?

તેને કહીએ છીએ કે મરણ સમયે જીવ એકલો જ બીજી ગતિમાં જાય છે, શરીરાદિ જીવની સાથે નથી જતાં.

અને જયારે જીવ રોગોથી ઘેરાઈ જાય છે, ત્યારે પણ વિષય-કષાયાદિ દુર્ધ્યાનથી રહિત નિજ શુદ્ધાત્મા જ સહાયક થાય છે.

જો કોઈ કહે કે રોગાદિની અવસ્થામાં શુદ્ધાત્મા કયા પ્રકારે સહાયક થાય છે ; શું તેનાથી રોગાદિ મટી જાય છે ?

તેમને કહીએ છીએ કે રોગાદિનાં મટવાની વાત નથી ; તો પણ જો ચરમ શરીર હોય તો શુદ્ધાત્માની આરાધનાથી એ જ ભવમાં કેવળજ્ઞાનાદિને પ્રગટરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે અને જો ચરમ શરીર ન હોય તો સંસારની સ્થિતિ હટાવી દેવેન્દ્રાદિ સંબંધી પુણ્યનાં સુખ થાય છે, તે ઉપરાંત પરંપરાથી મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે.

મોક્ષપાહુડ ગાથા ૨૩માં પણ કહ્યું છે કે તપ કરવાથી સ્વર્ગ તો બધા પ્રાપ્ત કરે છે, પરંતુ ધ્યાનના યોગથી જે સ્વર્ગ પ્રાપ્ત કરે છે, તે આગામી ભવમાં અક્ષય સુખ પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે એકત્વ ભાવનાનું ફળ જાણીને નિજ શુદ્ધાત્માનાં એકત્વની ભાવના નિરંતર કરવી જોઈએ.

બાર ભાવનાઓનાં ચિન્તનની એક આવશ્યક શરત એ છે કે તેના ચિન્તનથી આનંદની જાગૃતિ થવી જોઈએ. જો એમ નહીં થાય તો સમજવું જોઈએ કે ક્યાંક કાંઈ ગરબડ અવશ્ય છે.

'એકલું જ મરવું પડશે, એકલું જ પેદા થવું પડશે, સુખ-દુઃખ પણ એકલા જ ભોગવવું પડશે' - આ પ્રકારના ચિન્તનથી જો ખેદ ઉત્પન થાય છે તો આપણે આપણી ચિન્તન - પ્રક્રિયા પર ઊંડાણથી વિચાર કરવો જોઈએ. જો આપણી ચિન્તન પ્રક્રિયાની દિશા સાચી હોય તો આહ્લાદ (આનંદ) આવવો જ જોઈએ.

જરા ઊંડાણથી વિચાર કરીએ તો બધું સહજ જ સ્પષ્ટ થઈ જશે.

તમને એ ફરિયાદ છે કે સુખ દુઃખ, જીવન - મરણ બધું આપણે એકલાએ જ ભોગવવુ પડે છે ; કોઈ સગાસંબંધી પણ સાથ નથી આપતા શું, તમારી આ ફરિયાદ ઉચિત છે ?

જરા આની પર નજર કરીએ કે કોઈ સાથ નથી આપતા અથવા આપી નથી શકતા ? વસ્તુ સ્વરૂપની અનુસાર જ્યારે કોઈ સાથ આપી જ નથી શકતા, 'તો સાથ નથી આપતા' - આ પ્રશ્ન ક્યાં રહી જાય છે ?

જ્યારે આપણે એમ વિચારીએ છીએ કે કોઈ સાથ નથી આપતું તો આપણને દ્વેષ ઉત્પન થાય છે ; પણ જો એમ વિચારીએ કે કોઈ સાથ આપી જ ન શકે તો સહજ ઉદાસીનતા ઉત્પન્ન થશે, વીતરાગ ભાવ જાગૃત થશે.

આચાર્ય શ્રી પૂજ્યપાદ એકત્વાનુંપ્રેક્ષાનું પ્રયોજન અને ફળ



દેખાડીને લખે છે :-

> **''एवं ह्यस्य भावयतः स्वजनेषु प्रीत्यनुबन्धो न भवति परजनेषु च द्वेषानुबन्धो नोपजायते । ततो निसङ्गतामभ्युपगतो मोक्षायैव घटते ।''**

આ પ્રમાણે ચિન્તવન કરતાં આ જીવનાં સ્વજનોમાં પ્રીતિનો સંબંધ નથી થતો અને પારકામાં દોષનો સંબંધ નથી થતો, એટલે નિસંગતાને પ્રાપ્ત કરીને મોક્ષના માટે જ પ્રયત્ન કરે છે.

જો કે વસ્તુસ્થિતિ એ છે કે કોઈ સાથ આપી ન શકે ; તો પણ હવે જરા આ વાત પર પણ વિચાર કરી લઈએ કે જીવન - મરણ અને સુખ-દુઃખમાં જો તમારો પરિવાર સાથ આપી પણ શકતો હોત અને આપવા માટે તૈયાર પણ થાય તો શું તમે એમ ચાહો છો કે તમારા મરવાની સાથે જ તમારો બધો પરિવાર સમાપ્ત થઈ જાય અથવા તમારા બિમાર પડતાં બધા બિમાર થઈ જાય.

નહીં, ક્યારેય નહી; તો પછી ''કોઈ સાથ નથી આપતું'' નો કયો અર્થ રહી જાય છે ?

આ પ્રમાણે શું તમે ચાહો છો કે તમારા જન્મની સાથે જ તમારા પરિવારવાળા અને ઈષ્ટ મિત્રોનો જન્મ પણ થાય ? જો એમ થાય તો પછી તમારો દીકરો, દીકરો નહીં થાત, તમારો જોડિયો ભાઈ થાત.

આ વાત તો તમને પણ સ્વીકાર્ય નહીં હશે. જો હા, તો પછી વ્યર્થની ફરિયાદ શા માટે ? સનાતન સત્યની સહજ સ્વીકૃતિ કેમ નહીં ?

એકત્વ જ સનાતન સત્ય છે, સાથેની કલ્પના માત્ર કલ્પના જ છે, એકત્વ જ શિવ છે, કલ્યાણકારી છે : સાથની કલ્પના અમંગળ છે, દુઃખનું મૂળ છે. એકત્વ જ સુંદર છે, સાથની કલ્પના માત્ર કલ્પના રમ્ય જ છે.

એકત્વ જ સત્ય છે, શિવ છે, સુંદર છે. સાથ છે જ નહીં;

છેવટે તેનું કાંઈ હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. સાથ નહીં સત્ય છે, નહીં અસત્ય છે, નહીં શિવ છે, નહીં અશિવ છે, નહીં સુંદર છે, નહીં અસુંદર છે ; કેમકે જ્યારે તે છે જ નહીં, તો પછી 'શું છે, કેવું છે'? – બીજા પ્રશ્ન જ અસંભવ છે.

આથી તમે કહી શકો છો કે અમે એ તો નથી ઈચ્છતા કે અમારા પુત્ર–પરિવાર અમારી સાથે જ જન્મે મરે, દુઃખ ભોગવે, તો પણ એકલાપણું .......

ભાઈ ! મહાનતા તો એકત્વમાં જ છે, એકલપણામાં જ છે. માનવ તો એકલો જ જન્મે– મરે છે, કૂતરા–સુવર અવશ્ય પાંચ દશ એકી સાથે પેદા થતા જોવાય છે. સર્પ એક સાથે ઘણા પેદા થાય છે. અનંતોના એકીસાથે જન્મ–મરણ તો નિગોદિયા જીવોમાં જ જોવા મળે છે. – આ પ્રમાણે જો ઊંડાણથી વિચારીએ તો જન્મ–મરણના સાથી શોધવાનો અર્થ નિગોદને આમંત્રણ આપવાનો છે, નિગોદની તૈયારી છે.

આના પર કોઈ કહે કે નિગોદમાં જ ભલે, પણ સાથ તો મળી રહેશે ને !

નહીં, સાથ નહી; સંગ મળશે, સંયોગ મળશે. નિગોદમાં પણ અનંત જીવોનો સંગ જ છે, સંયોગ જ છે, સાથ નહીં ; કેમકે એમાં પરસ્પર સંયોગ નથી, માત્ર એક ક્ષેત્રવગાહત્વ છે.

ચક્રવર્તીપણું તેમજ તીર્થંકર પદ હળી–મળીને પ્રાપ્ત નથી થતા. બે ચાર વ્યકિત હળી–મળીને તીર્થંકર કે ચક્રવર્તી નથી બનતા, તીર્થંકર એક જ હોય છે અને ચક્રવર્તી પણ એક જ હોય છે.

**ભાઈ ! આત્માનો એકલાપણું અભિશાપ નથી, વરદાન છે.** જે એકલાપણું તને આજે ગમતું નથી, ખરેખર તે જ આનંદનું ધામ છે. જે સાથને માટે તું આટલો આકુળ–વ્યાકુળ થઈ રહ્યો છે, તે માત્ર મૃગતૃષ્ણા છે, કયારે ન પ્રાપ્ત થવાવાળી કલ્પના છે.

સાથ શોધવાનો પ્રયાસ ન તો આજ સુધી કોઈનો સફળ થયો



છે અને ન કયારે થશે. આ દિશામાં કરવામાં આવેલ બધો શ્રમ વ્યર્થ જ જવાનો છે. સારી પેદાશની આશાથી પત્થર પર બીજ વાવવાની જેમ આ વ્યર્થના શ્રમથી શું લાભ છે ?

જ્ઞાનીજન તો પોકારી–પોકારીને કહેતા રહે છે :–

**जीव तू भ्रमत सदेवे अकेला, संग साथी नहीं कोइ तेरा ॥ टेक ॥**
**अपना सुख–दु:ख आपहि भुगते, होत कुटुंम्ब न भेला ।**
**स्वार्थ भयैं सब बिछरी जात हैं, विघट जाता ज्यों मेला ॥**
**जीव तू भ्रमत सदैव अकेला ॥१॥**
**रक्षक कोई न पूरन है जब, आयु अन्त की बेला ॥**
**फूटत पार बँधत नहिं जैसे, दुद्धर जल को ढेला ॥**
**जीव तू भ्रमत सदैव अकेला ॥२॥**
**तन–धन–जीवन विनश जात ज्यों, इन्द्रजाल का खेला ।**
**'भागचंन्द' इमि लखकरि भाई, हो सत गुरु का चेला ॥**
**जीव तू भ्रमत सदैव अकेला ॥३॥**

આ બધા ચિન્તનનો સાર આ જ છે કે પરનો સાથ શોધવાનો વ્યર્થ વિકલ્પોથી અલગ હો; જ્ઞાનનાં ઘનપિંડ, આનંદના કંદ, શાંતિના સાગર, નિજ પરમાત્મા તત્ત્વને ઓળખીને એમાં લીન રહો, સંતુષ્ટ રહો, તૃપ્ત રહો. સુખી થવાનો એકમાત્ર આજ ઉપાય છે.

એકત્વ–વિભકત આત્માના પ્રતિપાદક ગ્રંથાધિરાજ સમયસારમાં આચાર્ય કુંદકુંદ આદેશ આપે છે, આશીર્વાદ આપે છે કે :–

**''एदम्हि रदो णिच्चं संतुट्ठो होइ णिच्चमेदम्हि ।**
**एदेण होहि तित्तो होहदि तुह उतमं सोक्खं ॥**

હે આત્મન્ ! તું આ જ્ઞાનાનંદ સ્વભાવી આત્મામાં જ નિત્ય પ્રીતિવંત રહો, એમાં જ નિત્ય સંતોષને પ્રાપ્ત રહો અને એનાથી જ તૃપ્ત રહો અને એનાંથી જ ઉત્તમ સુખ પ્રાપ્ત થશે.

આચાર્ય ભગવંતોનો માત્ર એ જ આદેશ છે, એ જ ઉપદેશ છે, એ જ સંદેશ છે કે સંપૂર્ણ જગતથી દ્રષ્ટિ હટાવી એકમાત્ર પોતાના

આત્માની સાધના કરો, આરાધના કરો, તેને જ જાણો, ઓળખો, તેમાં જામી જાઓ, તેમાં જ રમી જાઓ, તેમાં જ સમાઈ જાઓ; એનાંથી જ અતિન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે – પરમ સુખી થવાનો એકમાત્ર એ જ ઉપાય છે.

પરને છોડવા માટે, પરથી છૂટવા માટે આનાથી ભિન્ન કંઈ પણ કરવાની આવશ્યકતા નથી; કેમકે પર તો છૂટા જ છે. તે તારા કદિ થયાં જ નથી, તેં જ તેમને અજ્ઞાનવશ પોતાના માની રાખ્યા હતા, પોતાનાં જાણી રાખ્યા હતા અને એનાંથી રાગ કરી વ્યર્થ જ દુઃખી થઈ રહ્યો હતો. તું તારામાં મગ્ન થયો તો તે છૂટેલા જ છે.

એટલે તો કરૂણાસાગર કાર્તિકેય સ્વામી સમજાવે છે :–

**''सव्वायरेण जाणह इक्कं सरीरदो भिण्णं ।**
**जम्हि दु मुणिदे जीवे होदि असेसं खणे हेयं ॥''**

પૂરા પ્રયત્નથી શરીરથી ભિન્ન આ જીવને જ જાણો. એને જાણી લઈને શરીરાદિ સમસ્ત બાહ્ય પદાર્થ એક ક્ષણમાં હેય થઈ જાય છે.

પરના સાથના અભિલાષી પ્રાણીઓ ! તમારો સાચો સાથી આત્માનો અખંડ એકત્વ જ છે, બીજો નહીઃ આ એકત્વ તમારો સાચો સાથી જ નથી, ઐરાવત હાથી પણ છે; તેનું આશ્રય ગ્રહણ કરો, એનાં પર બેસી સ્વયં અંતરનાં ધર્મતીર્થનાં પ્રવર્તક તીર્થંકર બની જાઓ ; ધર્મની ધવલ પાંડુક શિલા પર તમારો જન્માભિષેક થશે, પાવન પરિણતિયોની પ્રવાહિત અજસ્ત્ર ધારામાં સ્નાન કરી તમે ધવલ નિરંજન થઈ જશો.

સમસ્ત લોક નિજ અખંડ એકત્વના આશ્રયથી ઉત્પન્ન ધવલ નિરંજન પવિત્ર પરિણતિઓનાં અજસ્ત્ર પ્રવાહમાં તન્મય હો, આનંદમગ્ન હો, આ પાવન ભાવનાની સાથે વિરામ લઉં છું.

= બુધ્ધિ પણ ભવિતવ્યનું અનુસરણ કરે છે. જ્યારે ખોટો સમય આવે છે ત્યારે મોટા–મોટા બુધ્ધિમાનોંની બુધ્ધિ પર પણ પત્થર પડી જાય છે=



# ૫ અન્યત્વ ભાવના

**जिस देह में आतम रहे वह देह भी जब भिन्न है ।**
**तब क्या करें उनकी कथा जो क्षेत्र से भी अन्य हैं ॥**
**हैं भिन्न परिजन भिन्न पुरजन भिन्न ही धन-धाम हैं ।**
**है भिन्न भगिनी भिन्न जननी भिन्न ही प्रिय वाम है ॥१॥**

જે દેહમાં આ આત્મા રહે છે, જ્યારે તે એક ક્ષેત્રાવગાહી દેહ પણ આત્માથી ભિન્ન છે તો જે ક્ષેત્રથી ભિન્ન છે, એની શું વાત કરીએ ! તે તો સર્વથા ભિન્ન જ છે. નગરવાસી, કુટુંબીજન, ભાઈ–બહેન, મા–બાપ, પતિ કે પત્ની, ધન–ધાન્ય તેમજ મકાન આદિ બધા આત્માથી અલગ જ છે.

**अनुज-अग्रज सुत-सुता प्रिय सुह्रद जन सब भिन्न हैं ।**
**ये शुभ अशुभ संयोगजा चिद्वृत्तियाँ भी अन्य हैं ॥**
**स्वोन्मुख चिद्वृत्तियाँ भी आतमा से अन्य हैं ।**
**चैतन्यमय ध्रुव आतमा गुणभेद से भी भिन्न है ॥२॥**

નાના–મોટા ભાઈ, પુત્ર–પુત્રી, પ્રિય મિત્રજન આદિ બધા તો આત્માથી ભિન્ન છે જ, પરંતુ પરનાં લક્ષથી આત્મામાં જ ઉત્પન્ન થવાવાળી શુભાશુભ ભાવરૂપ તથા સ્વ લક્ષથી ઉત્પન્ન થવાવાળી શુધ્ધ ભાવરૂપ ચિદ્વૃતિઓ પણ આત્માથી અન્ય જ છે, ભિન્ન જ છે ; ચૈતન્યમય ધ્રુવ આત્મા તો ગુણભેદથી પણ અલગ પરમપદાર્થ છે.

**गुणभेद से भी भिन्न है आनन्द का रसकन्द है ।**
**है संग्रहालय शक्तियों का ज्ञान का घनपिण्ड है ॥**
**वह साध्य है आराध्य है आराधना का सार है ।**
**ध्रुवधाम की आराधना का एक ही आधार है ॥३॥**

આ ગુણભેદથી પણ ભિન્ન પરમપદાર્થ આનંદનો કંદ, જ્ઞાનનો ઘનપિંડ તેમજ અનંત શકિતઓનો સંગ્રાહલય છે. તે પરમપદાર્થ સાધ્ય પણ છે, આરાધ્ય પણ છે અને આરાધનાનો સાર પણ તે જ છે. ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધનાનો એક માત્ર આધાર તે જ પરમપદાર્થ નિજ આત્મા છે.

जो जानते इस सत्य को वे ही विवेकी धन्य हैं ।
ध्रुवधाम के आराधकों की बात ही कुछ अन्य है ॥
अन्यत्व को पहिचानना ही भावना का सार है ।
एकत्व की आराधना आराधना का सार है ॥४॥

જે જીવ આ સત્યને જાણે છે, તે જ વિવેકી છે. તે જ ધન્ય છે; કેમકે ધ્રુવધામનાં આરાધકોની વાત જ કાંઈ બીજી છે. અન્યત્વ ભાવનાનો સાર આત્માને પરથી ભિન્નત્વ ઓળખવો જ છે તેમજ અખંડ એક આત્માની આરાધના જ આરાધનાનો સાર છે.

**= જ્યારે પ્રશ્ન ઉઠે છે કે આખરે "હું કોણ છું ?"**

જો એક વખત આ પ્રશ્ન હૃદયના ઊંડાણથી ઉઠે અને એના સમાધાનની સાચી જિજ્ઞાસા જાગે તો આનો ઉત્તર મળવો દુર્લભ નથી. પણ આ "હું" પરની શોધમાં સ્વયંને ભૂલી રહ્યો છે. કોઈ વિચિત્ર વાત છે કે શોધવાવાળો શોધવાવાળાને જ ભૂલી રહ્યો છે. આખું જગત પરની સંભાળમાં એટલું વ્યસ્ત નજર આવે છે કે "હું કોણ છું"– આ વિચારવા–સમજવાની એને ફુરસદ નથી.

"હું" શરીર, મન, વાણી અને મોહ – રાગ – દ્વેષ, ત્યાં સુધી કે ક્ષણ સ્થાયી પરલક્ષી બુધ્ધિથી ભિન્ન એક ત્રિકાળી, શુધ્ધ, અનાદિઅનંત, ચૈતન્ય, જ્ઞાનાનંદ સ્વભાવી ધ્રુવતત્વ છું, જેને આત્મા કહે છે.

= मैं कौन हुं ? પાનું ૭ =



# અન્યત્વ ભાવના : એક ચિન્તવન

जिस देह में आतम रहे वह देह भी जब अन्य है ।
तब क्या करें उनकी कथा जो क्षेत्र से भी भिन्न हैं ॥
जो जानते इस सत्य को वे ही विवेकी धन्य हैं ।
ध्रुवधाम के आराधकों की बात ही कुछ अन्य है ॥

સંયોગોની અનિત્યતા, અશરણતા તેમજ અસારતા ; અનિત્ય, અશરણ તેમજ સંસાર ભાવનામાં દેખાડાઈ ગઈ છે. એકત્વ ભાવનામાં આ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈ પણ સંયોગ સુખ દુઃખના સાથી નથી હોતા, સંપૂર્ણ સુખ–દુઃખ જીવ એકલો જ ભોગવે છે. હવે અન્યત્વ ભાવનામાં એ સમજાવ્યું છે કે પરમાર્થથી વિચાર કરીએ તો આત્મા શરીરાદી સર્વ સંયોગોથી અત્યંત અલગ છે. અન્યત્વ ભાવનાનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં આચાર્ય કુંદકુંદ લખે છેઃ–

"अण्णं इमं सरीरादिगं पि जं होज्ज बाहिरं दव्वं ।
णाणं दंसणमादा एवं चिंतेहि अण्णतं ॥

આત્મા જ્ઞાન–દર્શન સ્વરૂપ છે અને શરીરાદિક બધા બાહ્ય પદાર્થ એનાંથી ભિન્ન છે. આ પ્રમાણે ચિન્તન કરવું અન્યત્વ ભાવના છે.

આજ પ્રકારનો ભાવ કાર્તિકેયાનુપ્રેક્ષામાં વ્યકત કરવામાં આવ્યો છે, જે આ પ્રકારે છે.

"जो जाणिऊण देहं, जीवसरुवादु तच्चदो भिण्णं ।
अप्पाणं पि य सेवदि कज्जकरं तस्स अण्णतं ॥"

'જીવના સ્વરૂપથી દેહ ભિન્ન છે.' જે જીવ આ તાત્ત્વિક મર્મને જાણીને પોતાના આત્માનું સેવન (અનુભવ) કરે છે, અન્યત્વ ભાવના એનાં જ માટે કાર્યકારી છે એટલે સફળ છે.

આચાર્ય અમિતગતિ પણ જીવથી ભિન્ન દેહાદિ સંયોગો પરથી દ્રષ્ટિ હટાવી લેવાની પ્રેરણા આપતાં સામાયિક પાઠમાં કહે છે. :-

**''यसयास्ति नैक्यं वपुषापि सार्द्ध, तस्यास्ति किं पुत्रकलत्रमित्रैः।**
**पृथक्कृते चर्मणि रोमकृपा, कुतो हि तिष्ढन्ति शरीरमध्ये ॥२७॥**

જે આત્માને શરીરની સાથે પણ જોડાણ નથી; તેનાં પુત્ર, પત્ની અને મિત્રની સાથે જોડાણ કેમ થઈ શકે? ઠીક જ છે; કેમ કે શરીરથી ચામડી દૂર કરી નાખવાથી શરીરનાં છિદ્રો કેમ રહી શકે?

બીજું પણ જુઓ:

**''न सन्ति बाह्या मम केचनार्था, भवामि तेषां न कदाचनाहम्।**
**इत्थं विनिश्चित्य विमुच्य बाह्य, स्वस्थ: सदा त्वं भवभद्र मुक्त्यै।।२३।।**

કોઈ બહારના શરીરાદિ સાંસારિક પદાર્થ ન તો મારા છે અને ન હું તેમનો છું. આવો નિશ્ચય કરીને હે ભદ્રજીવ ! તું બહારના પદાર્થને છોડ અને મુક્તિની પ્રાપ્તિ માટે નિરંતર સ્વસ્થ રહે એટલે પોતાના આત્મામાં જ પૂર્ણ લીન રહે.''

આ સંદર્ભમાં આચાર્ય પૂજ્યપાદનું કથન પણ જોવાલાયક છે:

''શરીરથી અન્યત્વનું ચિન્તન કરવું અન્યત્વાનુપેક્ષા છે. જેમ બંધની અપેક્ષા અભેદ હોવાથી પણ લક્ષણનાં ભેદથી હું અન્ય છું. શરીર ઈન્દ્રિય છે, હું અતીન્દ્રિય છું. શરીર જ્ઞાન શૂન્ય છે, હું જ્ઞાતા છું. શરીર અનિત્ય છે, હું નિત્ય છું. શરીર આદિ-અનંતવાળો છે અને હું અનાદિ-અનંત છું. સંસારમાં પરિભ્રમણ કરતાં મારાં લાખો શરીરો ચાલ્યાં ગયાં, હું એનાથી ભિન્ન જ છું આ પ્રમાણે શરીરથી પણ જ્યારે હું અન્ય છું, ત્યારે હે વત્સ ! હું બહારના પદાર્થોથી ભિન્ન હોઉં તો એમાં શું આશ્ચર્ય? આ પ્રમાણે મનને સમાધાન યુક્ત કરવાવાળાને આ શરીરાદિકમાં સ્પૃહા ઉત્પન્ન નથી થતી અને એનાંથી તત્વજ્ઞાનની ભાવનાપૂર્વક વૈરાગ્યનો અધિકતા થવાથી છેવટે મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે''



'સંયોગ અનિત્ય છે, અશરણ છે, અસાર છે, સાથ આપવાવાળા નથી: આ તથ્યથી અનિત્યાદિ ભાવનાઓના ચિન્તનથી સારી રીતે પરિચિત થઈ જવાથી પણ અજ્ઞાનીને અજ્ઞાનવશ તેમજ જ્ઞાનીને પણ કદાચિત રાગવશ વધુ-ઓછા આવા પ્રકારના વિકલ્પ થતા જ રહે છે કે અનિત્ય ભલે, અશરણ ભલે, અસાર ભલે, સાથી ન ભલે, પણ શરીરાદિ સંયોગી પદાર્થ છે તો આપણા જ, નિશ્ચયથી ન ભલે, પણ વ્યવહારથી તો આપણા જ છે; જિનવાણીમાં પણ તો વ્યવહારથી એમને આપણા કહ્યા છે.

વ્યવહારના બળથી ઉત્પન્ન આ પ્રકારની વિકલ્પ તરંગોની શાંતિના માટે સંયોગી પરદ્રવ્યોથી નિજ પરમાત્મ તત્વની પારમાર્થિક અત્યંત ભિન્નતાના અનેક પ્રકારથી કરવામાં આવેલ ચિન્તન જ અન્યત્વ ભાવના છે. આ ચિન્તનના બળથી વ્યવહાર પક્ષ શિથિલ થાય છે અને પારમાર્થિક નિશ્ચય પક્ષ પ્રબળ થાય છે. દરેક સમય વૃદ્ધિગત વ્યવહારની નિર્બળતા અને પરમાર્થની પ્રબળતા જ નિર્જરા છે, જે મુક્તિનું સાક્ષાત કારણ છે.

આત્મા અને શરીરાદિ સંયોગોમાં પરસ્પર ભિન્નતા અને અભિન્નતાની વાસ્તવિક સ્થિતિ શું છે? આ વાતનું ઉદાહરણ સાથે ચિત્રણ કરતાં પંડિતપ્રવર દૌલતરામજી લખે છે:

**''जल-पय ज्यों जिय-तन मेला, पै भिन्न-भिन्न नहिं भेला ।**
**तो प्रगट जुडे धन धामा, क्यों ह्वै इक मिलि सुत रामा ॥**

જો કે આત્મા અને શરીર પાણી અને દૂધની માફક મળેલાં છે; તો પણ તે અભિન્ન નથી, પૂરી રીતે અલગ-અલગ જ છે. જ્યારે એક ક્ષેત્રાવગાહી શરીર પણ જીવથી ભિન્ન છે તો પછી ધન-મકાન, પુત્ર-પત્ની તો પ્રગટ જ ભિન્ન છે, તે જીવના કેમ થઈ શકે ?

આજ પ્રકારનો ભાવ 'પદ્મનંદિ પંચવિંશતિ' માં પણ વ્યકત કરવામાં આવ્યો છે:

"क्षीरनीरवदेकत्र स्थितयोर्देहदेहिनो ।
भेदो यदि ततोऽन्येषु कलत्रादिषु का कथा ॥

દેહ અને આત્માની સ્થિતિ દૂધ અને પાણીની જેમ એકત્રિત માત્ર છે. જ્યારે એક ક્ષેત્રાવગાહી શરીર અને આત્મા જ ભિન્ન-ભિન્ન છે તો પ્રત્યક્ષ ભિન્ન સ્ત્રી આદિનું શું કહેવું?"

પંડિત દીપચંદજીકૃત બાર ભાવનામાં આ વાતને હજી પણ વધુ સ્પષ્ટ રૂપથી કહેવામાં આવે છે.

"जा तन में नित जिय वसै, सो ने आपनो होय।
तो प्रतक्ष जो पर दरव, कैसे अपने होय ॥

જે શરીરમાં જીવ નિત્ય રહે છે, જ્યારે તે શરીર જ આપણું નથી, તો જે પરદ્રવ્ય પ્રત્યક્ષ પર છે, તે આપણાં કેમ થઈ શકે ?"

અહીં એક પ્રશ્ન સંભવ છે કે જ્યારે અન્યત્વ ભાવનામાં શરીરાદિ સંયોગોથી જીવને અત્યંત અલગ બતાવવું જ મનોરથ છે તો પછી અહીંયા એ કહેવાથી શું સાધ્ય છે કે જીવ અને શરીર પાણી અને દૂધની માફક મળેલ છે?

ભાઈ ! વાત એ છે કે અનાદિકાળથી આ અજ્ઞાની પ્રાણી આવું માનતો આવી રહ્યો છે કે જીવ અને શરીર એક જ છે; કેમકે એને સશરીર જીવ તો સર્વત્ર જોવામાં આવે છે, પણ દેહથી ભિન્ન ભગવાન આત્મા ક્યારે જોવામાં નથી આવ્યો અને જિનવાણીમાં પણ વ્યવહાર નયથી જીવ અને શરીરને એક કહેવામાં આવ્યા છે.

સમયસારની ૨૭મી ગાથામાં સાફ-સાફ લખ્યું છે:

"ववहारणयो भासदि जीवो देहो हवदि खलु एक्को ।

વ્યવહારનયથી જીવ અને શરીર એક જ છે."

પણ સાથે-સાથે એ પણ લખ્યું છે:



"ण दु णिच्छयस्य जीवो देहो य कडा वि एकट्ठो ।

નિશ્ચયનયથી જીવ અને દેહ ક્યારે પણ એક નહીં થઈ શકે."

જ્યારે જિનવાણીમાં વ્યવહારથી જ ભલે, જીવ અને શરીરને એક કહેવામાં આવ્યું છે તો તેને એમ જ તો નહીં ઉડાવી શકાય. વ્યવહારનયથી કથિત જીવ અને શરીરની એકતાનો વાસ્તવિક સ્વરૂપ શું છે? આ વાત સારી રીતે સમજ્યા વગર એની પરસ્પર પારમાર્થિક ભિન્નતા પણ સાચા રૂપમાં સમજમાં નહીં આવી શકે.

જીવ અને દેહની પારમાર્થિક ભિન્નતા સમજવા માટે પહેલાં તેની વ્યવહારિક એકતાની વાસ્તવિક સ્થિતિ જાણવી જરૂરી છે, નહીં તો વ્યવહારિક એકતાની તાત્કાલિક ઉપયોગિતાની સાથે-સાથે સ્વાભાવિક ભિન્નતાનો પણ સારી રીતે પરિચય પ્રાપ્ત નહીં થાય, પારમાર્થિક પ્રયોજનની પણ સિદ્ધિ નહીં થાય, છેવટે દેહ અને આત્માની પારમાર્થિક ભિન્નતાની સાથે-સાથે વ્યવહારિક એકતાનું જ્ઞાન પણ આવશ્યક જ નથી; અનિવાર્ય છે; પણ ધ્યાન રહે એની પારમાર્થિક ભિન્નતા તો ભિન્નતા જાણવા માટે જ છે. વ્યવહારિક એકતાનું સ્વરૂપ જાણવું પણ પારમાર્થિક ભિન્નતા જાણવા માટે જ છે.

અન્યત્વ ભાવનામાં મૂળભૂત પ્રયોજન પર થી અન્યત્વ છે, એકત્વ નહીં, વ્યવહારિક એકતાને તો પ્રયોજન પૂરતી માત્ર જાણી લેવું, ત્યાં જામવું નથી, રમવું નથી, પણ પારમાર્થિક ભિન્નતાને જાણવું પણ છે, માનવું પણ છે અને પરથી ભિન્ન નિજમાં જામવું પણ છે, રમવું પણ છે, નિજમાં જ સમાઈ જવું છે.

પરથી ભિન્ન નિજમાં સમાઈ જવું જ વાસ્તવિક અન્યત્વ ભાવના છે. છ ઢાળામાં કથિત વાતમાં 'પાણી-દૂધની જેમ જીવ-શરીર મેળો' કહીને જીવ અને શરીરની એકતાની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરવામાં આવી છે અને 'પણ ભિન્ન-ભિન્ન નહિ ભેગા' કહીને પારમાર્થિક ભિન્નતા સ્પષ્ટ કરવામાં આવી છે.

કથિત પદમાં ઘણી ઊંડી વાત કહેવામાં આવી છે કે જીવ અને શરીરની એકતા વાસ્તવિક એકતા નથી; માત્ર ભેળસેળ છે, મેળો છે.

જે પ્રમાણે મેળામાં વિભિન્ન પ્રકારનાં લોકો બધા પ્રકારથી ભિન્ન–ભિન્ન થઈને પણ એકત્રિત થઈ જાય છે, તેમનાં એકત્રિત થઈ જવાથી તેઓ એક નથી થઈ જતા, ભિન્ન–ભિન્ન જ રહે છે. એજ પ્રમાણે જીવ અને શરીર બધી રીતે ભિન્ન ભિન્ન હોઈને પણ એકત્રિત થઈ ગયા છે. એમનાં એકત્રિત થઈ જવાથી તેઓ એક નથી થઈ જતા, ભિન્ન–ભિન્ન જ રહે છે.

જે પ્રમાણે એકત્રિત વ્યક્તિઓનાં સમૂહને મેળો કહેવામાં આવે છે, પણ ખરેખર તે સમૂહગત વ્યક્તિઓમાં પ્રત્યેકનું વ્યક્તિત્વ અંશ માત્ર પણ વિલીન નથી થતું, ખંડિત નથી થતું, સ્વતંત્રરૂપથી અખંડિત બની રહે છે; કેમ કે શત્રુ–મિત્રતા સ્વભાવવાળી વ્યક્તિ ખરેખર ક્યારેય મળી જ નહીં શકે. મેળો તો મેળો છે, એમાં એકતા સંભવ નથી; મેળામાં એકતા શોધવી મેળાનું મેળાપણું ખોઈ દેવા બરાબર છે.

આ પ્રમાણે એકત્રિત દેહ અને આત્માને વ્યવહાર જીવ કહેવામાં આવે છે, પણ ખરેખર દેહ અને આત્મા ક્યારે પણ એક નથી થતા, પરસ્પર વિલીન નથી થતા; એમનું સ્વરૂપ ખંડિત નથી થતું, સ્વતંત્રરૂપથી અખંડિત જ બની રહે છે; કેમ કે શત્રુ–મિત્રતાવાળા જડ અને ચેતન પદાર્થ ક્યારે મળી જ નથી શકતા. જીવ અને શરીરનો પણ મેળો તો મેળો જ છે. તેમાં એકતા શોધવી બન્નેનાં સ્વરૂપને ખંડિત કરી દેવા બરાબર છે.

જે પ્રમાણે દૂધ તો દૂધ અને પાણી પાણી, દૂધ ક્યારે પાણી ન થઈ શકે અને ન પાણી દૂધ. દૂધમાં પાણી ભેળવી દેવાથી ન તો દૂધ પાણી થઈ જાય અને ન પાણી દૂધ; ભળી જવા છતાં પણ દૂધ દૂધ રહે છે અને પાણી પાણી. ખરેખર તેઓ ભળતાં જ નથી, માત્ર ભળેલાં દેખાય છે; કેમકે કોઈ બીજામાં ભળવું એમનો સ્વભાવ જ નથી. કોઈમાં ભળવામાં સ્વયંને મિટાવી દેવું થઈ જાય અને કોઈ વસ્તુ સ્વયંને ક્યારે મિટાવી નથી શકતી. વસ્તુ જ તેને કહે છે; જે ક્યારે મટે નહીં, હમેશાં સત્‌રૂપ જ રહે. છેવટે કોઈ વસ્તુ ક્યારે કોઈમાં ભળતી નથી માત્ર ભળેલી કહેવાય છે. આજ કારણ છે કે દૂધ પણ પાણીમાં ક્યારે ભળતું નથી, સંયોગ જોઈને



માત્ર ભળેલું કહેવાય છે.

આ પ્રમાણે જીવ જીવ છે અને દેહ દેહ; જીવ ક્યારેય દેહ ન થઈ શકે અને ન દેહ જીવ. જીવ અને દેહ એક ક્ષેત્રાવગાહ થઈ જવા છતાં પણ ન તો જીવ દેહ થઈ જાય અને ન દેહ જીવ; સંયોગી દશામાં પણ જીવ જીવ રહે છે અને દેહ દેહ. ખરેખર તે ભળતાં જ નથી, માત્ર ભળેલાં દેખાય છે; કેમ કે કોઈમાં ભળવું એમનો સ્વભાવ જ નથી. કોઈમાં ભળવાથી સ્વયંને મિટાવી દેવું પડે છે અને કોઈ વસ્તુ સ્વયંને ક્યારે મિટાવી નથી શકતી. વસ્તુ જ એને કહે છે, જે ક્યારે મટે નહીં, હમેશાં સત્‌રૂપ જ રહે. છેવટે કોઈ વસ્તુ કોઈમાં ક્યારે ભળતી નથી, માત્ર ભળેલી કહેવાય છે. આ કારણ છે કે જીવમાં દેહ ક્યારે ભળતો નથી, એક ક્ષેત્રાવગાહરૂપ સંયોગ જોઈને માત્ર ભળેલાં કહેવાય છે, છે તો તેઓ પરસ્પર અત્યંત ભિન્ન–ભિન્ન જ છે.

આ સત્યનાં ઊંડા મંથનનું નામ જ અન્યત્વ ભાવના છે. આની સમ્યક્ જાણકારી માટે કહેવામાં આવ્યું છેઃ

**'जल–पय ज्यों जिय–तन मेला, पै भिन्न–भिन्न नहिं भेला''** ॥

વિભિન્ન સંયોગોનાં મેળામાં ખોવાએલ નિજ શુદ્ધાત્મ તત્વને શોધવું, ઓળખવું, મેળવવું એને બધાથી ભિન્ન અલગ જાણવું, એનું જ હંમેશાં ચિન્તન કરવું. એની જ ભાવના ભાવવી, એનું જ હમેશાં ચિન્તન કરવું, એની જ ભાવના ભાવવી, એનું જ ધ્યાન ધરવું, એમાં જ જામવું–રમવું, એમાં જ લીન થઈ જવું, વિલીન થઈ જવું, એમાં જ સંપૂર્ણ રીતે સમાઈ જવું જ અન્યત્વ ભાવનાની ચિન્તનનું મૂળ પ્રયોજન છે; કેમ કે આ ભવસાગરથી પાર થવાના ગમનરૂપ સંસારના દુઃખોથી છૂટવાનો એકમાત્ર આજ ઉપાય છે; સમસ્ત શાસ્ત્રોનો એજ સાર છે.

આચાર્ય યોગીન્દુદેવ પણ આજ પ્રેરણા આપે છે

**''पुग्गलु अण्णु जि अण्ण जिउ, अणु वि सहु ववहारु ।**
**चयहि वि पुग्गलु गहहि जिउ, लहु पावहि भवपारु ॥**

પુદ્‌ગલ અન્ય છે, જીવ અન્ય છે, અન્ય બધા વ્યવહાર પણ

અન્ય છે; છેવટે હે આત્મન્ ! તું પુદ્‌ગલને છોડ અને તારા આત્માને ગ્રહણ કર, એનાથી તું જલ્દી જ સંસારથી પાર થઈશ.

**जो अप्पा सुद्ध वि मुणइ, असुइ-सरीर-विभण्णु ।**
**जो जाणइ सत्थई सयल, सासय-सुरखहँ लीणु ॥**

જે જીવ અશુચિ શરીરથી ભિન્ન શુદ્ધ આત્માને જાણે છે, શાશ્વત સુખમાં લીન તે આત્મા સમસ્ત શાસ્ત્રોને જાણી લે છે. ભાવાર્થ એમ છે કે જેણે બધા શાસ્ત્રોના સારભૂત નિજ શુદ્ધાત્મ તત્ત્વને જાણી લીધું અને એમાં લીન થઈ ગયો, મૂળ પ્રયોજન સિદ્ધ થઈ જવાથી તેણે એક રીતથી બધા શાસ્ત્રોને જ જાણી લીધા છે.

આત્મોપલબ્ધિની વિધિમાં શરીરાદિ સંયોગી પરપદાર્થોથી ભિન્નત્વની ભાવનાનો શું સ્થાન છે, શું મહત્વ છે, શું ક્રમ છે? આ વાત કવિવર પંડિત બનારસીદાસના મૂલ્યાંકિત છંદમાં અત્યંત સ્પષ્ટરૂપથી કહેવાઈ ગઈ છે.

**''प्रथम सुद्रिष्टि सौं सरीररुप कीजै भिन्न,**
**तामैं और सूच्छम सरीर भिन्न मानिये ।**
**अष्ट कर्म भाव की उपाधि सोउ कीजै भिन्न,**
**ताहू मैं सुबुद्धिकौ विलास भिन्न जानिये॥**
**तामैं प्रभु चेतन विराजत अखण्डरुप,**
**वहै श्रुतग्यान के प्रवांन उर आनिये।**
**वाही कौ विचार करि वाही में मगन हूजै,**
**वाकौ पद साधिबे कौं ऐसी विधि ठानिये॥**

સૌ પ્રથમ અતિ તીક્ષ્ણ દ્રષ્ટિથી આત્માને ઔદારિકાદિ સ્થૂળ શરીરોથી ભિન્ન જાણવો જોઈએ, પછી તેજસ-કાર્મણ સૂક્ષ્મ શરીરોથી પણ ભિન્ન જાણવો અને માનવો જોઈએ. ત્યારપછી આઠ કર્મોથી ઉદય થવાવાળા જીવનાં મોહ-રાગ-દ્વેષરૂપ ઉપાધિ સંબંધિત ભાવો એટલે ભાવ કર્મોથી ભિન્ન જાણવો જોઈએ.

આ પ્રમાણે નોકર્મ-દ્રવ્યકર્મ અને ભાવકર્મથી અથવા વર્ણાદિ



અને રાગાદિ ભાવોથી આત્માને ભિન્ન જાણ્યા પછી સુબુદ્ધિના વિલાસ એટલે આ ભેદવિજ્ઞાન સંબંધી વિકલ્પોથી પણ ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવી ત્રિકાળી ધ્રુવ નિજ પરમાત્મ તત્ત્વને ઓળખવો જોઈએ.

આ દેહાદિરૂપ મંદિરમાં અખંડરૂપ નિજ ચેતનપ્રભુ બિરાજમાન છે. સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રમાણથી પ્રમાણિત એટલે જણાઈ ગયેલ એ ચેતનપ્રભુને હૃદયમાં ધારણ કરવો જોઈએ, એનો જ વિચાર કરવો જોઈએ, ચિન્તન કરવું જોઈએ, એમાં જ મગ્ન થઈ જવું જોઈએ, લીન થઈ જવું જોઈએ; એ ચેતનપ્રભુની સાધનાની આરાધનાની આ વિધિ છે, આવી જ વિધિ છે.

કથિત છંદમાં આત્મસાધનાની વિધિનો વ્યવસ્થિત ક્રમથી વિવેચન કરવામાં આવ્યું છે, સાધકને માટે પ્રેરણારૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. છંદની અંતિમ પંક્તિમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે આત્માના પરમપદને સાધવા માટે આ પ્રકારની વિધિ અપનાવવી જોઈએ.

પરથી ભિન્નતાનું જ્ઞાન જ ભેદવિજ્ઞાન છે અને પરથી ભિન્ન નિજ ચેતન ભગવાનને જાણવો, માનવો, અનુભવ કરવો જ આત્માનુભૂતિ છે, આત્માસાધના છે, આત્મારાધના છે. સંપૂર્ણ જિનાગમ અને જિન અધ્યાત્મનો સાર એમાં જ સમાયેલ છે. અન્યત્વ ભાવનાના ચિન્તનની ચરમ પરિણતિ પણ એ જ છે.

અનાદિકાળથી આ આત્મા પરને પોતાનો માનીને એમાં જ રચ્યો-પચ્યો રહ્યો છે; આજ કારણે ચાર ગતિ અને ચોર્યાસીલાખ યોનિયોમાં પરિભ્રમણ કરતો રહીને અનંત દુઃખ પણ ભોગવી રહ્યો છે. પરથી એકત્વ અને મમત્વના કારણે જ પોતાને ખરા રૂપમાં જાણી પણ નથી શકતો, ઓળખી પણ નથી રહ્યો. પરથી એકત્વ અને મમત્વ તોડવા માટે પરથી અન્યત્વનું ચિન્તન જેટલું ઊંડાણથી થવું જોઈએ, જ્યાં સુધી એટલા ઊંડાણથી નહીં કરવામાં આવે, ત્યાં સુધી પરના પ્રતિ થવાવાળા એકત્વ અને મમત્વને નથી તોડી શકાતો, એના માટે સતત પ્રયાસ અત્યંત આવશ્યક છે.

પરથી એકત્વ અને મમત્વ તોડવાનો એકમાત્ર ઉપાય પ્રત્યેક વસ્તુની સ્વતંત્ર સત્તાનો સમ્યક્ બોધ જ છે. પોતાની સીમામાં સર્વ પ્રભુતા સમ્પન્ન કોઈ પણ વસ્તુને અન્ય વસ્તુની માનવી–જાણવી મહામોહ છે, મહા–અજ્ઞાન છે, મિથ્યાત્વ નામનો મહાપાપ છે.

આ મહાપાપથી બચવા માટે એકમાત્ર આજ ઉપાય છે કે આપણે વસ્તુની સ્વતંત્રતાનું અવિરામ ચિન્તન કરીએ, મનન કરીએ. નિરંતર ચાલવાવાળી આ ચિન્તન પ્રક્રિયા જ અન્યત્વ ભાવના છે.

આ સંદર્ભમાં પંડિત પ્રવર જયચંદજી છાબડા આપણું માર્ગદર્શન આ પ્રમાણે કરે છે.

**''अपने–अपने सत्त्व कूँ, सर्व वस्तु विलसाय ।**
**ऐसे चितवै जीव तब, परतैं ममत न थाय ॥**

પ્રત્યેક વસ્તુ સ્વતંત્રરૂપથી પોત–પોતાની સત્તામાં વિલાસ કરી રહી છે, કોઈનો કોઈમાં કાંઈ હસ્તક્ષેપ નથી; કેમકે તે વસ્તુઓ સંપૂર્ણ રીતે ભિન્ન–ભિન્ન છે. જ્યારે જીવ આ પ્રકારનું ચિન્તન કરે છે, ત્યારે તેને પરપદાર્થોથી મમત્વ ઉત્પન્ન નથી થતું.

'સંયોગ અનિત્ય છે, અશરણ છે, અસાર છે, સાથ નથી આપતા, આપણાથી અત્યંત ભિન્ન છે.' આ બધું જાણી લીધું, સારી રીતે જાણી લીધું, હવે શું કરીએ? બસ આનો જ વિચાર, આનું જ ચિન્તન, ક્યાં સુધી ચાલશે આ બધું અને શું થશે આનાંથી?

કાંઈ નહીં, માત્ર આટલાથી કંઈ નથી થવાનું. આ તો માત્ર વિકલ્પાત્મક પ્રારંભ છે, આનાથી તો માત્ર જમીન તૈયાર થાય છે, બીજ તો હવે નાખવાનું છે. બીજ નાખ્યા વગર જમીન પણ કાંઈ ફળ નથી આપી શકતી; પણ ધ્યાન રહે પત્થર પર પડેલ બીજ પણ અંકુરિત નહીં થાય. જ્યારે તે અંકુરિત જ નથી થવાનું તો પછી પલ્લવિત થવાનો, પૂર્ણ થવાનો, સફળ થવાનો અવકાશ જ ક્યાં રહે છે ?

હા, તો સંયોગોની અનિત્યતા, અશરણતા, અસારતા,



અસંગતા, પૃથકતા; ચિન્તન મનનપૂર્વક સારી રીતે જાણી લેવાથી તેને ધારણ કરી લેવાની છે, ધારણામાં લઈ લેવાની છે, લબ્ધિજ્ઞાનમાં મૂકી દેવાની છે, સુરક્ષિત કરી દેવાની છે, પરથી હટાવી લેવાની છે. ઉપયોગને આનાં પરથી હટાવી એનાંથી ભિન્ન નિત્ય, પરમશરણભૂત, સારભૂત, એક નિજ શુદ્ધાત્મ તત્ત્વમાં લગાડવાનું છે, લગાવી રહેવાનું છે. ચિન્તન–મનનનાં વિકલ્પોથી પણ વિમુખ થઈને માત્ર નિજને જાણતાં રહેવાનું છે, માત્ર જાણતાં રહેવાનું છે અને કાંઈ કરવાનું નથી; જાણવાનો વિકલ્પ પણ નથી કરવાનો, જાણવું પણ સહજ થવા દેવાનું છે. કર્તૃત્વનો તનાવ અંશમાત્ર પણ નથી રાખવાનો; બસ માત્ર સહજ જાણવું, જાણવું, જાણવું થવા દેવું, થવા તો દો ઘડી બે ઘડી આ સહજ પરિણમનને, એનાથી અંતરથી અનંત વીર્ય ઉલ્લસિત થશે, આનંદનો સાગર તરંગિત થઈ ઊઠશે, દેહ–દેવળમાં બિરાજમાન દેવતાનાં પ્રદેશ–પ્રદેશમાં આનંદની તરંગો ઉલ્લસિત થઈ ઉઠશે. દેહ દેવળ પણ એનાં તરંગોથી લહેરાઈને રોમાચિંત થઈ જશે, પ્રકાશિત થઈ જશે.

જ્યારે આ બધું તારા અંતરમાં બની જશે, ત્યારે પરથી એકત્વ અને મમત્વ નીકળી જશે; ત્યારે અન્યત્વ ભાવનાનું ચિન્તન સફળ થશે, સાર્થક થશે.

થશે, અવશ્ય થશે; નિરાશ થવાની જરૂર નથી, એક ને એક દિવસ આ બધું અવશ્ય બની જશે. જો અંતરની રુચિ જાગૃત રહી, વિવેક અયોગ્ય ન થયું, તો એક ને એક દિવસ પરમાં એકત્વનાં, મમત્વનાં વાદળ વિખરાઈ જશે જ, રાગનો દોર પણ તૂટી જશે. સમ્યક્ દિશામાં કરવામાં આવેલ સમ્યક્ પુરુષાર્થ ક્યારે નિષ્ફળ નથી જતો.

સર્વ પ્રભુતા સંપન્ન, પરથી ભિન્ન, નિજ શુદ્ધાત્મ તત્ત્વને જન જન જાણે, ઓળખે, એમાં જ જામી, રમી અને અતીન્દ્રિય આનંદામૃતનું પાન કરી આનંદ મગ્ન થાય–આ પાવન ભાવનાથી વિરામ લઉં છું.

## (૬) અશુચિ ભાવના

**जिस देह को निज जानकर नित रम रहा जिस देह में।**
**जिस देह को निज मानकर रच-पच रहा जिस देह में।**
**जिस देह में अनुराग है एकत्व है जिस देह में।**
**क्षण एक भी सोचा कभी क्या-क्या भरा उस देह में॥१॥**

હે આત્મન્ ! જે દેહને પોતાનો જાણીને, પોતાનો માનીને તું એમાં દિવસ-રાત રમી રહ્યો છે, રચ્યો-પચ્યો રહે છે; જે દેહમાં તેં એકત્વ સ્થાપિત કરી રાખ્યું છે અને જે દેહમાં તારો આટલો અનુરાગ છે; એ દેહમાં શું-શું ભર્યું છે? આ વાતનો વિચાર શું તેં ક્યારે એક ક્ષણ પણ કર્યો છે?

**क्या-क्या भरा उस देह में अनुराग है जिस देह में ।**
**उस देह का क्या रुप है आतम रहे जिस देह में॥**
**मलिन मल पल रुधिर कीकस वसा का आवास है।**
**जड़रुप है तन किन्तु इसमें चेतना का वास है॥२॥**

જે દેહમાં નિજ ભગવાન આત્મા રહે છે અને જે દેહમાં તારો આટલો અનુરાગ છે, એ દેહનો વાસ્તવિક સ્વરૂપ શું છે, રૂપ શું છે? એ વાતનો વિચાર પણ તેં ક્યારે કર્યો? આ દેહ અત્યંત મલિન, મળ-મૂત્ર, લોહી-માંસ, પરુ અને ચરબીનું ઘર છે. જો કે આ શરીર જડરૂપ છે, તો પણ આમાં ચૈતન્ય ભગવાન આત્મા બીરાજમાન છે.

**चेतना का वास है दुर्गन्धमय इस देह में ।**
**शुद्धातमा का वास है इस मलिन कारागेह में॥**
**इस देह के संयोग में जो वस्तु पलभर आयगी।**
**वह भी मलिन मल-मूत्रमय दुर्गन्धमय हो जायगी॥३॥**

આ દુર્ગન્ધમય શરીરમાં ચૈતન્ય ભગવાન રહે છે, આ મેલીઘેલી જેલમાં શુદ્ધાત્માનો આવાસ છે. આ દેહની સ્થિતિ તો એવી છે કે



પવિત્રથી પણ પવિત્ર જે વસ્તુ આ મલિન દેહના સંયોગમાં એક ક્ષણ માટે પણ આવશે; તે પણ મલિન થઈ જશે, મળ-મૂત્રમય થઈ જશે. દુર્ગન્ધમય થઈ જશે.

**किन्तु रह इस देह में निर्मल रहा जो आतमा ।**
**वह ज्ञेय है श्रद्धेय है बस ध्येय भी वह आतमा॥**
**उस आतमा की साधना ही भावना का सार है।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है ॥४॥**

પણ આશ્ચર્યની વાત તો એ છે કે આ મહામલિન દેહમાં રહીને પણ આ ભગવાન આત્મા હમેંશા નિર્મળ જ રહ્યો છે. આ નિર્મળ આત્મા જ પરમજ્ઞેય છે-પરમશુદ્ધ નિશ્ચય નયનો વિષય છે, પરમ ભાવગ્રાહી શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો વિષય છે; શ્રદ્ધાનો વિષય છે - દ્રષ્ટિનો વિષય છે અને તે ભગવાન આત્મા જ ધ્યાનનો વિષય છે, ધ્યેય છે. અશુચિ ભાવનાનો સાર કથિત ભગવાન આત્માની સાધના જ છે અને ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધના જ આરાધનાનો સાર છે.

**= તે જ સત પુરુષ છે =**

સતપુરુષની સાચી ઓળખાણ જ એ છે કે જે ત્રિકાળી ધ્રુવરૂપ નિજ પરમાત્માનું સ્વરૂપ બતાડે અને એનાં શરણમાં જવાની પ્રેરણા આપે; તે જ સતપુરુષ છે. દુનિયાદારીમાં અટવાઈ જનાર, જગતનાં પ્રપંચમાં ફસાવવાવાળા પુરુષ કેટલા પણ સજ્જન કેમ ન હોય, સત્પુરુષ નથી. આ વાતને સારી રીતે સમજી લેવી જોઈએ.

# અશુચિ ભાવના : એક ચિન્તવન

**इस देह के संयोग में जो वस्तु पलभर आयगी ।**
**वह भी मलिन मल–मूत्रमय दुर्गन्धमय हो जायगी ।।**
**किन्तु रह इस देह में निर्मल रहा जो आतमा।**
**वह ज्ञेय है श्रद्धेय है बस ध्येय भी वह आतमा ।।**

શરીરાદિ સંયોગ અનિત્ય છે, અશરણ છે. અસાર છે, સાથ નથી આપતા, પોતાના આત્માથી એકદમ ભિન્ન છે. અનિત્યાદિ ભાવનાઓના ચિન્તનથી આ પારમાર્થિક સત્યથી સારી રીતે પરિચિત થઈ જવાથી પણ જ્ઞાનીજનોને રાગવશ ભૂમિકાનુસાર દેહ અત્યંત નિકટવર્તી સંયોગી પદાર્થ હોવાથી દેહ સંબંધી વિકલ્પ તરંગો ઉઠ્યા જ કરે છે.

દેહ સંબંધી કથિત રાગાત્મક વિકલ્પ તરંગોની શાંતિ માટે જ્ઞાનીજનો મારફત કરવામાં આવતા દેહ સંબંધી અશુચિતાનો વારંવાર ચિન્તન જે અશુચિ ભાવના છે. જેમ કે પંડિત દૌલતરામજી કહે છેઃ

**"पल रुधिर राध मल थैली, कीकस वसादि तैं मैली ।**
**नव द्वार बहैं धिनकारी, अस देह करे किम यारी ।।**

કફ અને ચરબી આદિથી મેલા આ દેહ માંસ, લોહી અને પરુરૂપી મળની થેલી છે. એનાં આંખ, કાન, નાક, મોં આદિ નવ દ્વારોથી નિરંતર ઘૃણાસ્પદ મેલા પદાર્થ જ વહેતા રહે છે. હે આત્મન્! તું એવી ઘૃણાસ્પદ આ દેહથી યારી (મિત્રતા, સ્નેહ) કેમ કરે છે?

આ સંદર્ભમાં પંડિત ભૂધરદાસજી ની મૂલ્યાંકિત પંક્તિઓ જોવાલાયક છે.

**"देह अपावन अथिर धिनावन, यामैं सार न कोई ।**
**सागर के जल सौं शुचि कीजै, तो भी शुद्ध न होई।।**
**सात कुधातमयी मलमूरत, चाम लपेटी सोहै।**
**अन्तर देखत या सम जग में, अवर अपावन को है।।**



**नव मलद्वार स्रवैं निशि–वासर नाम लिए धिन आवै।**
**व्याधि उपाधि अनेक जहाँ तहँ, कौन सुधी सुख पावै?**
**पोषत तो दुख दोष करै अति, सोषत सुख उपजावै।**
**दुर्जन देह स्वभाव बराबर, मूरख प्रीति बढ़ावै।।**
**राचन जोग स्वरुप न याको, विरचन जोग सही है।**
**यह तन पाय महातप कीजे, यामैं सार यही है ।।**

આ દેહ અત્યંત અપવિત્ર છે, અસ્થિર છે, ઘૃણિત છે, એમાં અંશમાત્ર પણ સાર નથી, સાગરોનાં જળથી ધોવામાં આવે તો પણ શુદ્ધ થવાવાળો નથી. ચામડામાં લપેટાયેલો શોભાયમાન દેખાવવાળો આ દેહ સાત કુધાતુઓથી ભરાયેલ મળની મૂર્તિ જ છે; કેમ કે અંતરમાં જોવાથી માલૂમ પડે છે કે એના સમાન અપવિત્ર બીજો કોઈ પદાર્થ નથી.

એના નવ દ્વારોથી દિવસ–રાત એવો મેલ વહેતો રહે છે, જેનું નામ લેવાથી પણ ઘૃણા ઉત્પન્ન થાય છે. જેને અનેક વ્યાધિઓ અને ઉપાધિઓ નિરંતર લાગી રહે છે, એ દેહમાં રહીને આજસુધી કોણ બુદ્ધિમાન સુખી થયો છે?

આ દેહનો સ્વભાવ દુર્જનની સમાન છે; કેમ કે આમાં પણ દુર્જનની જેમ પોષણ કરવાથી દુઃખ અને દોષ ઉત્પન્ન થાય છે અને શોષણ કરવાથી સુખ ઉત્પન્ન થાય છે. તો પણ આ મુર્ખ જીવ આમાં પ્રીતિ વધારે છે.

એનું સ્વરૂપ રમવા યોગ્ય નથી, ખરેખર આ છોડવા યોગ્ય જ છે; છેવટે હે ભવ્ય પ્રાણીઓ ! આ માનવ શરીરને મેળવીને મહાતપ કરો; કેમ કે આ નર દેહ મેળવવાનો સાર આત્મહિત કરી લેવામાં જ છે.

કથિત છંદોમાં દેહની અશુચિ સ્વરૂપનું વૈરાગ્યોત્પાદક ચિત્રણ કરી અંતમાં એ જ કહેવાયું છે કે 'આવો દેહ કરે કેમ યારી' એટલે આવા અશુચિ દેહથી શું પ્રેમ કરવો? તથા 'રાચન જોગ સ્વરૂપ ન યાકો, વિરચન જોગ સહી હૈ' એટલે આનું સ્વરૂપ ચાહવા યોગ્ય નથી. ખરેખર એ છોડવા યોગ્ય જ છે.

હે આત્મન ! દેહ જો અપવિત્ર છે તો રહેવા દે એને અપવિત્ર, તને એનાંથી શું લેવા-દેવા ! તું તો એનાથી અત્યંત ભિન્ન પરમ પવિત્ર ભગવાન આત્મા છે. તું તો પોતાને ઓળખ. તું આ દેહનાં મમત્વ તેમજ સ્નેહમાં પડીને કેમ અનંત દુઃખ ઉઠાવી રહ્યો છે! એમાંથી બધી રીતે સ્નેહ તોડીને સ્વયંમાંજ સમાઈ જવામાં સાર છે.

આ વાતને પંડિત જયચંદજી છાબડા આ પ્રકારે વ્યક્ત કરે છે:

**''निर्मल अपनी आत्मा, देह अपावन गेह ।**
**जानि भव्य निजभाव को, यासों तजो सनेह ॥**

આપણો આત્મા અત્યંત નિર્મળ છે અને આ દેહ અપવિત્રતાનું ઘર છે. હે ભવ્યો ! આ પ્રમાણે જાણીને આ દેહથી સ્નેહ છોડો અને નિજભાવનું ધ્યાન કરો.''

આ પ્રકારના ચિન્તનનું મૂળ ઉદેશ દેહનાં પ્રત્યે વિરક્તિ ઉત્પન્ન કરી દેહ દેવાલયમાં બિરાજમાન દેહથી ભિન્ન નિજ ભગવાન આત્માના દર્શન-જ્ઞાન-રમણતાની રુચિ ઉત્પન્ન કરવાનો જ છે.

આ પ્રમાણે આપણે જોઈએ છે કે અશુચિ ભાવનામાં દેહ સંબંધી અશુચિતાનું ચિન્તન કરવામાં આવે છે; તો પણ આના ચિન્તનની સીમા દેહની અશુચિતા સુધી જ સીમિત નથી, ખરેખર આમાં આત્માની પવિત્રતાનું ચિન્તન તેમજ રમણતા પણ સમાઈ જાય છે. કાર્તિકેય સ્વામી તો સ્પષ્ટ લખે છે.

**''जो परदेहविरत्तो, णियदेहे ण य करेदि अणुरायं ।**
**अप्पसरुव सुरत्तो, असुइत्ते भावणा तस्य ॥**

જે ભવ્ય જીવ પરદેહ (સ્ત્રી આદિના દેહ) થી વિરક્ત થઈને પોતાના દેહમાં પણ અનુરાગ નથી કરતો તથા પોતાના આત્મ સ્વરૂપમાં અનુરક્ત રહે છે, તેને અશુચિ ભાવના હોય છે.

કથિત છંદમાં દેહથી વિરક્તિ અને આત્મસ્વરૂપમાં અનુરક્તિની વાત તો અત્યંત સ્પષ્ટરૂપથી કહેવાઈ ગઈ છે; પણ એક નવી વાત બીજી પણ કહેવાઈ ગઈ છે, જે સહજરૂપથી બીજે જોવામાં નથી



આવતી. આમાં દેહના પણ પરદેહ અને સ્વદેહ આવા બે ભેદ કરી દેવામાં આવ્યા છે.

એક ક્ષેત્રાવગાહી નિકટવર્તી સંયોગી પદાર્થ હોવાના કારણે નિજ દેહમાં તો સામાન્ય જનોનો સહજ સ્નેહ દેખાઈ જ આવે છે, પણ સ્પર્શનાદિ ઈન્દ્રિયોની ઉપભોગની વસ્તુ હોવાથી સ્ત્રી આદિના શરીરમાં પણ રાગ થાય જ છે.

સ્પર્શાનાદિ ઈન્દ્રિયોના વિષયોથી વિરક્તિ ઉત્પન્ન કરવાના ઉદેશયથી સ્ત્રી આદિકના દેહની અપવિત્રતાનાં પણ દિગ્દર્શન કરાવવામાં આવે છે. બ્રહ્મચર્ય ધર્મની પૂજાના પ્રસંગમાં દશલક્ષણ પૂજનમાં પણ આ પ્રકારનો એક છંદ પ્રાપ્ત થાય છે, જે આ પ્રકારે છે:-

**''कूरे तिया के अशुचि तन में, कामरोगी रति करे ।**
**बहु मृतक सड़हिं मसान माँहि, काग ज्यों चोंचे भरे ॥**

કામના વાસનાથી પીડિત વ્યક્તિ સ્ત્રીઓના અપવિત્ર શરીરમાં અનુરાગ કરે છે અને તે એ અપવિત્ર શરીરની સાથે આ પ્રકારનો વ્યવહાર કરે છે કે જે પ્રકારે કાગડો સ્મશાનમાં પડેલ સડેલા મૃતક શરીરમાં વારંવાર ચાંચ માર્યા કરે છે.

કથિત સંદર્ભમાં 'પદ્મનંદી પંચવિશંતિનાં મૂલ્યાંકિત છંદ પણ જોવા લાયક છેઃ-

**''युकाधाम कचा: कपालमजिनाच्छन्नं मुखं योषितां।**
**तच्छिद्रे नयने कुचौ पलभरौ बाहू तते कीकसे ॥**
**तुन्दं मूत्रमलादिसद्म जघनं प्रस्यन्दिवर्चोगृहं।**
**पादस्थूणमिदं किमत्र महतां रागाय संभाव्यते ॥**

જેનાં વાળ જુનું ઘર છે, કપાળ અને ચહેરો ચામડીથી આચ્છાદિત છે, બન્ને નેત્રો એ ચહેરાના છિદ્ર છે, બન્ને સ્તન માંસથી ભરેલા છે, બન્ને હાથો હાડકાં છે, પેટ મળમૂત્રાદિનો સ્થાન છે, જાંઘ પ્રદેશ વહેતા મળનું ઘર છે તથા પગ ઠૂંઠો ઝાડ જેવા છે. સ્ત્રીઓના આવા આ અપવિત્ર શરીર શું મહાન પુરુષોના

માટે અનુરાગનું કારણ થઈ શકે છે? નહીં, ક્યારેય નહીં.''

જો કે કથિત સંપૂર્ણ કથન સ્ત્રી શરીરને લક્ષમાં લઈને કરવામાં આવ્યું છે; તોપણ આનો આશય એ ક્યારેય નથી કે પુરુષ શરીર પવિત્ર હોય છે. પુરુષ શરીર પણ સ્ત્રી શરીરની જેમ જ મળ-મૂત્રનું ઘર તેમજ લોહી, માંસ અને હાડકાઓનો જ સમૂહ છે.

ભલે નરદેહની ચર્ચા હોય, ભલે નારી દેહની; આ પ્રમાણે ભલે સ્વ દેહની ચર્ચા હોય કે પરદેહની; અશુચિ ભાવનામાં બધા દેહોની ચર્ચા એની સ્વભાવગત અશુચિતાનાં દિગ્દર્શનનાં માટે જ હોય છે; કેમ કે અશુચિ ભાવનાનાં ચિન્તનનું પ્રયોજન સ્વપર દેહ તેમજ તત્સંબંધી ભોગોથી વિરક્તિ કરવાનું હોય છે.

આ શરીર સ્વયં તો અશુચિ છે જ, એનાં સંસર્ગમાં આવવાવાળા પ્રત્યેક પદાર્થ પણ એનાં સંયોગથી અપવિત્ર થઈ જાય છે. શુધ્ધ, સાત્વિક, સુંદરતમ ભોજન એનાં સંસર્ગમાં આવતાં જ અનિષ્ટ થઈ જાય છે, મોઢામાં નાખતાં જ અપવિત્ર થઈ જાય છે. ચાવવામાં આવેલ કોળિયો હાથમાં લેતાં સ્વયંને પણ ગ્લાનિ ઉત્પન્ન થાય છે. પેટમાં પહોંચી ગયા પછી ઉલ્ટી થઈ જાય તો કોઈ અડવા પણ તૈયાર નહીં થાય. વધુ સમય સુધી દેહના સંપર્કમાં રહેતા તો તે મળમૂત્રમાં પરિવર્તિત થઈ જ જાય છે.

રોજ શુધ્ધ, સાફ, સુંદર, વસ્ત્ર પહેરીએ છીએ તો સાંજ સુધી જ મેલાં-કરચાયેલાં થઈ જાય છે, પસીનાની ગંધ આવવા લાગે છે. નિર્મળ પાણીથી સ્નાન કરવા છતાં પણ આ શરીર તો નિર્મળ નથી થતું, પાણી અવશ્ય મેલું થઈ જાય છે.

આ વાતની ચર્ચા કરતાં સ્નાનાષ્ટકમાં કહેવાયું છે કેઃ-

**''सन्माल्यादि यदीवसंनिधिवशादस्पृश्यतामाश्रयेद्**
**विण्मूत्रादिभृतं रसादिघटितं वीभत्सु यत्पूति च।**
**आत्मानं मलिनं करोत्यपि शुचिं सर्वाशुचीनामिदं**
**संकेतैकगृहं नृणां वपुरपां स्नानात्कथं शुद्धयति ॥**



જે શરીરની સમીપતાનાં કારણે ઉત્તમ માળા આદિ પદાર્થ અડવાને યોગ્ય નથી રહેતા, જે મળ-મૂત્રાદિથી ભરેલ છે, રસ-રુધિરાદિ સાત ધાતુઓથી રચાયેલ છે, ભયાનક છે, દુર્ગન્ધમય છે અને જે નિર્મળ આત્માને પણ મલિન કરે છે, સમસ્ત અપવિત્રતાઓના એક સંકેતગૃહની જેમ આ મનુષ્યોનાં શરીર જળનાં સ્નાનથી કેમ શુદ્ધ થઈ શકે?''

આ વાતને સમજાવતાં મંગતરાયજી કહે છેઃ

**''तु नित पोखे यह सुखे ज्यों धोवे त्यों मैली।**
**निश-दिन करे उपाय देह का रोग दशा फैली॥**
**मात-पिता रज-विरज मिलकर बनी देह तेरी।**
**माँस हाड़ नश लहू राध की प्रगट व्याधि घेरी॥**
**काना पौंडा पड़ा हाथ यह चूसे तो रोवै।**
**फले अनन्त जु धर्मध्यान की भूमि विषैं बोवै॥**
**केशर चन्दन पुष्प सुगन्धित वस्तु देख सारी।**
**देह परस तैं होय अपावन निशदिन मल जारी ॥**

જેમ-જેમ તું આ દેહને પુષ્ટ કરે છે, તેમ-તેમ જ એ ક્ષીણ થતું જાય છે; તથા જેમ-જેમ ધૂએ છે તેમ-તેમ મેલું થતું જાય છે. જો કે તું એને સ્વસ્થ રાખવાનાં પ્રયત્નમાં રાત-દિવસ લાગ્યો રહે છે. તો પણ એ રોગોથી જ ઘેરાતું જાય છે. માતા-પિતાના રજ-વીર્યથી નિર્મિત આ તારો દેહ લોહી, માંસ, પરુ, હાડ, નસની વ્યાધિઓથી નિરંતર ઘેરાયલું જ રહે છે.

આ દેહ ગાંઠવાળી શેરડીની જેમ તારા હાથમાં આવ્યું છે. તું એને ચૂસવાના પ્રયોગ કરીશ તો રોવું પડશે. જો આ ગાંઠવાળી શેરડીરૂપી રોગી દેહને ધર્મધ્યાનરૂપી જમીનમાં વાવી દેશે તો અનંત સુખરૂપ ફળશે. નિરંતર મળ વહી રહ્યું છે એવા આ દેહનાં સ્પર્શ માત્રથી સુગંધિત કેસર, ચંદન તેમજ ફૂલ અપવિત્ર થઈ જાય છે.

કથિત સંપૂર્ણ કથનનો સંક્ષિપ્ત સાર માત્ર આટલો જ છે કે

સ્વભાવથી જે અશુચિ દેહનાં મમત્વ તેમજ અનુરાગમાં જ આ દુર્લભ નરભવ ગુમાવી દેવો વ્યાજબી નથી, બુદ્ધિમાનનું આ કામ નથી. આ દેહથી અત્યંત ભિન્ન સ્વભાવથી જ પરમપવિત્ર નિજ ભગવાન આત્માની સાધના-આરાધના કરવી જ માનવ જીવનમાં એકમાત્ર કરવા યોગ્ય કાર્ય છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે અનિત્ય ભાવનાથી લઈને અશુચિ ભાવના સુધી સંપૂર્ણ ચિન્તન સંયોગી પદાર્થોની આગળ-પાછળ જ ઘૂમતો રહે છે. સંયોગી પદાર્થોમાં પણ આત્માના અત્યંત નિકટવર્તી સંયોગી પદાર્થ હોવાથી શરીર જ કેન્દ્રબિંદુ બની રહ્યું છે. અનિત્ય ભાવનામાં મૃત્યુની ચર્ચા કરીને શરીરનાં સંયોગની જ ક્ષણભંગુરતાનું ચિન્તન કરવામાં આવ્યું છે. અશરણ ભાવનામાં 'મરવાથી કોઈ બચાવી ન શકે' ની વાત કરીને શરીરના સંયોગને અશરણ કહેવામાં આવે છે. આ સંસારમાં અનેક દેહોને ધારણ કર્યા, પણ કોઈ દેહના સંયોગમાં સુખ પ્રાપ્ત નથી થયું.

શરીરના સંયોગ-વિયોગનું નામ જ તો જન્મ-મરણ છે; જન્મ-મરણના અનંત દુઃખ પણ જીવ એકલો જ ભોગવે છે, કોઈપણ સંયોગ સાથ નથી આપતા, દેહાદિ બધા સંયોગી પદાર્થ આત્માથી અત્યંત ભિન્ન જ છે-એ જ ચિન્તન એકત્વ અને અન્યત્વ ભાવનાઓમાં હોય છે. સ્વ અને પર શરીરની અશુચિતાનો વિચાર જ અશુચિ ભાવનામાં કરવામાં આવે છે.

આ પ્રમાણે એ નિશ્ચિત છે કે કથિત સંપૂર્ણ ચિન્તન દેહને કેન્દ્રબિંદુ બનાવીને જ ચાલે છે. કથિત સંપૂર્ણ ચિન્તન પ્રક્રિયાનો એકમાત્ર પ્રયોજન દ્રષ્ટિને દેહાદિ સંયોગી પદાર્થો પરથી હટાવી સ્વભાવ સન્મુખ લઈ જવાનો છે. કથિત પ્રયોજનને લક્ષમાં રાખીને જ અનિત્યાદિ ભાવનાઓની ચિન્તન-પ્રકિયાનું સ્વરૂપ નિર્ધારણ થયું છે.

અનાદિકાળથી જ આ આત્માએ અજ્ઞાનવશ આ દેહાદિ સંયોગી પદાર્થોમાં એકત્વ અને મમત્વ સ્થાપિત કરી રાખ્યું છે, આમાં જ



સુખ-દુઃખની કલ્પના કરી રાખી છે. આ એકત્વ, મમત્વ અને અજ્ઞાનના કારણે આ શરીરાદિ સંયોગી પદાર્થોની પ્રત્યે એને અનંત અનુરાગ બની રહ્યો છે, એ જ અનુરાગવશ એ નિરંતર એની જ સાર-સંભાળમાં લાગી રહ્યો છે.

જો કે સત્ય છે કે આના સંભાળવાના વિકલ્પોથી દેહાદિ સંયોગોના પરિણમનમાં કોઈ અંતર નથી પડતું, તો પણ એ એની સંભાળના વિકલ્પોમાં સ્વયં અટવાયેલા જ રહે છે. તેના સહજ જ અનુકૂળ પરિણમનમાં પ્રસન્ન તેમજ પ્રતિકૂળ પરિણમનમાં દુઃખી તો થયા જ કરે છે.

સમય આવે ત્યારે આ આત્મા જિનાગમના અભ્યાસ તેમજ સદ્‌ગુરુઓનાં સત્સમાગમથી ઉપલબ્ધ તત્વજ્ઞાનને તર્કની કસોટી પર કસીને જુએ છે તો બુદ્ધિના સ્તર પર આ વાત સમજમાં સારી રીતે આવવા લાગે છે કે આ દેહાદિ સંયોગી પદાર્થ અનિત્ય છે, અશરણ છે, અસાર છે, અત્યંત અશુચિ છે, મારાથી અત્યંત ભિન્ન છે, સુખ-દુઃખનાં સાથી નથી. આપણાં સુખ-દુઃખ સ્વયં આપણે એકલાએ જ ભોગવવા પડે છે.

હું તો આ શરીરાદિ સંયોગો અને નિમિત્તથી થવાવાળા સંયોગી ભાવો અને નિજ નિર્મળ પર્યાયો તેમજ ગુણભેદથી પણ ભિન્ન સ્વયં ભગવાન આત્મા છું, અનંત ગુણોનો ધામ છું, અન્તાનન્ત શક્તિઓનો સંગ્રહાલય છું, જ્ઞાનનો ઘનપિંડ તેમજ આનંદનો કંદ પરમપ્રભુ પરમેશ્વર છું.

આ વિકલ્પાત્મક સાચી સમજની અવિરલ ચિન્તન ધારાનાં પ્રબળ પ્રવાહથી દેહાદિ સંયોગોનાં પ્રત્યે વિદ્યમાન એકત્વ, મમત્વ તેમજ અનુરાગની પકડ કાંઈ ઢીલી પડવા લાગે છે, કાળ પાકી જવા પર અંતમાં એક સમય એવો આવે છે કે જ્યારે આ આત્મા એ ચિન્તન ધારાને પણ પાર કરીને આ દેહાદિ સંયોગોથી ભિન્ન નિજ ભગવાન આત્માનો અનુભવ કરવા લાગે છે, ત્યારે અનાદિકાળનો મિથ્યાત્વ ગ્રંથિને ભેદીને સમ્યગ્દર્શન અને

સમ્યગ્જ્ઞાનથી સંપન્ન થઈ જાય છે.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી સંપન્ન થઈ જવા પર પણ અસ્થિરતાના કારણે જ્યારે ઉપયોગ બહાર આવે છે તો અનાદિકાળનાં અભ્યાસ વશ આ દેહાદિ સંયોગોને સંભાળવાનાં વિકલ્પ તરંગો ફરીને માથું ઊંચકવા લાગે છે. તોપણ તેમાં એ જોર નથી રહેતું, જે મિથ્યાત્વની ઉપસ્થિતિમાં રહેતું હતું; તોપણ ચિત્ત તર્ક વિતર્કમાં જરાક ખોવાઈ જાય છે.

જો કે દેહાદિ સંયોગોની પ્રત્યે થવાવાળા એકત્વ, મમત્વ અને અનંત અનુરાગ શાંત થઈ ગયા છે; તો પણ અપ્રત્યાખાનાદિ સંબંધી અનુરાગ તો વિદ્યમાન જ છે. જો કે અનંત અનુરાગની સમક્ષ એની શક્તિ અનંતમા ભાગ માત્ર છે, તો પણ તેને એટલો નબળો પણ નહીં સમજવો જોઈએ કે તે અનુરાગ ચિત્તને ચલાયમાન ન કરી શકે.

આદિનાથ ભગવાનની દિવ્યદવનિનો લાભ છોડીને ભરત ચક્રવર્તીને સાઠ હજાર વર્ષ સુધી લડવા માટેની પ્રેરણા કરવાવાળી, રોકવાવાળી, વિકલ્પ તરંગો ચલાયમાન અનુરાગનું જ પરિણામ હતું.

કથિત અસ્થિરતાજન્ય વિકલ્પ તરંગોનાં શમવાનાં માટે શરીરાદિ સંયોગોની અનિત્યતા, અશરણતા, અસારતા, પૃથકતા, અશુચિતા આદિની ચિન્તન ધારા જ્ઞાનીઓમાં પણ ચાલતી રહે છે અને ચાલતી રહેવી જોઈએ.

જેમ-જેમ આ ચિન્તનધારા પ્રબળથી પ્રબળતર તેમજ પ્રબળતરથી પ્રબળતમ થતી જાય છે; તેમ-તેમ કથિત અસ્થિરતાજન્ય વિકલ્પ તરંગો નિરંતર કમજોર પડતાં જાય છે અને જેમ જેમ તે વિકલ્પતરંગો કમજોર પડતાં જાય છે; તેમ-તેમ આ ચિન્તનધારા હજી પણ વધારે પ્રબળરૂપ ધારણ કરતી જાય છે.

ચિન્તનની આ પ્રબળતા કથિત વિકલ્પ તરંગોને શાંત કરીને સ્વયં પણ શાંત થઈ જાય છે અને આત્મા નિર્વિકલ્પ સમાધિમાં સમાઈ જાય છે.



અંતરનું જોર કમજોર પડતાં જ સમાધિ ભંગ થઈ જાય છે અને ચિત્તમાં ફરી એવા પ્રકારના વિકલ્પ તરંગો ઊઠવા લાગે છે. એ વિકલ્પ તરંગોને શાંત કરવા માટે ફરીને તે જ સંયોગોની અનિત્યાદિ સંબંધી તેમજ નિજ સ્વભાવનાં સામર્થ્ય સંબંધી ચિન્તન ધારા ચાલતી રહે છે. આ ચિન્તનધારા પૂર્વોક્ત ક્રમાનુસાર પ્રબળતાને પ્રાપ્ત થઈને રાગાત્મક વિકલ્પ તરંગોને ઉપશમિત કરીને સ્વયં શાંત થઈ જાય છે અને આત્મા ફરી નિર્વિકલ્પ સમાધિમાં સમાઈ જાય છે.

અંતરનું જોર કમજોર પડતાં જ સમાધિ પાછી ભંગ થઈ જાય છે. ફરી તે જ ક્રમ શરૂ થઈ જાય છે. વિકલ્પ તરંગોનું ઉઠવું, એનાં વિરુધ્ધ જ્ઞાનાત્મક ચિન્તનનું જાગૃત થવું, દરેક સમયે વિકલ્પ તરંગોનું નિર્બળ અને વૈરાગ્યોત્પાદક ચિન્તન ધારાનું સબળ થતું જવું અને અંતમાં બન્ને જ વિલીન થઈને સમાધિમાં સમાઈ જવું અને અંતમાં અંતરનું જોર કમજોર પડતાં જ સમાધિનું ભંગ થઈ જવું.

આ પ્રકારની ચિન્તન પ્રક્રિયા જો કે ચોથા અને પાંચમાં ગુણસ્થાનમાં પણ ચાલતી રહે છે; તો પણ એમાં તો ઝડપ નથી હોતી, જે મુનિ અવસ્થામાં જોવામાં આવે છે. સ્વરૂપનાં સાધક પરમ વીતરાગી ભાવલિંગી દિગમ્બર મુનિરાજોની આ ગતિ એટલી તીવ્ર હોય છે કે પ્રત્યેક અન્તર મુહૂર્તમાં આ ચક્ર એકવાર તો ફરી જ જાય છે. આજ કારણ છે કે બાર ભાવનાઓની ચર્ચા મુખ્યરૂપથી મુનિરાજોના સંદર્ભમાં કરવામાં આવે છે.

નિરંતરરૂપથી ચાલવાવાળી આ સંપૂર્ણ પ્રક્રિયાથી ચારિત્રમોહ સંબંધી અનુરાગ પણ નિરંતર ક્ષીણથી ક્ષીણતર તેમજ ક્ષીણતર થી ક્ષીણતમ થતું જાય છે અને એક દિવસ એવો પણ આવી જાય છે કે આ આત્મા અંનત કાળ સુધીનાં માટે પોતાનામાં જ સમાઈ જાય છે, પછી તેની સમાધિ ક્યારેય ભંગ નથી થતી, પોતાનામાં જ મગ્ન તે આત્મા અનંત કાળ સુધિ અનંત સુખ ભોગવે છે.

આ સ્થિતિ પર પહોંચી ગયા પછી બાર ભાવનાઓની ચિન્તન

પ્રક્રિયાથી પણ હમેંશને માટે પાર થઈ જાય છે. બાર ભાવનાઓની ચિન્તનનું મૂળ પ્રયોજન કથિત સ્થિતિ સુધી પહોંચવાનું જ છે.

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે આ બાર ભાવનાઓનાં ચિન્તનની ઉપયોગિતતા મિથ્યાત્વી મુમુક્ષુ આત્માર્થીથી લઈને પોત–પોતાની ભૂમિકાનુસાર ત્યાં સુધી નિરંતર આવશ્યક છે કે જ્યાં સુધી આ આત્મા પૂર્ણ વીતરાગી થઈને અનંતકાળ માટે સમાધિમાં સમાહિત નથી થઈ જતો.

બુદ્ધિપૂર્વકની જાણવાવાળી આત્મ સાધના કે આત્મ આરાધનાની પ્રક્રિયા અને વિધિ તો માત્ર એ જ છે. જે આત્માર્થી બુદ્ધિપૂર્વક કથિત વિધિને અપનાવતો ઉગ્રતાથી આત્મોન્મુખી પ્રબળ પુરુષાર્થ કરે છે, લાગે છે કે તેનું ભવિતવ્ય સારું છે અને એનો સંસારથી પાર થવાનો સમય આવી ગયો છે, ત્યારે તો તે આ પતનોન્મુખી ભોગ પ્રધાન યુગનાં ભોગોથી વિરક્ત થઈ આત્મોન્મુખી સમ્યક્ પુરુષાર્થમાં જોડાયેલો છે.

બધા આત્માર્થી શરીરાદિ સંયોગોની અશુચિતા તેમજ નિજ સ્વભાવની શુચિતાને સારી રીતે જાણીને, ઓળખીને, સંયોગોથી વિમુખ થાય, નિજ સ્વભાવમાં રત થઈને અનંત સુખી થાય–આ પાવન ભાવનાથી વિરામ લઉં છું.

હે પ્રભો, કેટલા આશ્ચર્યની વાત છે, જે ભોગોને તુચ્છ જાણીને તમે સ્વયં ત્યાગ કર્યો છે, તેઓ એને ઈષ્ટ માની રહ્યા છે અને તમારી પાસેથી તેની માંગણી કરી રહ્યા છે, તમને જ તેનો દાતા દેખાડી રહ્યા છે.

હે પ્રભો ! તમારા અનંત જ્ઞાનનો મહિમા તો અનંત જ છે, પણ અજ્ઞાનીઓના અજ્ઞાનનો મહિમા પણ અનંત છે, અન્યથા તેઓ આ પ્રમાણે વ્યવહાર કેમ કરે?



## ૭ આશ્રવ ભાવના

**संयोगजा चिदवृत्तियां भ्रमकूप आस्त्रवरुप हैं।**
**दुखरुप हैं दु:खकरण हैं अशरण मलिन जड़रूप हैं॥**
**संयोग विरहित आतमा पावन शरण चिदरुप है॥**
**भ्रमरोगहर संतोषकर सुखकरण है सुखरुप है।**

સંયોગના આશ્રયથી ઉત્પન્ન થવાવાળી ચૈતન્યની રાગ–દ્વેષરૂપ વૃત્તિઓ ભ્રમનો કૂવો છે, આશ્રવ ભાવરૂપ છે. દુઃખ સ્વરૂપ છે, દુઃખનું કારણ છે, મલિન છે, જડ છે, અશરણ છે અને સંયોગોથી રહિત ભગવાન આત્મા પરમ પવિત્ર છે, પરમ શરણ છે, ચૈતન્યરૂપ છે, ભ્રમરોગને ભગાડનાર, સંતોષ કરવાવાળો, સુખ કરવાવાળો અને આનંદરૂપ છે.

**इस भेद से अनभिज्ञता मद मोह मदिरा पान है।**
**इस भेद को पहिचानना ही आतमा का भान है॥**
**इस भेद की अनभिज्ञता संसार का आधार है।**
**इस भेद की नित भावना ही भवजलधि का पार है॥२॥**

આત્મા અને આશ્રવના આ ભેદને નહીં જાણવું મોહરૂપી મદિરાનું સેવન કરવું છે અને બન્નેના ભેદને ઓળખી લેવું જ આત્માનું સાચું જ્ઞાન છે. આ ભેદને નહીં ઓળખવું જ સંસારનું મૂળ કારણ છે. આ ભેદની નિરંતર ભાવના જ સંસાર સમુદ્રનો કિનારો છે.

**इस भेद से अनभिज्ञ ही रहते सदा बहिरात्मा।**
**जो जानते इस भेद को वे ही विवेकी आतमा॥**
**यह जानकर पहिचानकर निज में जमे जो आतमा**
**वे भव्यजन बन जायेंगे पर्याय में परमातमा॥३॥**

બહિરાત્મા જીવ આ ભેદથી હંમેશાં અપરિચિત જ રહે છે અને જે આ ભેદ (રહસ્ય)ને જાણે છે, તે જ વિવેકી જીવ છે. આ રહસ્યને જાણીને, ઓળખીને જે આત્મા પોતાનામાં જામી જાય છે, રમી જાય છે; તે ભવ્ય જન પર્યાયમાં પણ પરમાત્મા બની જશે.

हैं हेय आस्त्रवभाव सब श्रद्धेय निज शुद्धात्मा ।
प्रिय ध्येय निश्चय ज्ञेय केवल श्रेय जिन शुद्धातमा ॥
इस सत्य को पहिचानना ही भावना का सार है।
ध्रुवधाम की आराधना आराधना का सार है॥४॥

શુભાશુભ ભાવરૂપ સંપૂર્ણ આશ્રવ ભાવ હેય છે અને આપણો શુદ્ધાત્મા શ્રદ્ધેય છે, ધ્યેય છે, નિશ્ચયથી જ્ઞેય પણ તે જ છે; પરમપ્રિય તેમજ શ્રેષ્ઠ પણ તે જ છે.

આ સત્યને ઓળખવું જ આશ્રવ ભાવનાનો સાર છે અને ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધના જ આરાધનાનો સાર છે.

=સર્વજ્ઞતાના નિર્ણયથી, ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયથી મતિ વ્યવસ્થિત થઈ જાય છે, કર્તવ્યનો અહંકાર ગળી જાય છે, સહજ જ્ઞાતાદ્રષ્ટાપણાનો પુરુષાર્થ જાગૃત થાય છે, પરમાં ફેરફાર કરવાની બુદ્ધિ સમાપ્ત થઈ જાય છે. આ જ કારણે તત્સંબંધી આકુળતા-વ્યાકુળતા પણ ચાલી જાય છે, અતીન્દ્રિય આનંદ પ્રગટ થવાની સાથે-સાથે અનંત શાંતિનો અનુભવ થાય છે.

સર્વજ્ઞતાનો નિર્ણય અને ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધાથી એટલાં લાભ તો તત્કાળ પ્રાપ્ત થાય છે. એનાં સિવાય જ્યારે તે આત્મા, આત્માના આશ્રયથી વીતરાગ-પરિણતિની વૃદ્ધિ કરતો જાય છે, ત્યારે એક સમય એ પણ આવે છે કે જ્યારે તે પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતાને સ્વયં પ્રાપ્ત કરી લે છે. આત્માથી પરમાત્મા બનવાનો આ જ રસ્તો છે.



# આશ્રવ ભાવના : એક ચિન્તવન

संयोगजा चिदवृत्तियां भ्रमकूप आस्त्रवरुप हैं।
दुखरुप है दु:खकरण है, अशरण मलिन जड़रुप हैं ॥
संयोग विरहित आतमा पावन शरण चिद्रुप है।
भ्रमरोगहर संतोषकर सुखकरण है सुखरुप है॥

શરીરાદિ સંયોગી પદાર્થોમાં એકત્વ-મમત્વ તેમજ આ શરીરાદિનાં લક્ષ્યથી આત્મામાં ઉત્પન્ન થવાવાળી રાગ-દ્વેષરૂપ વિકલ્પ તરંગો ભાવાશ્રવ છે, તથા આ ભાવાશ્રવોના નિમિત્તથી કાર્મણ વર્ગણાઓનું કર્મરૂપ પરિણમિત થવું દ્રવ્યાશ્રવ છે.

ભાવાશ્રવ કે દ્રવ્યાશ્રવ-આ બે ભેદોનાં ઉપરાંત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ-આ પાંચ ભેદોમાં પણ આશ્રવ વિભાજીત કરવામાં આવે છે.

આ પાંચે ભાવ પણ ભાવ અને દ્રવ્યનાં રૂપમાં બે-બે પ્રકારના હોય છે. આમાં ભાવ મિથ્યાત્વાદિ આત્માના વિકારી પરિણામ છે અને દ્રવ્ય મિથ્યાત્વાદિ કાર્મણ વર્ગણાનાં કર્મરૂપ પરિણમન છે.

શરીરાદિ સંયોગોના સમાન આ આશ્રવ ભાવ પણ અનિત્ય છે, અશરણ છે, અશુચિ છે, આત્મસ્વભાવથી અન્ય છે, ચારગતિમાં સંસરણ (પરિભ્રમણ)નાં હેતુ છે, દુઃખરૂપ છે, દુઃખના હેતુ છે, જડ છે. આનાંથી ભિન્ન જ્ઞાનાદિ અનંત ગુણોનો અખંડ પિંડ ભગવાન આત્મા નિત્ય છે, પરમ શરણભૂત છે, સંસાર પરિભ્રમણથી રહિત, પરમ પવિત્ર, આનંદનો કંદ છે અને અતીન્દ્રિયાનંદની પ્રાપ્તિનો હેતુ પણ છે. -આ પ્રકારનું ચિન્તન જ આશ્રવ ભાવના છે.

આ સંદર્ભમાં આચાર્ય કુંદકુંદનું મૂલ્યાંકિત કથન જોવાલાયક છેઃ-

''णादूण आसवाणं असुचितं च विवरीयभावं च ।
दुक्खस्स कारणं ति य तदो णियर्त्ति कुणदि जीवो ॥
जीवणिबद्धा एदे अधुव अणिच्या तहा असरणा य।
दुक्खा दुक्खफल त्ति य यादूण णिवत्तदे तेहिं॥

આશ્રવોની અશુચિતા, વિપરીતતા તેમજ દુ:ખ કારણતા જાણીને જીવ એનાંથી નિવૃત્તિ કરે છે.

જીવથી નિબધ્ધ આ આશ્રવ અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, દુ:ખરૂપ છે અને દુ:ખરૂપ જ ફળે છે–આવું જાણીને જ્ઞાની તેનાથી નિવૃત્ત થાય છે.

કથિત કથનને સોદાહરણ સ્પષ્ટ કરતાં આચાર્ય અમૃતચંદ્ર 'આત્મખ્યાતિ'માં લખે છે:–

જે પ્રકારે જળમાં શેવાળ જળના મેલના રૂપમાં ઉપલબ્ધ થાય છે, એ જ પ્રકારે આશ્રવભાવ પણ આત્મામાં મેલના રૂપમાં જ ઉપલબ્ધ થાય છે; એટલે તે અશુચિ છે, અપવિત્ર છે. તથા ભગવાન આત્મા હંમેશાં જ અત્યંત નિર્મળ ચૈતન્ય ભાવથી ઉપલબ્ધ થાય છે એટલે અત્યંત શુચિ છે, પરમ પવિત્ર છે.

જડ સ્વભાવવાળા હોવાથી આશ્રવભાવ બીજાઓ દ્વારા જાણવામાં આવે છે; છેવટે તે ચૈતન્ય (આત્મા)થી અન્ય સ્વભાવવાળા છે અને ભગવાન આત્મા હંમેશાં જ વિજ્ઞાનઘન સ્વભાવવાળો હોવાથી સ્વયંને જાણે છે; છેવટે ચૈતન્યથી અનન્ય છે.

આકુળતા ઉત્પન્ન કરવાવાળા હોવાથી આશ્રવ દુ:ખના કારણ છે અને ભગવાન આત્મા નિરાકુળ સ્વભાવી હોવાના કારણે ન તો કોઈનું કાર્ય છે અને ન કોઈનું કારણ છે; એટલે દુ:ખનું અકારણ જ છે.

વૃક્ષ અને લાખની રીતે વધ્ય–ઘાતક સ્વભાવવાળા હોવાથી જીવની સાથે નિબધ્ધ હોવા છતાં પણ અવિરુધ્ધ સ્વભાવનો અભાવ હોવાથી આશ્રવભાવ જીવ નથી.

હરણના વેગની રીતે ઘટતી–વધતી હોવાથી આશ્રવ અધ્રુવ છે, પણ ચૈતન્ય માત્ર જીવ ધ્રુવ છે. શીત–દાહ તાવના આવેશની રીતે અનુક્રમથી ઉત્પન્ન થવાના કારણે આશ્રવભાવ અનિત્ય છે અને વિજ્ઞાનઘન સ્વભાવી આત્મા નિત્ય છે.

જે પ્રમાણે વિર્ય સ્ખલનની સાથે ભયંકર કામ સંસ્કાર નષ્ટ થઈ જાય છે, કોઈથી રોકાઈ નથી શકતો; તેવી રીતે કર્મોદય સમાપ્ત



થવાની સાથે જ આશ્રવ નાશને પ્રાપ્ત થઈ જાય છે; એને રોકવો સંભવ નથી. છેવટે આશ્રવ અશરણ છે; તો પણ સ્વયં રચિત ચિત્શક્તિરૂપ જીવ શરણ સહિત છે.

આકુળ સ્વભાવવાળા હોવાથી આશ્રવ દુ:ખરૂપ છે અને નિરાકુળ સ્વભાવવાળા હોવાથી આત્મા સુખરૂપ છે. ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરવાવાળા પુદગલ પરિણામ (કર્મબંધ)ના હેતુ હોવાથી આશ્રવ દુ:ખ ફળરૂપ છે અને સમસ્ત પુદગલ પરિણામના અહેતુ હોવાથી આત્મા સુખ ફળરૂપ છે.

સમયસાર અને આત્મખ્યાતિના કથિત કથનમાં જ્યાં એક બાજુ આશ્રવભાવોને અધ્રુવ, અનિત્ય, અશરણ, અશુચિ, જડ,દુ:ખરૂપ તેમજ દુ:ખના કારણ બતાવવામાં આવ્યા છે તો બીજી બાજુ ભગવાન આત્માને ધ્રુવ, નિત્ય, પરમ શરણભૂત,પરમ પવિત્ર, ચેતન, સુખરૂપ તેમજ સુખના કારણ બતાડવામાં આવ્યા છે.

કથિત સંપૂર્ણ કથનાનો એકમાત્ર ઉદ્દેશ્ય ''આશ્રવભાવ–મોહ–રાગ–દ્વેષરૂપ વિકારી ભાવ હેય છે અને સંયોગ તથા સંયોગીભાવોથી ભિન્ન ભગવાન આત્મા પરમ ઉપાદેય છે–' આ બતાવવું છે.

'મોહ–રાગ–દ્વેષરૂપ આશ્રવભાવ આત્માનાં સ્વભાવભાવ નથી, વિભાવ છે, સંયોગી ભાવ છે, ભગવાન આત્મા એનાથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવી છે.' આ વાત બુદ્ધિના સ્તર પર ખ્યાલમાં આવી જવાથી અજ્ઞાનીજનોનો મિથ્યાત્વથી ગ્રસ્ત ચિત્ત આ તથ્યને સ્વીકાર નથી કરી શકતો, પરિણામે મોહ–રાગ–દ્વેષરૂપ આશ્રવભાવોથી એનું એકત્વ–મમત્વ બની જ રહે છે.

જો કે જ્ઞાનીજનોનો એકત્વ–મમત્વ–મોહ–રાગ–દ્વેષરૂપ ભાવોથી નથી હોતો; તો પણ છોડવા જેવી વિકલ્પ તરંગો એમની પણ ભૂમિકાનુસાર ઊઠ્યા જ કરે છે, રાગ–દ્વેષ ઉત્પન્ન થયા જ કરે છે. કથિત રાગ–દ્વેષ અને વિકલ્પ તરંગોના શમનને માટે જ્ઞાનીજનોને તેમજ આશ્રવભાવોથી એકત્વ–મમત્વ તોડવાને માટે અજ્ઞાનીજનોને પણ આશ્રવભાવોની અધ્રુવતા, અનિત્યતા, અશરણતા, અશુચિતા. જડતા, દુ:ખરૂપતા તેમજ દુ:ખ કારણતા તથા આત્માની ધ્રુવતા,

નિત્યતા, શરણભૂતતા, ચેતનતા, પવિત્રતા, સુખરૂપતા તેમજ સુખના કારણરૂપતાનો વિચાર–ચિન્તન–મનન હંમેશાં કરતા રહેવું જોઈએ.

મોહ–રાગ–દ્વેષરૂપ ભાવ આશ્રવ તત્વ છે અને એના સંદર્ભમાં નિરંતર કરવામાં આવતું કથિત ચિન્તન આશ્રવ ભાવના છે.

ધ્યાન રહે આશ્રવ ભાવના આશ્રવતત્વ નહીં, સંવરતત્વ છે; કેમ કે તત્વાર્થસૂત્રમાં બાર ભાવનાઓનું વર્ણન સંવરતત્વનાં પ્રકરણમાં આવે છે. ત્યાં અનુપ્રેક્ષાઓને સંવરના કારણોમાં ગણવામાં આવ્યું છે.

તત્ત્વાર્થસૂત્રમાં કથિત કથન મુખ્યપણે આપ્રકારે છેઃ–

**"आस्त्रवनिरोध: संवर: सगुप्तिसमितिधर्मानुप्रेक्षापरीषहजयचारित्रै:।**

આશ્રવના નિરોધને સંવર કહે છે, તે સંવર ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશ ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહજય અને પાંચ પ્રકારના ચારિત્રથી થાય છે.

બાર ભાવનાઓના ચિન્તનનું મૂળ પ્રયોજન પર અને વિકારથી ભિન્ન નિજ ભગવાન આત્મામાં જ રમણતાની તીવ્ર રુચિ ઉત્પન્ન કરવી છે, તત્સંબંધી પુરુષાર્થને વિશેષ જાગૃત કરવાનો છે. આ પ્રયોજનની સિદ્ધિના માટે અનિત્યથી લઈને અશુચિભાવના સુધી સંયોગોની અનિત્યતા, અશરણતા, અશારતા, ભિન્નતા, અશુચિતાનું ચિન્તન કરવામાં આવે છે. આ વાતનો વિચાર કરવામાં આવે છે કે આ સંયોગ માત્ર સંયોગ છે, આત્માનાં સુખ–દુઃખમાં સાથ આપવાવાળા નથી.

કેમ કે સંયોગ પરરૂપ જ હોય છે; એટલે કથિત છ ભાવનાઓમાં વિશેષ કરીને પરની પૃથકતાનું જ વૈરાગ્ય પ્રેરક ચિન્તન થાય છે; તો પણ આશ્રવ ભાવનામાં વિભાવની વિપરીતતાનું ચિન્તન મુખ્ય હોય છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે અનિત્યાદિ છ ભાવનાઓના ચિન્તનની વિષય વસ્તુ શરીરાદિ સંયોગ છે અને આશ્રવ ભાવનાના ચિન્તનની વિષય વસ્તુ સંયોગી ભાવ છે.

પર સંયોગથી અથવા પરના લક્ષ્યથી આત્મામાં ઉત્પન્ન થવાવાળા મોહ–રાગ–દ્વેષરૂપ આશ્રવભાવ જ સંયોગી ભાવ છે,



વિભાવ છે અને તે આત્મસ્વભાવથી વિપરીત છે. એની આ વિપરીતતાને જ સમયસાર અને આત્મખ્યાતિના કથિત કથનોમાં અનેક હેતુઓથી ઉદાહરણ સહિત સમજાવવામાં આવ્યા છે.

આશ્રવભાવોની વિપરીતતા પણ આત્મસ્વભાવથી જ સિદ્ધ કરવી છે; છેવટે જે બિન્દુઓથી આશ્રવનો સ્વરૂપ સ્પષ્ટ કરે છે, સાથે તે જ બિન્દુઓથી આત્મસ્વભાવનો સ્પષ્ટીકરણ પણ સહજ આવશ્યક થઈ જાય છે; છેવટેઃ કહેવાય છે કે આત્મા નિત્ય છે, આશ્રવ અનિત્ય છે; આત્મા ધ્રુવ છે, આશ્રવ અધ્રુવ છે; આત્મા પરમશરણ છે, આશ્રવ અશરણ છે; આત્મા ચેતન છે, આશ્રવ જડ છે; આત્મા સુખસ્વરૂપ છે, આશ્રવ દુઃખરૂપ છે; આત્મા સુખનું કારણ છે, આશ્રવ દુઃખના કારણ છે.

આ પ્રમાણે જો કે આ આશ્રવભાવ આત્મામાં જ ઉત્પન્ન થાય છે, આત્મા નિબદ્ધ છે; તો પણ આત્મસ્વભાવથી જુદા છે, વિપરીત સ્વભાવવાળા છે; છેવટે હેય છે; શ્રદ્ધેય નથી, ધ્યેય નથી, ઉપાદેય પણ નથી, માત્ર જ્ઞાનના જ્ઞેય છે; અને આશ્રવભાવોથી અન્ય આ ભગવાન આત્મા પરમજ્ઞેય છે, પરમ શ્રદ્ધેય છે, પરમ ધ્યેય છે, પરમ–ઉપાદેય છે.

આ પ્રકારનું સતત ચિન્તન જ આશ્રવ ભાવના છે.

માત્ર આશ્રવનાં કારણોનું, ભેદ–પ્રભેદોનો વિચાર કરતાં રહેવું આશ્રવ ભાવના નથી. આશ્રવ ભાવનામાં આશ્રવોનાં સ્વરૂપની સાથે–સાથે જે આત્માના પર્યાયમાં આ મોહ–રાગ–દ્વેષરૂપે આશ્રવભાવ ઉત્પન્ન થાય છે, તો પણ જે આત્મા આ મોહ–રાગ–દ્વેષભાવોથી ભિન્ન છે, પરમ પવિત્ર છે, ધ્રુવ છે; આ આત્માનો પણ વિચાર થાય છે, ચિન્તન થાય છે. આની સાથે–સાથે આશ્રવભાવોનું પણ ચિન્તન આ પ્રકારથી થાય છે કે જેનાંથી આશ્રવભાવોથી વિરક્તિ તેમજ –આત્મ સ્વભાવમાં અનુરક્તિ ઉત્પન્ન થાય; કેમ કે, આશ્રવભાવનાના ચિન્તનનો ઉદેશ્ય આશ્રવોનો નિરોધ છે, આશ્રવભાવનો અભાવ કરવો છે, એને જડમૂળથી ઊખાડી ફેંકવો છે.

આશ્રવભાવોને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે આ આવશ્યક છે કે

આપણે સંપૂર્ણ આશ્રવોને હેય જાણીએ, સંપૂર્ણપણે હેય માનીએ; ભલે તે પાપાશ્રવ હોય, ભલે પુણ્યાશ્રવ, ભલે અશુભાશ્રવ હોય, ભલે શુભાશ્રવ. શુભથી શુભઆશ્રવનાં પ્રત્યે મોહ (ઉપાદેય બુદ્ધિ) મિથ્યાત્વ નામનું અશુભતમ આશ્રવ છે. તીર્થંકર નામ કર્મનો બંધ કરવાવાળા શુભતમ ભાવોમાં પણ જો ઉપાદેય બુદ્ધિ રહે છે તો તે અનંત સંસારનાં કારણરૂપ મિથ્યાત્વ નામક અશુભતમ આશ્રવભાવ છે.

આ સંદર્ભમાં આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજી સ્વામીનાં વિચાર પણ જોવાલાયક છેઃ-

હાડ, માંસ, ચામડી આદિમય શરીર અશુચિ છે –આ વાત તો દૂર જ રહી તથા પાપાભાવ અશુચિ છે, અપવિત્ર છે. એ પણ બધા કહે છે પણ અહિંયા તો એ કહે છે કે દયા, દાન, વ્રત આદિરૂપ જે પુણ્યભાવ છે, તે પણ અશુચિ છે, અપવિત્ર છે.

અહાહા! જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય છે તે ભાવ પણ મલિન છે–એવું અહીં કહે છે.

આ વાત શુભભાવોમાં ધર્મ માનવાવાળા અજ્ઞાનીઓને કઠિન લાગે છે, અટપટી લાગે છે, ખરાબ લાગે છે, પરંતુ સ્વરૂપના રસિક–આસ્વાદી જ્ઞાની પુરુષતો શુભભાવોને, પુણ્યભાવોને મલિન જ જાણે છે, આ કારણે હેય માને છે.

રાગની ભલે જેટલી મંદતાના શુભ પરિણામ કેમ ન હોય, તો પણ તે મેલ છે, અશુચિ છે, વિષરૂપ છે. શાસ્ત્રમાં પુણ્યભાવને કોઈ જગ્યાએ વ્યવહારથી અમૃત પણ કહ્યા છે, તો પણ વાસ્તવમાં તો વિષ જ છે. અમૃતનો સાગર તો એકમાત્ર ભગવાન આત્મા છે–જેને અંદરમાં એનું ભાન થયું હોય, સ્વાદ આવ્યો હોય, એ ધર્મી જીવોને આત્માના ભાનપૂર્વક જે રાગની મંદતાનો પરિણામ થાય છે, એ આત્મભાનને એ આત્મભાનનો આરોપ કરીને સાથે થવાવાળા શુભ રાગને વ્યવહારથી અમૃત કહી દેવામાં આવ્યું છે; તો પણ નિશ્ચયથી તો તે વિષ જ છે, અશુચિ છે, અપવિત્ર છે.

આશ્રવભાવનામાં આશ્રવોના ભેદ–પ્રભેદોનાં વિસ્તારમાં જવાની અપેક્ષા આશ્રવોનાં હેયત્વનું ચિન્તન અધિક આવશ્યક છે, અધિક



ઉપયોગી છે અને આશ્રવોથી ભિન્ન ભગવાન આત્માનાં ઉપાદેયતત્ત્વનો ચિન્તન એનાંથી પણ અધિક આવશ્યક છે, એનાંથી પણ અધિક ઉપયોગી છે.

ઉપલબ્ધ બાર ભાવનાઓમાં સર્વત્ર જ કથિત ભાવ ઉપલબ્ધ થાય છે. કથિત સંદર્ભમાં પંડિત શ્રી જયચંદજી છાબડા કૃત બાર ભાવનાનો મૂલ્યાંકિત છંદ જોવા લાયક છે :–

**''आतम केवल ज्ञानमय, निश्चयद्रष्टि निहार ।**
**सब विभाव परिणाममय, आस्त्रवभाव विडार ॥**

નિશ્ચય દ્રષ્ટિથી જોઈએ તો ભગવાન આત્મા તો માત્ર જ્ઞાનમય છે, વિભાવ પરિણામરૂપ સમસ્ત આશ્રવભાવ તેમાં છે જ નહીં. જ્ઞાનમય આત્મા સ્વભાવના અજ્ઞાનને કારણે પર્યાયમાં જે વિભાવ પરિણામરૂપ આશ્રવભાવ ઉત્પન થઈ રહ્યાં છે, તે બધા લડવાને યોગ્ય છે, હેય છે.''

બ્ર. ચુનિભાઈ દેસાઈ કૃત બાર ભાવનામાં સમાગત આશ્રવ ભાવના સંબંધી મૂલ્યાંકિત છંદ પણ જોવાલાયક છે :–

**''पूर्वकथित मिथ्यात्व आदि जे आस्त्रवभेद बरवाने ।**
**निश्चय सो आतम के नाहीं यों चिंतन उर आने ॥**
**द्रव्य और भावास्त्रव सों है भिन्न आतमा मेरा।**
**बारम्बार भावना भावै मिटै सकल जग फेरा॥**

આ પ્રકારનો ભાવ શ્રી નથમલજી બિલાલા કૃત બાર ભાવનામાં ઉપલબ્ધ હોય છે, જે આ પ્રકારે છે :–

**''आस्त्रव तें प्राणी संसार विषैं भ्रमैं ।**
**उदधि विषैं जिमि काठ नाहिं थिरता पमैं ॥**
**यातैं आस्त्रव सकल पूर तज दीजिए।**
**अविनाशी चिद्रुप ताहि भज लीजिए॥**

જે પ્રમાણે સાગરની લહેરોમાં ડોલતો કાષ્ટનો ટુકડો સ્થિરતા પ્રાપ્ત નથી કરી શકતો, એ જ પ્રમાણે આ પ્રાણી આશ્રવોનાં કારણે ભવસાગરમાં ઘૂમતો જ રહે છે, કયાં પણ સ્થિરતા પ્રાપ્ત નથી કરી શકતો; છેવટેઃ સંપૂણ શુભાશુભ આશ્રવોને પૂરી રીતે છોડી દો અને

ચૈતન્ય સ્વરૂપ અવિનાશી નિજ આત્માને ભજી લો એટલે ચૈતન્ય સ્વરૂપ અવિનાશી નિજ આત્માનો જ ધ્યાન કરો–એમાં જ સાર છે.

આશ્રવ ભાવના સંબંધી કથિત કથન જો કે અતિ સંક્ષેપમાં છે, એક એક છંદમાં જ છે; તો પણ એમાં આશ્રવભાવોની હેયતા અને આત્મ સ્વભાવની ઉપાદેયતાનો નિર્દેશ અવશ્ય છે.

આત્મ સ્વભાવના આશ્રયપૂર્વક શુભાશુભ ભાવરૂપ આશ્રવભાવોથી મુક્ત થવું જ આશ્રવાનુપ્રેક્ષાના ચિન્તનનું વાસ્તવિક ફળ છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં લખે છે:–

**''एदे मोह्यभावा, जो परिवज्जेइ उवसमे लीणो ।**
**हेयं ति मण्णमाणो, आसव अणुपेहणं तस्स ॥९४॥**
**एवं जाणंतो वि हु, परिचयणीये वि जो ण परिहरइ**
**तस्सासवाणुवेक्खा, सव्वा वि णिरत्थया होदि॥९३॥**

જે પુરુષ ઉપશમ પરિણામોમાં લીન થઈને પૂર્વકથિત મિથ્યાત્વાદિ ભાવોને હેય માનીને છોડે છે, તેને જ આશ્રવ ભાવના હોય છે.

આ પ્રમાણે જાણીને પણ જે ત્યાગવા યોગ્ય પરિણમોને નથી છોડતો, તેનું આશ્રવ ભાવના સંબંધી સંપૂર્ણ ચિન્તન નિરર્થક છે.''

કથિત કથનથી અત્યંત સ્પષ્ટ છે કે આશ્રવ ભાવનાનાં ચિન્તનની સાર્થકતા આશ્રવભાવોને હેય જાણીને, હેય માનીને ત્યાગવામાં જ છે.

''અશુભાશ્રવરૂપ પાપાશ્રવોને તો સંપૂર્ણ જગત સહજરૂપથી હેય સ્વીકાર કરી લે છે; પરંતુ શુભાશ્રવરૂપ પુણ્યાશ્રવ પણ હેય છે–આ વાત સામાન્યજનોને આસાનીથી ગળે નથી ઉતરતી. તેમને એ વિકલ્પ બની જ રહે છે કે શુભ અને અશુભ અથવા પુણ્ય અને પાપ સમાનરૂપથી હેય કેમ હોઈ શકે ? એમનું અંતરંગ શુભાશ્રવ–પુણ્યાશ્રવને સહજરૂપથી હેય સ્વીકારી નથી શકતું.

એવા જીવોને સમજાવતાં કવિવર પંડિત બનારસીદાસ લખે છે :–

**''सील तप संजम विरती दान पूजादिक,**
**अथवा असंजम कषाय विषैभोग है ।**
**कोऊ सुभरुप कोऊ अशुभस्वरूप मूल**



**'वस्तु के विचारत दुविध कर्मरोग है ।**
**ऐसी बंधपद्धति बरवानी वीतराग देव,**
**आतम धरम में करम त्याग–जोग है ।**
**भौजल तरैया राग–द्वेष कौ हरैया महा–**
**मोरव को करैया एक सुद्ध उपयोग है ॥**

કથિત છંદમાં અત્યંત સ્પષ્ટરૂપથી કહેવામાં આવ્યું છે કે ભલે શીલ, તપ, સંયમ, વ્રત, દાન અને પૂજન આદિનો શુભરાગ હોય અથવા અસંયમ, કષાય અને વિષયભોગ આદિનો અશુભ રાગ હોય, મૂળવસ્તુનો વિચાર કરતાં પણ શુભ અને અશુભ–બન્ને જ પ્રકારના ભાવ કર્મરૂપી રોગ જ છે, કર્મબંધના કારણ જ છે, મોક્ષના કારણ નથી.

વીતરાગી સર્વજ્ઞ ભગવાને કર્મોની આશ્રવ અને બંધની પધ્ધતિ આ પ્રકારે દેખાડી છે; છેવટે આત્મ હિતકારી ધર્મમાં શુભ અને અશુભ બધાં કર્મ સમાનરૂપથી ત્યાગવા યોગ્ય જ છે.

સંસારસાગરથી પાર ઉતારવાવાળા, રાગ–દ્વેષને ભગાડવાવાળા અને અનંત સુખમય મહાન મોક્ષને કરવાવાળા તો એકમાત્ર શુધ્ધોપયોગ જ છે, શુભ અને અશુભ ભાવરૂપ અશુધ્ધોપયોગ નહીં.

કથિત સંદર્ભમાં આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીના મૂલ્યાંકિત કથન જોવાલાયક છે :–

''આશ્રવતત્વમાં જે હિંસાદિરૂપ પાપાશ્રવ છે, તેને હેય જાણે છે; અહિંસાદિરૂપ પુણ્યાશ્રવ છે, તેને ઉપાદેય માને છે; પરંતુ આ તો બન્ને કર્મબંધના કારણ છે, આમાં ઉપાદેયપણું માનવું એ જ મિથ્યાદ્રષ્ટિ છે. તે જ સમયસારના બંધ અધિકારમાં કહ્યું છે :–

બધા જીવોનાં જીવન–મરણ, સુખ–દુઃખ પોતાના કર્મના નિમિત્તથી થાય છે. જયાં અન્ય જીવ અન્ય જીવના આ કાર્યોનો કર્તા હોય, તે મિથ્યાધ્યવસાય બંધનું કારણ છે. ત્યાં અન્ય જીવોને જીવાડવા અથવા સુખી કરવાનો અધ્યવસાય હોય તે તો પુણ્યબંધનું કારણ છે, અને મારવાનો અથવા દુઃખી કરવાનો અધ્યવસાય હોય તે પાપ બંધનું કારણ છે.

આ પ્રમાણે અહિંસાવત્ સત્યાદિક તો પુણ્યબંધના કારણ છે અને હિંસાવત્ અસત્યાદિક પાપબંધના કારણ છે. આ બધા મિથ્યાધ્યવસાય છે, તે ત્યાજય છે; માટે હિંસાદિવત્ અહિંસાદિકને પણ બંધનું કારણ જાણીને હેય જ માનવું.

હિંસામાં મારવાની બુધ્ધિ હોય, પરંતુ એની આયુ પૂર્ણ થયા વગર મરતો નથી, એ પોતાની દ્વેષ પરિણતિથી પોતે જ પાપ બાંધે છે. અહિંસામાં રક્ષા કરવાની બુધ્ધિ હોય; પરંતુ એની આયુ અવશેષ થયા વગર તે નથી જીવતા, તે પોતાની પ્રશસ્ત રાગ પરિણતિથી પોતે જ પુણ્ય બાંધે છે. આ પ્રમાણે બન્ને હેય છે; જયાં વીતરાગ થઈને માતા દ્રષ્ટારૂપ પ્રવર્તે, ત્યાં નિર્બંધ છે; જે ઉપાદેય છે.

તો જયાં સુધી આવી દશા ન હોય, ત્યાં સુધી પ્રશસ્ત રાગરૂપ પ્રવર્તન કરો; પરંતુ શ્રદધા તો એવી રાખો કે આ પણ બંધનું કારણ છે, હેય છે, શ્રદધાનમાં આને મોક્ષમાર્ગ જાણે તો મિથ્યાદ્રષ્ટિ જ હોય છે.''

આ પ્રકારે આપણે જોઈએ છીએ કે બંધના હેતુ હોવાથી પાપાશ્રવની જેમાં પુણ્યાશ્રવ પણ હેય જ છે.

જો કે આશ્રવ ભાવનામાં પુણ્ય અને પાપ–બન્ને પ્રકારના આશ્રવોની હેયતાનું ચિન્તન કરવામાં આવે છે; તો પણ ઊંડાણમાં જઈને વિચાર કરીએ તો પાપાશ્રવોની અપેક્ષા પુણ્યાશ્રવોની હેયતાનો વધારે વિચાર કરવો જ વાસ્તવિક આશ્રવ ભાવના છે; કેમ કે પાપભાવોને તો બધા હેય જાણે છે, માને છે, કહે પણ છે; જ્ઞાનિજન તો તે છે, જેને પુણ્યભાવ પણ હેય પ્રતિભાસિત હોય. મુખ્યરૂપથી જે મુનિરાજોને આ ભાવનાઓ હોય છે, એમને ખરેખર પાપભાવ હોતો જ નથી. જેને પાપ ભાવ છે જ નહીં, તે એની હેયત્વના ચિન્તનમાં બહુમૂલ્ય સમય કેમ બરબાદ કરશે ?

યોગસાગરમાં કહ્યું છે :–

**''जो पाउ वि सो पाउ सुणि सव्व इ को वि मुणेइ ।**
**जो पुण्णु वि पाउ वि भणइ सो बुह को वि हयेइ ॥:**

પાપને પાપ આખું જગત જાણે છેઃ જ્ઞાની તો તે છે– જે પુણ્યને પણ પાપ જાણે. તાત્પર્ય એ છે કે જે પાપાશ્રવના સમાન પુણ્યાશ્રવને



પણ હેય માને છે તે જ જ્ઞાની છે.

–અહીંયા એક પ્રશ્ન સંભવ છે કે અનુશીલન તો આશ્રવ ભાવનાનું ચાલી રહ્યું છે, એમાં પુણ્ય–પાપની વાત વચમાં ક્યાંથી આવી ટપકી?

ભાઈ ! આમાં વિષયાંતર નથી, કેમ કે ભાવાશ્રવ અને દ્રવ્યાશ્રવની જેમ પુણ્યાશ્રવ અને પાપાશ્રવ પણ આશ્રવના જ ભેદ છે, આશ્રવના જ પ્રકાર છે.

આશ્રવના બધા પ્રકારોની ચર્ચા જો આશ્રવની ચર્ચાની સાથે નથી થઈ તો ક્યાં થશે ?

પહેલાં સ્પષ્ટ કર્યું છે કે આરંભની છ ભાવનાઓ મુખ્યરૂપથી વૈરાગ્ય પ્રેરક છે. અને અંતની છ ભાવનાઓની ચિન્તનધારા મુખ્ય રૂપથી તત્ત્વપ્રેરક હોય છે. આશ્રવ ભાવનામાં આશ્રવ તત્ત્વની સાથે–સાથે બંધતત્વ અને પુણ્ય–પાપ તત્વોની ચર્ચા પણ અપેક્ષિત છે, કેમ કે બંધભાવના કે પુણ્ય–પાપભાવના નામની કોઈ સ્વતંત્ર ભાવના નથી; છેવટે આશ્રવ ભાવનામાં પુણ્ય–પાપ અને બંધ સંબંધી ચિન્તન થવું સ્વભાવિક જ છે.

બીજી વાત એ પણ તો છે કે પુણ્ય–પાપ અને બંધને છોડીને એકલા આશ્રવનું ચિન્તન સંભવ-જ નથી; કેમકે ભાવાશ્રવ અને ભાવબંધમાં વિશેષ અંતર જ શું છે ? જે મોહ–રાગ–દ્વેષ ભાવોને ભાવાશ્રવ કહે છે; એમને ભાવબંધ પણ કહેવાય છે. આ મોહ–રાગ–દ્વેષભાવ જ પુણ્ય–પાપ બંધના કારણ છે. પુણ્ય–પાપ અને આશ્રવ–બંધ પરસ્પર આ પ્રકારે સંકળાયેલા છે કે એનું સંપૂર્ણતઃ પૃથક–પૃથક ચિન્તન કરવું સહજ સાધ્ય નથી.

વિરાગી વિવેકીજનોની પ્રવૃત્તિ સહજ સાધ્ય કાર્યોમાં જ જોવા મળે છે, મુક્તિમાર્ગ પણ સહજ સાધ્ય જ છે; છેવટે જ્ઞાનીજનોનું ચિન્તન પણ સહજ સાધ્ય જ થાય છે.

પ્રશ્નઃ પુણ્ય, પાપ, આશ્રવ, બંધ તત્વનું ચિન્તન તો આશ્રવ ભાવનામાં થાય છે; પણ જીવ અને અજીવ તત્ત્વનું ચિન્તન કઈ ભાવનામાં થશે ? કેમ કે આશ્રવબંધ પુણ્ય અને પાપની પહેલાં જીવ–અજીવ તત્ત્વોનું ચિન્તન પણ તો હોવું જોઈએ.

ઉત્તરઃ જીવનું ચિન્તન તો બધી ભાવનાઓમાં સમાનરૂપથી ચાલે જ છે, ચિન્તનનો મૂળ આધાર તો તે જ છે. આશ્રવ ભાવનામાં પણ એનું ચિન્તન થાય છે. આ સ્પષ્ટ થઈ જ ગયું છે.

'જીવ નિત્ય છે, આશ્રવ અનિત્ય છે; જીવ ધ્રુવ છે, આશ્રવ અધ્રુવ છે; જીવ સશરણ છે, આશ્રવ અશરણ છે, જીવ શુચિ છે, આશ્રવ અશુચિ છે; જીવ ચેતન છે, આશ્રવ જડ છે; જીવ સુખસ્વરૂપ છે, આશ્રવ દુઃખસ્વરૂપ છે; જીવ સુખનું કારણ છે, આશ્રવ દુઃખનાં કારણ છે.' – કથિત કથનમાં આશ્રવની સાથે જીવનું પણ ચિન્તન આવ્યું જ છે.

શરૂઆતની છ ભાવનાઓમાં શરીરાદિ અજીવોથી જીવની ભિન્નતા દેખાડી છે અને અહીં આશ્રવ, બંધ, પુણ્ય અને પાપથી ભિન્નતા બતાડવામાં આવી રહી છે. શરીર અનિત્ય છે, અશરણ છે, અસાર છે, અશુચિ છે, જીવથી ભિન્ન છે અને જીવ શરીરથી ભિન્ન છે, ધ્રુવ છે, પરમ શરણ છે, સાર છે, શુચિ છે–આ બધું જીવ–અજીવ તત્વોનું જ તો ચિન્તન છે.

ભેદવિજ્ઞાનની દ્રષ્ટિથી આ ભાવનાઓની ચિન્તન પ્રક્રિયાનો સંકેત પહેલા અપાઈ ગયું છે. આરંભની છ ભાવનાઓમાં અજીવથી જીવનું ભેદજ્ઞાન કરાવવામાં આવ્યું છે અને આ આશ્રવભાવનામાં આશ્રવ, બંધ, પુણ્ય અને પાપથી ભેદજ્ઞાન કરાવવામાં આવી રહ્યું છે.

આ જ કારણ છે કે આશ્રવ ભાવનામાં દ્રવ્યાશ્રવની અપેક્ષા ભાવાશ્રવનાં ચિન્તનની પ્રધાનતા રહે છે.

અજીવ, આશ્રવ, બંધ, પુણ્ય, પાપથી ભિન્ન ભગવાન આત્માની આરાધના, સાધના જ સંવર છે, નિર્જરા છે; જેની વિસ્તૃત ચર્ચા આગળ સંવર–નિર્જરા ભાવનાઓમાં થશે જ.

પુણ્ય–પાપરૂપ મોહ–રાગ–દ્રેષ ભાવોથી ભગવાન આત્માની ભિન્નતાની સમ્યક્ જાણકારી સિવાય અનાદિકાળનો અજ્ઞાન દૂર નથી થતો અને કર્મોનો આશ્રવ પણ નથી અટકતો.

સમયસારમાં અહીં સુધી કહ્યું છે :–

**"जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोह्मंपि ।**
**अण्णाणी तावदु सो कोहादिसु वट्टदे जीवो ॥**



**कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।**
**जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं ॥**
**जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।**
**णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से ॥**

જ્યાં સુધી આ જીવ આત્મા અને આશ્રવ–આ બન્નેમાં પરસ્પર અંતર અને ભેદ નથી જાણતો; ત્યાં સુધી તે અજ્ઞાની રહેતો ક્રોધાદિકરૂપ આશ્રવભાવોમાં જ પ્રવર્તેલો રહે છે.

ક્રોધાદિકમાં પ્રવર્તમાન જીવને કર્મોનો સંચય થાય છે. જીવને કર્મ બંધનની પ્રક્રિયા સર્વજ્ઞદેવે આ પ્રકારથી દેખાડી છે.

જ્યારે આ જીવ આત્મા અને આશ્રવોનો અંતર અને ભેદ જાણે છે, ત્યારે તેને બંધ નથી થતો.

છેવટે આ અત્યંત આવશ્યક છે કે આપણે આત્મા અને આત્માના જ પર્યાયમાં ઉત્પન્ન મોહ, રાગ, દ્રેષરૂપ, પુણ્ય–પાપરૂપ આશ્રવભાવોની પરસ્પર ભિન્નતા સારી રીતે જાણીએ, સારી રીતે ઓળખીએ તથા આત્માના ઉપાદેયથી તેમજ આશ્રયોના હેયત્વનો નિરંતર ચિન્તન કરીએ, વિચાર કરીએ, કેમ કે નિરંતર કરેલો આ ચિન્તન, આ વિચાર આશ્રવ ભાવના છે.

ધ્યાન રહે કથિત ચિન્તન, વિચાર તો આશ્રવ ભાવનાનો વ્યવહારિક રૂપ છે એટલે આ તો વ્યવહાર–આશ્રવ ભાવના છે. નિશ્ચય –આશ્રવ ભાવના તો આશ્રવભાવોથી ભિન્ન ભગવાન આત્માનાં શ્રધ્ધાન, જ્ઞાન અને ધ્યાનરૂપ પરિણામ છે.

આ આશ્રવ ભાવના સ્વયં સંવરરૂપ હોવાથી આશ્રવભાવોની નિરોધક અને વીતરાગ ભાવોની ઉત્પાદક છે.

આશ્રવભાવોની નિરોધક તેમજ વીતરાગ ભાવોની ઉત્પાદક આ આશ્રવ ભાવનાનું નિરંતર ચિન્તન કરી આશ્રવભાવોથી ભિન્ન ભગવાન આત્માના શ્રધ્ધાન જ્ઞાન તેમજ ધ્યાનરૂપ પરિણમન કરી સંપૂર્ણ જગત વીતરાગી સુખશાંતિને પ્રાપ્ત કરે–આ પાવન ભાવનાથી વિરામ લઉં છું.

# ૮ સંવર ભાવના

**देह देवल में रहे पर देह से जो भिन्न है ।**
**है राग जिसमें किन्तु जो उस राग से भी अन्य है ॥**
**गुणभेद से भी भीन्न है पर्याय से भी पार है।**
**जो साधकों की साधना का एक ही आधार है॥१॥**

આ ભગવાન આત્મા જો કે દેહરૂપી મંદિરમાં રહે છે, પણ દેહથી ભિન્ન જ છે. આ પ્રમાણે રાગાદિ વિકારભાવ આમાં જ ઉત્પન્ન થાય છે, પણ એનાંથી પણ ભિન્ન છે. વધારે શું કહીએ ? અનંત ગુણવાળો હોવાં છતાં પણ આ આત્મા ગુણભેદથી ભિન્ન તેમજ નિર્મળ પર્યાયોથી પણ પાર છે. સાધકોની સાધનાનો એકમાત્ર આધાર પણ આ શુદ્ધાત્મા છે.

**मैं हूँ वही शुद्धात्मा चैतन्य का मार्तण्ड हूँ ।**
**आनंद का रसकंद हूँ मैं ज्ञान का घनपिण्ड हूँ ॥**
**मैं ध्येय हूँ श्रद्धेय हूँ मैं ज्ञेय हूँ मैं ज्ञान हूँ ।**
**बस एक ज्ञायकभाव हूँ मैं मैं स्वयं भगवान हूँ ॥२॥**

આવો શુદ્ધાત્મા બીજો કોઈ નહીં, હું જ છું. ચૈતન્યરૂપી સૂર્ય, આનંદનો કંદ, અને જ્ઞાનનો ઘનપિંડ આત્મા હું જ છું. હું જ ધ્યાનનો ધ્યેય, શ્રધાનનો શ્રદ્ધેય, પરમજ્ઞાનનો જ્ઞેય છું. માત્ર જ્ઞેય જ નહીં, જ્ઞાન પણ હું જ છું. બસ–હું તો એક જ્ઞાયક ભાવ જ છું. વધારે શું કહું ? હું સ્વયં ભગવાન છું.

**यह जानना पहिचानना ही ज्ञान है श्रध्धान है ।**
**केवल स्वयं की साधना आराधना ही ध्यान है ॥**
**यह ज्ञान यह श्रद्धान बस यह साधना आराधना ।**
**बस यही संवरतत्त्व है, बस यही संवरभावना॥३॥**

આ જાણવું જ સમ્યગ્જ્ઞાન છે, આ ઓળખવું જ સમ્યગ્દર્શન છે. અને માત્ર આપણી સાધના આપણી આરાધના જ સમ્યક્ ચારિત્ર છે, ધ્યાન છે.



આ જ્ઞાન–શ્રદ્ધાન તેમજ સાધના–આરાધના જ સંવર તત્ત્વ છે. અને એ જ સંવર ભાવના પણ છે.

**इस सत्य को पहिचानते वे ही विवेकी धन्य हैं ।**
**ध्रुवधाम के आराधकों की बात ही कुछ अन्य है ॥**
**शुद्धात्मा को जानना ही भावना का सार है।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है॥४॥**

જે જીવ આ સત્યને જાણે છે, ઓળખે છે; તે જ વિવેકી છે, તે જ ધન્ય છે; કેમ કે ધ્રુવધામ નિજ ભગવાનના આરાધકોની વાત જ કંઈ જુદી હોય છે, ગજબની હોય છે. સંવર ભાવનાનો સાર શુદ્ધાત્માને જાણવાનો જ છે અને ધ્રુવધામ નિજ ભગવાનની આરાધના જ આરાધનાનો સાર છે.

દેહમાં બિરાજમાન, પર દેહથી ભિન્ન એક ચેતનતત્ત્વ છે. જો કે એ ચેતનતત્ત્વમાં મોહ–રાગ–દ્વેષના વિકારી તરંગો ઊઠતા રહે છે, તો પણ તે જ્ઞાનાનંદ સ્વભાવી ધ્રુવતત્ત્વ એનાંથી ભિન્ન પરમપદાર્થ છે, જેનાં આશ્રયથી ધર્મ પ્રગટ થાય છે. એ પ્રગટ થવાવાળા ધર્મને સમ્યગ્દર્શન–જ્ઞાન અને ચારિત્ર કહે છે.

સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્ર દશા અંતરમાં પ્રગટ થાય આનાં માટે પરમપદાર્થ જ્ઞાનાનંદ સ્વભાવી ધ્રુવતત્ત્વની અનુભૂતિ અત્યંત આવશ્યક છે. એ અનુભૂતિ ને જ આત્માનુભૂતિ કહે છે. એ આત્માનુભૂતિ જેને પ્રગટ થઈ ગઈ; 'પર'થી ભિન્ન ચૈતન્ય આત્માનો જ્ઞાન જેને થઈ ગયું; તે શીઘ્ર જ ભવ–ભ્રમણથી છૂટી જશે. 'પર' થી ભિન્ન ચૈતન્ય આત્માનો જ્ઞાન જ ભેદજ્ઞાન છે. આ ભેદજ્ઞાન અને આત્માનુભૂતિ સિંહ જેવા પર્યાયમાં પણ ઉત્પન્ન થઈ શકે અને ઉત્પન્ન થાય પણ છે. છેવટે હે મૃગરાજ ! તને એ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

હે મૃગરાજ ! તું પર્યાયની પરમાત્માનો વિચાર નહીં કર, સ્વભાવના સામર્થ્યની તરફ જો !

# સંવર ભાવના : એક ચિન્તવન

'मैं ध्येय हूँ श्रध्धेय हूँ मै ज्ञैय हूँ मैं ज्ञान हूँ ।
बस एक ज्ञायकभाव हूँ मैं मैं स्वयं भगवान हूँ ॥
ययह ज्ञान यह श्रध्धान बस यह साधना आराधना।
बस यही संवरतत्त्व है बस यही संवर भावना॥

આશ્રવનો નિરોધ સંવર છે. તે સંવરત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દશ ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહ સહિત અને પાંચ પ્રકારનાં ચારિત્રથી થાય છે.

મહાશાસ્ત્ર તત્ત્વાર્થ સૂત્રનાં કથિત કથનથી એક વાત અત્યંત સ્પષ્ટ છે કે સંવર ભાવના અને સંવર તત્ત્વમાં કારણકાર્યનો સંબંધ છે. કેમ કે કથિત કથનમાં બાર ભાવનાઓને સંવરના કારણોમાં ગણવામાં આવી છે અને સંવર ભાવના પણ બાર ભાવનાઓમાં એક ભાવના છે.

આ પ્રમાણે આ વાત સહજ સ્પષ્ટ થઈ જાય છે કે સંવર ભાવના કારણ છે અને સંવર તત્ત્વ કાર્ય છે.

જો કારણ-કાર્યને અભેદ દ્રષ્ટિથી જોઈએ તો સંવર ભાવના અને સંવરતત્ત્વ એક જ સિધ્ધ થાય છે.

જ્યારે સંવર ભાવના સંબંધી ઉપલબ્ધ સમગ્ર ચિત્ર પર નજર નાખીએ તો વધુ પડતું એ જ જોવામાં આવે છે કે સંવર ભાવનામાં સંવર અને એનાં કારણોનું ચિન્તન વિના ભેદભાવ કર્યે સમગ્રરૂપથી જ થયું છે.

આ સંદર્ભમાં સંવર ભાવના સંબંધી મૂલ્યાંકિત કથન જોવાલાયક છે.

"निज स्वरुप में लीनता, निश्चयसंवर जानि ।
समिति गुप्ति संजम धरम, धरैं पाप की हानि ॥

નિશ્ચય સંવર ભાવના તો જિન સ્વરૂપમાં લીનતા જ છે. વ્યવહારથી પાપ નિરોધક ગુપ્તિ, સમિતિ, ધર્મ, સંયમાદિને પણ સંવર ભાવના કહે છે.



ज्ञान-विराग विचार के, गोपै मन-वच-काय ।
थिर ह्वै, अपने आप में, सो संवर सुखदाय॥

જ્ઞાન અને વૈરાગ્યપ્રેરક ચિન્તનપૂર્વક આપણા ઉપયોગને મન-વચન-કાયાથી હટાવીને જે પોતાનામાં સ્થિર થાય છે, એને સંવર અથવા સંવર ભાવના થાય છે.

गुप्ति समिति वर धर्म धर,अनुप्रेक्षा चित्त चेत ।
परिषहजय चारित्र लहि, यह छह संवर हेत ॥
है संवर सुखमय महा,जहँ 'जग' अघ नहिं लेश।
गुप्ति समिति धर्मादि तैं, करें न करम प्रवेश॥

શ્રેષ્ઠ ગુપ્તિ, સમિતિ અને ધર્મને ધારણ કરવાથી, અનુપ્રેક્ષાઓનાં ચિન્તવનથી, પરિષહજય અને ચારિત્રથી સંવર થાય છે. એટલે આ છ સંવરનાં કારણ છે.

આ સંવર મહાસુખમય છે. ગુપ્તિ, સમિતિ અને ધર્માદિમય હોવાથી આમાં કર્મનો પ્રવેશ તેમ જ પાપ લેશ પણ નથી.

કથિત છંદોમાં સંવર ભાવનાનું જે ચિન્તન કરવામાં આવ્યું છે; તેમાં ભલે નામ માત્રથી જ સહી, પણ સંવરના હેતુઓને પણ ગણવામાં આવ્યાં છે તથા સંવર ભાવનાના સ્વરૂપને પણ નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંવર અને સંવર ભાવનામાં ભેદ નહીં કરીને સંવર ભાવનાને પણ 'સંવર' શબ્દથી જ પ્રકાશિત કરવામાં આવી છે. 'નિશ્ચય સંવર જાણી' અને 'તે સંવર સુખદાયી'પદોથી આ વાત અત્યંત સ્પષ્ટ છે.

બીજી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે કથિત છંદોમાં સંવરને સુખમય અને સુખદાયી કહેવામાં આવી છે.

ધ્યાન રહે આશ્રવનો નિરોધ સંવર છે. તાત્પર્ય એ છે કે સંવર આશ્રવની અભાવપૂર્વક ઉત્પન્ન થવાવાળી સ્થિતિ છે, દશા છે, પર્યાય છે. આ વાત આરંભમાં જ સ્પષ્ટ થઈ ગઈ છે.

આ પ્રમાણે સ્પષ્ટ છે કે આશ્રવ અને સંવર પરસ્પર વિરોધી ભાવ છે, કેમ કે આશ્રવ દુઃખમય અને સંવર સુખમય, આશ્રવ દુઃખદાયક

એટલે દુઃખનું કારણ છે અને સંવર સુખદાયક એટલે સુખનું કારણ છે. આ કારણે સંવર આશ્રવની પ્રતિદ્વંદી છે, નિષેધક છે; એનો અભાવ કરીને ઉત્પન્ન થવાવાળો પરાક્રમી સજ્જનોત્તમ યોદ્ધો છે, અનંત આનંદદાયક છે, વંદનીય છે, અભિનંદનીય છે. સંવરનો વેષ ધારણ કરીને સમ્યગ્જ્ઞાનની વંદના કરતા પંડિત બનારસીદાસ લખે છેઃ–

**"आतम कौ अहित अध्यातम रहित ऐसो,**
**आस्त्रव महातम अखण्ड अंडवत है।**
**ताकौ विसतार गिलिबे कौ परगट भयौ,**
**ब्रह्मांड कौ विकास ब्रहमंडवत है।**
**जार्मैं सब रुप जो सब में सब रुप सौं पै,**
**सबनि सौं अलिप्त आकास–खंडवत है।**
**सोहै ग्यानभान सुध्ध संवर कौ भेस धरै।**
**ताकि रुचि–रेख कौं हमारी दण्डवत है॥**

અધ્યાત્મ (આત્મજ્ઞાન)થી રહિત, આત્માનો અહિત કરવાવાળો આશ્રવભાવ મહા અંધકાર અખંડ ઈંડાની જેમ જગતને ઘેરી લીધું છે. એના વિસ્તારને સમાપ્ત કરવા માટે કે સીમિત કરવાને માટે જગ–વિકાસી સૂર્યની જેમ જેનો પ્રકાશ છે અને જેમાં બધાં પદાર્થ પ્રતિબિંબિત થાય છે અથવા તે સ્વયં એ બધા પદાર્થોનાં જેવો આકારરૂપ થાય છે, તો પણ આકાશનાં પ્રદેશોની જેમ એનાંથી અલિપ્ત રહે છે. શુધ્ધ સંવરનો વેષ ધારણ કરેલ હોય તે જ્ઞાનરૂપી સૂર્ય શોભાયમાન થઈ રહ્યો છે, એની પ્રભાને અમારા અષ્ટાંગ નમસ્કાર (દંડવત) છે."

અહીં એક પ્રશ્ન સંભવ છે કેઆશ્રવ ભાવના ના નિરુપણમાં આશ્રવને દુઃખરૂપ અને દુઃખનું કારણ દેખાડવામાં આવ્યું હતું અને એનાં વિરુદ્ધ આત્માને સુખરૂપ અને સુખનું કારણ દેખાડવામાં આવ્યું હતું; પણ અહીં આશ્રવની વિરુદધ સંવરને સુખરૂપ અને સુખનું કારણ દેખાડવામાં આવી રહ્યું છે.

આત્મા સ્વભાવથી જ સુખરૂપ છે અને એનાં આશ્રયથી સુખની ઉત્પત્તિ થાય છે; છેવટે એ સુખનું કારણ પણ છે. આશ્રવ–ભાવનામાં



એ દેખાડવામાં આવ્યું હતું અને અહીં એ દેખાડે છે કે સુખ સ્વભાવી આત્માના આશ્રયથી મોહ–રાગ–દ્વેષનો અભાવ થઈને જે અનાકુળ આનંદ ઉત્પન્ન થાય છે, તે સંવર છે; છેવટે સંવર સુખરૂપ છે તથા મોહ–રાગ દ્વેષના અભાવરૂપ સમગ્ય દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમન જ સંવર છે. આ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમન મોક્ષ માર્ગ હોવાથી સુખનું કારણ પણ છે.

આશ્રવ ભાવનામાં મોહ–રાગ–દ્વેષરૂપ આશ્રવભાવોની વિરુદધ, મોહ–રાગ–દ્વેષ; પરિણામોથી ભિન્ન આત્મા સ્વભાવની ત્રિકાળી સુખમયતા અને સુખકારણતાની વાત હતી અને અહીં સંવર ભાવનામાં મોહ–રાગ–દ્વેષરૂપ આશ્રવભાવોની વિરુદધ એના અભાવપૂર્વક થવાવાળા વિતરાગ ભાવરૂપ સંવરની સુખરૂપતા અને સુખકારણતાની વાત છે.

સંવરની સુખરૂપતા સુખકારણતા વ્યક્ત છે, મોક્ષમાર્ગરૂપ છે અને ત્રિકાળી આત્માની સુખરૂપતા અને સુખકારણતા શક્તિરૂપ છે.

પ્રશ્ન :– જ્યારે સંવર ભાવનાના ઉપલબ્ધ ચિન્તનમાં અધિકાંશ ચિન્તન સંવરતત્ત્વ અને સંવર ભાવનાને એક માનીને જ થયું છે તો પછી બન્નેને એક જ કેમ ન માની લેવાય ?

ઉત્તર :– આ ઠીક નથી; કેમ કે, એનાથી સંવર ભાવનાના ચિન્તનની વિષય વસ્તુનો ક્ષેત્ર બહુ જ વ્યાપક થઈ જશે.

ધ્યાન રહે સંવરભાવના સંવરનાં અનેક કારણોમાંથી માત્ર એક કારણ છે.

સંવરતત્ત્વના વિશ્લેષણમાં સંવરના બધા કારણો પર વિસ્તૃત પ્રકાશ નાખી શકાય છે. જેમ કે તત્ત્વાર્થ સૂત્ર આદિ ગ્રંથોમાં તે કરવામાં આવ્યું છે; પણ સંવર ભાવનામાં એ બધાની વિસ્તૃત ચર્ચા કરવી એ નિશ્ચિતરૂપથી સીમાનું ઉલ્લંઘન થશે.

સંવરના કારણોમાં ત્રણ ગુપ્તિ પાંચ સમિતિ, દશ ધર્મ, બાર ભાવનાઓ, બાવીસ પરિષહજય તેમજ પાંચ પ્રકારનાં ચારિત્ર બધા આવી જાય છે. સમ્યગ્દર્શનજ્ઞાન પણ સંવરના કારણે કે સંવરરૂપ જ છે.

આ પ્રમાણે સંવરની ચર્ચામાં સંપૂર્ણ મુકિતનો માર્ગ જ સમાહિત થઈ જાય છે; પણ શું સંવર ભાવનામાં બધાનું ચિન્તન સમાહિત છે?

નહીં, ક્યારેય નહીં; સંવર ભાવનાના ચિન્તનની પોતાની સીમાઓ છે. જો એમ ન માનવામાં આવે તો પછી મુક્તિ માર્ગ સંબંધી સંપૂર્ણ ચિન્તન એક સંવર ભાવનામાં જ સમાહિત થઈ જશે. ધ્યાન રહે સંવરના કારણોમાં ગુપ્તિ, સમિતિ, ધર્મ આદિની સાથે બાર ભાવનાઓ પણ છે. આ પ્રમાણે તો સંવર ભાવનામાં જ શેષ અગિયાર ભાવનાઓ પણ ગર્ભિત થઈ જશે, એનું પૃથક અસ્તિત્વ જ સંભવ નહીં થશે, જે કોઈ પણ સ્થિતિમાં ઉચિત નહીં હશે.

આ પ્રમાણે સ્પષ્ટ છે કે સંવર ભાવનાના ચિન્તનમાં સંવરના કારણોનો વિસ્તારમાં જવું ઈચ્છિત નહીં હશે.

આ પ્રમાણે આ સ્પષ્ટ છે કે સંવર ભાવનાના ચિન્તનમાં સંવરના કારણોનો વિસ્તારમાં જવું ઈચ્છિત નથી, એનું સંક્ષિપ્તો લેખ જ પર્યાપ્ત છે.

આ પ્રકારની પ્રવૃત્તિ ઉપલબ્ધ બાર ભાવના સાહિત્યમાં પણ આવે છે.

સંવર ભાવનાની ચિન્તન પ્રક્રિયામાં ભેદવિજ્ઞાન અને આત્માનુભૂતિની મુખ્યતા છે; ગુપ્તિ, સમિતિ આદિ ભેદ-પ્રભેદોનાં વિસ્તારમાં જવાની નહીં. જેમ કે મૂલ્યાંકિત ઉલ્લેખોથી સ્પષ્ટ છે :-

**''जिन पुण्य पाप नहीं कीना, आतम अनुभव चित दीना ।**
**तिन ही विधि आवत रोके, संवर लहि सुख अवलोके ॥**

જેમણે પુણ્ય-પાપરૂપ આશ્રવભાવોને ન કરતાં આત્માના અનુભવમાં ચિત્તને લગાડ્યું છે; તેમને જ આવી રહેલાં દ્રવ્ય કર્મોને રોક્યા છે. આ પ્રમાણે દ્રવ્યાશ્રવ અને ભાવાશ્રવના અભાવપૂર્વક જેમણે દ્રવ્ય સંવર કે ભાવ સંવર પ્રાપ્ત કર્યું છે; એમણે જ સુખ જોયું છે એટલે સુખ પ્રાપ્ત કર્યું છે.

કથિત છંદમાં આત્માનુભવને જ સંવર કહેવામાં આવ્યું છે. આત્માનુભવ કે આત્માનુભવની ભાવના જ વાસ્તવિક સંવર ભાવના છે.



આત્માનુભવ ભેદવિજ્ઞાનપૂર્વક થાય છે. છેવટે આત્માનુભવની સાથે ભેદવિજ્ઞાનની ભાવના પણ સંવર ભાવનામાં ભરપૂર કરવામાં આવે છે અને વિશેષરૂપથી કરવી જોઈએ.

આચાર્ય અમૃતચંદ્ર તો અહીં સુધી કહે છે :-

**''संपधते संवर एष साक्षाच्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात् ।**
**स भेदविज्ञानत एव तस्मात् तदभेदविज्ञानमतीव भाव्यम् ॥**

શુદ્ધાત્મ તત્ત્વની ઉપલબ્ધિથી જ સાક્ષાત સંવર થાય છે અને શુદ્ધાત્મ તત્ત્વની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી જ થાય છે; માટે તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે-ભાવના કરવા યોગ્ય છે.''

બીજું પણ જોઈએ :-

**''भेदविज्ञानत: सिद्धा: सिद्धा ये किल केचन ।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ॥**

આ સુધી જેટલા પણ જીવ સિદ્ધ દશાને પ્રાપ્ત થયા છે, તે બધા ભેદવિજ્ઞાનથી જ થયા છે અને જે જીવ સંસારમાં બંધાયા છે; કર્મોથી બંધાયા છે; તે બધા આ ભેદવિજ્ઞાનના અભાવથી જ બંધાયા છે.''

સંવરની મહિમા દેખાડતાં પંડિત જયચંદજી છાબડા લખે છે :-

**''भेद विज्ञान कला प्रगटै, तब शुद्धस्वभाव लहै अपना ही।**
**राग-द्वेष-विमोह सबहि गल जाँय इमै दुढ कर्म रुकाहीं ॥**
**उज्ज्वल ज्ञान प्रकाश करै बहु तोष धरै परमातम माहीं।**
**यों मुनिराज भली विधि धारतु केवल पाय सुखी शिव जाहीं॥**

જ્યારે ભેદવિજ્ઞાનની કળા પ્રગટ થાય છે, ત્યારે જીવ પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રાપ્ત કરે છે અને ત્યારે બધા રાગ-દ્વેષ-મોહ પીગળી જાય છે અને દુષ્કર્મ આવતાં રોકાઈ જાય છે; ઉજ્જવલ જ્ઞાનનો પ્રકાશ થાય છે અને શુદ્ધાત્મામાં પરમ સંતોષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે મુનિરાજ ઉત્તમ વિધિને ધારણ કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે અને અનંત સુખી થઈને મોક્ષમાં જાય છે.''

શાશ્વત અતીન્દ્રિય આનંદની ઉપલબ્ધિમાં ભેદવિજ્ઞાનના

યોગદાનની ચર્ચા કરતાં કવિવર પંડિત બનારસીદાસ લખે છે :–

> ''प्रगटि भेदविज्ञान, आपगुन परगुन जानै ।
> पर परनति परित्याग, शुद्ध अनुभौ थिति ठानै ।
> करि अनुभौ अभ्यास, सहज संवर परगासै ।
> आस्त्रव द्वार निरोधि, करमघन-तिमिर विनासै ।।
> छय करि विभाव समभाव भजि, निरविकलप निज पद गहै ।
> निर्मल विसुद्धि सासुत सुथिर, परम अतीन्द्रिय सुख लहै ।।

ભેદવિજ્ઞાન પ્રગટ થતાં પોતાની અને પરાયાની ઓળખાણ થઈ જાય છે; છેવટે તે ભેદવિજ્ઞાની જીવ પર પરિણતિનો પરિત્યાગ કરીને શુદ્ધાત્માના અનુભવમાં સ્થિરતા કરે છે, અભ્યાસ કરે છે. અભ્યાસના મારફત આશ્રવના દ્વારોનો નિરોધ કરીને સંવરને પ્રકાશિત કરે છે. કર્મજન્ય ઘોર અંધકારને નાશ કરે છે; વિભાવોનો નાશ કરી સમભાવને ભજીને નિર્વિકલ્પ નિજપદને પ્રાપ્ત કરી નિર્મળ, વિશુદ્ધ, શાશ્વત, સ્થિર અતીન્દ્રિય પરમાનંદને પ્રાપ્ત કરે છે.

ધર્મની શરૂઆત સંવરથી જ થાય છે; કેમ કે મિત્યાત્વ નામનો મહાપાપનો નિરોધક, મિથ્યાજ્ઞાનાંધકારનો નાશક તેમજ અનંતાનુબંધી કષાયનો વિનાશક સંવર જ છે.

જ્યારે કોઈ જીવને ધર્મની શરૂઆત થાય છે ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન અને અનંતાનુબંધી કષાય સંબંધી અસંયમના અભાવપૂર્વક જ થાય છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ આશ્રવભાવ છે– એમને જો એક નામથી કહેવું હોય તો રાગભાવ નામથી કહેવામાં આવે છે.

આ પ્રમાણે રાગભાવ આશ્રવ છે અને એનાં અભાવમાં થવાવાળા વીતરાગભાવ સંવર છે. આ સંવર જ મુક્તિમાર્ગનો શરૂઆતનો પ્રવેશદ્વાર છે. આ સંવરની ઉત્પત્તિ ભેદવિજ્ઞાનપૂર્વક થઈ આત્માનુભૂતિના કાળમાં જ થાય છે. છેવટે સંવર ભાવનામાં ભેદવિજ્ઞાન અને આત્માનુભૂતિની ભાવના જ પ્રધાન છે.

ભેદવિજ્ઞાન માત્ર બે વસ્તુઓની વચ્ચે ભેદ જાણવાનું નામ નથી. ષટદ્રવ્યમયી સંપૂર્ણ લોકને સ્વ અને પર આ બે ભાગોમાં વિભક્ત કરી,



પરથી ભિન્ન સ્વમાં એકત્વ સ્થાપિત કરવું જ સાચું ભેદવિજ્ઞાન છે.

અનિત્ય, અશરણ અને અશુચિ જડ શરીર તો પર જ છે; આપણા જ આત્મામાં ઉત્પન્ન મોહ–રાગ–દ્વેષરૂપ અશુચિ આશ્રવભાવ પણ પર જ છે. જડ શરીર તેમજ પુણ્ય–પાપરૂપ શુભાશુભભાવ તો દૂર, ઊંડાણમાં જઈને વિચાર કરીએ તો આત્માના આશ્રયથી આત્મામાં જ ઉત્પન્ન થવાવાળા સંવર, નિર્જરા, મોક્ષરૂપ વીતરાગભાવ (શુદ્ધભાવ) પણ પર્યાય હોવાથી પરની સીમામાં આવે છે; સ્વ તો પર અને પર્યાયથી ભિન્ન એકમાત્ર જ્ઞાનાનંદ સ્વભાવી ધ્રુવ આત્મતત્ત્વ જ છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના મોક્ષમાર્ગરૂપ નિર્મળભાવ પણ ધ્યેય નથી, શ્રદ્ધેય નથી, પરમજ્ઞેય પણ નથી; આરાધ્ય પણ નથી. આરાધ્ય તો અનંતગુણોનો અખંડ પિંડ એક ચૈતન્ય સ્વભાવી નિજાત્મતત્ત્વ જ છે.

જો કે બધા આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે, સમાન છે; તો પણ સ્વયંને છોડીને કોઈ બીજો આત્મા આરાધ્ય નથી, શ્રદ્ધેય નથી, પરમજ્ઞેય પણ નથી; કેમ કે તે બધા પર છે, પ્રત્યેક વ્યક્તિનો સ્વ તો નિજ શુદ્ધાત્મ તત્ત્વ જ છે.

એક બાજુ પર અને નિજ પર્યાયથી પણ રહિત જ્ઞાનાનંદ સ્વભાવી નિજ શુદ્ધાત્મ તત્ત્વ 'સ્વ' છે અને બીજી તરફ સંપૂર્ણ પરપદાર્થ, જેમાં, પર જીવ પણ જોડાયેલ છે તથા પરના લક્ષ્યથી નિજાત્મામાં જ ઉત્પન્ન થવાવાળા મોહ–રાગ–દ્વેષરૂપ શુભાશુભભાવ તેમજ નિજાત્માના આશ્રયથી નિજાત્મામાં જ ઉત્પન્ન થવાવાળા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વિતરાગ ભાવ છે; અને બધા 'પર' છે.

આ પ્રમાણે સંપૂર્ણ જગતને સ્વ અને પરમાં વિભાજિત કરીને પરથી વિમુખ થઈને સ્વ સન્મુખ થવું જ ભેદવિજ્ઞાન છે, આત્માનુભૂતિ છે, સંવર છે, સંવર ભાવના છે, સંવર ભાવનાનું ફળ છે.

શ્રદ્ધા ગુણની જે નિર્મળ પર્યાય કથિત 'સ્વ'માં એકત્વ સ્થાપિત કરે છે, અહં સ્થાપિત કરે છે, મમત્વ સ્થાપિત કરે છે, અહંકાર કરે છે, મમકાર કરે છે, એકાકાર થાય છે; એ જ નિર્મળ પર્યાયનું નામ સમ્યગ્દર્શન છે. આ પ્રમાણે જ્ઞાનગુણની જે નિર્મળ પર્યાય કથિત

"સ્વ"ને નિજ જાણે છે, તે સમ્યગ્જ્ઞાન છે. એનું ધ્યાન કરનાર, એમાં લીન થઈ જનાર, જામી જનાર, રમી જનાર,સમાઈ જનાર ચારિત્રગુણની નિર્મળ પર્યાય સમ્યક્ચારિત્ર છે.

આ જ સમ્યગ્દર્શન-જ્ઞાનવર-ચારિત્ર મુક્તિનો માર્ગ છે. શુભાશુભ ભાવરૂપ આશ્રવભાવોનાં નિરોધરૂપ હોવાથી સંવર છે, સંવર ભાવના છે. અતીન્દ્રિય આનંદમય હોવાથી આ રત્નત્રય સંવર ભાવનાનો સુમધુર ફળ પણ છે.

ધર્મની શરૂઆત સંવરથી જ થાય છે. સંવર સ્વયં પ્રકટ પર્યાયરૂપ ધર્મ છે. પર્યાયના બિંદુનો સ્વભાવના સિંધુમાં સમાઈ જવું જ વાસ્તવિક ધર્મ છે. બિંદુની સુરક્ષા પણ સિંધુમાં સમાઈ જવામાં જ છે; કેમકે સિંધુથી છૂટા પડવાથી બિંદુનો વિનાશ નિશ્ચિત જ છે.

આનંદની જનની સંવર ભાવના જ્ઞાનની ગંગા છે, સુબુદ્ધિરૂપી છીણી છે, મુક્તિની સીડી છે.

ધ્યાન રહે ગંગાજળને પણ ત્યાં સુધી સ્થિરતા પ્રાપ્ત નથી થતી; જ્યાં સુધી તે સાગરમાં ન સમાઈ જાય. સંવર ભાવના સંબંધી ચિન્તન ધારાને પણ ત્યાં સુધી સ્થિરતા પ્રાપ્ત નથી થતી, જ્યાં સુધી તે જ્ઞાનસાગર આત્મામાં ન સમાઈ જાય.

જે પ્રમાણે ગંગાની જલધારા જ્યારે પોતાનું અસ્તિત્ત્વ ખોઈને સાગરમાં સંપૂર્ણતઃ સમર્પિત થઈ જાય છે, સમાઈ જાય છે, એનાથી એકમેક થઈ જાય છે, ત્યારે તે સ્વયં પણ સાગર થઈ જાય છે. એ પ્રમાણે સંવર સંબંધી ચિન્તન ધારા (સંવરાનુપ્રેક્ષા-સંવર ભાવના) પણ જ્યારે પોતાનું અસ્તિત્ત્વ જ ખોઈને જ્ઞાનસાગર (જ્ઞાનાનંદ સ્વભાવી ત્રિકાળી ધ્રુવ આત્મા)માં સંપૂર્ણતાથી સમર્પિત થઈ જાય છે, સમાઈ જાય છે, એમાં જ વિલીન થઈ જાય છે; ત્યારે તે ધર્મ બની જાય છે, ધર્માત્મા બની જાય છે.

આત્માનું ધર્મરૂપ પરિણમિત થઈ જવું જ ધર્માત્મા બની જવું છે. ધર્મપરિણત આત્માને જ ધર્માત્મા કહેવામાં આવે છે; ધર્મ પરિણતિને પ્રાપ્ત આત્મા જ મુક્તિ પ્રાપ્ત કરે છે; છેવટે આ ભાવના મુક્તિની



સીડી જ છે. અતીન્દ્રિય આનંદની ઉત્પાદક હોવાથી આનંદની જનની પણ છે. ભેદવિજ્ઞાનમય હોવાથી સુબુદ્ધિરૂપી છીણી તો છે જ.

કવિવર પંડિતદૌલતરામજી કહે છે :-

**"जिन परमपैनी सुबुधि छैनी डारि अन्तर भेदिया।**
**वरणादि अरु रागादि तैं निज भाव को न्यारा किया।**
**निजमांहि निज के हेतु निज कर आपको आपै गह्यो।**
**गुण-गुणी ज्ञाता ज्ञान ज्ञेय मँझार कछु भेद न रह्यो।"**

અહીં એની જ પ્રશંસા, એની જ સ્તુતિ, એને જ વંદના કરવામાં આવી છે, જેમણે અત્યંત ધારદાર સુબુદ્ધિરૂપ છીણીને અંતરમાં નાખીને, સ્વ-પરનો ભેદવિજ્ઞાન કરીને, વર્ણાદિ પર પદાર્થો અને રાગાદિભાવોથી નિજ અલગ કરી લીધો છે અને પોતાના માટે જ, પોતાના દ્વારા જ, પોતાનામાં જ, પોતાને ગ્રહણ કરી લીધો છે. છેવટે હવે ગુણ-ગુણી, જ્ઞાન-જ્ઞેય તેમજ પોતાની વચ્ચે કોઈ ભેદ નથી રહ્યો. બધું અભેદ અનુભૂતિમાં એકમેક થઈ સમાહિત થઈ ગયા છે.

વર્ણાદિ એટલે પુદ્ગલાદિ પરપદાર્થ અને રાગાદિ એટલે આપણા જ આત્મામાં ઉત્પન્ન થવાવાળા ચિદ્વિકાર, નિજભાવ એટલે જ્ઞાનાનંદ સ્વભાવી ત્રિકાળી ધ્રુવ નિજ શુદ્ધાત્મ તત્ત્વ.

પુદ્ગલાદિ પરપદાર્થો તેમજ ચિદ્વિકારોથી ભિન્ન પોતાના આત્માને જાણવો, ઓળખવો અને પૃથક અનુભવ કરવો જ વર્ણાદિ અને રાગાદિથી નિજભાવને અલગ કરવો છે. આ બધું સુબુદ્ધિરૂપી ધારદાર છીણીથી જ સંભવ છે.

આ પ્રમાણે ભેદવિજ્ઞાન છે મૂળ જેનું અને આત્માનુભૂતિ છે સર્વસ્વ જેનું એવી આ સંવર ભાવના અતીન્દ્રિય આનંદરૂપ તેમજ પરમ વૈરાગ્યની જનની છે.

સંસાર ભાવના સંબંધી કથિત સમગ્ર ચિન્તનનો સાર પર અને પર્યાયથી ભિન્ન નિજ ભગવાન આત્માની સન્મુખ થવું છે, પોતાને ખરા રૂપમાં જાણવું, ઓળખવું છે તેમજ સ્વયંમાં જ સમાઈ જવાનું છે.

છેવટે સંપૂર્ણ જગત આ સંવર ભાવનારૂપી જ્ઞાનગંગાઓ આ કંઢ નિમગ્ન થઈને સ્વભાવ સન્મુખ થાઓ, પોતામાં જ જામી જાઓ, પોતામાં જ રમી જાઓ અને અનંત અતીન્દ્રીય આનંદને પ્રાપ્ત કરો–આ પાવન ભાવનાની સાથે વિરામ લઉ છું

= વિનય અને વિવેક =

વિનય વગર તો વિદ્યા પ્રાપ્ત થતી જ નથી પણ વિવેક અને પ્રતિભા તો અનિવાર્ય છે, આના વગર વિદ્યાની પ્રાપ્તિ અસંભવ છે. ગુરુના પ્રત્યે અડગ આસ્થાનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે, પણ તે આંતકની સીમા સુધી ન પહોંચવું જોઈએ, અન્યથા તે વિવેકને કુંઠિત કરી દેશે.

ઉપસ્થિતિ સમસ્યાઓનો યોગ્ય સમાધાન તો સ્વવિવેકથી જ સંભવ છે; કેમ કે ગુરુની ઉપલબ્ધિ તો હમેંશા બીજે સર્વત્ર સંભવ નથી. પરંપરાઓ પણ દરેક સમસ્યાનું સમાધાન પ્રસ્તુત નથી કરી શકતી; કેમ કે એક તો સમસ્યાઓનાં અનુરુપ પરંપરાઓની ઉપલબ્ધિ હંમેશા સંભવ નથી રહેતી, બીજું પરિસ્થિતિઓ પણ બદલાતી રહે છે.

જો કે વિવેકનું સ્થાન સર્વોપરિ છે; તોપણ આ વિનય મર્યાદાને ભંગ કરવાવાળું નહીં હોવું જોઈએ. વિવેકના નામ પર કંઈ પણ કરી નાખવું તો મહાપાપ છે, કેમ કે નિરકુંશ વિવેક પૂર્વજોથી પ્રાપ્ત શ્રુત પરંપરાના માટે ઘાતક સિદ્ધ થઈ શકે છે.

ક્ષેત્ર અને કાળના પ્રભાવમાં ઉપસ્થિત વિકૃતિઓનું નિરાકરણ કરવું જાગૃત વિવેકનું જ કામ છે, પણ આમાં સર્વાંગ સાવધાની અનિવાર્ય છે.

= આપ કુછ ભી કહો, પાનું ૨૫ =



# ૯ નિર્જરા ભાવના

**शुध्धात्मा की रुची संवर साधना है निर्जरा ।**
**ध्रुवधारा निज भगवान की आराधना है निर्जरा ॥**
**निर्मम दशा है निर्जरा निर्मल दशा है निर्जरा।**
**निज आतमा की ओर बढ़ती भावना है निर्जरा॥१॥**

શુદ્ધાત્માની રુચિ સંવર અને શુદ્ધાત્માની સાધના નિર્જરા છે. વાસ્તવમાં જોવા જઈએ તો ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધના જ નિર્જરા છે. મમતા રહિત નિર્મળ દશા જ નિર્જરા છે. આ પ્રમાણે નિજ આત્માની તરફ નિત્ય વૃદ્ધિગત ભાવના જ નિર્જરા છે.

**वैराग्यजननी रागकी विध्वंसनी है निर्जरा ।**
**है साधकों की संगिनी आनन्दजननी निर्जरा ॥**
**तप–त्याग की सुख शान्ति की विस्तारनी है निर्जरा।**
**संसार पारावार पार उतारनी है निर्जरा॥२॥**

નિર્જરા રાગનો નાશ કરવાવાળી અને વૈરાગ્યને ઉત્પન્ન કરવાવાળી છે. એ આનંદને ઉત્પન્ન કરવાવાળી મા અને સાધક જીવોની જીવન સંગિની પ્રિય પત્ની છે. આ નિર્જરા તપ અને ત્યાગ, સુખ અને શાંતિનો વિસ્તાર કરવાવાળી છે, સંસારરૂપ મહાસાગરથી પાર ઉતારવાળી નાવ છે.

**निज आतमा के भान बिन है निर्जरा किस काम की ।**
**निज आतमा के ध्यान बिन है निर्जरा बस नाम की ॥**
**है बंध की विध्वंसनी आराधना ध्रुवधाम की।**
**यह निर्जरा बस एक ही आराधकों के काम की॥३॥**

આત્મજ્ઞાન અને આત્મધ્યાનની વગર થવાવાળી સવિપાક કે અકામ નિર્જરા કોઈ પણ કામની નથી; નામમાત્રની નિર્જરા છે,એનું માત્ર નામ જ નિર્જરા છે; તે નિર્જરા તત્ત્વ કે નિર્જરા ભાવના નથી. આરાધકોનાં કામની એકમાત્ર અવિપાક નિર્જરા જ છે, જે ધ્રુવધામ

નિજ ભગવાન આત્માની આરાધનાથી ઉત્પન્ન થાય છે અને કર્મબંધનો વિધ્વંસ કરવાવાળી છે.

**इस सत्यको पहिचानते वे ही विवेकी धन्य हैं ।**
**ध्रुवधाम के आराधकों की बात ही कुछ अन्य है ॥**
**शुध्धात्मा की साधना ही भावना का सार है।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है ।।४ ।।**

જે જીવ આ સત્યને જાણે છે, ઓળખે છે; તે જ વિવેકી છે, તે જ ધન્ય છે; કેમ કે ધ્રુવધામ નિજ ભગવાનનાં આરાધકોની વાત જ કંઈ જુદી હોય છે, ગજબની હોય છે. સંવર ભાવનાનો સાર શુધ્ધાત્માને જાણવાનો જ છે અને ધ્રુવધામ નિજ ભગવાનની આરાધના જ આરાધનાનો સાર છે.

—સ્વભાવથી તો પ્રત્યેક આત્મા સ્વયં જ્ઞાનાનંદ સ્વભાવી પરિપૂર્ણ તત્ત્વ જ છે, પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે તેને પરની તરફ જોવાની આવશ્યકતા નથી. એ સ્વયં પોતાની ભૂલથી દુઃખી છે. અને સ્વયં પોતાની ભૂલ મિટાવીને સુખી પણ થઈ શકે છે. પ્રત્યેક આત્મા સ્વયં ભગવાન સ્વરૂપ છે અને જો પુરુષાર્થ કરે તો ભગવાન સ્વરૂપ આત્માની અનુભૂતિ કરવાને પણ સમર્થ છે

=સત્ય કી ખોજ–પાનું ૨૦૧=

= નહીં. જુઓ નહીં, જોવું સહજ થવા દો; જાણો નહીં, જાણવું સહજ થવા દો. રમવું પણ નહીં, જામવું પણ નહીં, રમવું–જામવું સહજ થવા દો. બધું જ સહજ; જાણવું સહજ, દેખવું સહજ, જામવું સહજ, રમવું સહજ. કતૃત્વનાં અહંકારથી જ નહીં, વિકલ્પથી પણ રહિત સહજ જ્ઞાતા–દ્રષ્ટા બની જાઓ=



# નિર્જરા ભાવના : એક ચિન્તવન

**शुध्धात्मा की रुची संवर साधना है निर्जरा ।**
**ध्रुवधाम निज भगवान की आराधना है निर्जरा ॥**
**वैराग्यजननी बंध की विध्वंसनी है निर्जरा।**
**है साधकों की संगिनी आनन्दजननी निर्जरा॥**
**''संवरजोगेहिं जुदो तवेहिं जो चिट्ठदे बहुविहेहिं।**
**कम्माणं णिज्जरणं बहुगाणं कुणदि सो णियदं॥**

શુભાશુભભાવના નિરોધરૂપ સંવર અને શુદ્ધ ઉપયોગરૂપ યોગથી યુક્ત જે જીવ અનેક પ્રકારનાં તપ કરે છે, તે નિયમથી અનેક પ્રકારનાં કર્મોની નિર્જરા કરે છે.''

આચાર્ય કુંદકુંદના કથિત કથનમાં મૂલ્યાંકિત બે વાત અત્યંત સ્પષ્ટ છે :–

(૧) નિર્જરા સંવરપૂર્વક જ થાય છે

(૨) શુદ્ધોપયોગથી સમૃદ્ધ તપ જ નિર્જરાનો મુખ્ય હેતુ છે.

આ ગાથાની ટીકામાં આચાર્ય અમૃતચંદ્ર નિર્જરાના દ્રવ્યનિર્જરા અને ભાવનિર્જરા રૂપ ભેદોની ચર્ચા આ પ્રમાણે કરે છે :–

**''तदत्र कर्मवीर्यशातनसमर्थो बहिरङ्न्तरङ्गतपोवृहित: शुध्धोपयोगो भावनिर्जरा, तदनुभावनीरसीभूतानामेकदेशसंक्षय समुपात्तकर्मपुद्गलानांद्रव्यनिर्जरेति।**

કર્મની શક્તિનો ક્ષીણ કરવામાં સમર્થ બહિરંગ અને અંતરંગ તપ મારફત વૃદ્ધિને પ્રાપ્ત શુદ્ધોપયોગ જ ભાવનિર્જરા છે; તથા શુદ્ધોપયોગના પ્રભાવથી નીરસ થયેલ ઉપાત્ત કર્મોનો એકદેશ ક્ષય દ્રવ્ય નિર્જરા છે.''

આચાર્ય અમૃતચંદ્રના આ કથનમાં શુદ્ધોપયોગને જ ભાવનિર્જરા કહેવામાં આવી છે તથા તપને એનો હેતુ બતાવ્યો છે તેમજ

દ્રવ્યનિર્જરાનો હેતુ શુદ્ધોપયોગરૂપ ભાવનિર્જરાને કહેવામાં આવ્યો છે.

કથિત સંપૂર્ણ કથન પર દૃષ્ટિ નાખવાથી એ વાત અત્યંત સ્પષ્ટ થઈ જાય છે કે મુક્તિના માર્ગમાં આવવાવાળી નિર્જરા ભાવના કે નિર્જરાતત્ત્વની ચર્ચાનો સંબંધ સ્વ સમયમાં ઉદયમાં આવીને સ્વયં ખરી જવાવાળા કર્મોથી થવાવાળી સવિપાક નિર્જરાથી ક્યારેય નથી; ખરેખર સંવરપૂર્વક શુદ્ધોપયોગથી થવાવાળી અવિપાક નિર્જરાથી જ છે.

સવિપાક નિર્જરા તો જ્ઞાની–અજ્ઞાની બધાને હમેંશા થયા જ કરે છે, પણ અવિપાક નિર્જરા જ્ઞાનીને જ હોય છે; કેમ કે નિર્જરા ભાવના અને નિર્જરાતત્ત્વ જ્ઞાનીને જ પ્રકટ થાય છે, અજ્ઞાનીને નહીં.

નિર્જરા ભાવના સંબંધી ઉપલબ્ધ સમગ્ર ચિન્તનમાં આ વાતનો ઉલ્લેખ ભરપૂર થયો છે. જેમ કે મૂલ્યાંકિત ઉદાહરણોથી સ્પષ્ટ છે.

**''निजकोल पाय विधि झरना, तासों निज काज न सरना ।**
**तप करि जो कर्म खिपावै, सो ही शिवसुख दरसावे ॥''**

સમય આવતાં જે કર્મ ઝરે છે, એમાંથી આત્મહિતનું કાર્ય સિદ્ધ નથી થતું; તપશ્ચર્યા દ્વારા કર્મોનો ક્ષય કરવામાં આવે છે, એનાંથી જ મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

**तपबल पूर्व कर्म रिवर जाँहि, नये ज्ञानबल आवैं नाहिं ।**
**यही निर्जरा सुखदातार, भवकारण तारण निरधार ॥**

તપ દ્વારા જૂનાં કર્મોનું ખરી જવું અને જ્ઞાનના બળથી નવાં કર્મોનું નહીં આવવું જ નિર્જરા છે, જે સુખ આપવાવાળી છે અને સંસારનાં કારણોથી પાર ઉતારવાવાળી, છોડાવવાવાળી છે–એમ જાણવું જોઈએ.

**ज्यों सरवर जल रुका, सूरवता तपन पडे भारी;**
**संवर रोके कर्म निर्जरा है सोखनहारी ॥**
**उदय भोग सविपाक समय पक जाय आम ड़ाली;**
**दूजी है अविपाक पकावै पाल विषै माली ॥**
**पहली सबके होय नहीं कुछ सरे काम तेरा;**
**दूजी करे जु उद्यम करके मिटे जगत फेरा।**



**संवर सहित करो तप प्राणी मिले मुकति रानी;**
**इस दूलहिन की यही सहेली जाने सब ज्ञानी ॥**

જે પ્રમાણે સરોવરનું રોકાયેલ પાણી ખૂબ તાપથી સૂકાય છે; તે પ્રમાણે સંવર નવાં કર્મોને આવવાથી રોકે છે અને નિર્જરા જૂનાં કર્મોને શોષે છે. જે પ્રમાણે આંબાના ફળ સમય આવતાં ડાળી પર સ્વયં પાકી જાય છે, પણ ક્યારે ક્યારે માળી એને પાલમાં નાખીને સમયથી પહેલાં પણ પકાવી લે છે; તે પ્રમાણે કર્મોનો સ્વ સમયાનુસાર ઉદયમાં આવીને ખરી જવું સવિપાક નિર્જરા છે અને તપ દ્વારા ઉદયકાળ પહેલાં જ ખેરવી દેવું અવિપાક નિર્જરા છે.

પહેલી સવિપાક નિર્જરા તો જ્ઞાની–અજ્ઞાની બધાને હંમેશા થતી જ રહે છે; એનાંથી કોઈનું કાંઈ કાર્ય સિદ્ધ નથી થતું. તાત્પર્ય એ છે કે એ આત્મહિતમાં અંશમાત્ર પણ કાર્યકારી નથી. બીજી અવિપાક નિર્જરા જ્ઞાનિજનો દ્વારા ઉદ્યમપૂર્વક કરાય છે અને એનાથી સંસાર પરિભ્રમણ મટે છે. એટલે હે પ્રાણીઓ ! સંવર સાથે તપ કરો, એનાથી તમને મુક્તિ રાણી પ્રાપ્ત થશે; કેમ કે મુક્તિરૂપી દુલહનની સહેલી અવિપાક નિર્જરા જ છે– આ બધાં જ્ઞાનિજન સારી રીતે જાણે છે, તાત્પર્ય એ છે કે મોક્ષની પ્રાપ્તિ અવિપાક નિર્જરાથી જ થાય છે.

નિર્જરા ભાવનાના સ્વરૂપ અને પ્રકારોથી ચર્ચા આચાર્ય કુંદકુંદ દ્વાદશાનુંપ્રેક્ષામાં આ પ્રમાણે કહે છે :–

**''बंधपदेसग्गलणं णिज्जरणं इदि जिणेहिं पण्णत्तं ।**
**जेण हवे संवरणं तेण दु णिज्जरणमिदि जाणे ॥६६॥**
**सा पुण दुविहा णेया सकालपक्का तवेण कयमाणा ॥**
**चदुगदियाणं पढ़मा वयजुत्ताणं हवे विदिया ॥६७॥**

કર્મબંધના પ્રદેશોનું ગળવું નિર્જરા છે અને જે કારણોથી સંવર થાય છે, તેનાથી જ નિર્જરા થાય છે–એવું જિનેન્દ્ર ભગવાને કીધું છે.

એ નિર્જરા બે પ્રકારની હોય છે. પ્રથમ તો સ્વ સમયમાં થવાવાળી સવિપાક નિર્જરા અને બીજી તપનાં દ્વારા નિષ્પન્ન થવાવાળી

અવિપાક નિર્જરા. પહેલા સવિપાક નિર્જરા ચાર ગતિનાં બધા જીવોને હોય છે અને બીજી અવિપાક નિર્જરા સમ્યગ્જ્ઞાની વ્રત ધારિઓને જ હોય છે.

કથિત કથનમાં સવિપાક અને અવિપાક નિર્જરાવાળી વાત તો પૂર્વવત જ છે પણ એક વાત નવી કહેવાઈ ગઈ છે કે જે કારણ સંવરના કહેવામાં આવ્યા છે, નિર્જરા પણ એ જ કારણોથી થાય છે. છેવટે એ કારણો પર સંવર ભાવનામાં જે પ્રકારનું ચિન્તન કરવામાં આવે છે, તે જ પ્રકારનું ચિન્તન નિર્જરા ભાવનાના ચિન્તનમાં પણ અપેક્ષિત છે.

નિર્જરાના કારણોમાં સંવરના કારણોના વધારાના બાર પ્રકારના તપને વિશેષ રૂપથી ગણવામાં આવ્યાં છે. તત્ત્વાર્થ સૂત્રનાં **'तपसा निर्जरा च'** સૂત્રમાં પણ આ વાત પરિલક્ષિત થાય છે. ઉપલબ્ધ બાર ભાવનાઓમાં વિશેષરૂપથી તપની ચર્ચા છે; ગુપ્તિ, સમિતિ આદિ સંવરના કારણોની ચર્ચા નગણ્ય થી જ છે. એનું એક માત્ર કારણ સીમિત સ્થાન અને પુનરાવૃત્તિથી બચાવની પ્રવિત્તિ જ પ્રતીત થાય છે. સંવર ભાવનામાં ચર્ચા થઈ જવાના તત્કાળ બાદ એની બીજીવાર ચર્ચા કરવી કોઈને પણ ઉચિત નથી.

કાર્તિકેયાનુપ્રેક્ષામાં નિર્જરાનાં કારણોની ચર્ચા આ પ્રમાણે કરાઈ છે :–

**''वारसविहेण तवसा णियाणरहियस्स णिज्जरा होदि ।**
**वेरग्गभावणादो णिरहंकारस्स णाणिस्स ॥ १०२ ॥**
**जो समसोक्खणिलीणो वारं वारं सरेइ अप्पाणं ।**
**इन्दियक सायविजई तस्स हवे णिज्जरा परमा॥११४ ॥''**

અહંકાર અને નિદાન રહિત જ્ઞાનીના બાર પ્રકારના તપથી તથા વૈરાગ્ય ભાવનાથી નિર્જરા થાય છે.

જે સામ્ય ભાવરૂપ સુખમાં લીન થઈને વારંવાર આત્માનું સ્મરણ કરે છે, ધ્યાન કરે છે તથા ઈન્દ્રિયો અને કષાયોને જીતે છે; તેને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.''



કથિત ગાથાઓમાં બાર પ્રકારના તપની સાથે વૈરાગ્ય ભાવનાને નિર્જરાનું કારણ બતાવ્યું છે. સર્વાધિક મહત્ત્વ ઈન્દ્રિઓ અને કષાયોને જીતવા, સામ્યભાવ ધારણ કરવા તેમજ આત્મસ્મરણ એટલે આત્મધ્યાનને આપવામાં આવ્યું છે; કેમ કે એને સામાન્ય નિર્જરાનો નહીં, પરમ નિર્જરાનું કારણ કહેવામાં આવ્યું છે.

જો કે બાર તપમાં ધ્યાન પણ એક તપ છે; તો પણ એનો ઉલ્લેખ પૃથકરૂપથી વિશેષ કરવામાં આવ્યું છે. ખરેખર વાત તો એ છે કે શુદ્ધોપયોગરૂપ આત્મધ્યાનની નિરંતર વૃદ્ધિ જ ભાવનિર્જરા છે અને દ્રવ્યનિર્જરાનું મૂળ છે.

ધર્મની ઉત્પત્તિ સંવર, વૃદ્ધિ નિર્જરા અને પૂર્ણતા મોક્ષ છે. આત્મશુદ્ધિ જ ધર્મ છે; છેવટે આને આ પ્રકારે પણ કહી શકીએ કે શુદ્ધિની ઉત્પત્તિ સંવર, શુદ્ધિની વૃદ્ધિ નિર્જરા અને શુદ્ધિની પૂર્ણતા જ મોક્ષ છે.

ભેદવિજ્ઞાન અને આત્માનુભૂતિપૂર્વક નિશ્ચય રત્નત્રયરૂપ શુદ્ધિની ઉત્પત્તિ કે સ્થિતિ ભાવસંવર છે. અને એના નિમિત્તથી આવી રહેલાં કર્મોનું રોકાવું દ્રવ્યસંવર; આત્મધ્યાનરૂપ શુદ્ધોપયોગથી કથિત શુદ્ધિની વૃદ્ધિ થતી રહેવી–શુદ્ધિનું નિરંતર વધતું રહેવું ભાવનિર્જરા છે અને એનાં નિમિત્તથી પૂર્વબદ્ધ કર્મોનું સમયની પહેલાં જ ખરતા જવું દ્રવ્યનિર્જરા છે; તથા પૂર્ણ શુદ્ધિનું પ્રગટ થઈ જવું જ ભાવમોક્ષ છે, તદનુસાર સંપૂર્ણ દ્રવ્ય કર્મોથી આત્માનું મુક્ત થઈ જવું દ્રવ્યમોક્ષ છે.

જે પ્રમાણે વૃક્ષની ઉત્પત્તિ વગર એની વૃદ્ધિ અને પૂર્ણતા સંભવ નથી; એ જ પ્રકારે આત્મ શુદ્ધિની ઉત્પત્તિ વગર એની વૃદ્ધિ અને પૂર્ણતા સંભવ નથી. એ જ કારણ છે કે નિર્જરા સંવરપૂર્વક જ થાય છે.

જે પ્રમાણે સંવર ભાવનામાં સંવરના કારણોના વિસ્તારમાં જવું મનોરથ નથી થતું, નિશ્ચયથી એની ઉપાદેયતાનો વિચાર, ભેદવિજ્ઞાન અને આત્માનુભૂતિની પ્રબળ ભાવના જ મનોરથ હોય છે; એ જ પ્રકારે નિર્જરા ભાવનામાં પણ નિર્જરાના કારણ બાર તપોનાં વિસ્તારમાં જવું મનોરથ નથી હોતું, શુદ્ધોપયોગરૂપ આત્મધ્યાનની પ્રબળ ભાવના જ

મનોરથ હોય છે.

જ્ઞાનિજનોનો એકમાત્ર મનોરથ અત્યંત સુખમય મોક્ષ જ હોય છે. એની પ્રાપ્તિની પ્રબળ હેતુભૂત તેમજ આત્મશુદ્ધિની વૃદ્ધિરૂપ નિર્જરાની ભાવના એને સહજ જ પ્રસ્ફુટિત થાય છે અને થવી પણ જોઈએ.

ધ્યાન રહે બાર ભાવનાઓમાં મોક્ષભાવના નામની કોઈ ભાવના નથી; છેવટે નિર્જરા ભાવનામાં જ શુદ્ધિની પૂર્ણતારૂપ મોક્ષની ભાવના પણ હોય જ છે.

અશુદ્ધિનું સંપૂર્ણતઃ અભાવ અને શુદ્ધિની પૂર્ણતઃ પ્રાપ્તિ જ મોક્ષ છે; તથા શુદ્ધિની ઉત્પત્તિ કે સ્થિતિરૂપ સંવર તથા વૃદ્ધિરૂપ નિર્જરા મોક્ષમાર્ગ છે, મોક્ષની પ્રાપ્તિ માટે કે મોક્ષની ભાવનાથી પણ અધિક મહત્ત્વ મોક્ષ માર્ગની ભાવનાનું છે. આ કારણ છે કે બાર ભાવનાઓમાં મોક્ષ માર્ગરૂપ હોવાથી સંવર અને નિર્જરાને ભાવનાઓનાં રૂપમાં સ્વતંત્ર સ્થાન પ્રાપ્ત છે, જ્યારે મોક્ષનો આમાં જ સમાવેશ કરી લેવામાં આવ્યો છે.

સમયસાર જેવા ગ્રંથાધિરાજને સમાપ્ત કરતાં આચાર્ય કુંદકુંદ સમસ્ત જગતને મોક્ષમાર્ગમાં પોતાના આત્માને સ્થાપિત કરવાનો આદેશ આપતાં કહે છે :-

**''मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय ।**
**तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु ॥४१२॥''**

હે આત્મન્ ! તું તને પોતાને મોક્ષ માર્ગમાં સ્થાપિત કર, એનો અનુભવ કર, એનું જ ધ્યાન કર અને એમાં જ નિરંતર વિહાર કર; અન્ય દ્રવ્યોમાં વિહાર નહીં કર.''

તાત્પર્ય એ છે કે જામવા યોગ્ય, રમવા યોગ્ય, અનુભવ કરવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય અને વિહાર કરવા યોગ્ય એકમાત્ર મોક્ષ માર્ગરૂપ સંવર અને નિર્જરા તત્ત્વ જ છે.



આ વાતને આચાર્ય અમૃતચંદ્ર આ પ્રકારે કહે છે :-

**''एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक- ।**
**स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति ।**
**तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यांतराण्यस्पृशन्**
**सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विंदति ॥**

દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક એક જ મોક્ષમાર્ગ છે. જે પુરુષ (પુરુષાર્થી જીવ) કથિત મોક્ષમાર્ગ (મોક્ષ માર્ગનાં આધારભૂત શુદ્ધાત્મા)માં જ સ્થિર રહે છે, નિરંતર એનું જ ધ્યાન કરે છે, એને જ ચેતે છે-એનો અનુભવ કરે છે, બીજા દ્રવ્યોને સ્પર્શ પણ ન કરતો નિરંતર એમાં જ વિહાર કરે છે; તે પુરુષ નિત્યોદિત સમયસાર (શુદ્ધાત્મા)ને અલ્પકાળમાં અવશ્ય જ પ્રાપ્ત કરે છે.'' અહીંયા એક પ્રશ્ન સંભવ છે કે સંવર ભાવનામાં તો એ કહેવામાં આવ્યું હતું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના મોક્ષમાર્ગરૂપ નિર્મળભાવ પણ ધ્યેય નથી, શ્રદ્ધેય નથી, પરમજ્ઞેય પણ નથી, આરાધ્ય પણ નથી; આરાધ્ય તો અનંત ગુણોનો અખંડ પિંડ એક ચૈતન્ય સ્વભાવી નિજાત્મ તત્ત્વ જ છે અનેઅહીં એ કહેવામાં આવે છે કે તું તને મોક્ષમાર્ગમાં સ્થાપિત કર, એનો અનુભવ કર, એનું ધ્યાન કર, એમાં જ નિરંતર વિહાર કર, અન્ય દ્રવ્યોમાં વિહાર નહીં કર.

ભાઈ ! બન્ને કથનોમાં કોઈ વિરોધ નથી, બન્નેનો ભાવ એક જ છે. કથિત સંદર્ભમાં સમયસારની મૂલ્યાંકિત ગાથા મનનીય છે :-

**''दसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं ।**
**ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो ॥**

સાધુ પુરુષોને દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિત્ય સેવન કરવું જોઈએ; કેમ કે નિશ્ચયથી ત્રણેને આત્મા જ જાણો.''

ખરેખર વાત એ છે કે કથિત કથનોમાં માત્ર નિશ્ચય-વ્યવહારનું કથન ભેદ છે, ક્રિયાત્મક અંતર અંશમાત્ર પણ નથી; કેમકે આત્માની આરાધનાનું નામ જ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. છેવટે ચાહે એમ કહો કે આત્માની આરાધના કરો કે એમ કહો કે દર્શન-જ્ઞાન-ચારિત્રનું સેવન

કરો–એક જ વાત છે.

કથિત ગાથાની ટીકા લખતાં આચાર્ય અમૃતચંદ્ર આ વાતને આવી રીતે સ્પષ્ટ કરે છે :–

''આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન હોય, એ ભાવથી જ નિત્ય સેવન કરવા યોગ્ય છે–આ પ્રમાણે સ્વયં વિચાર કરીને બીજાને વ્યવહારથી સમજાવે છે કે સાધુ પુરુષને દર્શન–જ્ઞાન–ચારિત્ર સદા સેવન કરવા યોગ્ય છે; પરમાર્થથી જોવા જઈએ તો ત્રણે એક આત્મા જ છે; કેમકે આ આત્માથી અન્ય વસ્તુ નથી.છેવટે આ જાતે જ પ્રમાણરૂપ છે કે એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.

આચાર્ય અમૃતચંદ્રનાં કથિત કથનમાં એક વાત વિશેષ ધ્યાન દેવા યોગ્ય છે કે જ્ઞાનીજન સ્વયં તો એવો વિચાર કરે છે કે સર્વ પ્રકારથી એક આત્મા જ નિત્ય સેવન કરવા યોગ્ય છે; કેમ કે આ વાતને બીજાને આ પ્રમાણે સમજાવે છે કે દર્શન–જ્ઞાન–ચારિત્ર જ હમેંશા સેવન કરવા યોગ્ય છે.

આ કથનનાં રહસ્યને ન સમજી શકવાના કારણે કોઈ લોકોને એમ લાગે છે કે આ શું વાત થઈ ? શું મુક્તિના માર્ગમાં પણ 'હાથીનાં દાંત ખાવાના અને દેખાડવાના બીજા' વાળી વાત ચાલે છે ? શું આચાર્ય પોતાના માટે તો એક આત્મા જ સેવન યોગ્ય માને છે અને બીજાઓ માટે દર્શન–જ્ઞાન–ચારિત્રના સેવન કરવાનો ઉપદેશ આપે છે ?

પણ આ વાત આવી નથી ; કેમકે જેને નિશ્ચયનયથી આત્માનું સેવન કહે છે, એ જ વ્યવહાર નયથી દર્શન–જ્ઞાન–ચારિત્રનું સેવન કહેવામાં આવે છે. સ્વયંનો નિશ્ચય નિશ્ચયરૂપ અને ઉપદેશ વ્યવહારરૂપ હોવાથી જ આ પ્રકારનો પ્રયોગ થયો છે; મૂળ તો બન્ને કથનોમાં કોઈ અંતર નથી, એક જ વાત છે.

આત્માનું દર્શન–જ્ઞાન અને ધ્યાન જ આત્મામાં સ્થાપિત થવું છે, આત્માનો અનુભવ કરવો છે, આત્મામાં જામવું–રમવું છે, આત્મામાં વિહાર કરવું છે તથા આ જ પરિણમન મોક્ષમાર્ગમાં સ્થાપિત થવું છે,



મોક્ષ માર્ગમાં વિહાર કરવો છે; છેવટે બન્ને કથનોનાં ભાવમાં કોઈ અંતર નથી. મોક્ષમાર્ગમાં સ્થાપિત થવાનો ક્રિયાત્મકરૂપ આત્મશ્રદ્ધાન, આત્મજ્ઞાન અને આત્મચરણ (આત્મધ્યાન) જ છે, એનાથી ભિન્ન કાંઈ નથી.

જ્યારે દ્રવ્ય સ્વભાવની રીતે વાત કરીએ તો આત્માની આરાધના, સાધના, ઉપાસના કહે છે અને જ્યારે પર્યાય સ્વભાવની રીતે વાત કરીએ તો એને જ રત્નત્રયની સાધના, આરાધના, ઉપાસના કે મોક્ષમાર્ગની સાધના, આરાધના કે ઉપાસના કહેવામાં આવે છે. ધ્યેય, શ્રદ્ધેય પરમ જ્ઞેયરૂપ ઉપાસ્ય–આરાધ્ય તો ત્રિકાળી ધ્રુવ આત્મા જ છે અને એનું ધ્યાન, શ્રદ્ધાન તેમજ જ્ઞાનરૂપ ઉપાસના–આરાધના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે; છેવટે ભલે આત્માની ઉપાસના કહો, ભલે મોક્ષમાર્ગની ઉપાસના કહો–એક જ વાત છે.

સંવર મોક્ષમાર્ગની શરૂઆત છે અને નિર્જરા મોક્ષમાર્ગ; છેવટે સંવરપૂર્વક નિર્જરારૂપ પરિણમન જ મોક્ષમાર્ગમાં આરૂઢ થવાનો છે, આ દિશામાં નિરંતર વધતા રહેવાની ભાવના જ નિર્જરા ભાવના છે.

શુદ્ધોપયોગ છે સ્વરૂપ જેનું–એવી ભાવ નિર્જરારૂપ પરિણમન કરી, પૂરેપૂરું સ્વાત્મનિષ્ઠ થઈને સંપૂર્ણ જગત અંનત–આનંદરૂપ મોક્ષ દશાને પ્રાપ્ત કરે છે એ પાવન ભાવનાથી વિરામ લઉં છું.

= ભગવાન અને ભગવાનદાસ =

અરે ભાઈ, પર ભગવાન કે પર્યાયરૂપ ભગવાનની શરણમાં જવાળાવાળા ભગવાનદાસ બને છે, ભગવાન નહીં. જો સ્વયં જ પર્યાયમાં ભગવાન બનવું છે તો જે ભગવાન આત્માના જ શરણમાં જવું પડશે, એને જ જાણવું–ઓળખવું પડશે, એમાં જ પોતાપણું સ્થાપિત કરવું પડશે, એનું જ ધ્યાન ધરવું પડશે, એમાં જ સમાઈ જવું પડશે– આ વાતને ક્યારેય ભૂલવી નહીં જોઈએ.

= આત્મા હી શરણ હૈ, પાનું ૨૦૩ =

## ૧૦ લોક ભાવના

'निज आतमा के भान बिन षट्द्रव्यमय इस लोक में ।
भ्रमरोगवश भवभव भ्रमण करता रहा त्रैलोक्य में ॥
करता रहा नित संसरण जगजालमय गति चार में ।
समभाव बिन सुख रच्छ भी पाया नहीं संसार में ॥१॥

છ દ્રવ્યમય અને લોકવાળા આ લોકમાં આ આત્મા આત્માના જ્ઞાન વિના ભ્રમરૂપી રોગને વશ થઈને ભવ–ભવમાં ભ્રમણ કરતો રહ્યો; જગતના જંજાળમાં અટવાઈ જવાવાળી ચાર ગતિઓમાં નિરંતર ઘૂમતો રહ્યો. સમતાભાવની અભાવમાં આ સંસારમાં એને અંશમાત્ર પણ સુખ પ્રાપ્ત ન થયું.

'नर नर्क स्वर्ग निगोद में परिभ्रमण ही संसार है ।
षट्द्रव्यमय इस लोक में बस आतमा ही सार है॥
निज आतमा ही सार है स्वाधीन है सम्पूर्ण है।
आराध्य है सत्यार्थ है परमार्थ है परिपूर्ण है॥२॥

નરક તિર્યંચ,દેવ તેમજ મનુષ્ય ગતિઓમાં પરિભ્રમણ કરતાં રહેવું જ સંસાર છે. છ દ્રવ્યવાળા આ લોકમાં એક આત્મા જ સારભૂત પદાર્થ છે. આપણો આત્મા જ સાર છે, સ્વાધિન છે, સંપૂર્ણ છે, આરાદ્ય છે, સત્યાર્થ છે, પરમાર્થ છે અને પરિપૂર્ણ છે.

निष्काम है निष्क्रोध है निर्मान है निर्मोह है ।
निर्द्वन्द्व है निर्दण्द है निर्ग्रन्थ है निर्दोष है ॥
निर्मूढ है नीराग है आलोक है चिल्लोक है।
जिसमें झलकते लोक सब वह आतमा ही लोक है॥३॥

આપણો આત્મા જ કામ, ક્રોધ, માન અને મોહથી રહિત છે. એક આત્મા જ સ્વછંદ છે, નિંદંડ છે, નિંગ્રંથ અને નિર્દોષ છે. મિથ્યાત્વ અને રાગરહિત પણ તે જ છે, પ્રકાશ સ્વરૂપ ચૈતન્ય લોક પણ તે જ છે. જો ઊંડાણથી વિચાર કરવામાં આવે તો જેમાં સંપૂર્ણ લોક ધબકે છે, તે જ્ઞાન સ્વભાવી આત્મા જ વાસ્તવિક લોક છે.



निज आतमा ही लोक है निज आतमा ही सार है ।
आनन्दजननी भावना का एक ही आधार है ॥
यह जानना पहिचानना ही भावना का सार है।
ध्रुवधाम की आराधना आराधना का सार है॥

આપણો આત્મા જ લોક છે આપણો આત્મા જ સારભૂત પદાર્થ છે. આનંદને ઉત્પન્ન કરવાવાળી આ લોક ભાવનાના ચિન્તનનો એકમાત્ર આધાર નિજ ભગવાન આત્મા જ છે. આ જાણવું–ઓળખવું જ લોક ભાવનાના ચિન્તનનો સંપૂર્ણ સાર છે અને ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધના જ આરાધનાનો સાર છે.

ભાઈ ! અનંત શાંતિ અને સુખ પ્રાપ્ત કરવાનો તો એકમાત્ર આ માર્ગ છે. છેવટે મારી તો આ જ ભાવના છે કે આ આધ્યાત્મિક પરમસત્ય, ત્રિકાલિક પરમસત્ય, જ્ઞાનાનંદ સ્વભાવી; ધ્રુવ આત્મ તત્ત્વ જેમને શોધવો છે તેઓ શોધે; જાણવો છે તેઓ જાણે; મેળવવો છે તેઓ મેળવે. જેમણે શોધી લીધો હોય, મેળવી લીધો હોય; તેઓ એમાં જ જામી જાઓ, રમી જાઓ, સમાઈ જાઓ અને અનંત સુખી થાઓ, શાંત થાઓ.

# લોક ભાવના : એક ચિન્તવન

**'निज आतमा के भान बिन षट्द्रव्यमय इस लोक में ।**
**भ्रमरोग वश भव-भव भ्रमण करता रहा त्रैलोक्य में ॥**
**निज आतमा ही लोक है निज आतमा ही सार है।**
**आनन्दजननी भावना का एक ही आधार है ॥**

'સંયોગ અનિત્ય છે, અશરણ છે, અસાર છે, અશુચિ છે, સુખદુઃખમાં સાથ આપવાવાળા નથી; કેમ કે તે આપણા આત્માથી ભિન્ન છે.

શરૂઆતની છ ભાવનાઓમાં સંયોગોના સંદર્ભમાં આ પ્રમાણેનું ચિન્તન કરવા ઉપરાંત સાતમી આશ્રવ ભાવનામાં 'સંયોગના લક્ષ્યથી આત્મામાં જ ઉત્પન્ન થવાવાળા સંયોગી ભાવ ચિદ્‌વિકાર-મોહ-રાગ-દ્વેષરૂપ આશ્રવવાળા પણ અનિત્ય છે. અશરણ છે, અશુચિ છે, દુઃખરૂપ છે, દુઃખના કારણ પણ છે; છેવટે હેય છે અને ભગવાન આત્મા નિત્ય છે, પરમ પવિત્ર છે, પરમાનંદ રૂપ છે તેમજ પરમાનંદનું કારણ પણ છે; છેવટે ધ્યેય છે, શ્રદ્ધેય છે, આરાધ્ય છે, સાધ્ય છે તેમજ પરમ-ઉપાદેય પણ છે'- આ પ્રકારનું ચિન્તન કરવામાં આવ્યું છે.

આ પ્રમાણે સંયોગ અને સંયોગી ભાવોથી દૂર જઈ સંવર અને નિર્જરા ભાવનામાં પર અને પર્યાયોથી ભિન્ન નિજ ભગવાન આત્માના આશ્રયથી ઉત્પન્ન થવાવાળી નિર્મળ પર્યાયરૂપ શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિની ઉપાદેયતાનું ચિન્તન કરવામાં આવ્યું; કેમકે શુદ્ધિની ઉત્પત્તિ કે સ્થિતિરૂપ સંવર તથા વૃદ્ધિરૂપ નિર્જરા જ અનંત સુખરૂપ મોક્ષ પ્રગટ થવાના સાક્ષાત કારણ છે.

આ પ્રમાણે જ્ઞેયરૂપ સંયોગ, હેયરૂપ આશ્રવભાવ તેમજ ઉપાદેયરૂપ સંવર-નિર્જરાનું સમ્યક્ ચિન્તનની ઉપરાંત હવે લોક ભાવનામાં છ દ્રવ્યમયી લોકનાં સ્વરૂપ પર વિચાર કરીએ.

લોક ભાવનાનું ક્ષેત્ર ઘણું વિસ્તૃત છે. કાર્તિકેયાનુપ્રેક્ષાની ચારસો



નેવ્યાસી (૪૮૯) ગાથાઓમાં સર્વાધિક સ્થાન દોરવાવાળી લોક ભાવના અને ધર્મ ભાવના જ છે. અનિત્ય ભાવનાથી નિર્જરા ભાવના સુધી નવ ભાવનાઓમાં કુલ ૧૧૪ ગાથાઓ છે, જ્યારે એકલી લોક ભાવના ૧૬૯ ગાથાઓને વિસ્તરેલી છે.,

લોક ભાવનામાં ભેદ્-પ્રભેદ સહિત છ દ્રવ્યોના સ્વરૂપની સાથે સાથે લોકનું ભૌગોલિક નિરૂપણ પણ સમાવેશ થઈ જાય છે. આ પ્રમાણે જોઈએ છીએ કે આ ભાવનામાં જિનાગમમાં વર્ણેલ વસ્તુ-વ્યવસ્થા સંબંધી સમસ્ત વિષય-વસ્તુ આમાં આવી જાય છે. આ પ્રમાણે દ્રવ્યસંગ્રહ, પંચાસ્તિકાયસંગ્રહ તેમ જ ત્રિલોકસારના સંપૂર્ણ વિષય આવી જાય છે.

જો કે આ લઘુ નિબંધમાં કથિત સંપૂર્ણ વિષય વસ્તુનો વિસ્તૃત પ્રતિપાદન સંભવ નથી; તો પણ લોક ભાવનાની ચિન્તન પ્રક્રિયા તેમજ એની ઉપયોગિતા પર સમ્યક્ ચિન્તવન તો અપેક્ષિત જ છે.

જો કે લોક ભાવનાની વિષય-વસ્તુ અત્યંત વિસ્તૃત છે, તો પણ અનેક જ્ઞાનીઓએ એનું પ્રતિપાદન એક-એક છંદમાં પણ કર્યું છે, તો પણ લોક ભાવનાની સંપૂર્ણ અલગ ભાવનાનો પોતામાં સમાવેશ કરી લીધો છે.

આ દ્રષ્ટિથી હિન્દી કવિઓના મૂલ્યાંકિત કથન જોવાલાયક છેઃ

**''किनहुँ न करौ न धरै को, षट्‌द्रव्यमयी न हरै को ।**
**सो लोक माँहि बिन समता, दुःख सहै जीव नित भ्रमता ॥ ''**

છ દ્રવ્યોના સમુદાયરૂપ આ લોકને ન કોઈએ બનાવ્યો છે, ન કોઈએ એને ધારણ કર્યો છે અને ન કોઈ એનો વિનાશ કરી શકે. આ લોકમાં આ આત્મા અનાદિકાળથી સમતા ભાવ વગર ભ્રમણ કરતો અનંત દુઃખ સહી રહ્યો છે.

**''चौदह राजु उत्तंग नभ, लोक पुरुष संठान ।**
**तामें जिव अनादि तैं, भरमत है बिन ज्ञान ॥''**

આ પુરુષાકાર ચૌદ રજ્જૂ ઊંચા લોકમાં આ જીવ આત્મજ્ઞાન વગર અનાદિકાળથી જ ભ્રમણ કરી રહ્યો છે.''

કથિત બન્ને ભાવનાઓમાં નીચેની પંક્તિનો ભાવ તો લગભગ સરખો જ છે; કેમ કે બન્નેમાં જ આ દર્શાવવામાં આવ્યું છે કે જીવ અનાદિથી જ લોકમાં ભ્રમણ કરતો દુઃખ ભોગવી રહ્યો છે. અંતર માત્ર એટલુંછે કે એકમાં દુઃખનું કારણ સમતાભાવનો અભાવ બતાવવામાં આવ્યો છે અને બીજીમાં સમ્યજ્ઞાનનો અભાવ પણ આમાં કોઈ વિશેષ વાત નથી; કેમ કે ઉપરની પંક્તિમાં જે લોકના સ્વરૂપનું પ્રતિપાદન છે, તે ભિન્ન-ભિન્ન છે. એકમાં લોકને સ્વનિર્મિત, સ્વાધીન, અવિનાશી અને છ દ્રવ્યમયી બતાવવામાં આવ્યો છે; તો બીજીમાં ચૌદ રજ્જૂ ઊંચા પુરુષાકાર નિરુપિત કરવામાં આવ્યો છે.

આ વાત પહેલાં પણ સ્પષ્ટ કરી છે કે લોક ભાવનામાં છ દ્રવ્યોનાં સમુદાયરૂપ લોકની વાત પણ ચિન્તનનો વિષય બને છે અને લોકની ભૌગોલિક સ્થિતિ પણ. લોક ભાવનાનાં વિષય-વસ્તુ સંબંધી કથિત બન્ને પ્રકારોમાંથી એકે પ્રથમ પ્રકારને તેમજ બીજાએ બીજા પ્રકારને પકડી પોતાની વાત પ્રસ્તુત કરી દીધી છે. બે પંક્તિઓના નાના છંદમાં આનાથી વધુ બીજું કહી પણ શું શક્યા હોત? પણ એક વાત અવશ્ય ધ્યાન આપવા યોગ્ય છે કે લોક ભાવનાની જે મૂળ ભાવના છે, તે બન્નેમાં સમાનરૂપથી વિદ્યમાન છે.

મૂળવાત લોકનાં સ્વરૂપ પ્રતિપાદનની નથી, સમ્યગ્જ્ઞાન અને સમતાભાવ વગર જીવનાં અનાદિ પરિભ્રમણની છે; કેમકે સમ્યગ્જ્ઞાન અને સમતાભાવની તીવ્રતમ રુચિ જાગૃત કરવી જ આ ભાવનાઓનાં ચિન્તનનું મૂળ પ્રયોજન છે.

લોક ભાવના સંબંધી સંપૂર્ણ વિષય-વસ્તુ તેમજ મૂળભૂત પ્રયોજનની વાત મંગતરાય કૃત બાર ભાવનાઓમાં સમાયેલ લોકભાવનામાં હજી પણ વધુ કહેવાઈ ગઈ છે, જે આ પ્રમાણે છે :-

**"लोक अलोक अकाश माँहि थिर निराधार जानो।**
**पुरुषरुप कर कटी भये षद्द्रव्यन सों मानो ॥**
**इसका कोई न करता हरता अमिट अनादी है ।**
**जीव रु पुद्गल नाचे यामें कर्म उपाधी है ॥**
**पाप-पुण्य सों जीव जगत में नित सुख-दुख भरता ।**
**अपनी करनी आप भरै शिर औरन के धरता ॥**



**मोहकर्म को नाश मेटकर सब जग की आशा ।**
**निजपद में थिर होय लोक के शीश करो वासा ॥'**

અલોકાકાશમાં આ છ દ્રવ્યમયી લોક નિરાધાર (પોતાના આધાર પર) સ્થિત છે અને કમર પર હાથ રાખેલ પુરુષના આકારનો છે. આ લોકનો કોઈ કર્તા-હર્તા નથી; કેમકે આ અનાદિ અનંત અટલ છે. આ લોકમાં કર્મની ઉપાધિના કારણે જીવ અને પુદ્ગલ જ નૃત્ય કરી રહયાં છે, પાપ-પુણ્યનાં વશ જીવ નિરંતર દુખ-સુખ ભોગવી રહયો છે.

જો કે આ જીવ પોતાની કરણીનો ફળ સ્વયં જ ભોગવે છે; તોપણ એને બીજાનાં માથે ઢોળતો રહે છે. આ વૃતિ જ એના દુખનું, પરિભ્રમણનું મૂળ કારણ છે.

છેવટે હે ભવ્ય પ્રાણીઓ ! જો તારું હિત ઈચ્છે છે તો સંપુર્ણ જગતની બધી આશાઓ ને મિટાવીને અને મોહ કર્મનો નાશ કરીને નિજ પદમાં સ્થિર થઈ જાઓ. જો આવું કરી શકો તો તમારો આવાસ લોકનાં શિખર પર હશે. તાત્પર્ય એ છે કે તમને સિદ્ધપદ ની પ્રાપ્તિ થશે; કેમકે સિદ્ધ ભગવાન જ લોક શિખર પર વિદ્યમાન સિદ્ધશિલા પર બિરાજે છે.

કથિત છંદમાં લોકનો આકાર, સ્વરૂપ, સ્થાન, સ્થિતિ, સ્વાધિનતા, અકૃત્રિમતા, અનાદિ-અનંતતા આદિ બંધુ આવી ગયું છે; સાથે જ આ લોકમાં જીવનાં પરિભ્રમણનાં કારણરૂપ કર્તા બુધ્ધિ અને બીજાનાં માથે પોતે કરેલા અપરાધોને ઓઢાળવાની અનાદિકાલીન વૃતિ-દુષ્પ્રવૃતિનો પરિચય પણ અપાઈ ગયો છે. અંતમાં જગતની આશા છોડવા અને મોહ કર્મનાં નાશ કરવાની પાવન પ્રેરણા આપતાં પોતાનાં ત્રિકાળી ધ્રુવ આત્મામાં સ્થિર થવાનો અનુરોધ પણ કરવામાં આવ્યો છે અને એનું ફળ સિદ્ધપદની પ્રાપ્તિ બતાવીને પ્રેરણાને સબળ બનાવી દીધી છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ અલગ કે જે અતિ આવશ્યક હતું, તે બધું એક જ છંદમાં ઘણા જ પ્રભાવશાળી ઢંગથી સમેટી લેવામાં આવ્યુ છે. નિર્જરા ભાવનાના ઉપરાંત આવનાર આ લોક ભાવનાને લોકશિખર સિદ્ધશિલા (મોક્ષ) થી જોડીને અદ્ભુત સંધી બેસાડી દીધી છે. આટલી અધિક વિષય-વસ્તુ એક જ છંદમાં સમાવેશ કરી દેવા ઉપરાંત પણ વૈરાગ્યવર્ધક ભાવનાને ઠેસ ન પહોંચાડી અદભુત્ બળ મળ્યું છે;

ભાવનાત્મક ચિન્તનનો વેગ, વૈરાગ્ય ભાવનાનો ઉદ્વેગ પોતાના પૂરા પ્રવાહ પર કાયમ જ ન રહ્યો, પરંતુ વૃધ્ધિગત રહ્યો છે.

લોકભાવનાની મૂળ ભાવના પંડિત જયચંદજી છાબડાના શબ્દોમાં અતિ સંક્ષેપમાં આ પ્રમાણે છે :-

**''लोकस्वरुप विचारि कैं, आतमरुप निहारि ।**
**परमारथ व्यवहार मुणि, मिथ्याभाव निवारि ॥''**

કથિત છંદમાં પ્રેરણા આપવામાં આવી છે કે આત્મન્ ! નિશ્ચય-વ્યવહારને સારી રીતે સમજીને મિથ્યાભાવોને દૂર કરી, છ દ્રવ્યમયી લોકના સ્વરૂપને સારી રીતે વિચારી કરી પોતાને જુઓ, આત્માનો અનુભવ કરો.

વિશેષ ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે અહીં છ દ્રવ્યોને તો માત્ર જાણવાની જ વાત કહી, પણ આત્માને ધ્યાનથી જોવાનો આદેશ આપ્યો છે; કેમકે પર દ્રવ્ય હોવાથી છ દ્રવ્ય તો માત્ર જ્ઞાનથી જ્ઞેય જ છે, પણ આત્મા નિજ દ્રવ્ય હોવાથી પરમ-ઉપાદેય છે, ધ્યેય પણ છે.

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રરૂપ મિથ્યાભાવોના નિવારણ કરવાનો એકમાત્ર ઉપાય પોતાના આત્માને ધ્યાનથી જોવાનો જ છે; કેમકે આત્માને ધ્યાનથી જોવાનું-દર્શન કરવાનું, ઓળખવાનું, ધ્યાન કરવાનું નામ જ સમ્યગદર્શન, સમ્યજ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે.

જગતને જાણીને એનાથી દ્રષ્ટિ હટાવીને નિજ ભગવાન આત્મામાં સ્થિર થઈ જવું જ લોક ભાવનાની ચિન્તનનું સુપરિણામ છે. આ કારણ છે કે લોક ભાવના ચિન્તનનું મૂળ કેન્દ્રબિંદુ છ દ્રવ્યમયી લોકથી ભિન્ન નિજ ભગવાન આત્માની ઉપાસના કરવાની પ્રેરણા આપવી જ રહી છે.

આ દ્રષ્ટિમાં મૂલ્યાંકિત છંદ જોવાલાયક છે :-

**''तेरो जनम हुवो नहीं जहाँ, ऐसो रवेतर नाहीं कहाँ ।**
**याही जनम-भूमि का रचो, चलो निकसि तो विधि तैं बचो ॥**

સંપૂર્ણ લોકમાં એવું કોઈ સ્થાન નથી, જ્યાં તારો જન્મ ન થયો હોય. હે આત્મન ! તું આ જન્મભૂમિમાં જ કેમ રચ્યો પચ્યો રહે છે. જો કર્મોનાં



બંધનથી બચવું હોય તો એનાંથી પોતાપણું તોડો, રાગ છોડો; એમાંજ ભલાઈ છે.

**लोक माँहि तेरो कछु नाहिं; लोक आन तुम आन लखाहिं।**
**वह षटद्रव्यन को सब धाम, तू चिन्मूरति आतमराम ॥**

આ જગતમાં તારું કાંઈ પણ નથી. જગત અલગ છે અને તું અલગ છે-આ સ્પષ્ટ જોઈ શકાય છે; કેમકે જગત છ દ્રવ્યોનો આવાસ છે, છ દ્રવ્યમયી છે અને તું ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે.''

કથિત છંદોમાં જગતથી ભેદજ્ઞાન તેમજ વૈરાગ્યભાવ પર જ વિશેષ બળ આપવામાં આવ્યું છે, લોકના સ્વરૂપ કે આકાર પર નહીં; છેવટે આ અત્યંત સ્પષ્ટ છે કે લોક ભાવનાના ચિન્તનમાં જગતથી વિરક્ત તેમજ ભિન્નતાની પ્રબળતા જ મુખ્ય છે.

૧૬૯ ગાથાઓમાં લોકભાવનાનું વિસ્તૃત વિવેચન કરવા ઉપરાંત કાર્તિકિયાનુપ્રેક્ષામાં સ્વામિકાર્તિકિય લોક ભાવનાના ચિન્તનનું ફળ દેખાડીને લખે છે :-

**''एवं लोयसहावं जो झायदि उवसमेक्कसब्भाओ ।**
**सो खविय कम्मपुँजं तस्सेव सिहामणी होदि ॥**

આ પ્રમાણે લોકના સ્વરૂપને ઉપશમભાવથી જે પુરુષ એક (આત્મ) સ્વભાવરૂપ થતો ધ્યાવે છે; તે કર્મ સમૂહનો નાશ કરીને એ જ લોકનો શ્રેષ્ઠમણિ થાય છે એટલે સિધ્ધ દશાને પ્રાપ્ત થાય છે.

કાર્તિકિયાનુપ્રેક્ષાના હિન્દી વચનિકાકાર પંડિતપ્રવરશ્રી જયચંદજી છાબડા લોકાનુપ્રેક્ષાની વચનિકા લખવા ઉપરાંત લોકાનુપ્રેક્ષાની સંપૂર્ણ વિષય-વસ્તુનો ઉપસંહાર કરતા રહીને સારાંશના રૂપમાં એક કુંડલિયામાં લખે છે, જે આ પ્રકારે છે :-

**''लोकालोक विचारिकैं; सिध्धस्वरुप चितारि ।**
**राग-विरोध बिडारिकैं; आतमरुप संवारि ॥**
**आतमरुप संवारि मोक्षपुर बसो सदा ही ।**
**आधि-व्याधि जर-मरन आदि दुख है न कदा ही ॥**
**श्रीगुरु शिक्षा धारि टारि अभिमान कुशोका ।**
**मन थिर कारन यह विचारि निजरुप सुलोका ॥**

લોકાલોકના સ્વરૂપનો વિચાર કરી, લોકગ્રમાં બિરાજમાન સિધ્ધના સ્વરૂપનું સ્મરણ કરી, રાગ-દ્વેષને દૂર કરી આત્માના સ્વરૂપને ઉપસાવામાં જ વાસ્તવિક ધર્મ છે, મોક્ષનો માર્ગ છે. આ માર્ગ પર ચાલવાવાળા એ મોક્ષપુરમાં હમેંશા જ નિવાસ કરે છે, જયાં ન આધિ (માનસિક કલેશ) છે અને ન વ્યાધિ (શારીરિક રોગ). ત્યાં જન્મ-મરણ આદિનાં દુખ પણ કયારે નથી થતા. છેવટે અભિમાન અને શોક છોડીને શ્રીગુરુની શિક્ષાને ધારણ કરો. મનની સ્થિરતાનો એકમાત્ર ઉપાય નિજરૂપ સુંદર લોકમાં વિચરવું જ છે એટલે આત્માનો અનુભવ કરવાનો જ છે; આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને ધ્યાન જ છે; આત્માની રમણતા જ છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે લોક ભાવનાની વિષય-વસ્તુના વિસ્તારમાં જઈએ તો એમાં લગભગ સંપૂર્ણ લોકાલોક જ સમાઈ જાય છે; જે કાંઈ પણ જિનાગમમાં કહેવાયું છે, તે બધું આવી જાય છે. આનું તાત્પર્ય એ થયું કે જિનાગમમાં પ્રતિપાદિત સંપૂર્ણ વિષય-વસ્તુનાં સંબંધમાં આત્માનુભવી સંત અને જ્ઞાની શ્રાવક જે કાંઈપણ આત્મોન્મુખી ચિન્તન કરે છે, તે બધા લોકાનુપ્રેક્ષાનું જ ચિન્તન છે; પણ એ આવશ્યક છે કે એ ચિન્તનની દિશા ભેદવિજ્ઞાન પરક અને વૈરાગ્ય પ્રેરક હોવી જોઈએ.

જ્ઞેયરૂપ સંયોગો, હેયરૂપ પુણ્ય-પાપાશ્રવો તેમજ ઉપાદેયરૂપ સંવર-નિર્જરાની ચર્ચા ઉપરાંત લોક ભાવનામાં સમસ્ત લોક જેના જ્ઞાન દર્પણમાં પ્રતિબિંબિત થાય છે, એ આત્માનું સંપૂર્ણ લોકમાં ક્યું સ્થાન છે અને તે કોણ છે ? એ ચિન્તન કરવામાં આવે છે. નિજ તત્ત્વની તીવ્રતમ રુચિ જાગૃત કરવા માટે નિજ તત્ત્વની મુખ્યતાથી કરવામાં આવેલ લોકનું ચિન્તન જ લોક ભાવના છે.

ભાવનાઓનું સ્વરૂપ અને ચિન્તન-પ્રકિયા વિવેચનાત્મક કે નિરૂપણાત્મક ન હોઈને વૈરાગ્યપ્રેરક તેમજ આત્મોન્મુખી હોવાથી લોક ભાવનાના સંદર્ભમાં 'લોક' શબ્દનો અર્થ 'આત્મા' પણ કરવામાં આવે છે. જેમાં સંપૂર્ણ લોક આલોકિત હોય- એવો આત્મા જ ચૈતન્ય લોક છે. લોક શબ્દની આ પ્રકારની વ્યાખ્યા પણ કરવામાં આવે છે.

ભગવતી આરાધનામાં એને સતર્ક સિધ્ધ કહેવામાં આવ્યું છે. જે આ પ્રમાણે છે :-



**यद्यप्यनेकप्रकारो लोकस्तथापीह लोकशब्देन जीवद्रव्यं लोक एवोच्यते। कथं ? सूत्रेण जीवधर्मप्रवृत्तिक्रम निरुपणात् ॥**

જો કે લોક અનેક પ્રકારનો છે એટલે લોક શબ્દના અનેક અર્થ થાય છે; તો પણ અહીં લોક શબ્દથી જીવ દ્રવ્યને જ લોક કહેવામાં આવે છે; કેમકે અહીં જીવની ધર્મ પ્રવૃત્તિનું પ્રકરણ ચાલી રહ્યું છે.

બૃહદદ્રવ્ય સંગ્રહમાં વ્યવહાર-લોક ભાવનાનો ૩૧ પાનામાં નિરુપણ કરવા ઉપરાંત અંતમાં નિશ્ચય-લોક ભાવનાનું સ્વરૂપ આ પ્રકારે સ્પષ્ટ કરવામાં આવ્યું છે :-

જે પ્રમાણે દર્પણમાં પ્રતિબિંબ ઝલકે છે; એજ પ્રમાણે આદિ, મધ્ય અને અંત રહિત, શુધ્ધ-બુધ્ધ એક સ્વભાવવાળા પરમાત્માના સંપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાનમાં શુધ્ધાત્મા આદિ બધા પદાર્થો આલોકિત થાય છે, જોવામાં આવે છે, જ્ઞાત થાય છે-આ કારણે એ આત્મા જ નિશ્ચય લોક છે અથવા તે નિશ્ચય લોકરૂપ નિજ શુધ્ધાત્મામાં અવલોકન જ નિશ્ચયલોક છે.

તથા સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પોના ત્યાગ પૂર્વક નિજ શુધ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન પરમ સુખામૃત રસના સ્વાદના અનુભવરૂપ, આનંદરૂપ જે ભાવના છે; તે જ નિશ્ચયથી લોક ભાવના છે, બાકી બધો વ્યવહાર છે.

આ પ્રમાણે એ નિશ્ચિત થાય છે કે લોક ભાવનામાં લોકનું સ્વરૂપ, આકાર-પ્રકાર તેમજ જીવાદિ પદાર્થોનું જે વિસ્તૃત વિવેચન કરવામાં આવે છે; તે બધું તો વ્યવહાર છે, નિશ્ચય લોક તો ચૈતન્ય લોક જ છે. એ ચૈતન્ય લોકમાં રમણ કરવું તેમજ રમણ કરવાની ઉગ્રતમ ભાવના જ નિશ્ચય-લોક ભાવના છે; કેમકે લોક ભાવનાના ચિન્તનનો અસલી ઉદેશ્ય તો આત્મારાધનાની સફળ પ્રેરણા જ છે.

છેવટ બધા આત્માર્થીજન છ દ્રવ્યમયી લોકને જાણીને નિજ ચૈતન્ય લોકમાં જ જામી જાય, રમી જાય અને અનંત સુખી થાય-આ પાવન ભાવનાથી વિરામ લઉં છું.

## (११) बोधिदुर्लभ भावना

इन्द्रियों के भोग एवं भोगने की भावना ।
हैं सुलभ सब दुर्लभ नहीं है इन सभी का पावना ॥
हैं महादुर्लभ आत्मा को जानना पहिचानना ।
हैं महादुर्लभ आत्मा की साधना आराधना ॥

પંચેન્દ્રિયોના ભોગ તેમજ તેને ભોગવવાની ભાવનાનું પ્રાપ્ત થવું દુર્લભ નથી, સુલભ જ છે, પણ આત્માને જાણવો, ઓળખવો તેમજ આત્માની સાધના અને આરાધના મહાદુર્લભ છે.

नर देह उत्तम देश पूरण आयु शुभ आजीविका ।
दुर्वासना की मंदता परिवार की अनुकूलता ॥
सत् सज्जनों की संगती सद्धर्म की आराधना ।
है उत्तरोत्तर महादुर्लभ आतमा की साधना ॥

મનુષ્ય ભવની પ્રાપ્તિ થવી, ઉત્તમ આર્ય દેશમાં જન્મ થવો, પરિપૂર્ણ આયુની પ્રાપ્તિ થવી, ન્યાયોપાત્ત અહિંસક આજીવિકાનાં સાધન ઉપલબ્ધ થવાં, દુર્વાસનાઓનું મંદ થવું , ધર્માનુકૂળ પરિજનોની પ્રાપ્તિ થવી, સત્ય પદાર્થ અને સજ્જનોની સંગતિ પ્રાપ્ત થવી, સદ્ધર્મની આરાધનાના ભાવ થવા તેમજ આત્માની સાધના કરવાની વૃતિ થવી ક્રમશ એકથી એક મહાદુર્લભ છે.

जब मैं स्वयं हो ज्ञेय हूँ जब मै स्वयं ही ज्ञान हूँ ।
जब मैं स्वयं ही ध्येय हूँ जब मैं स्वयं ही ध्यान हूँ ॥
जब मैं स्वयं आराध्य हूँ जब मैं स्वयं आराधना ।
जब मैं स्वयं ही साध्य हूँ जब मैं स्वयं ही साधना ॥

પણ એકવાત આ પણ તો છે કે જ્યારે હું સ્વયં જ જ્ઞેય છું અને હું સ્વયં જ જ્ઞાન છું; જ્યારે હું સ્વયં જ ધ્યેય છું અને હું સ્વયં જ ધ્યાન પણ છું; આ પ્રમાણે જ્યારે હું સ્વયં આરાધ્ય છું અને હું સ્વયં જ આરાધના પણ છું તથા જ્યારે હું સ્વયં જ સાધ્ય છું અને સાધના પણ હું સ્વયં જ છુ.



'जब जानना पहियानना निज साधना आराधना ।
ही बोधि है तो सुलभ ही है बोधि की आराधना ॥
निज तत्त्व को पहिचानना ही भावना का सार है ।
ध्रुवधाम की आराधना आराधना का सार है ॥

જ્યારે નિજને જાણવું, ઓળખવું તેમજ નિજની સાધના, આરાધના જ જ્ઞાન છે; તો પછી જ્ઞાનની આરાધના દુર્લભ કેમ કોઈ શકે ? સુલભ જ સમજવું જોઈએ. છેવટે બોધિદુર્લભ ભાવનાનો સાર નિજ તત્ત્વને ઓળખવો જ છે અને ધ્રુવધામ નિજ ભગવાન આત્માની આરાધના જ આરાધનાનો સાર છે.

સામાજિક સંગઠન અને શાંતિ બનાવી રાખવી અને સામાજિક રૂઢિઓથી મુક્ત પ્રગતિશીલ સમાજની સ્થાપના જ તો આ બહુમૂલ્ય નરભવની સાર્થકતા નથી, આ માનવ જીવનમાં તો આધ્યાત્મિક સત્યને શોધીને, મેળવીને, આત્મિક શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ પ્રશસ્ત કરવો જ વાસ્તવિક કર્તવ્ય છે.

આત્માના આશ્રયથી ઉત્પન થવાવાળી નિર્મળ પર્યાયરૂપ શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિની ઉપાદેયતાનું ચિન્તન કરવામાં આવ્યું; કેમ કે શુદ્ધિની ઉત્પત્તિ કે સ્થિતિરૂપ સંવર તથા વૃદ્ધિરૂપ નિર્જરા જ અનંત સુખરૂપ મોક્ષ પ્રગટ થવાના સાક્ષાત કારણ છે.

# બોધિદુર્લભ ભાવના : એક ચિન્તવન

'नर देह उत्तम देश पूरण आयु शुभ आजीविका ।
दुर्वासना की मंदता परिवार की अनुकूलता ॥
सत् सज्जनों की संगती सद्धर्म की आराधना ।
है उत्तरोत्तर महादुर्लभ आतमो की साधना' ॥

છ દ્રવ્યમયી આ લોકમાં ન તો જ્ઞેયરૂપ સંયોગ જ દુર્લભ છે અને ન સંયોગી ભાવરૂપ આશ્રવભાવ; કેમકે આપણે બધાને આ તો અંનતી વખત પ્રાપ્ત થઈ ચૂક્યાં છે અને જો હજી પણ પોતાને નહીં જાણ્યો, નહીં ઓળખ્યો તો ભવિષ્યમાં પણ મળતાં રહેશે. દુર્લભ તો એકમાત્ર પોતાને જાણવો છે, ઓળખવો છે, પોતાનામાં જ સ્થિર થવું, રમણ કરવું છે કે કેમ કે અનાદિ કાળથી આજ સુધી બાકી બધુ મળ્યું, પણ ખરા રૂપમાં પોતાને ઓળખી ન શક્યા, જાણી ન શક્યા. જો આપણે પોતાને ખરા રૂપમાં જાણી શક્યા હોત, ઓળખી શક્યા હોત તો આજ સુધી આ લોકમાં ભટકતા જ ન રહેત, નિશ્ચયથી લોકાગ્રમાં વિદ્યમાન સિદ્ધશિલામાં બિરાજમાન હોત; મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમનો અભાવ કરી અનંત સુખી થઈ ગયા હોત; અનંત દર્શન અને અનંત વીર્યના ધણી બની ગયા હોત; અતીન્દ્રિયાનંદ સ્વરૂપ સિદ્ધશિલાને પ્રાપ્ત થઈ ગયા હોત.

આપની આ વર્તમાન દુર્દશા, દુઃખરૂપ દશા એકમાત્ર પોતાને ન ઓળખી શકવાના કારણે જ થઈ રહી છે, ન જાણવાને કારણે થઈ રહી છે; છેવટે આ દુર્લભ અવસરનો ઉપયોગ નર ભવનો એકમાત્ર સદુપયોગ, પોતાને જાણવા–સમજવામાં મહાદુર્લભ કાર્ય કરી લેવામાં જ છે .

પોતાને જાણવું, ઓળખવું તેમજ પોતાનામાં જ લીન થઈ જવું જ જ્ઞાન છે–દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. આ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જ્ઞાન જ આ જગતમાં દુર્લભ છે, મહાદુર્લભ છે અને આ જ્ઞાનની દુર્લભતાનો વિચાર, ચિન્તન, વારંવાર ચિન્તન જ બોધિદુર્લભ ભાવના છે.

આ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ બોધિનો અત્યંત આદર કરવાનો આદેશ આપતાં સ્વામી કાર્તિકેય લખે છે :–



''इय सव्व दुलह–दुलहं दसणणाणं तहा चरित्त च ।
मुणिऊण य संसारे महायरं कुणह तिण्हंपि ॥''

આ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને સંસારની સમસ્ત દુર્લભ વસ્તુઓથી પણ દુર્લભ જાણીને એનો અત્યંત આદર કરો''

જ્ઞાન અને સમાધિનો અંતર બૃહદ્દ્રવ્યસંગ્રહની સંસ્કૃત ટીકામાં આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

''सम्यग्दर्शनज्ञानचारित्राणामप्राप्तप्रापणं बोधिस्तेषामेव ।
निर्विघ्नेन भवान्तरप्रापणं समाधिरिति ॥''

અ પ્રાપ્ત સમ્યદર્શન–જ્ઞાન–ચારિત્રનું પ્રાપ્ત થવું તે જ્ઞાન છે અને આ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને નિર્વિદન બીજા ભવમાં સાથે લઈ જવું તે સમાધિ છે.

જો કે સમ્યગ્દર્શન, સમ્યજ્ઞાન અને સમ્યકચારિત્ર આ ત્રણને કે ત્રણની એકતાને જ્ઞાન કહે છે; તો પણ બોધિદુર્લભ ભાવનાની ચર્ચા કરતાં અનેક સ્થાનો પર એકલા 'સમ્યગ્જ્ઞાન' કે 'ઓળખ' શબ્દનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે; પરંતુ આશય બધે એક જ છે, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રથી જ છે; કેમકે આ ત્રણેની ઉત્પત્તિ એક સાથે જ થાય છે.

આચાર્ય કુંદકુંદ સ્વયં 'सण्णाण' શબ્દનો પ્રયોગ કરે છે :–

''उप्पज्जदि सण्णाणं जेण उवायेण तस्सुवायस्स ।
चिन्ता हवेइ बोही अच्चन्तं दुल्लहं होदि ॥''

જે ઉપાયથી સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ હોય, એ ઉપાયનું અત્યંત ચિન્તન એટલે વારંવાર ચિન્તન મનન જ બોધિદુર્લભ ભાવના છે.''

હિન્દી કવિઓએ પણ આ પ્રકારનો પ્રયોગ બહુ કર્યો છે, જેમાં કાંઈક આ પ્રમાણે છે :–

''अंतिम ग्रीवक लों की हद, पायो अनंत बिरियाँ पद ।
पर सम्यग्ज्ञान न लाधो, दुर्लभ निज में मुनि साधो ॥

આ જીવ વ્યવહાર રત્નત્રય ધારણ કરીને નવમી ગ્રૈવેયક સુધી તો

અનંતવાર પહોંચ્યો, પણ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ ન કરી શકવાને કારણ સંસારમાં જ ભટકતો રહ્યો. નિશ્ચય રત્નત્રય ધારણ કરવાવાળા મુનિરાજ નિજમાં તે સમ્યગ્જ્ઞાનની સાધના કરે છે.

**'धन–कन–कंचन–राजसुरव, सबहि सुलभ कर जान ।**
**दुर्लभ है संसार में, एक जथारथ ज्ञान ।।**

આ સંસારમાં ધન–ધાન્ય, સોના–ચાંદી અને રાજસુખ આદિ તો બધાને સુલભ છે; પરંતુ યર્થાથ જ્ઞાન જ એકમાત્ર દુર્લભ છે.

**''सब व्यवहार क्रिया को ज्ञान, भयो अनन्ती बार प्रधान।**
**निपट कढिन अपनी पहिचान, ताको पावत हो कल्यान ।।''**

આ જીવને વ્યવહારિક ક્રિયાઓનું જ્ઞાન તો અનંતવાર થયું છે, પણ એકમાત્ર પોતાની ઓળખાણ જ અત્યંત કઠિન છે. જો પોતાની સાચી ઓળખાણ થઈ જાય તો કલ્યાણ થતાં વાર ન લાગે.

કથિત છંદોમાં કયાંક માત્ર પોતાની ઓળખાણને દુર્લભ બતાડવામાં આવી છે તો કયાંક માત્ર સમ્યગ્જ્ઞાનને કે યર્થાથ જ્ઞાનને; પણ ઊંડાણમાં જઈને જોઈએ તો આશય સર્વત્ર એક જ છે. સર્વત્ર એક જ ધ્વનિ છે કે પુણ્યવાનોને દુનિયામાં બધા સંયોગ સહજ ઉપલબ્ધ થઈ જાય છે, આપણે પણ સમય–સમય પર બધા અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ પ્રાપ્ત થતાં રહે છે, પણ એક યર્થાથ જ્ઞાન, પોતાની ઓળખાણ આત્મોન્મુખી પુરુષાર્થ વગર સહજે સુલભ નથી. છેવટે પુણ્યોદયથી પ્રાપ્ત ભોગોમાં ન અટવાઈને સંપૂર્ણ શક્તિથી પોતાને જાણો, ઓળખો અને પોતાનામાં જ રમમાણ થાઓ, રમી જાઓ. સુખી થવાનો એકમાત્ર આ ઉપાય છે.

જ્ઞાનની દુર્લભતાનો ઊંડાણથી અનુભવ થાય–આના માટે નિગોદથી લઈને ઉત્તરોત્તર દુર્લભતાનો ઘણાજ માર્મિક ઢંગથી ચિન્તન કરવામાં આવેલ છે. કવિવર મંગતરાય કૃત બાર ભાવનામાં આને આ પ્રમાણે વ્યક્ત કરવામાં આવ્યું છે :–

**''दुर्लभ है निगोद से थावर अरु त्रस गति पानी ।**



**नरकाया को सुरपति तरसे सो दुर्लभ प्रानी ।।**
**उत्तम देश सुसंगति दुर्लभ श्रावक कुल पाना ।**
**दुर्लभ सम्यक् दुर्लभ संयम पंचम गुणढाना ।।**
**दुर्लभ रत्नत्रेय आराधन दीक्षा का धरना ।**
**दुर्लभ मुनिवर को व्रत पालन शुध्दभाव करना ।।**
**दुर्लभ तैं दुर्लभ है चेतन बोधिज्ञान पावै ।**
**पाकर केवलज्ञान नहीं फिर इस भव में आवै ।।''**

આચાર્ય પૂજ્યપાદ જ્ઞાનની આ દુર્લભતાને આ પ્રમાણે સ્પષ્ટ કરે છે :–

''એક નિગોદ શરીરમાં સિદ્ધોથી અનંતગણા જીવ છે. આ પ્રમાણે સ્થાવર જીવોથી આ સંપૂર્ણ લોક ભરેલો છે. જે પ્રમાણે રેતીનાં સમુદ્રમાં પડેલ હીરા મોતીનાં ટુકડા મળવા દુર્લભ છે; આ પ્રમાણે સ્થાવર જીવોથી ભરેલ આ ભવસાગરમાં ત્રસ પર્યાય મળવા અત્યંત દુર્લભ છે.

ત્રસ પર્યાયમાં વિકલત્રઓ (બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય તેમજ ચાર ઈન્દ્રિયો) ની અધિકતા છે. જે પ્રમાણે ગુણોનાં સમૂહમાં કૃત્જ્ઞતાનું મળવું અતિ દુર્લભ છે; એજ પ્રમાણે ત્રસ પર્યાયમાં પંચેન્દ્રિય પર્યાયનું પ્રાપ્ત થવું અત્યંત કઠિન છે. પંચેન્દ્રિય પર્યાયમાં પણ પશુ, મૃગ, પક્ષી અને સર્પાદિ તિર્યંચોની જ અધિકતા છે. છેવટે જે પ્રમાણે ચાર રસ્તા પર પડી રહેલ રત્નરાશિનું પ્રાપ્ત થવું કઠિન છે; એ પ્રમાણે મનુષ્ય પર્યાયનું પ્રાપ્ત થવું અતિ કઠિન છે.

જો એક વખત મનુષ્ય પર્યાય મળી પણ જાય તો ફરી એનું બીજી વાર મળવું તો એટલું કઠણ છે કે બળી ગયેલ વૃક્ષના પરમાણુઓને ફરીથી એજ વૃક્ષ પર્યાયરૂપ થવું કઠિન હોય છે. કદાચ એની પ્રાપ્તિ ફરીથી થઈ પણ જાય તોપણ ઉત્તમ દેશ, ઉત્તમ કુળ, સ્વસ્થ ઈન્દ્રિઓ અને સ્વસ્થ શરીરની પ્રાપ્તિ ઉત્તરોત્તર અત્યંત દુર્લભ સમજવી જોઈએ. આ બધું મળી જવા છતાં પણ જો સાચા ધર્મની પ્રાપ્તિ ન થઈ તો જે પ્રમાણે દ્રષ્ટિ વિના મુખ વ્યર્થ છે; એ પ્રમાણે સદ્દધર્મ વગર મનુષ્ય જન્મનું પ્રાપ્ત થવું વ્યર્થ છે.

એ પ્રમાણે અતિ કઠિનતાથી પ્રાપ્ત ધર્મને પામીને પણ વિષય સુખમાં

રંગાયેલા હોવું ભસ્મને માટે ચંદનને બાળી નાખવા સમાન નિષ્ફળ છે. કદાચિત વિષય સુખથી વિરકત થયો તો પણ તપની ભાવના, ધર્મની પ્રભાવના અને સહજ સમાધિનું, સુખથી મરણરૂપ સમાધિનું પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. આના હોવાથી જ જ્ઞાનલાભ સફળ છે એવો વિચાર કરવો જ બોધિદુર્લભ ભાવના છે.

ત્રસ પર્યાયની દુર્લભતાથી લઈને રત્નત્રયરૂપ જ્ઞાનની દુર્લભતા સુધીની અનેક દુર્લભતાઓમાં મનુષ્ય પર્યાયની દુર્લભતા એક વચ્ચેનું બિંદુ છે. તે એક એવું બિંદુ છે, જ્યાં સુધીનો અતિ કઠિન રસ્તો ગમે તેવો હોય પણ આ બધાએ પાર કરી લીધો છે. એનાંથી પણ આગળ આર્ય દેશ, ઉત્તમ કુળ, વીતરાગી ધર્મ અને એનું શ્રવણ પણ આપણને સહજ મળી ગયું છે.

એ મહાન ઉપલબ્ધિની સાર્થકતા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જ્ઞાનની ઉપલબ્ધિમાં જ છે. જો આ મહાદુર્લભ માનવ જીવનને મેળવીને પણ આપણે જ્ઞાનની પ્રાપ્તિ નહીં કરી તો એનું મળવું, ન મળવા બરાબર જ સમજવું જોઈએ.

આ કારણ છે કે આચાર્ય પૂજ્યપાદના કથિત કથનમાં મનુષ્યભવની દુર્લભતાની વાત બે વાર ક્હેવામાં આવી છે, એ પણ ચેતવણી આપવામાં આવી છે કે જો આ મનુષ્યભવ વિષય કષાયના સેવનમાં એમ જ ચાલ્યો ગયો તો ફરી બીજીવાર મળવો એનાથી પણ અતિ કઠિન છે.

છેવટે એક પછી એક એટલી કઠણાઈઓથી પ્રાપ્ત આ અવસરને એમ જ ગુમાવી દેવામાં ક્યાંની સમજદારી છે ! જ્યાંસુધી વિચાર રહિત અસંજ્ઞી પર્યાયમાં હતો, ત્યાંસુધી તો બુધ્ધિપૂર્વક પુરુષાર્થનો કોઈ અવસર જ ન હતો; તો પણ સહજ ક્રમબધ્ધ પરિણમનના કારણે આ અવસ્થાને પ્રાપ્ત થઈ ગયો ,પણ હવે તો બધી રીતે અનુકૂળતા છે, વિચાર શક્તિ સાથે છે, છેવટે બધા ઉધમથી મહાદુર્લભ જ્ઞાનની ઉપલબ્ધિમાં જોડાઈ જવું જ લાભદાયક છે.

નિરંતર કરવામાં આવેલ આ પ્રમાણેનું આત્મોન્મુખી પુરુષાર્થ પ્રેરક ચિન્તન જ બોધિદુર્લભ ભાવના છે.



બોધિદુર્લભ ભાવનાની કથિત ચિન્તન–પ્રક્રિયાના ઉપરાંત નિશ્ચય–વ્યવહારની સંધિપૂર્વક એક બીજી પ્રક્રિયા પણ જોવામાં આવે છે; જેમાં ચિન્તનનો પ્રકાર એવો હોય છે કે જ્ઞાન તો આપણો સ્વભાવ છે, તે દુર્લભ કેમ થઈ શકે ? જ્યારે આપણો સ્વભાવ જ દુર્લભ હશે તો પછી સહજ સુલભ શું હશે ? આપણે આપણા અજ્ઞાન તેમજ અરૂચિથી તેને દુર્લભ બનાવી રાખ્યો છે, ખરેખર તો તે સહજ સુલભ જ છે.

આ સંદર્ભમાં પંડિત જયચંદજી છાબડા કૃત બાર ભાવનાનો મૂલ્યાંકિત છંદ જોવાલાયક છે :–

**"बोधि आपका भाव है, निश्चय दुर्लभ नाहिं ।**
**भव में प्राप्ति कठिन है, यह व्यवहार कहाहिं ॥"**

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે; છેવટે નિશ્ચયથી દુર્લભ નથી. સંસારમાં એની પ્રાપ્તિ કઠિન છે. એ તો માત્ર વ્યવહારથી કહેવામાં આવે છે.

આ પ્રકારનો ભાવ ભૈયા ભગવતીદાસજીએ વ્યક્ત કર્યો છેઃ–

**"दुर्लभ परद्रव्यनि को भाव, सो तोहि दुर्लभ है सुनि राव ।**
**जो है तेरो ज्ञान अनन्त, सो नहिं दुर्लभ सुनो महंत ॥"**

પર પદાર્થોની પ્રવૃતિ આપણા આધિન ન હોવાથી પર દ્રવ્યોના ભાવ જ ખરોખર દુર્લભ છે. હે આત્મન ! તારો જે અનંત જ્ઞાનરૂપ ભાવ છે, તે કોઈ પણ રૂપમાં દુર્લભ નથી.

આ ચિન્તન પ્રક્રિયાનો આશય એ છે કે જગતમાં આપણી વસ્તુની પ્રાપ્તિ સુલભ અને પર વસ્તુની પ્રાપ્તિ દુર્લભ માનવામાં આવે છે. ઊંડાણમાં જઈને વિચાર કરીએ તો આ વાત સત્ય પણ પ્રતિત હોય છે; કેમ કે જે આપણી વસ્તુ છે, તે તો સદા ઉપલબ્ધ છે; એની પ્રાપ્તિ દુર્લભ કેમ થઈ શકે? પણ અહીં વાત જ્ઞાન સ્વભાવની નથી; પરંતુ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સ્વભાવ પર્યાયની છે, જે અનાદિથી ઉપલબ્ધ નથી.

જો કે આ વાત સત્ય છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સ્વભાવ પર્યાય અનાદિથી નથી; તો પણ અનાદિ–અનંત હમેંશા ઉપલબ્ધ જ્ઞાન

સ્વભાવના દર્શનનું નામ સમ્યગ્દર્શન, જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન અને એમાં જ સ્થિર થવું રમમાણ થવું એ જ સમ્યગ્ચારિત્ર છે; છેવટે હમેંશા ઉપલબ્ધ ત્રિકાળી ધ્રુવ આત્માનાં દર્શન પણ સ્વાધીન હોવાથી સુલભ જ છે. જ્યારે લૌકિક સંયોગ પરાધીન હોવાથી સહજ સુલભ નથી, દુર્લભ છે.

અહીં એક પ્રશ્ન થાય છે કે એક બાજુ તો રત્નત્રયરૂપ જ્ઞાનને મહાદુર્લભ બતાડવામાં આવે છે અને બીજી બાજુ સુલભ. બંન્નેમાં સત્ય શું છે?

ભાઈ ! કથિત બંન્ને પ્રકારના કથન પરસ્પર વિરોધી નથી, પરંતુ એક બીજાના પૂરક જ છે. આ વાતને સમજવા માટે આપણે બાર ભાવનાઓની ચિન્તન પ્રક્રિયાની મૂળમાં જવું પડશે, એનો ઉદ્દેશ્ય સમજવો પડશે.

લોક ભાવના અને ધર્મ ભાવનાની વચ્ચે સમાયેલી બોધિદુર્લભ ભાવનાનું મૂળ ઉદ્દેશ્ય એ છે કે આ આત્મા આ છ દ્રવ્યમયી વિસ્તૃત લોકથી દ્રષ્ટિ હટાવીને જ્ઞાનાનંદ સ્વભાવી નિજ લોકને જાણીને–ઓળખીને એમાં જ રમમાણ થઈ, સ્થિર થઈ રત્નત્રય સ્વરૂપ ધર્મ દશાને ઝડપથી, તુરંત પ્રાપ્ત કરી અનંત સુખી થાય.

આપણી આ ઉદ્દેશ્યની પ્રાપ્તિના માટે સર્વપ્રથમ ઉપલબ્ધ મનુષ્ય પર્યાયની દુર્લભતાનું ભાન કરાવવામાં આવે છે અને પછી એની સાર્થકતાને માટે રત્નત્રય પ્રાપ્ત કરવાની પ્રેરણા દેવા માટે રત્નત્રયની દુર્લભતાનું ભાન કરાવવામાં આવે છે. અર્થપૂર્ણ ભરપુર પ્રેરણા પણ આપવામાં આવે છે. સાથે જ સંયોગ અનેક વાર ઉપલબ્ધ થઈ ગયા છે– એ બતાવીને એના પ્રત્યે વિદ્યમાન આર્કષણને ઓછું કરવામાં આવે છે.

પરંતુ જ્યારે આ જીવ બોધિલાભને અત્યતં કઠિન માનીને નિરાશ થઈને પુરુષાર્થ હીન થવા લાગે છે, તો એના ઉત્સાહને જાગૃત રાખવાને માટે એની સુલભતાનું જ્ઞાન પણ કરાવવામાં આવે છે.

છેવટે જ્ઞાનની દુર્લભતા અને સુલભતા–બન્ને એક જ ઉદ્દેશ્યના પૂરક છે અને કાલ્પનિક પણ નહીં, તો પણ સત્યના આધાર પર પ્રતિષ્ઠિત છે. જ્ઞાનલાભ સ્વાધીન હોવાથી સુલભ પણ છે અને અનાદિકાલીન



ગેરહાજર તેમજ સમજ બહાર છે તે કારણે દુર્લભ પણ છે.

પ્રશ્ન :– બોધિદુર્લભ નામથી તો એ પ્રતીત થાય છે કે જિનાગમમાં જ્ઞાનની દુર્લભતા દેખાડવી જ ઈષ્ટ છે ?

ઉત્તર :– ઉપરથી જોવાથી તો એમ જ પ્રતિત થશે અને વધારે પડતું ચિન્તન પણ આ પ્રકારનું ઉપલબ્ધ થાય છે, પણ ઊંડાણથી વિચાર કરીએ તો જ્ઞાનની દુર્લભતાનાં સમ્યક્ સ્વરૂપના ચિન્તનની સાથે–સાથે જ્ઞાનની સુલભતાનું ચિન્તન પણ જિનાગમને ઈચ્છે છે. જ્ઞાનની દુર્લભતા અને સુલભતાનું સમ્યક્ સ્વરૂપ એ છે કે જ્યાં સુધી સંજ્ઞી પંચેન્દ્રિય દશાની ઉપલબ્ધિ ન હોય, ત્યાં સુધી તો બોધિલાભ મહાદુર્લભ જ છે, પરંતુ મનુષ્ય પર્યાયમાં પણ અનભ્યાસનાં કારણે દુર્લભ જ છે; તો પણ જે દ્દઢ સંકલ્પ કરી લે, એના માટે કાંઈ પણ દુર્લભ નથી, બધું સુલભ છે, પુરુષાર્થીનાં માટે શું સુલભ અને શું દુર્લભ! બધું સુલભ જ છે; કેમકે પ્રત્યેક ભાવનાના ચિન્તનનું સ્વરૂપ પુરુષાર્થ પ્રેરક જ હોય છે.

બોધિદુર્લભ ભાવનાના ચિન્તનનું વાસ્તવિક સ્વરૂપ આજ છે કે જ્યાં સુધી આપણે જાગૃત નથી થયા, ત્યાંસુધી મહાદુર્લભ અને આત્મોન્મુખી પુરુષાર્થના માટે કમર કસીને તૈયાર લોકો માટે મહાસુલભ છે.

જો આપણે 'બોધિદુર્લભ' નામથી માત્ર દુર્લભતા જ લઈશું તો પછી 'આશ્રવ' નામથી માત્ર આશ્રવોના વિચાર સુધી અને અશુચિ નામથી માત્ર અશુચિતાની વાત સુધી જ સીમિત રહેવું પડશે, જ્યારે આશ્રવ ભાવનામાં આશ્રવોના સ્વરૂપની અપેક્ષા એની હેયતા પર તેમજ અશુચિ ભાવનામાં દેહની અશુચિતાની અપેક્ષા એનાથી વિરકિત પર વધુ બળ આપવામાં આવે છે; આત્માની ઉપાદેયતા અને પરમ પવિત્રતા પર પણ ભરપૂર ચિન્તન કરવામાં આવે છે.

બોધિદુર્લભ ભાવનામાં જ્ઞાનની દુર્લભતા બતાવીને એની પ્રાપ્તિના માટે સતર્ક કરવામાં આવે છે અને સુલભતા બતાવીને એના પ્રત્યે નિરાશાને દૂર કરવામાં આવે છે;

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે બોધિ દુર્લભ ભાવના ચિન્તનમાં

બંન્ને પક્ષો સમાન રૂપથી ઉપયોગી છે, આવશ્યક છે, એક બીજાના પૂરક છે.

પ્રશ્ન :-બોધિદુર્લભ ભાવનામાં કયાંક સંયોગોને સુલભ પણ બતાડવામાં આવ્યા છે; કેમકે તે અનંતવાર પ્રાપ્ત થઈ ચૂક્યાં છે, જેમકે મૂલ્યાંકિત છંદથી સ્પષ્ટ છે :-

**'अन्तिम ग्रीवक लों की हद, पायो अन्तत बिरियाँ पद ।'**

કોઈ જગાએ એમને મહાદુર્લભ પણ બતાડવામાં આવ્યા છે, જેમ કે સર્વાથસિદ્ધિના ઉદાહરણથી સ્પષ્ટ છે, જેમાં બતાડવામાં આવ્યું છે કે ત્રસ પર્યાય, પંચેન્દ્રિયપણું, માનવ જીવન, આર્યદેશ અને વીતરાગ ધર્મની પ્રાપ્તિ ઉત્તરોત્તર મહાદુર્લભ છે, વાસ્તવિક સ્થિતિ શું છે- સંયોગ સુલભ છે કે દુર્લભ ?

જવાબ :- ભાઈ ! જે પ્રમાણે વિભિન્ન અપેક્ષાઓથી બોધિલાભ સુલભ પણ છે, દુર્લભ પણ; એ પ્રમાણે સંયોગ પણ કોઈ અપેક્ષાથી સુલભ છે અને કોઈ અપેક્ષાથી દુર્લભ. અનંતવાર પ્રાપ્ત થઈ ચૂકયા છે, એટલે સુલભ જ છે, સુલભ કહેવું અનુચિત નથી, પણ આપણી ઈચ્છાનુસાર મળવા સંભવ ન હોવાથી મહાદુર્લભ પણ છે, દુર્લભ કહેવું પણ અસંગત નથી.

ચિત્તમાં જયાં સંયોગોની અનંત મહિમા ઓછીકરવા 'એમને અનંતવાર ભોગવી લીધાં' કહીને સુલભ કહેવામાં આવે છે, એનાંથી વિરકિત ઉત્પન્ન કરવામાં આવે છે અને આત્મારાધનાની પ્રેરણા આપવા માટે આત્મારાધનાને અનુકૂળ સંયોગોની દુર્લભતાનું જ્ઞાન પણ કરાવવામાં આવે છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે બોધિદુર્લભ ભાવનામાં સંયોગની સુલભતા કે દુર્લભતા તેમજ બોધિ લાભની સુલભતા કે દુર્લભતા- ચારેનું ચિન્તન કરવામાં આવે છે; કેમકે જ્ઞાનની દુર્લભતાનાં ચિન્તનનું આજ વાસ્તવિક સ્વરૂપ છે, આમાં કથિત ચારે બિન્દુઓનું ગંભીર ચિન્તન સમાવેશ થઈ જાય છે.



આ ચિત્ત અનાદિકાળથી સંયોગોમાં જ અનુરક્ત છે, છેવટે પહેલાં અનેક વાર પ્રાપ્ત કરી લેવાનાં પક્ષને પ્રકાશીને એને સુલભ બતાવીને, જુઠો બતાવીને, એનાંથી વિરકિત ઉત્પન્ન કરવામાં આવે છે અને આજસુધી પ્રાપ્ત ન થવાનાં આધાર પર બોધિલાભને દુર્લભ બતાવીને એનાં પ્રતિ અનુરક્તિ ઉત્પન્ન કરવામાં આવે છે. તે ઉપરાંત બોધિલાભની અતિ દુર્લભતાનું ભાન કરાવવા માટે એ સંયોગોને પણ દુર્લભ બતાવવામાં આવે છે, જે સંયોગોમાં બોધિલાભની પ્રાપ્તિ સંભવ હોય છે, પરંતુ જયારે ચિત્ત બોધિલાભની દુર્લભતાથી હાર પામીને શિથિલ થવા લાગે છે તો સ્વાધીનતાના આધાર પણ બોધિલાભની સુલભતા બતાવીને એને પ્રાપ્ત કરી લેવા માટે પુરુષાર્થને જાગૃત કરવામાં આવે છે, ઉત્સાહને વધારવામાં આવે છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે બોધિદુર્લભ ભાવનામાં ભલે સંયોગોની સુલભતા બતાડવામાં આવી રહી હોય, ભલે દુર્લભતા; ભલે બોધિલાભની સુલભતા બતાડવામાં આવી રહી હોય; ભલે દુર્લભતા; પણ એની ચિન્તન પ્રક્રિયાની દિશા રત્નત્રય ધર્મની ઉત્પત્તિ, વૃદ્ધિ તેમજ પૂર્ણતાને બળવાન કરવા તરફ જ રહે છે.

આ બોધિદુર્લભ ભાવનાનો મહિમા અપાર છે, અપરંપાર છે. આનાં ગીત જેટલાં પણ ગવાય, ઓછાં છે, કેમ કે આ આત્મહિતની તરફ અગ્રેસર કરવાવાળી પરમપાવન ભાવના છે.પુરુષાર્થને જાગૃત કરવાવાળી આ બોધિદુર્લભ ભાવના રત્નત્રરૂપ ધર્મ ધારણ કરવાની પાવન પ્રેરણા છે; ઉપલબ્ધ ધર્મ પરિણતિને નિત્ય વૃધ્ધિ કરનાર, પૂર્ણતાની તરફ લઈ જવાવાળી સમર્થ સાધના છે; શુભાશુભભાવ નાશ કરવાવાળી આનંદ જનની આ ભાવના ધ્રુવધામ નિજ પરમાત્માની પરમ આરાધના છે.

આવી આ બોધિદુર્લભ ભાવનાનું સ્વરૂપ સારી રીતે સમજીને બધા આત્માર્થી જન દુર્લભ જ્ઞાનને પોતાના પ્રખળ પુરુષાર્થથી સહજ સુલભ બનાવીને આ ભવમાં ઉપલબ્ધ કરી લે-આ પાવન ભાવના અને પ્રેરણાની સાથે વિરામ લઉં છું.

## (૧૨) ધર્મ ભાવના

**निज आतमा को जानना पहिचानना ही धर्म है ।**
**निज आतमा की साधना आराधना ही धर्म है ॥**
**शुद्धात्मा की साधना आराधना का मर्म है ।**
**निज आतमा की ओर बढ़ती भावना ही धर्म है ॥''**

પોતાના આત્માને જાણવો, ઓળખવો જ ધર્મ છે. આ પ્રમાણે પોતાના આત્માની સાધના, આરાધના પણ ધર્મ છે. આરાધનાનો મર્મ નિજ આત્માની સાધના જ છે. નિજ આત્મા તરફ જઈ રહેલી ભાવના જ ધર્મ ભાવના છે.

**कामधेनु कल्पतरु संकटहरण बस नाम के ।**
**रतन चिन्तामणी भी हैं चाह बिन किस काम के ॥**
**भोगसामग्री मिले अनिवार्य है पर याचना ।**
**है व्यर्थ ही इन कल्पतरु चिन्तामणी की चाहना ॥''**

કામધેનુ અને કલ્પવૃક્ષ નામમાત્રનાં જ સંકટ હરણ છે.જેને કોઈ ઈચ્છા નથી, તેને ચિંતામણિ રત્ન પણ શું કામના છે? જો કે એનાંથી ભોગસામગ્રી ઉપલબ્ધ થાય છે; પણ વગર માગ્યે નહીં, યાચના કરવી અનિવાર્ય છે અને માગવાને તો મરવાથી પણ ખરાબ કહેવામાં આવે છે. છેવટે એની ઈચ્છા કરવી વ્યર્થ જ છે.

**धर्म ही वह कल्पतरु है नहीं जिसमें याचना ।**
**धर्म ही चिन्तामणी है नहीं जिसमें चाहना ॥**
**धर्मतरु से याचना बिन पूर्ण होती कामना**
**धर्म चिन्तामणी है शुद्धात्मा की साधना ॥''**

ધર્મ એક એવું કલ્પવૃક્ષ છે, જેમાં યાચનાની આવશ્યકતા નથી પડતી. આ પ્રમાણે ધર્મ જ એવું ચિન્તામણિ રત્ન છે, જેનાંથી કાંઈ ઈચ્છવું નથી પડતું. ધર્મરૂપી કલ્પવૃક્ષ પાસે માગ્યા વગર જ કામનાઓ પૂર્ણ થાય છે અથવા કામનાઓ જ સમાપ્ત થઈ જાય છે. શુદ્ધાત્માની સાધના જ સાચો ધર્મ ચિંતામણિ છે, જેનાંથી વગર ચિન્તનથી જ સર્વ ચિન્તાઓ સમાપ્ત થઈ જાય છે.



**''शुद्धातमा की साधना अध्यात्म का आधार है ।**
**शुद्धातमा की भावना ही भावना का सार है ॥**
**वैराग्यजननी भावना का एक ही आधार है ।**
**ध्रुवधाम की आराधना आराधना का सार है ॥''**

અધ્યાત્મિક જીવનનો આધાર એક શુદ્ધાત્માની સાધના જ છે અને શુદ્ધાત્માની ભાવના જ ધર્મ ભાવના કે આ બાર ભાવનાઓનો સાર છે. વૈરાગ્યોત્પાદક ધર્મ ભાવના કે બાર ભાવનાઓનો એકમાત્ર આધાર નિજ શુદ્ધાત્મા જ છે અને ધ્રુવધામ નિજ ભગવાનની આરાધના જ આરાધનાનો સાર છે.

આપણને આધ્યાત્મિક ગ્રંથોના સ્વાધ્યાયની એવી રુચિ પણ ક્યાં છે, જેવી કે વિષય-કષાય અને એના પોષક સાહિત્ય વાંચવાની છે. એવા બહુ ઓછા લોકો હશે, જેમણે કોઈ આધ્યાત્મિક, સૈદ્ધાંતિક કે દાર્શનિક ગ્રંથનું સ્વાધ્યાય પ્રથમથી છેવટ સુધી કર્યું હોય. સાધારણ લોક તો ઊંડાણથી સ્વાધ્યાય કરતા જ નથી, પણ એવા વિદ્વાન પણ બહુ ઓછા મળશે, જે કોઈપણ મહાન ગ્રંથનો ગ્રહણ રીતે અખંડરૂપથી સ્વાધ્યાય કરતા હોય.

આદિથી અંત સુધી અખંડરૂપથી આપણે કોઈ ગ્રંથને વાંચી પણ નહીં શકીએ તો પછી એના ઊંડાણમાં પહોંચી જવું કેમ સંભવ હોય જ્યારે આપણી રુચિ નથી કે એને અખંડરૂપથી વાંચી પણ શકીએ તો એમાં પ્રઅતિપાદિત અખંડ વસ્તુનો અખંડ સ્વરૂપ આપણા જ્ઞાન અને પ્રતીતિમાં કેમ આવે ?

વિષય-કષાયના પોષકઉપન્યાસાદિને આપણે ક્યારે અધૂરાં નહીં છોડ્યા હોય એને પૂરા કરીને જ દમ લઈએ છીએ, એના પાછળ ભોજનને પણ ભૂલી જઈએ છીએ . શું આધ્યાત્મિક સાહિત્યના અધ્યયનમાં પણ ક્યારે ભોજન ભૂલ્યાં છીએ.

જો ના, તો નિશ્ચિત સમજીએ આપણી રુચિ અધ્યાત્મમાં એટલી નથી, જેટલી વિષય-કષાયમાં છે.

'રુચિ અનુયાયી વીર્ય' ના નિયમાનુસાર આપણી સંપૂર્ણ શક્તિ ત્યાં લાગે છે, જયાં રુચિ હોય છે. સ્વાધ્યાય તપના ઉપચારને પણ પ્રાપ્ત કરવા માટે આપણને આધ્યાત્મિક સાહિત્યમાં અનન્યરુચિ જાગૃત કરવી પડશે.

=ધર્મ કે દશ લક્ષણ, પાનું ૧૧૧=

# ધર્મ ભાવના : એક ચિન્તવન

"निज आतमा को जानना पहिचानना ही धर्म है ।
निज आतमा की साधना आराधना ही धर्म है ॥
शुद्धातमा की साधना आराधना का मर्म है ।
निज आतमा की ओर बढ़ती भावना ही धर्म है ॥"

શરૂઆતની નવ ભાવનાઓમાં જ્ઞેયરૂપ સંયોગ, હેયરૂપ આશ્રવભાવ તેમજ ઉપાદેયરૂપ સંવર–નિર્જરાના સમ્યક ચિન્તનની ઉપરાંત લોક અને બોધિ દુર્લભ ભાવનામાં આ વિચાર કરવામાં આવ્યો છે કે આ છ દ્રવ્યમયી પુરુષાકાર લોકમાં રત્નત્રયરૂપ જ્ઞાનની ઉપલબ્ધિ અત્યંત દુર્લભ છે. જો કે રત્નત્રયરૂપ જ્ઞાન જ વાસ્તવિક ધર્મ છે; છેવટે આ ધર્મ ભાવનામાં નિજ ભગવાન આત્માના આશ્રયથી ઉત્પન્ન થવાવાળા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મનો જ વિચાર કરવામાં આવ્યો છે, ચિન્તન કરવામાં આવ્યો છે, ધર્મની જ વારંવાર ભાવના ભાવવામાં આવે છે.

ધર્મનો સ્વરૂપ આચાર્ય સમન્તભદ્ર આ પ્રમાણે સ્પષ્ટ કરે છે:–

"सद्द्रष्टिज्ञानवृत्तानि धर्म धर्मेश्वरा विदु: ।
यदीयप्रत्यनीकानि भवन्ति भवपद्धति : ॥"

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને ધર્મનાં ઈશ્વર સર્વજ્ઞ–દેવ ધર્મ કહે છે. જો આ દર્શન–જ્ઞાન–ચારિત્ર મિથ્યાદર્શન– જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમિત હોય, તો સંસારને વધારવાવાળા છે.

ધર્મભાવનાનું ક્ષેત્ર અસીમ છે, કેમકે એમાં એક પ્રકારનો સંપૂર્ણ ચરણાનુયોગ જ સમાઈ જાય છે; કાર્તિકેયાનુપ્રેક્ષામાં સર્વાધિક સ્થાન લેનાર ધર્મ ભાવના જ છે. ૧૮૫ ગાથાઓમાં ફેલાયેલી આ ભાવનામાં શ્રાવકધર્મ અને મુનિધર્મનો સાંગોપાંગ વિવેચન કરવામાં આવ્યું છે, જેમાં સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રનું વિસ્તૃત વિવેચનનાં ઉદેશ્યથી દેવ–શાસ્ત્ર–ગુરુ,સમ્યગ્દર્શનનાં આઠ અંગ, બાર વ્રત, અગિયાર પ્રતિમાઓ, દશ ધર્મ, બાર તપ તેમજ ચાર ધ્યાન આદિ બધા વિષય સમાઈ ગયા છે.

આ ધર્મભાવનાનાં પ્રકરણમાં પ્રસંગાનુસાર એ ક્રાંતિકારી મહત્ત્વપૂર્ણ



ગાથાઓ પણ આવી છે, જેમાં સહજ જ ક્રમબદ્ધ પર્યાયનો મહાન સિદ્ધાંત પ્રતિફલિત થયો છે, જે આ યુગનો સર્વાધિક ચર્ચિત વિષય છે.

તે ગાથાઓ મૂળથી આ પ્રમાણે છે:–

"जं जस्स जम्मि देसे जेण विहाणेण जम्मि कालम्मि ।
णादं जिणेण णियदं जम्मं वा अहव मरणं वा ॥
तं तस्स तम्मि देसे तेण विहाणेण तम्मि कालम्मि ।
को सक्कदि वारेदुं इंदो वा तह जिणिंदो वा ॥
एवं जो ण्चिछयदो जाणदि दव्वाणि सव्वपज्जाए ।
सो सद्दिट्ठी सुद्धो जो संकदि सो हु कुद्दिट्ठी ॥"

જે જીવનો, જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી, જે જન્મ અથવા મરણ જિનદેવે નિયતરૂપથી જાણ્યું છે; એ જીવને, એ દેશમાં, એજ કાળમાં, એજ વિધાનથી તે અવશ્ય થાય છે. એને ઈન્દ્ર અથવા જિનેન્દ્ર કોણ ટાળવામાં સમર્થ છે ? અથવા એને કોઈ ટાળી શકે નહીં.

આ પ્રમાણે નિશ્ચયથી જે દ્રવ્યોને અને એની સમસ્ત પર્યાયોને જાણે છે, તે સમ્યગ્દ્રષ્ટિ છે, અને જે એમાં શંકા કરે છે, તે મિથ્યાદષ્ટિ છે.

જ્યાં એક બાજુ ધર્મ ભાવનાનો એટલો વિસ્તાર આપવામાં આવ્યો છે તો બીજી બાજુ અનેક કવિઓએ એને એક એક છંદમાં સમેટી લીધું છે. જેમાં અધિકાંશ તો ધર્મની મહિમા બતાવીને ધર્મ ધારણ કરવાની પાવન પ્રેરણા જ આપવામાં આવી છે; અનેકોમાં ધર્મના સ્વરૂપને પણ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કવિવર ભૂધરદાસે ધર્મનો મહિમા ઘણીજ માર્મિક રીતે વ્યક્ત કર્યો છે, જે આ પ્રમાણે છે :–

"जाँचे सुरतरु देय सुख, चिन्तत चिन्ता रैन ।
बिन जाँचे बिन चिन्तये, धर्म सकल सुख दैन ॥"

કલ્પવૃક્ષ સંકલ્પ કરવાથી અથવા માંગવાથી અને ચિન્તામણિ રત્ન ચિન્તવન કરવાથી ફળ આપે છે; પરંતુ ધર્મથી વગર માંગે કે વગર ચિન્તવને જ ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે,

ક્યાં એક બાજુ દીનતાપૂર્વક માંગવાથી તુચ્છ ભોગસામગ્રી દાન કરવાવાળા કલ્પવૃક્ષ અને ક્યાં વગર માગ્યે જ અદ્ભૂત અતીન્દ્રિય આનંદ આપવાવાળો ધર્મ ? આ પ્રમાણે ક્યાં ચિંતા કરવા પર ચિન્તિત મનોરથને પૂર્ણ કરવાવાળો ચિંતામણિરત્ન અને ક્યાં વગર ચિન્તવને જ અચિંત્ય આનંદ આપવાવાળો મહાન ધર્મ ?

ભોળું જગત ભલે જ ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષનાં ગીત ગાતું હોય, એની તુલના ધર્મથી કરતું હોય, પણ ધર્મની તુલનામાં તે ક્યાં રોકાય છે ! ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ બન્ને જ અનંત સુખ-શાંતિ આપવાવાળા પાવન ધર્મની સાથે સમાન ન થઈ શકે.

આ પ્રમાણે ધર્મભાવનામાં રત્નત્રય ધર્મની અચિન્ત્ય મહિમા બતાવીને જીવનને ધર્મમય બનાવી લેવાની પાવન પ્રેરણા આપવામાં આવે છે.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે કલ્પવૃક્ષોથી દીનતાપૂર્વક નથી માગવું પડતું, છેવટે દીનતાપૂર્વક માંગવાની વાત કેમ કહેવામાં આવે છે ?

ભાઈ ! દીનતા વગર માગવું સંભવ જ નથી. માગવામાં દીનતા આવે જ છે. માગવું સ્વયં દીનતા છે, તે દીનતા સ્વરૂપ જ છે. માગવાને તો મોતની સમાન કહેવામાં આવે છે :-

**''रहिमन वे नर मर गये, जो नर माँगन जाँय।**
**उनसे पहले वे मरे, जिन मुख निकसत नाँय ॥''**

રહીમ કવિ કહે છે કે તે વ્યક્તિ સમજો મરી જ ગઈ છે, જે બીજાના ઘરે માગવા જાય છે; જેનું સ્વાભિમાન મરી ગયું છે તે મરી ગયેલાંની જેમ જ છે. પરંતુ સ્વાભિમાન ખોઈને માગનાર માટે જેનાં મુખથી ઈન્કાર નીકળે છે, તે એનાંથી પહેલાં મરી ચૂક્યા છે- એમ સમજવું જોઈએ; કેમ કે સમર્થ હોવાં છતાં પણ આપવાને ઈન્કાર કરવું માગવાથી પણ ખરાબ છે.''

છેવટે વગર માગ્યે અતીન્દ્રિયાનંદ આપવાવાળો ધર્મની તુલનામાં માગવાથી પણ ભોગ સામગ્રી આપવાવાળો કલ્પવૃક્ષ



તુચ્છ છે.

ધર્મભાવનાના સંદર્ભમાં પાવન પ્રેરણાની સાથે અતિ સંક્ષેપમાં ધર્મનું સ્વરૂપને સ્પષ્ટ કરવાવાળા કોઈ કથન આ પ્રમાણે છેઃ-

**''जो भाव मोह तैं न्यारे, दृग-ज्ञान-व्रतादिक सारे।**
**सो धर्म जबै जिय धारै, तब ही सुख अचल निहारे ॥''**

દર્શનમોહ અને ચારિત્રમોહથી ભિન્ન જે આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રભાવ છે, તે જ ધર્મ છે. જયારે આ જીવ આ ધર્મોને ધારણ કરે છે, ત્યારે અચલ સુખને પ્રાપ્ત કરે છે.

**''दर्शनखानमय चेतना, आतमधर्म बखानि ।**
**दया-क्षमादिक रतनत्रय, यामें गर्भित जानि ॥''**

દર્શન-જ્ઞાનમય-જ્ઞાન ચેતના જ આત્માનો ધર્મ છે; દયા, ક્ષમા આદિ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય પણ એમાંજ ગર્ભિત જાણવા જોઈએ.

નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક પણ ધર્મ ભાવનાનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવ્યું છે :-

**''जप तप संयम शील पुनि, त्याग धर्म व्यवहार ।**
**'दीप' रमण चिदरुप निज, निश्चय वृष सुखकार ॥''**

સ્વને સંબોધિત કરતાં પંડિત દીપચંદજી કહે છે કે હે આત્માન્ ! જપ, તપ, શીલ, સંયમ અને ત્યાગ આદિ તો વ્યવહાર ધર્મ છે; સાચું સુખ આપવાવાળા નિશ્ચય ધર્મ તો ચૈતન્ય સ્વરૂપ નિજ પરમાત્મામાં રમણતા જ છે.

આ પ્રમાણેનો ભાવ આચાર્ય કુંદકુંદે દ્વાદશાનુપ્રેક્ષામાં પણ વ્યકત કર્યો છે. ધર્મ ભાવનામાં તેઓ કાર્તિકેયાનુપ્રેક્ષાની સમાન જ શ્રાવક અને મુનિધર્મનું વર્ણન કરવા ઉપરાંત લખે છે :-

**''णिच्छयणएण जीवो सागरणगारधम्मदो भिण्णो ।**
**मज्झत्थभावणाए सुद्धप्पं चिंतये णिच्चं ॥''**

નિશ્ચયનયથી આ આત્મા શ્રાવકધર્મ અને મુનિધર્મ બન્નેથી જ ભિન્ન છે; છેવટે મધ્યસ્થ ભાવથી એક શુધ્ધાત્માનો જ હમેંશા ચિન્તવન કરવું જોઈએ.

જ્ઞાનનંદ સ્વભાવી નિજ ભગવાન શુધ્ધાત્માની આરાધના જ વાસ્તવિક ધર્મ છે, નિશ્ચય ધર્મ છે; એના વગર કરવામાં આવેલ સર્વ ક્રિયાકાંડ નિષ્ફળ છે, જરા માત્ર પણ કાર્યકારી નથી. આ તથ્યનું ચિન્તન પણ ધર્મ ભાવનામાં ભરપૂર કરવામાં આવે છે. આ સંદર્ભમાં કવિવર બુધજન કૃત બાર ભાવનાનો મૂલ્યાંકિત છંદ જોવાલાયક છે :-

**''जिय न्हान-धोना तीर्थ जाना धर्म नाहीं जप-जपा ।**
**तन नग्न रहना धर्म नाहीं धर्म नाहीं तप-तपा ॥**
**वर धर्म निज आतमस्वभावी ताहि बिन सब निष्फला ।**
**बुधजन धर्म निज धार लीना तिनहिं कीना सब भला ॥''**

જીવનો ધર્મ ન્હાવું-ધોવું, તીર્થયાત્રા કરવી, જપ તપ કરવું, નગ્ન શરીર રહેવું નથી. શ્રેષ્ઠ ધર્મ તો આત્મ સ્વભાવની રમણતા જ છે, એનાં વિના ન્હાવું-ધોવું, તીર્થયાત્રા કરવી, જપ-તપ કરવું, નગ્ન રહેવું બધું નિષ્ફળ છે, અકાર્યકારી છે. મહાકવિ બુધજન કહે છે કે તે બુધ્ધિમાન છે-વિદ્વાન છે, જેણે નિજ આત્માની આરાધનારૂપ નિજધર્મ ધારણ કરી લીધો છે; એણે જ પોતાનું અને પર બધાનું ભલું કર્યું છે.

આ પ્રકારનો ભાવ પંડિત સદાસુખદાસજી એ પણ વ્યક્ત કર્યો છે, જે આ પ્રમાણે છે :-

સંસારમાં ''ધર્મ''એવું તો સમસ્ત લોક કહે છે; પરંતુ ધર્મ શબ્દનો અર્થ તો એવો છે કે નરક તિર્યંચાદિ ગતિમાં પરિભ્રમણરૂપ દુઃખથી આત્માને છોડાવીને ઉત્તમ, આત્મિક, અવિનાશી, અતીન્દ્રિય મોક્ષ સુખ આપે છે, તે ધર્મ છે,

તો એવો ધર્મ ખરીદી નથી શકાતો જે કે ધન ખર્ચ કરવા દાન સન્માદિક દ્વારા પ્રાપ્ત કરવામાં આવે. તથા કોઈના દ્વારા આપવામાં નથી આવતો જે કે સેવા ઉપાસનાથી રાજી કરીને લેવામાં આવે, તથા મંદિર, પર્વત, જળ, અગ્નિ, દેવમૂર્તિ કે તીર્થાદિકોમાં નથી રાખ્યો, જે કે ત્યાં જઈને લેવામાં



આવે તથા ઉપવાસ, વ્રત,કાયકલેશાદિ તપ તેમજ શરીરાદિ કૃશ કરવાથી પણ નથી મળતો તથા દેવાધિદેવનાં મંદિરમાં ઉપકરણ દાન, મંડળ પૂજનાદિથી, ઘર છોડીને વન સ્મશાનમાં રહેવાથી તેમજ પરમેશ્વરનું નામ જપવાથી પણ ધર્મ પ્રાપ્ત થતો નથી.

ધર્મ તો આત્માનો સ્વભાવ છે. પરમાં આત્મબુધ્ધિ છોડીને પોતાના જ્ઞાતા-દ્રષ્ટારૂપ સ્વભાવનું શ્રધ્ધાન, અનુભવ તથા જ્ઞાયક સ્વભાવમાં જ પ્રવર્તનરૂપ આચરણ જ ધર્મ છે. જ્યારે ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણરૂપ પોતાના આત્માનું પરિણમન તથા રત્નત્રયરૂપ પરિણતિ તથા જીવોની દયારૂપ આત્માની પરિણતિ થાય છે, ત્યારે આત્મા સ્વયં જ ધર્મરૂપ થશે; પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિક તો નિમિત્ત માત્ર છે. જ્યારે આ આત્મા રાગાદિરૂપ પરિણતિ છોડીને વીતરાગરૂપ થાય છે, ત્યારે મંદિર, પ્રતિમા, તીર્થ,દાન, તપ, જપ-સમસ્ત જ ધર્મરૂપ છે; અને જો પોતાનો આત્મા ઉત્તમ ક્ષમાદિ વીતરાગરૂપ સમ્યગ્જ્ઞાનરૂપ નહીં પરિણમે તો કયાંય પણ ધર્મ નથી.

જ્યાં શુભરાગ હોય, ત્યાં પુણ્યબંધ થાય છે. જ્યાં અશુભરાગ-દ્વેષ-મોહ હોય,ત્યાં પાપ બંધ થાય છે, જ્યાં શુધ્ધ શ્રધ્ધાન-જ્ઞાન-સ્વરૂપાચરણરૂપ ધર્મ છે, ત્યાં બંધનો અભાવ છે બંધનો અભાવ થવાથી જ ઉત્તમ સુખ થાય છે; છેવટે તે ધર્મ છે.

યોગીન્દુદેવ યોગસારમાં લખે છે :-

**''जइ-जर-मरण-करालियउ तो जिय धम्म करेहि ।**
**धम्म-रसायणु पियहि तुहुँ जिय अजरामर होहि ॥**
**धम्मु ण पढियइँ होहि धम्मु ण पोत्था पिच्छयइँ ।**
**धम्मु ण मढिय-पएसि धम्मु ण मत्था-लचियइँ ॥**
**राय-रोस बे परिहरिवि जो अप्पाणि वसेइ ।**
**सो धम्मु वि जिण- उत्तियउ जो पंचम-गइ णेइ ॥''**

હે આત્મન ! જો તું જન્મ મરણથી ભયભીત છે તો ધર્મ કર, ધર્મ રસાયણનું પાન કર, જેથી તું અજરઅમર થઈ શકે,

પણ ધ્યાન રાખજે, ધર્મ વાંચવા માત્રથી નથી થતું, પુસ્તક અને

પીંછી રાખવાથી ધર્મ નથી થતો તથા કોઈ મઠમાં રહેવાથી કે કેશ લોચ કરી લેવા માત્રથી પણ ધર્મ નથી થતો. જે વ્યક્તિ રાગદ્વેષને છોડીને નિજ આત્મામાં વાસ કરે છે, તેને જ જિનેન્દ્ર ભગવાને ધર્મ કહ્યો છે અને તે ધર્મ જ પંચમ ગતિને પ્રાપ્ત કરાવે છે.

કથિત સંપૂર્ણ કથનનો એકમાત્ર તાત્પર્ય એ છે કે નિજ ભગવાન આત્માની આરાધના જ વાસ્તવિક ધર્મ છે, કેમકે નિજ ભગવાન આત્માની આરાધનાનું નામ જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે. પર અને પર્યાયથી ભિન્ન નિજ આત્માનું અવલોકન જ સમ્યગ્દર્શન છે, એનું સૂક્ષ્મજ્ઞાન જ સમ્યગ્જ્ઞાન તેમજ એમાં જ લીનતા–રમણતા સમ્યક્ ચારિત્રરૂપ છે. આને જ આત્મોપાસના પણ કહે છે.

આ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આત્મોપાસનાની પ્રેરણા આપતાં આચાર્ય અમૃતચંદ્ર લખે છે :–

**''एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः ।**
**साध्यसाधक भावेन द्विधैकः समुपास्यताम् ॥''**

ભલે સાધ્યભાવથી કરો, ભલે સાધકભાવથી; પણ મોક્ષાર્થીઓને જ્ઞાનના ઘનપિંડ ભગવાન આત્માની જ ઉપાસના કરવી જોઈએ; કેમકે ઉપાસનાના યોગ્ય એક નિજ ભગવાન આત્મા જ છે.''

કથિત આત્મદર્શન–જ્ઞાન–ધ્યાનરૂપ આત્મોપાસના જ સાક્ષાત મોક્ષનો માર્ગ છે; છેવટે આ પરમધર્મ છે. આ પરમધર્મની પ્રાપ્તિ માટે વારંવાર કરવામાં આવેલ ચિન્તન–મનન જ ધર્મ ભાવના છે.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે જયારે 'બોધિ' અને 'ધર્મ 'બન્ને શબ્દોનો અર્થ રત્નત્રપરૂપ ધર્મ જ થાય છે; તો પછી બોધિદુર્લભ અને ધર્મ એવી બે ભાવનાઓ જુદી જુદી કેમ રાખી છે ? બન્નેના વિષય વસ્તુમાં મૂળભૂત અંતર શું છે ?

જો કે આ સત્ય છે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રયને જ બોધિ (જ્ઞાન) કહે છે તથા વાસ્તવિક ધર્મ પણ આ રત્નત્રય જ છે. આ પ્રમાણે બોધિ અને ધર્મ એકાર્થવાચી જ છે; તો પણ બોધિદુર્લભ ભાવનામાં



બોધિની દુર્લભતા એટલે રત્નત્રયની દુર્લભતાનું ચિન્તન કરવામાં આવે છે અને ધર્મ ભાવનામાં ધર્મ એટલે રત્નત્રયરૂપ સ્વરૂપ તેમજ મહિમાનું ચિન્તન કરવામાં આવે છે.

બોધિદુર્લભ ભાવનામાં બોધિની દુર્લભતાની સાથે સાથે તે સંયોગોની દુર્લભતાનું ચિન્તન પણ કરવામાં આવે છે, જે સંયોગો વિના બોધિની પ્રાપ્તી સંભવ નથી અથવા જે સંયોગોમાં બોધિની પ્રાપ્તિની સંભાવના રહે છે. નિરાશાનું વાતાવરણ તોડવા માટે બોધિની સુલભતાનું સ્વરૂપ પણ સ્પષ્ટ કરવામાં આવે છે.

બોધિદુર્લભ ભાવનામાં રત્નત્રયરૂપ ધર્મની દુર્લભતા અને સુલભતાનો સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવે છે અને ધર્મ ભાવનામાં રત્નત્રયરૂપ ધર્મનું સ્વરૂપ કે મહિમા દેખાડવામાં આવે છે. બોધિદુર્લભ ભાવનામાં ધર્મની દુર્લભતા બતાવીને એને પ્રાપ્ત કરી લેવાની સશક્ત પ્રેરણા આપવામાં આવે છે અને ધર્મ ભાવનામાં ધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરીને એને ધારણ કરવાનો માર્ગ પ્રશસ્ત કરવામાં આવે છે.

પ્રશ્ન : જો આવી વાત છે તો પછી બન્નેના નામ એકાર્થવાચી કેમ રાખ્યાં છે ?

ઉત્તર : બન્નેના નામ એકાર્થવાચી ક્યાં છે ? એકાર્થવાચી તો બોધિ અને ધર્મ શબ્દ છે; પણ ભાવનાઓનાં નામ બોધિ ભાવના કે ધર્મ ભાવના નથી, બોધિદુર્લભ ભાવના અને ધર્મ ભાવના છે. બોધિદુર્લભ શબ્દનો અર્થ ધર્મ નથી, ધર્મની દુર્લભતા છે. આપણે આ ભાવનાઓને ધર્મદુર્લભ ભાવના અને ધર્મ ભાવના પણ કહી શકીએ.

પ્રશ્ન : જો આવું છે તો પછી એમ જ કેમ નથી કહ્યું ! જો એમ કહીએ તો કોઈ ભ્રમ પણ ઉત્પન્ન નથી થતો અને બન્નેનો ભાવ પણ સ્પષ્ટ થઈ જાત.

ઉત્તર : સમજવાવાળાને તો ભાવ હમણાં પણ સ્પષ્ટ જ છે, નહીં સમજવાવાળાને તો ત્યારે પણ સ્પષ્ટ નથી થતું, પછી બીજાપણ અનેક પ્રશ્ન ઉભા થઈ જાત. આ સંક્ષિપ્ત પ્રિય જગત ધર્મદુર્લભને પણ

ધર્મ શબ્દથી જ પ્રકાશિત કરતો એવી સ્થિતિમાં ધર્મ અને ધર્મદુર્લભ ભાવનાનો ભેદ કરવો પણ સંભવ ન રહે.

બોધિદુર્લભ ભાવનાનો પણ અનેક સ્થળો પર સંક્ષિપ્ત પ્રિયતા અને છંદાનુંરોધથી 'બોધિ' શબ્દથી યુગોથી પ્રકાશિત કરવામાં આવી રહી છે.

આચાર્ય કુંદકુંદે પણ આ પ્રકારનો પ્રયોગ કર્યો છે. આ સંદર્ભમાં મૂલ્યાંકિત ગાથા જોવાલાયક છે.

**''एवं जायदि णाणं हेयमुवादेय णिच्छये णत्थि।**
**चिंतेज्जइ मुणि बोहिं संसारविरमणट्ठे य॥''**

આ પ્રમાણે અશુદ્ધ નિશ્ચયનયથી બોધિમાં હેયોપાદેય વ્યવસ્થા બને છે, પણ શુદ્ધ નિશ્ચયનયથી બોધિમાં હેયોપાદેયરૂપ વિકલ્પ જ નથી રહેતો. સંસારથી વિરક્તિનાં માટે મુનિજનોને આ બોધિભાવનાનું ચિન્તન કરવું જોઈએ.

કથિત કથનમાં બોધિદુર્લભ ભાવનાના અર્થમાં માત્ર 'બોધિ' શબ્દનો જ પ્રયોગ કરવામાં આવ્યો છે. આ જ કારણ છે કે 'ધર્મ ' અને 'બોધિ' શબ્દ એકાર્થવાચી હોવા છતાં પણ આ અગિયારમી ભાવનાનું નામ ધર્મદુર્લભ ભાવના ન રાખીને બોધિદુર્લભ ભાવના રાખેલ છે. જે તે સર્વથા યોગ્ય છે.

ઉત્તમ ક્ષમાદિરૂપ અથવા સમ્યગ્દર્શનાદિરૂપ અહિંસક વીતરાગ પરિણતિ જ નિજ ભગવાન આત્માની સાચી આરાધના છે, મુક્તિરૂપી સાધ્યને સિદ્ધ કરવાવાળી સમ્યક્ સાધના છે, અનંત અતીન્દ્રિય આનંદની જનની તેમજ સંસાર સાગરને પાર ઉતારવાવાળી ભવ્ય ભાવના છે. આ અહિંસક વીતરાગ પરિણતિ જ વાસ્તવકિ ધર્મ છે, આના જ પ્રગટરૂપ ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મ છે.

જે આત્મસ્વભાવની આશ્રયથી કથિત અહિંસક વીતરાગ પરિણતિ ઉત્પન્ન થાય છે. 'वत्थु सहावो धम्मो' વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે. આ કથનના અનુસાર તે આત્મ સ્વભાવ પણ ધર્મ છે અને તે આત્મ



સ્વભાવના આશ્રયથી ઉત્પન્ન થવાવાળી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગ પરિણતિ પણ ધર્મ છે. આ વીતરાગ પરિણતિનું નામ ભગવતી અહિંસા છે, જેને પરમધર્મ કહેવામાં આવે છે.

જેમ કે કસાયપાહુડના મુલ્યાંકિત કથનથી સ્પષ્ટ છે.

**''रागादीणमणुप्पा अहिंसगत्तं त्ति देसिदं समये ।**
**तेसिं चे उत्पत्ती हिंसेत्ति जिणेहि णिद्दिट्ठा ॥''**

આત્મામાં રાગાદિ ભાવોનું ઉત્પન્ન થવું જ હિંસા છે અને રાગાદિ ભાવોની ઉત્પત્તિ નહીં થવી જ અહિંસા છે એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

આચાર્ય અમૃતચંદ્રે પુરૂષાર્થસિદ્ધયુપાયમાં પણ આ પ્રકારનો ભાવ વ્યક્ત કર્યો છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયધર્મ, ઉત્તમ ક્ષમાદિ દશલક્ષણ ધર્મ; નિજ ભગવાન આત્માની ઉપાસના, આરાધના, ભાવના તેમજ સાધના તથા ભગવતી અહિંસા એ બધા એકમાત્ર વીતરાગ પરિણતિરૂપ ધર્મના જ રૂપાંતર છે, નામાંતર છે છેવટે આ બધાની ભાવના જ ધર્મ ભાવના છે. આ બધાનું વૈરાગ્યોત્પાદક આત્મોન્મુખી ચિન્તન જ ધર્મ ભાવનાનું મુળ ભાવ્ય છે.

વીતરાગ-પરિણતિરૂપ શુદ્ધ પરિણામોમાં પણ બધા ધર્મ સમાઇ જાય છે. જેમ કે પરમાત્મા પ્રકાશની ટીકામાં કહેવામાં આવ્યું છે.

**''संसारे पतन्तं प्राणिनुमद्धृत्य नरेन्द्रनागेन्द्रदेवेन्द्रवन्धे मोक्षपदे शुध्धपरिणाम एव ग्राह्य :। तस्य तु मध्ये वीतराग-धरतीति धर्मइति धर्मशब्देनात्र निश्चयेन जीवस्य शुद्धपरिणाम एव ग्राह्यः । तस्य तु मध्ये वीतराग-सर्वज्ञप्रणितनयविभागेन सर्वे धर्म अन्तर्गूता लभ्यन्ते । तथा अहिसालक्षणो धर्मः सोऽपि जीवशुद्धभावं विना न संभवति । सागरानगारलक्षणो धर्मः सोऽपि तथैव ।**

उत्तमक्षमादि दशाविधो धर्म; सोऽपि जीवशुद्धभावमपेक्षते ।
'सद्दृष्टिज्ञानवृतानि धर्म: धर्मेश्वरा विदु: इत्युक्तं यद् धर्मलक्षणं तदपि तथैव । रागद्वेषमोहरहित: परिणामो धर्म: सोऽपि जीवशुद्धस्वभाव एव । वस्तुस्वभावो धर्म: सोऽपि तथैव ।

સંસારમાં પડેલ પ્રાણીઓને સંસાર દુખોથી બહાર કાઢીને નરેન્દ્ર, નાગેન્દ્ર, અને દેવેન્દ્રો દ્વારા વંદનીય મોક્ષપદમાં જે ધારણ કરાવી દે, તેજ ધર્મ છે. અહીં 'ધર્મ' શબ્દથી નિશ્ચયથી જીવના શુદ્ધ પરિણામ જ ગ્રહણ કરવાં જોઈએ. તે શુદ્ધ પરિણામોમાં વીતરાગ સર્વજ્ઞ ભગવાન દ્વારા પ્રતિપાદિત નય વિભાગથી બધા ધર્મ મધ્યસ્થિત થઈ જાય છે. અહિંસા ધર્મ પણ જીવના શુદ્ધ ભાવો વિના સંભવ નથી. આ પ્રમાણે ગૃહસ્થ અને મુનિધર્મ તથા ઉત્તમ ક્ષમાદિ દશધર્મ પણ જીવના શુદ્ધ સ્વભાવની અપેક્ષા રાખે છે. 'ધર્મના આ લક્ષણ પણ જીવનો શુદ્ધ સ્વભાવ જ છે તથા રાગ-દ્વેષ-મોહરહિત આત્માના પરિણામરૂપ ધર્મ પણ જીવનો શુદ્ધ સ્વભાવ છે. આ પ્રમાણે વસ્તુનો સ્વભાવ ધર્મ છે-આ કથન પણ જીવનાં શુદ્ધ સ્વભાવરૂપ ધર્મને જ દેખાડે છે.

કથિત સંપૂર્ણ કથનથી આ વાત હાથ પર રાખેલ આમળાની જેમ સ્પષ્ટ થઈ જાય છે કે આત્માના આશ્રયથી ઉત્પન્ન થવાવાળા નિર્મળ પરિણામ-શુદ્ધભાવ જ વાસ્તવિક ધર્મ છે. વિભિન્ન શાસ્ત્રોમાં વિભિન્ન સ્થાનો પર વિભિન્ન અપેક્ષાઓથી કરવામાં આવેલ ધર્મની વ્યાખ્યાઓ વિભિન્ન પ્રકારથી જીવનાં સ્વભાવ ભાવરૂપ શુદ્ધ પરિણામોને જ ધર્મનું નિરુપણ કરે છે, એમાં કયાંય કોઈ વિરોધાભાસ નથી.

દ્રવ્ય સ્વભાવ પ્રકાશક નયચક્રમાં ધર્મને શુદ્ધ ભાવ, વીતરાગતા આદિ અનેક નામોથી પ્રકાશિત કરવામાં આવેલ છે. ધર્મના નામાંતર બતાવતાં દ્રવ્ય સ્વભાવ પ્રકાશક નયચક્રકાર માઈલ્લધવલ લખે છે:-

સમતા, માધ્યસ્થ્યભાવ, શુદ્ધભાવ, વીતરાગતા, ચારિત્ર અને



સ્વભાવની આરાધના-આ બધાને ધર્મ કહેવામાં આવે છે.

"समदा तह मज्झत्थं शुद्धो भावो य वीयरायत्तं ।
तह चारित्तं धम्मो सहाव आराहणा भणिया ॥

વિશ્વ વિખ્યાત સમસ્ત દર્શનોમાં જૈન દર્શન જ એક એવું દર્શન છે, જે નિજ ભગવાન આત્માની આરાધનાને ધર્મ કહે છે, સ્વયંના દર્શનને સમ્યગ્દર્શન, સ્વયંના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન અને સ્વયંના ધ્યાનને સમ્યક્ચારિત્ર કહીને આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ વાસ્તવિક ધર્મ ઘોષિત કરે છે. ઈશ્વરની ગુલામીથી પણ મુકત કરવાવાળો અનંત સ્વતંત્રતાનો ઉદ્ઘોષક આ દર્શન પ્રત્યેક આત્માને સર્વ પ્રભુતા સંપન્ન પરમાત્મા ઘોષિત કરે છે અને આ પરમાત્માને પ્રાપ્ત કરવાનો ઉપાય પણ સ્વાવલંબનને જ બતાડે છે.

જો કે પ્રત્યેક આત્મા સ્વભાવથી સ્વયં પરમાત્મા જ છે, તો પણ પોતાના પરમાત્મ સ્વભાવને ભૂલીને સ્વયં પામર બની રહે છે. પર્યાયગત પામરતાને સમાપ્ત કરી સ્વભાવગત પ્રભુતાને પર્યાયમાં પ્રગટ કરવાનો એકમાત્ર ઉપાય પર્યાયમાં સ્વભાવગત પ્રભુતાની સ્વીકૃતિ તેમજ સ્વભાવ સન્મુખ થઈને પર્યાયની સ્વભાવમાં સ્થિરતા જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, ધર્મભાવના છે.

પર્યાયની પામરતાના નાશનો ઉપાય પર્યાયની પામરતાનું ચિન્તન નહીં, સ્વભાવના સામર્થ્યનો શ્રદ્ધાન છે, જ્ઞાન છે. સ્વ સ્વભાવના-જ્ઞાન-શ્રદ્ધાન અને ધ્યાનનું નામ જ ધર્મ છે; ધર્મની સાધના છે, આરાધના છે, ઉપાસના છે, ધર્મની ભાવના છે, ધર્મભાવના છે.

નિજ ભગવાન આત્માના આશ્રયથી ઉત્પન થવાવાળી આ ધર્મભાવના, ધર્મરૂપ પર્યાય નિજ ભગવાન આત્માનું જ રક્ષણ કરે, નિજ આત્માનું જ શરણ ગ્રહણ કરે અને સંપૂર્ણ જગત ધર્મમય થઈ જાય, સુખમય થઈ જાય-આ પાવન ભાવનાની સાથે વિરામ લઉં છું.

કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.

કોટિવર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં સમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોકતા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ.

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય.



આત્માનુભૂતિ જ આત્મધર્મ છે.

આત્માનુભૂતિ જ આત્મધ્યાન છે.

આત્માનુભૂતિ એ જ જૈન શાસન છે.